# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
## : લઘુવૃત્તિ વિવરણ :

ભાગ - ચોથો

- : વિવરણકાર : -
પંન્યાસ ચન્દ્રગુપ્ત વિ. ગણી

: પ્રકાશન :
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: આર્થિક સહકાર :
શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી : મહીધરપુરા : સુરત - ૩

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન લઘુવૃત્તિ-વિવરણ

ભાગ - ચોથો

: વિવરણકાર :
પૂ. પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. આ. ભ.
શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પૂ. આ.
શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ. મ. ના શિષ્યરત્ન પૂજ્યપાદ આ.
શ્રી. વિ. અમરગુપ્ત સૂ. મ. સા. ના શિષ્ય

પંન્યાસ ચન્દ્રગુપ્ત વિજય ગણી

: પ્રકાશન :
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: આર્થિક સહકાર :
શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી : મહીધરપુરા : સુરત - ૩

મૂલ્ય : ૫૦ રૂા.

श्री सिद्धहेमचन्द्र शब्दानुशासन

લઘુવૃત્તિ - વિવરણ (ભા. - ૪)

પ્રથમ આવૃત્તિ : નકલ - ૧૦૦૦

પ્રકાશન : શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: પ્રાપ્તિ સ્થાન :

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ.પો. મુરબાડ
(જી. ઠાણેં)

રજનીકાંતભાઈ એફ વોરા
૬૫૫ સાચાપીર સ્ટ્રીટ
પુણે ૪૧૧ 001

શા. મુકુંદભાઈ રમણલાલ
૫ 'નવરત્ન' ફ્લેટ્સ
નવા વિકાસગૃહ રોડ - પાલડી
અમદાવાદ - ૩૮૦ ૦૦૭

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાંહની પોળ
કાલુપુર રોડ
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

આ પુસ્તક સુરત છાપરીયા શેરીના સુતરીયા ઉપાશ્રયના તેમજ શ્રીમતી લલિતાબેન લલ્લુભાઈ ઝવેરી પૌષધશાળાના જ્ઞાનખાતાની રકમથી છપાવ્યું છે.

: મુદ્રક - ફોટોકમ્પોઝીંગ :
એસ. જયકુમાર ઍન્ડ કં.
૧૨૮/૨ રુપનગરી, કર્વે રોડ,
કોથરૂડ, પુના ૪૧૧ ૦૨૯
ફોન : ૩૩૪૫૬૭

## अथ प्रारभ्यते तृतीये ऽ ध्याये तृतीयः पादः।

### वृद्धिराऽऽरैदौत् ३।३।१॥

आ आर् ऐ અને औ દરેકને વૃદ્ધિ સંજ્ઞા થાય છે. मृज् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી ऋ ને ગુણ अर् આદેશ. मर्ज्+ति આ અવસ્થામાં આ સૂત્રની સહાયથી 'मृजोऽस्य० ४-३-४२' થી अ ને વૃદ્ધિ आ આદેશ. ज् ને 'यज-सृज० २-१-८७' થી ष् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી मार्ष्टि આવો પ્રયોગ થાય છે. અર્થ- સાફ કરે છે. कृ ધાતુને 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् (य) પ્રત્યય. આ સૂત્રની સહાયથી ऋ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ आर् આદેશ ... વગેરે કાર્ય થવાથી कार्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - કરવા યોગ્ય. नी ધાતુને 'णक-तृचौ ५-३-४८' થી णक (अक) પ્રત્યય. આ સૂત્રની સહાયથી 'नामिनो० ४-३-५१' થી ई ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી नायकः આવો પ્રયોગ થાય છે. અર્થ- લઈ જનાર. उपगोरपत्यम् આ અર્થમાં 'ङसोपत्ये ६-१-२८' થી उपगु નામને अण् પ્રત્યય. 'वृद्धिः स्वरे० ७-४-१' થી આ સૂત્રની સહાયથી उपगु નામના આદ્ય उ ને વૃદ્ધિ औ આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી औपगवः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉપગુ (ગાય જેની પાસે છે તે) નું સન્તાન. આવીજ રીતે આ પૂર્વે તેમ જ આ પછી જ્યાં જ્યાં વૃદ્ધિ નું વિધાન કર્યું છે અને કરાશે ત્યાં ત્યાં આ સૂત્રની સહાયથી (સૂ. નં. '३-३-१' ની સહાયથી) તે વૃદ્ધિ રૂપ કાર્ય થાય છે. - એ સમજવું. ॥१॥

### गुणोऽरेदोत् ३।३।२॥

अर् ए અને ओ ને गुण સંજ્ઞા થાય છે. कृ ધાતુને વર્ત્તમાનાનો तिव्

પ્રત્યય. 'कृग्-तनादेरुः ३-४-८३' થી तिव् ની પૂર્વે उ પ્રત્યય. આ સૂત્રની સહાયથી कृ ધાતુના અન્ત્ય ऋ ને 'नामिनो० ४-३-१' થી ગુણ अर् આદેશ અને 'उ-श्नोः ४-३-२' થી उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી करोति આવો પ્રયોગ થાય છે. અર્થ- કરે છે. चि અને स्तु ધાતુને શ્વસ્તનીનો ता પ્રત્યય. આ સૂત્રની સહાયથી 'नामिनो० ४-३-१' થી इ ને ગુણ ए આદેશ અને उ ને ગુણ ओ આદેશ થવાથી चेता અને स्तोता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ભેગું કરશે. સ્તુતિ કરશે. આવીજ રીતે આ પૂર્વે અને આ પછી જ્યાં જ્યાં ગુણ સ્વરૂપ કાર્યનું વિધાન કર્યું છે અને કરાશે ત્યાં ત્યાં આ સૂત્રની (३-३-२ ની) સહાયથી તે કાર્ય થયેલું જાણવું. ॥૨॥

## क्रियाऽर्थो धातुः ३।३।३॥

कृति प्रवृत्ति व्यापार - આ ક્રિયાના પર્યાયવાચક શબ્દો છે. સામાન્ય રીતે મુખ્ય અને અવાન્તર તે- તે પ્રવૃત્તિ - વ્યાપારના સમુદાયને ક્રિયા કહેવાય છે. જેથી પૂર્વાપરીભાવાપન્ન ક્રમભાવી તે તે ક્રિયાનો સમુદાય જ અહીં क्रिया પદાર્થ છે. चैत्रः पचति આ પ્રયોગ સ્થળે ખૂબ જ સ્પષ્ટપણે સમજી શકાય છે - કે મુખ્ય રાંધવાના વ્યાપારની સાથે તદનુકૂલ ડબામાંથી અનાજ કાઢવાથી માંડીને ચૂલો સળગાવવો; તેની ઉપર ભાજન મૂકવું, તેમાં પાણી નાંખવું; તેમાં અનાજ વગેરે નાંખવું; રાંધવાનું પૂર્ણ થયા પછી પાત્ર નીચે મૂકવું અને તે ઢાંકી દેવું..... ઈત્યાદિ અનેક વ્યાપારના તે તે કાળમાં चैत्रः पचति આવો પ્રયોગ થાય છે. પૂર્વાપરીભાવાપન્ન ક્રમભાવી તે તે ક્રિયાઓનો જે સમુદાય છે - તે અહીં पच् ધાતુનો અર્થ છે. આથી સ્પષ્ટ છે કે -

ક્રિયાવાચક શબ્દને ધાતુ કહેવાય છે. આ ક્રિયા साध्या અને सिद्धा ભેદથી બે પ્રકારની છે. સાધ્યાવસ્થાપન્ન તે તે ક્રિયાનું અભિધાન તે તે ધાતુથી विहित तिवादि પ્રત્યયોથી થાય છે; અને સિદ્ધાવસ્થાપન્ન તે તે

ક્રિયાનું અભિધાન તે તે ધાતુથી વિહિત घञादि कृत् પ્રત્યયોથી થાય છે... ઈત્યાદિ બૃહદ્‌વૃત્તિથી સમજવું જોઈએ.

भू અને अद् - આ ક્રિયાર્થક શબ્દને આ સૂત્રથી ધાતુ સંજ્ઞા થવાથી તેને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી भवति અને अत्ति આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે गुप् ધાતુને 'गुपौ-धूप० ३-४-१' થી સ્વાર્થમાં વિહિત आय પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गोपाय શબ્દને 'गुप्-तिजो० ३-४-५' થી નિંદાર્થમાં વિહિત सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન जुगुप्स શબ્દને અને पच् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી વિહિત यङ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पापच्य શબ્દને આ સૂત્રથી ધાતુ સંજ્ઞા થવાથી તેને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી ક્રમશઃ गोपायति; जुगुप्सति અને पापच्यते આવો પ્રયોગ થાય છે.

पुत्रमिच्छति આ અર્થમાં દ્વિતીયાન્ત पुत्र નામને 'अमाव्ययात्० ३-४-२३' થી काम्य પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पुत्रकाम्य શબ્દને અને मुण्डं करोति આ અર્થમાં मुण्ड નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન मुण्डि શબ્દને આ સૂત્રથી ધાતુ સંજ્ઞા થવાથી તેને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી पुत्रकाम्यति અને मुण्डयति આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે ગત્યર્થક સૌત્ર (સૂત્રમાં નિર્દિષ્ટ) जु શબ્દને પણ આ સૂત્રથી ધાતુ સંજ્ઞા થવાથી તેને 'भूषा-क्रोधार्थ० ५-२-४२' થી अन પ્રત્યયાદિ કાર્ય થવાથી जवनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- થાય છે. ખાય છે. રક્ષણ કરે છે. નિંદા કરે છે. વારંવાર રાંધે છે. પુત્રની ઈચ્છા કરે છે. મુંડન કરે છે. ગતિશીલ. આ પૂર્વે તેમજ આ પછી જ્યાં જ્યાં ધાતુ ને આશ્રયી કાર્યનું વિધાન કર્યું છે તેમજ કરાશે ત્યાં ત્યાં આ સૂત્ર (३-३-३) થી ધાતુ સંજ્ઞા વિહિત છે. ॥૩॥

**न प्रादिरप्रत्ययः ३।३।४॥**

प्रादि (चादि ગણપાઠમાંના) અવ્યયોથી વિશિષ્ટ શબ્દને ધાતુ સંજ્ઞા

થતી નથી. અર્થાત્ પ્રાદિ અવ્યયોથી વિશિષ્ટ તાદૃશ ક્રિયાવાચક શબ્દોના પ્રાદિ અવ્યયાત્મક ભાગને છોડીને અન્યભાગને ધાતુ સંજ્ઞા થાય છે. પરન્તુ પ્રાદિ અવ્યયથી કોઈ પ્રત્યયનું વિધાન કર્યું હોય તો તે તે પ્રાદિ વિશિષ્ટ તાદૃશ ક્રિયાવાચક શબ્દને આ સૂત્રથી ધાતુ સંજ્ઞાનો નિષેધ થતો નથી. આથી સમજી શકાશે કે ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી પ્રાદિ અવ્યય વિશિષ્ટ તાદૃશ ક્રિયાવાચક શબ્દના પ્રાદિ ભાગને ધાતુસંજ્ઞાના અવયવ તરીકે માનવાનો નિષેધ કરાયો છે. કારણ કે 'क्रियार्थो० ३-३-३' થી તાદૃશ ક્રિયાવાચક શબ્દ માત્રને ધાતુ સંજ્ઞાનું વિધાન હોવાથી પ્રાદિ સહિત તાદૃશ શબ્દને પણ ધાતુ સંજ્ઞા, તે સૂત્રથી પ્રાપ્ત હતી. તેમાંના પ્રાદિ ભાગને જ ધાતુ સંજ્ઞાનો આ સૂત્રથી નિષેધ કરાયો છે. અર્થાત્ તાદૃશ શબ્દના એકદેશમાં જ ધાતુ સંજ્ઞાનો નિષેધ કરાયો છે; જે ધાત્વવયવત્વ ના નિષેધમાં પરિણત છે.

अनभिमना अभिमना अभवत् આ અર્થમાં अभिमनस् નામને 'च्व्यर्थे भृशादेः स्तोः ३-४-२९' થી क्यङ् (य) પ્રત્યય અને अभिमनस् નામના स् નો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન अभिमनाय શબ્દને પૂર્વ (૩-૩-૩) સૂત્રથી ધાતુ સંજ્ઞાની પ્રાપ્તિ હતી. આ સૂત્રથી તેના अभि (પ્રાદિ) ભાગને ધાતુ સંજ્ઞાનો નિષેધ થવાથી मनाय શબ્દને ધાતુ સંજ્ઞા. તેને હ્યસ્તનીનો त પ્રત્યય. मनाय ધાતુની પૂર્વે अट् નો આગમ વગેરે કાર્ય થવાથી अभ्यमनायत આવો પ્રયોગ થાય છે. અન્યથા આ સૂત્રના અભાવમાં अभिमनाय શબ્દને ધાતુ સંજ્ઞા થાત તો आभिमनायत - આવો અનિષ્ટ પ્રયોગ થાત એ સમજી શકાય છે. આવીજ રીતે प्रासाद इवाचरत् આ અર્થમાં સપ્તમ્યન્ત प्रासाद નામને 'आधाराच्चोप० ३-४-२४' થી क्यन् (य) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન प्रासादीय શબ્દના प्रा (प्र + आ) ભાગને છોડીને सादीय શબ્દને ઉપર જણાવ્યા મુજબ ધાતુ સંજ્ઞા થવાથી તેને હ્યસ્તનીમાં त् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रासादीयत् આવો પ્રયોગ થાય છે. અન્યથા અહીં अप्रासादीयत् આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત - એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ- સારા મનવાલો થયો. મહેલની જેમ

ઝુંપડાં વગેરેમાં રહ્યો.

प्रादिरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ प्रादि અવ્યયથી કોઈ પ્રત્યયનું વિધાન ન કર્યું હોય તો તાદૃશ प्रादि अव्ययविशिष्ट જ ક્રિયાવાચક શબ્દના प्रादि ભાગને જ ધાતુ સંજ્ઞા થતી નથી. (ક્રિયાવાચક શબ્દના પૂર્વભાગ - સામાન્યને ધાતુ સંજ્ઞા થતી નથી- એવું નથી) તેથી महापुत्रमिवाचरत् આ અર્થમાં महापुत्र નામને ઉપર જણાવ્યા મુજબ क्यन् (य) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન महापुत्रीय આ ક્રિયાવાચક શબ્દના પૂર્વભાગ महत् ને; તે प्रादि અવ્યય સ્વરૂપ ન હોવાથી આ સૂત્રથી ધાતુ સંજ્ઞાનો નિષેધ થતો નથી. જેથી પૂર્વ સૂત્ર (૩-૩-૩) થી महापुत्रीय ને ધાતુસંજ્ઞા થવાથી તેને હ્યસ્તનીમાં दिव् (त्) પ્રત્યયાદિ કાર્ય થવાથી अमहापुत्रीयत् આવો પ્રયોગ થાય છે. અન્યથા તાદૃશ અપ્રત્યયાન્ત ક્રિયાવાચક શબ્દના પૂર્વભાગ સામાન્યને આ સૂત્રથી ધાતુ સંજ્ઞાનો નિષેધ થાત તો महत् ને પણ આ સૂત્રથી અહીં ધાતુસંજ્ઞાનો નિષેધાદિ કાર્ય થવાથી महापुत्रीयत् આવો અનિષ્ટ પ્રયોગ થાત - એ સ્પષ્ટ છે, અર્થ - મહાન્ પુત્રની જેમ માન્યો.

अप्रत्यय इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ प्रादि અવ્યયથી કોઈ પ્રત્યય વિહિત ન હોય તો જ તાદૃશ प्रादि અવ્યય વિશિષ્ટ ક્રિયાવાચક શબ્દના प्रादि ભાગને ધાતુ સંજ્ઞાનો નિષેધ થાય છે. તેથી उत्सुक इवाचरत् આ અર્થમાં प्रादि અવ્યય સ્વરૂપ उत्सु શબ્દને 'उदुत्सो० ૭-૧-૧૯૨' થી વિહિત क પ્રત્યયાન્ત उत्सुक નામને 'क्यङ् ३-૪-२६' થી क्यङ् (य) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન उत्सुकाय આ ક્રિયાવાચક શબ્દના प्रादि અવ્યય સ્વરૂપ उत्सु ભાગને આ સૂત્રથી ધાતુ સંજ્ઞાનો નિષેધ થતો નથી. જેથી તત્સહિત (प्रादि - उत्सु સહિત) જ उत्सुकाय આ ક્રિયાવાચક શબ્દને ઉપર જણાવ્યા મુજબ ધાતુ સંજ્ઞા થવાથી તેને હ્યસ્તનીમાં त પ્રત્યય. 'स्वरादेस्तासु ४-४-३१' થી આદ્ય સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી औत्सुकायत આવો પ્રયોગ થાય છે. અન્યથા પ્રત્યયાન્ત પણ प्रादि અવ્યયથી વિશિષ્ટ તાદૃશ ક્રિયાવાચક

શબ્દના प्रादि ભાગને આ સૂત્રથી ધાતુસંજ્ઞાનો નિષેધ થાત તો उत्सु થી રહિત काय શબ્દને જ ધાતુ સંજ્ઞા થવાથી તેની પૂર્વે अट् નો આગમ વગેરે કાર્યથી उत्स्वकायत આવો અનિષ્ટ પ્રયોગ થાત - એ સમજી શકાય છે. અર્થ - ઉત્કણ્ઠિત જેવો થયો. ।।૪।।

## अवौ दा-धौ दा ३।३।५।।

व् જેમાં ઈત્ છે તે वित् ધાતુને છોડીને અન્ય - दा અથવા धा સ્વરૂપ વાળા ધાતુને दा સંજ્ઞા થાય છે. તે दा સંજ્ઞાવાળા ધાતુઓમાં दा સ્વરૂપ વાળા ધાતુઓ ચાર છે; અને धा સ્વરૂપવાળા ધાતુઓ બે છે. કુલ છ ધાતુઓ दा સંજ્ઞાવાળા છે - એ યાદ રાખવું. दाम् (धा. पा. नं. ७) - प्र+नि+दा + ता (શ્વસ્તનીનો); देंङ् (धा. पा. नं. ६०४) प्र + नि + दे + अ + ते; डुदांग्क् (धा.पा. नं.११३८) प्र+नि+दा+ति; दोंच् (धा. पा. नं. ११४८) - प्र+नि+दो+य + ति; ट्धें (धा. पा. नं. २८) - प्र+नि+धे+अ+ति અને डुधांग्क् (धा.पा. नं. ११३९) - प्र+नि+धा+ति આ અવસ્થામાં આ સૂત્રથી दा; दे; दा; दो; धे અને धा - આ છ ધાતુઓને दा સંજ્ઞા થવાથી તેની પૂર્વેના नि ઉપસર્ગ સમ્બન્ધી न् ને 'नेर्ङ्मादा० २-३-७९' થી ण् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે प्रणिदाता प्रणिदयते प्रणिददाति प्रणिद्यति प्रणिधयति અને प्रणिदधाति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આપશે. રક્ષણ કરે છે. આપે છે. તોડે છે. પીએ છે. ધારણ કરે છે. અહીં दो ધાતુના ओ નો 'ओतः श्ये ४-२-१०३' થી લોપ થયો છે. 'हवः शिति ४-१-१२' થી दा (११३८) અને धा ધાતુને દ્વિત્વ વગેરે કાર્ય થયું છે. શેષ પ્રક્રિયા આગળ જણાવી છે. અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રથી જે ધાતુઓને दा સંજ્ઞા વિહિત છે તે ધાતુઓનું તે ધાતુઓની दा સંજ્ઞાના વિધાન પૂર્વે दा કે धा સ્વરૂપ હોવું જ જોઈએ -- એવો નિયમ નથી. તાદૃશ ધાતુઓનું તે સ્વરૂપ ગમે ત્યારે પણ હોવું જોઈએ - એટલું જ તાત્પર્ય છે. તેથી ઉપર

જણાવેલી અવસ્થાઓમાં दे दो અને धे ધાતુનું दा અથવા धा સ્વરૂપ ન હોવાં છતાં તે ધાતુઓને અહીં दा સંજ્ઞા થઈ શકે છે. કારણ કે તે ધાતુઓના ए અને ओ ને અશિત્ (શિત્ સિવાયના) પ્રત્યયના વિષયમાં 'आत्सन्ध्य० ૪-૨-૧' થી आ આદેશનું વિધાન હોવાથી ત્યારે તે ધાતુઓનું दा અથવા धा સ્વરૂપ ઉપલબ્ધ છે.

अवाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वित् ધાતુઓને છોડીને અન્ય જ दा અથવા धा સ્વરૂપવાળા ધાતુઓને दा સંજ્ઞા થાય છે. તેથી दांव् - (धा. पा. નં. ૧૦૭૦) - दा + क्त (त) આ અવસ્થામાં તેમજ दैंव् (धा.पा. નં. ૨૯) - अव + दै+क्त (त) આ અવસ્થામાં वित् दा અને दै ધાતુને આ સૂત્રથી दा સંજ્ઞા ન થવાથી અનુક્રમે दातं बर्हिः અને अवदातं मुखम् આવો પ્રયોગ થાય છે. અન્યથા (आत्सन्ध्य० ૪-૨-૧ થી दै ધાતુના ऐ ને आ આદેશ થવાથી નિષ્પન્ન) दा સ્વરૂપાપન્ન તે वित् ધાતુઓને પણ આ સૂત્રથી दा સંજ્ઞા થાત તો दा ધાતુને 'दत् ૪-૪-૧૦' થી दत् આદેશ અને अव+दा (दै) ધાતુને 'स्वरादु० ૪-૪-૯' થી त्त् આદેશ થાત. જેથી दत्तं बर्हिः અને अवत्तम् मुखम् આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ - બર્હિસ્ નામના ઘાંસને કાપ્યું. મોઢું સાફ કર્યું. ॥૫॥

**वर्त्तमाना - तिव् तस् अन्ति; सिव् थस् थ; मिव् वस् मस् ।**
**ते आते अन्ते; से आथे ध्वे; ए वहे महे ॥३।३।६॥**

| परस्मैपदः- | एकवचन | द्विवचन | बहुवचन | |
|---|---|---|---|---|
| अन्यपुरुष - | तिव् (ति)– | तस् | अन्ति | (तृतीय पुरुष) |
| मध्यम पुरुष- | -सिव् (सि) | थस् | थ | (द्वितीय परुष) |
| उत्तम पुरुष - | मिव् (मि) | वस् | मस् | (प्रथम पुरुष) |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन | |
|---|---|---|---|---|
| अन्य पुरुष - | ते | आते | अन्ते | (तृतीय पुरुष) |
| मध्यम पुरुष - | से | आथे | ध्वे | (द्वितीय पुरुष) |
| उत्तम पुरुष - | ए | वहे | महे | (प्रथम पुरुष)- |

ઉપર જણાવેલા तिव् થી માંડીને महे સુધીના અઢાર પ્રત્યયોને वर्तमाना સંજ્ઞા થાય છે. ॥६॥

**सप्तमी - यात् याताम् युस्; यास् यातम् यात; याम् याव याम ।**
**ईत ईयाताम् ईरन्; ईथास् ईयाथाम् ईध्वम्; ईय ईवहि ईमहि ॥ ३।३।७॥**

| परस्मैपद | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्य पुरुष | यात् | याताम् | युस् |
| मध्यम पुरुष | यास् | यातम् | यात |
| उत्तम पुरुष | याम् | याव | याम |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्य पुरुष - | ईत | ईयाताम् | ईरन् |
| मध्यम पुरुष - | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| उत्तम पुरुष - | ईय | ईवहि | ईमहि |

ઉપર જણાવેલા यात् થી ईमहि સુધીના અઢાર પ્રત્યયોને सप्तमी સંજ્ઞા થાય છે. ॥७॥

**पञ्चमी - तुव् ताम् अन्तु; हि तम् त; आनिव् आवव् आमव् ।**
**ताम् आताम् अन्ताम्; स्व आथाम् ध्वम्; ऐव् आवहैव् अमहैव् ॥३।३।८॥**

| परस्मैपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्य पुरुष :- | तुव् (तु) | ताम् | अन्तु |
| मध्यमपुरुष : | हि | तम् | त |
| उत्तमपुरुष : | आनिव् (आनि) | आवव् (आव) | आमव् (आम) |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :- | ताम् | आताम् | अन्ताम् |
| मध्यमपुरुष :- | स्व | आथाम् | ध्वम् |
| उत्तम पुरुष : | ऐव् (ऐ) | आवहैव् (आवहै) | आमहैव् (आमहै) |

ઉપર જણાવેલા तुव् થી आमहैव् સુધીના અઢાર પ્રત્યયોને पञ्चमी સંજ્ઞા થાય છે. ॥૮॥

**ह्यस्तनीः- दिव् ताम् अन्; सिव् तम् त; अम्व् व म ।**
**त आताम् अन्त; थास् आथाम् ध्वम्; इ वहि महि ॥३।३।९॥**

| परस्मैपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्य पुरुष :- | दिव् (द्) | ताम् | अन् |
| मध्यम पुरुष :-- | सिव् (स्) | तम् | त |
| उत्तम पुरुष :-- | अम्व् (अम्) | व | म |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :-- | त | आताम् | अन्त |
| मध्यमपुरुष :- | थास् | आथाम् | ध्वम् |
| उत्तमपुरुष :-- | इ | वहि | महि |

ઉપર જણાવેલા दिव् થી महि સુધીના અઢાર પ્રત્યયોને ह्यस्तनी સંજ્ઞા થાય છે. ॥૯॥

## एताः शितः ३।३।१०॥

ઉપર - આ પૂર્વે सू. नं. ૩-૩-૬, ૭, ૮ અને ૯ - આ ચાર સૂત્રમાં જણાવેલા અનુક્રમે वर्त्तमाना सप्तमी पञ्चमी અને ह्यस्तनी વિભક્તિ (ત્યાદિ વિભક્તિ) ના પ્રત્યયોને शित् સંજ્ઞા થાય છે. भू ધાતુને वर्त्तमाना નો तिव् પ્રત્યય; सप्तमी (વિધ્યર્થ) નો यात् પ્રત્યય; पञ्चमी (આજ્ઞાર્થ) નો तुव् પ્રત્યય અને ह्यस्तनी (અનદ્યતન ભૂતકાળ) નો दिव् પ્રત્યય. तिव् यात् तुव् અને दिव् પ્રત્યયને આ સૂત્રથી शित् સંજ્ઞા થવાથી તે પ્રત્યયોની પૂર્વે भू ધાતુને 'कर्त्तर्य० ३-४-७१' થી शव् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે भवति; भवेत् भवतु અને अभवत् આવો પ્રયોગ થાય છે. અહીં यात् પ્રત્યયના या ને 'यः सप्तम्याः ४-२-१२२' થી इ આદેશ થયો છે. શેષ પ્રક્રિયા સ્પષ્ટ છે. અર્થક્રમશઃ - થાય છે. થવું જોઈએ. થાય. થયું. ॥૧૦॥

## अद्यतनी - दि ताम् अन्; सि तम् त; अम् व म । त आताम् अन्त; थास् आथाम् ध्वम्; इ वहि महि ॥३।३।११॥

| परस्मैपदः- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :- | दि (द्) | ताम् | अन् |
| मध्यमपुरुष :- | सि (स्) | तम् | त |
| उत्तमपुरुष : | अम् | व | म |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष : | त | आताम् | अन्त |
| मध्यमपुरुष :- | थास् | आथाम् | ध्वम् |
| उत्तमपुरुष : | इ | वहि | महि |

ઉપર જણાવેલા दि થી महि સુધીના અઢાર પ્રત્યયોને अद्यतनी સંજ્ઞા થાય છે. ॥ ૧૧॥

**परोक्षा - णव् अतुस् उस्; थव् अथुस् अ; णव् व म ।**
**ए आते इरे; से आथे ध्वे; ए वहे महे ॥३।३।१२॥**

| परस्मैपद : - | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :- | णव् (अ) | अतुस् | उस् |
| मध्यमपुरुष : - | थव् (थ) | अथुस् | अ |
| उत्तमपुरुष :- | णव् (अ) | व | म |

| आत्मनेपद : - | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :- | ए | आते | इरे |
| मध्यमपुरुष : - | से | आथे | ध्वे |
| उत्तमपुरुष :- | ए | वहे | महे |

ઉપર જણાવેલા णव् થી महे સુધીના અઢાર પ્રત્યયોને परोक्षा સંજ્ઞા થાય છે. ॥૧૨॥

**आशीः- क्यात् क्यास्ताम् क्यासुस्; क्यास् क्यास्तम् क्यास्त; क्यासम् क्यास्व क्यास्म । सीष्ट सीयास्ताम् सीरन्; सीष्ठास् सीयास्थाम् सीध्वम्; सीय सीवहि सीमहि ॥३।३।१३॥**

| परस्मैपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष : | क्यात् (यात्) | क्यास्ताम् (यास्ताम्) | क्यासुस् (यासुस्) |
| मध्यमपुरुष :- | क्यास् (यास्) | क्यास्तम् (यास्तम्) | क्यास्त (यास्त) |
| उत्तमपुरुष :– | क्यासम् (यासम्) | क्यास्व (यास्व) | क्यास्म (यास्म) |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :- | सीष्ट | सीयास्ताम् | सीरन् |
| मध्यमपुरुष :- | सीष्ठास् | सीयास्थाम् | सीध्वम् |
| उत्तमपुरुष :- | सीय | सीवहि | सीमहि |

ઉપર જણાવેલા क्यात् થી सीमहि સુધીના અઢાર પ્રત્યયોને आशिष् સંજ્ઞા થાય છે. ॥૧૩॥

**श्वस्तनी :- ता तारौ तारस्; तासि तास्थस् तास्थ; तास्मि तास्वस् तास्मस्। ता तारौ तारस्; तासे तासाथे ताध्वे, ताहे तास्वहे तास्महे ॥३।३।१४॥**

| परस्मैपद :-- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :– | ता | तारौ | तारस् |
| मध्यमपुरुष :- | तासि | तास्थस् | तास्थ |
| उत्तम पुरुष :- | तास्मि | तास्वस् | तास्मस् |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष : - | ता | तारौ | तारस् |
| मध्यमपुरुष :- | तासे | तासाथे | ताध्वे |
| उत्तमपुरुष :- | ताहे | तास्वहे | तास्महे |

ઉપર જણાવેલા ता થી तास्महे સુધીના અઢાર પ્રત્યયોને श्वस्तनी સંજ્ઞા થાય છે. ॥૧૪॥

**भविष्यन्ती - स्यति स्यतस् स्यन्ति; स्यसि स्यथस् स्यथ; स्यामि स्यावस् स्यामस् ।**

**स्यते स्येते स्यन्ते; स्यसे स्येथे स्यध्वे; स्ये स्यावहे स्यामहे ॥३।३।१५॥**

| परस्मैपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :- | स्यति | स्यतस् | स्यन्ति |
| मध्यमपुरुष :- | स्यसि | स्यथस् | स्यथ |
| उत्तमपुरुष :- | स्यामि | स्यावस् | स्यामस् |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुषः- | स्यते | स्येते | स्यन्ते |
| मध्यमपुरुष :- | स्यसे | स्येथे | स्यध्वे |
| उत्तमपुरुषः | स्ये | स्यावहे | स्यामहे |

ઉપર જણાવેલા स्यति થી स्यामहे સુધીના અઢાર પ્રત્યયોને ભવિષ્યન્તી સંજ્ઞા થાય છે. ॥૧૫॥

**क्रियातिपत्तिः- स्यत् स्यताम् स्यन्; स्यस् स्यतम् स्यत; स्यम् स्याव स्याम। स्यत स्येताम् स्यन्त; स्यथास् स्येथाम् स्यध्वम्; स्ये स्यावहि स्यामहि॥३।३।१६॥**

| परस्मैपदः- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष :- | स्यत् | स्यताम् | स्यन् |
| मध्यमपुरुष :- | स्यस् | स्यतम् | स्यत |
| उत्तमपुरुषः - | स्यम् | स्याव | स्याम |

| आत्मनेपद :- | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| अन्यपुरुष : | स्यत | स्येताम् | स्यन्त |
| मध्यमपुरुष :- | स्यथास् | स्येथाम् | स्यध्वम् |
| उत्तमपुरुष :- | स्ये | स्यावहि | स्यामहि |

ઉપર જણાવેલા स्यत् થી स्यामहि સુધીના અઢાર પ્રત્યયોને क्रियातिपत्ति સંજ્ઞા થાય છે. ॥૧૬॥

## त्रीणि त्रीण्यन्ययुष्मदस्मदि ३।३।१७॥

वर्त्तमाना सप्तमी पञ्चमी .... વગેરે દશ વિભક્તિના ત્રણ ત્રણ પ્રત્યયો ક્રમશઃ અન્ય પદાર્થ (યુષ્મદ્ - અસ્મદ્થી ભિન્ન પદનો અર્થ) યુષ્મદ્ પદાર્થ અને અસ્મદ્ પદાર્થ વાચ્ય હોય ત્યારે થાય છે. આશય એ છે કે ધાત્વર્થ ફલાત્મક અને વ્યાપારાત્મક ક્રિયાના આશ્રય-અનુક્રમે कर्म અને कर्त्ता નું અભિધાન જ્યારે तिव् વગેરે वर्त्तमानादि વિભક્તિથી કરાતું હોય છે ત્યારે તે તે कर्म અથવા कर्त्ता પદાર્થ ઉપર જણાવ્યા મુજબ અન્ય પદાર્થ; युष्मद् પદાર્થ કે अस्मद् પદાર્થ હોય તો અનુક્રમે वर्त्तमाना सप्तमी વગેરે વિભક્તિના ત્રણ - ત્રણ પ્રત્યયો થાય છે.

स पचति; तौ पचतः; ते पचन्ति। અને पचते पचेते पचन्ते અહીં पच् ધાત્વર્થ વિક્લૃત્યનુકૂલ વ્યાપારાશ્રય કર્ત્તા સ્વરૂપ - અન્યપદાર્થનું અભિધાન હોવાથી पच् ધાતુને वर्त्तमाना વિભક્તિના પરસ્મૈપદ અને આત્મનેપદના આદ્ય ત્રણ પ્રત્યયો આ સૂત્રની સહાયથી થાય છે. આવીજ રીતે त्वं पचसि; युवां पचथः; यूयं पचथ । અને पचसे; पचेथे; पचध्वे અહીં તાદૃશ पच् ધાત્વર્થ વ્યાપારાશ્રય कर्त्ता સ્વરૂપ युष्मद् પદાર્થનું અભિધાન હોવાથી पच् ધાતુને वर्त्तमाना વિભક્તિના પરસ્મૈપદના અને આત્મનેપદના મધ્યમાંના ત્રણ પ્રત્યયો આ સૂત્રની સહાયથી થાય છે. તેમજ अहं पचामि; आवां पचावः; वयं पचामः । અને पचे; पचावहे; पचामहे, અહીં તાદૃશ पच् ધાત્વર્થ વ્યાપારાશ્રય કર્ત્તા સ્વરૂપ अस्मद् પદાર્થનું અભિધાન હોવાથી पच् ધાતુને वर्त्तमाना વિભક્તિના પરસ્મૈપદના અને આત્મનેપદના અન્ત્ય ત્રણ પ્રત્યયો આ સૂત્રની સહાયથી થાય છે. આવીજ રીતે स पचेत्; तौ पचेतां; ते पचेयुः .... ઈત્યાદિ સ્થળે सप्तमी વગેરે સર્વ વિભક્તિના आद्य मध्यम અને अन्त्य ત્રણ - ત્રણ પ્રત્યયો પણ તે તે

ધાતુઓને આ સૂત્રની સહાયથી થાય છે. અર્થક્રમશઃ- તે રાંધે છે. તેઓ બે રાંધે છે. તેઓ રાંધે છે. તું રાંધે છે. તમે બે રાંધો છો. તમે રાંધો છો. હું રાંધુ- છું. અમે બે રાંધીએ છીએ. અમે રાંધીએ છીએ.

द्वययोगे त्रययोगे च पराश्रयमेव वचनम् - तिव् વગેરે પ્રત્યયોથી અન્ય પદાર્થ, युष्मद्-પદાર્થ અને अस्मद् - પદાર્થ આ ત્રણ પદાર્થમાંથી બે અથવા ત્રણ પદાર્થનું અભિધાન હોય તો સૂત્રનિર્દિષ્ટ પરને આશ્રયીને જ तिवादि પ્રત્યયો થાય છે. અર્થાદ્ अस्मद् પદાર્થની સાથે युष्मद् કે અન્ય પદાર્થનું અભિધાન હોય તો अस्मद् પદાર્થને આશ્રયીને જ तिवादि પ્રત્યય ઘટક પ્રત્યય થાય છે. અને युष्मद् પદાર્થની સાથે માત્ર અન્ય પદાર્થનું અભિધાન હોય તો युष्मद् પદાર્થને આશ્રયીને જ તિવાદિ પ્રત્યય ઘટક પ્રત્યય થાય છે. તેથી स च त्वं च पचथः અહીં युष्मद् અને અન્ય પદાર્થનું અભિધાન હોવાથી 'अन्ययुष्मदस्मदि' આ પ્રમાણેના સૂત્રનિર્દેશ મુજબ अन्य ની અપેક્ષાએ પર - એવા युष्मद् પદાર્થને આશ્રયીને જ वर्त्तमाना વિભક્તિના પરસ્મૈપદમાંનો મધ્યમ પ્રત્યય थस् થાય છે. અર્થ- તે અને તું રાંધો છો. આવીજ રીતે स च त्वं चाहं च पचामः; અહીં अन्यादि ત્રણે પદાર્થનું અભિધાન હોવાંથી સૌથી પર એવા अस्मद् પદાર્થને આશ્રયીને જ આ સૂત્રની સહાયથી વર્ત્તમાના વિભક્તિનો પરસ્મૈપદનો અન્ત્ય मस् પ્રત્યય થાય છે. અર્થ- તે, તું અને હું રાંધીએ છીએ.

અહીં યાદ રાખવું જોઈએ કે युष्मद् પદાર્થનું અભિધાન હોય તો વર્ત્તમાનાદિ દરેક વિભક્તિના મધ્યમ પ્રત્યયનું જે વિધાન છે તે युष्मद् પદના સમ્બન્ધમાં જ છે. તેથી युष्मदर्थक भवद् નામના પ્રયોગ વખતે અન્ય પદાર્થને આશ્રયીને જ तिवादि પ્રત્યયો યથાપ્રાપ્ત થાય છે.... ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી જાણી લેવું . ॥૧૭॥

### एक-द्वि-बहुषु ३।३।१८॥

अन्य-પદાર્થ; युष्मद्- પદાર્થ અને अस्मद्-પદાર્થનું અભિધાન હોય ત્યારે ધાતુને વર્ત્તમાનાદિ દશ વિભક્તિના જે ત્રણ - ત્રણ પ્રત્યયનું વિધાન પૂર્વ સૂત્રથી (૩-૩-૧૭ થી) કર્યું છે, તે ત્રણ-ત્રણ પ્રત્યયમાંનો પ્રથમ દ્વિતીય અને તૃતીય પ્રત્યય અનુક્રમે अन्यादि પદાર્થ, એકત્વવિશિષ્ટ દ્વિત્વવિશિષ્ટ અને બહુત્વવિશિષ્ટરૂપે અભિધીયમાન હોય તો થાય છે. स पचति; तौ पचतः; ते पचन्ति અહીં સર્વત્ર અન્ય પદાર્થનું અભિધાન હોવાથી पच् ધાતુને વર્ત્તમાના વિભક્તિના જે પ્રથમ ત્રણ પ્રત્યયનું પૂર્વ સૂત્રથી (૩-૩-૧૭ થી) વિધાન છે તે પ્રથમ ત્રણ પ્રત્યયોમાંનો પ્રથમ तिव् પ્રત્યય, દ્વિતીય तस् પ્રત્યય અને તૃતીય अन्ति પ્રત્યય; અનુક્રમે एकत्व द्वित्व અને बहुत्व વિશિષ્ટ અન્ય પદાર્થના અભિધાનમાં આ સૂત્રથી થાય છે. અર્થક્રમશઃ- તે એક રાંધે છે. તેઓ બે રાંધે છે. તેઓ ઘણા રાંધે છે.॥૧૮॥

### नवाऽऽद्यानि शतृ-क्वसू च परस्मैपदम् ३।३।१९॥

વર્ત્તમાના વગેરે દશ વિભક્તિઓના તે તે અઢાર પ્રત્યયોમાંના આદ્ય (શરુઆતના) નવ-નવ પ્રત્યયોને; તેમજ शतृ (अत्) અને क्वसु (वस्) પ્રત્યયને परस्मैपद સંજ્ઞા થાય છે. વર્ત્તમાના વિભક્તિના આદ્ય तिव् तस् अन्ति; सिव् थस् थ; मिव् वस् मस् આ નવ પ્રત્યયોને આ સૂત્રથી परस्मैपद સંજ્ઞા થાય છે. આવીજ રીતે सप्तमी વગેરે વિભક્તિના આદ્ય નવ નવ પ્રત્યયોને પણ આ સૂત્રથી परस्मैपद સંજ્ઞા વિહિત જાણવી.॥૧૯॥

### पराणि कानाऽऽनशौ चाऽऽत्मनेपदम् ३।३।२०॥

વર્ત્તમાના વગેરે દશ વિભક્તિઓના તે તે અઢાર પ્રત્યયોમાંના છેલ્લા

નવ-નવ પ્રત્યયોને તેમજ कान (आन) અને आनश् (आन) પ્રત્યયને आत्मनेपद સંજ્ઞા થાય છે. ते आते अन्ते; से आथे ध्वे; ए वहे महे । આ वर्त्तमाना વિભક્તિના છેલ્લા નવ પ્રત્યયોને આ સૂત્રથી आत्मनेपद સંજ્ઞા થાય છે. આવીજ રીતે सप्तमी વગેરે વિભક્તિના છેલ્લા નવ નવ પ્રત્યયોને પણ આ સૂત્રથી आत्मनेपद સંજ્ઞા વિહિત છે. ॥૨૦॥

## तत् साप्याऽनाप्यात् कर्मभावे कृत्य-क्त-खलर्थाश्च ३।३।२१॥

સકર્મક ધાતુઓને આત્મનેપદ; કૃત્ય (तव्य વગેરે) પ્રત્યયો; क्त પ્રત્યય; અને खल् પ્રત્યયના અર્થમાં થનારા खल् વગેરે - खलर्थक પ્રત્યયો कर्म માં થાય છે. (અર્થાત્ તે આત્મનેપદાદિ કર્મના બોધક હોય છે.) અને અકર્મક ધાતુઓને અથવા સકર્મક પણ અવિવક્ષિત (વિવક્ષા રહિત) કર્મવાળા ધાતુઓને તે આત્મનેપદ; કૃત્ય પ્રત્યયો; क्त પ્રત્યય તથા खलर्थक પ્રત્યયો भाव માં થાય છે. (અર્થાત્ તે આત્મનેપદાદિ ભાવ - ધાત્વર્થક્રિયાના બોધક હોય છે.)

आत्मनेपद : - क्रियते कटश्चैत्रेण અહીં સકર્મક कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્મમાં આત્મનેપદનો ते પ્રત્યય થાય છે. તેથી कटनिष्ठ કર્મતા અભિહિત થવાથી कट નામ અનભિહિત कर्म વાચક ન હોવાથી (અર્થાદ્ ગૌણ ન હોવાથી) તેને 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થતી નથી. પરંતુ તેને નામાર્થમાં 'नाम्नः प्रथ० २-२-३१' થી પ્રથમા વિભક્તિ થાય છે. આ રીતે કર્મમાં ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદાદિના વિધાનનું સર્વત્ર ફળ સમજી લેવું. ઉપર જણાવ્યા મુજબ चक्राणः कट श्चैत्रण અને क्रियमाणः कटश्चैत्रण અહીં પણ सकर्मक कृ ધાતુને આ સૂત્રની સહાયથી 'तत्र क्वसुकानौ० ५-२-२' થી વિહિત આત્મનેપદનો कान પ્રત્યય અને 'शत्रानशा० ५-२-२०' થી વિહિત આત્મનેપદનો आनश् પ્રત્યય कर्म માં થયો છે. અર્થક્રમશઃ - ચૈત્ર વડે ચટઈ કરાય છે. ચૈત્રે બનાવેલી ચટઈ. ચૈત્રથી કરાતી ચટઈ. भूयते त्वया; भूयमानम् त्वया

અહીં અકર્મક भू ધાતુને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રની સહાયથી આત્મનેપદનો ते પ્રત્યય અને आनश् પ્રત્યય ભાવમાં થાય છે. આવીજ રીતે त्वया क्रियमाणम् અને त्वया मृदु पच्यते અહીં સકર્મક પણ कृ ધાતુના कटादि કર્મની અને पच् ધાતુના ओदनादि કર્મની વિવક્ષા ન હોવાથી अविवक्षितकर्मक कृ અને पच् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો ते પ્રત્યય भाव માં થયો છે. અહીં आत्मनेपद (ते વગેરે પ્રત્યયો) भाव માં થવાથી; ક્રિયામાં લિङ्ग સંખ્યાદિનો અન્વય ન હોવાના કારણે અને ક્રિયા અન્યપદાર્થ હોવાના કારણે તૃતીય (અન્ય) પુરુષ એક વચનનો જ પ્રત્યય ધાતુને થાય છે; અને નામને નપુંસકલિङ्गમાં જ એક વચનનો પ્રત્યય થાય છે - એ યાદ રાખવું. અર્થક્રમશઃ - તારા વડે થવાય છે. તારાથી થવાતું. તારાવડે કરાતું (તું કરે છે.) તારા વડે સારું રંધાય છે.

कृत्य प्रत्ययोः- कार्यः कटस्त्वया; कर्त्तव्यः कटस्त्वया; करणीयः कटस्त्वया; देयः कटस्त्वया અને कृत्यः कटस्त्वया અહીં સકર્મક कृ ધાતુને 'ऋवर्ण० ५-१-१७' થી થયેલો घ्यण् (य) પ્રત્યય; 'तव्यानीयौ ५-१-२७' થી થયેલા तव्य અને अनीय પ્રત્યય. અને 'कृ-वृषि० ५-१-४२' થી થયેલો क्यप् (य) (તેની પૂર્વે 'ह्रस्वस्य० ४-४-११३' થી त् નો આગમ.) પ્રત્યય; તેમ જ 'य एच्चातः ५-१-२८' થી સકર્મક दा ધાતુને વિહિત य પ્રત્યય આ સૂત્રની સહાયથી કર્મમાં થાય છે. અર્થક્રમશઃ- તારે ચટઈ બનાવવી જોઈએ. તારે ચટઈ બનાવવી જોઈએ. તારે ચટઈ બનાવવી જોઈએ. તારે ચટઈ આપવી જોઈએ. તારે ચટઈ બનાવવી જોઈએ. शयितव्यम्; शयनीयम् અને शेयम् અહીં અકર્મક शी ધાતુને ઉપર જણાવ્યા મુજબ થયેલા तव्य अनीय અને य પ્રત્યય; આ સૂત્રની સહાયથી भाव માં થાય છે. कार्यम्; कर्त्तव्यम् करणीयम् देयम् અને कृत्यम् અહીં સકર્મક પણ અવિવક્ષિતકર્મક कृ ધાતુને અને शी ધાતુને ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે થયેલા घ्यण् तव्य अनीय અને क्यप् પ્રત્યય તેમજ य પ્રત્યય આ સૂત્રની સહાયથી भाव માં થાય છે. અર્થક્રમશઃ- સુવું જોઈએ. સુવું

જોઈએ. સુવું જોઈએ. કરવું જોઈએ.કરવું જોઈએ. કરવું જોઈએ. આપવું જોઈએ. કરવું જોઈએ.

क्त प्रत्यय :- त्वया कृतः कटः અહીં સકર્મક कृ ધાતુને 'क्त -क्तवतू ૫-૧-૧૭૪' થી વિહિત क्त પ્રત્યય, આ સૂત્રની સહાયથી कर्म માં થાય છે. शयितम् અહીં અકર્મક शी ધાતુને અને कृतं त्वया અહીં अविवक्षितकर्मक कृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ વિહિત क्त પ્રત્યય આ સૂત્રની સહાયથી ભાવ માં થાય છે. અર્થક્રમશઃ- તેં બનાવેલી ચટઈ. તારાથી સુવાયું. તારાથી કરાયું.

खलर्थक प्रत्ययो :- सुकरः कटस्त्वया અહીં सकर्मक सु + कृ ધાતુને 'दुःस्वीषतः० ५-३-१३९' થી વિહિત खल् (अ) પ્રત્યય; આ સૂત્રની સહાયથી કર્મમાં થાય છે. त्वया सुशयम् અહીં અકર્મક सु + शी ધાતુને અને सुकरं त्वया અહીં सु + कृ - આ અવિવક્ષિતકર્મક ધાતુને ઉપર જણાવ્યા મુજબ વિહિત खल् પ્રત્યય; આ સૂત્રની સહાયથી ભાવ માં થાય છે. અર્થક્રમશઃ- તું સુખપૂર્વક ચટઈ બનાવી શકે છે. તું સુખપૂર્વક ઉંઘી શકે છે. તું સુખપૂર્વક કરી શકે છે.

सुखेनाकटाः कटाः क्रियन्ते આ અર્થમાં सु+कट+कृ આ સકર્મક ધાતુને 'च्व्यर्थे कर्त्रा० ५-३-१४०' થી વિહિત खल् પ્રત્યય; આ સૂત્રની સહાયથી कर्म માં થાય છે; જેથી सुकटं-कराणि वीरणानि આવો પ્રયોગ થાય છે. सु + कट + कृ + खल् (अ) આ અવસ્થામાં 'नामिनो० ४-३-१' થી ऋ ને गुण अर् આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી तत्पुरुष સમાસ. 'खित्यनव्य० ३-२-१११' થી कट નામના અન્તમાં म् નો આગમ વગેરે કાર્ય થાય છે. અર્થ- વીરણ નામનું ઘાસ સુખે કરીને ચટઈ બનાવી શકાય છે. આવીજ રીતે सुखेनानाढ्येनाढ्येन भूयते આ અર્થમાં ईषद् + आढ्य+भू - આ અકર્મક भू ધાતુને ઉપર જણાવ્યા મુજબ सू. नं ५-३-१४० થી વિહિત खल् પ્રત્યય આ સૂત્રની સહાયથી ભાવ માં થાય છે તેથી ઉપર જણાવ્યા મુજબ ऊ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી ईषदाढ्यम्भवं भवता આવો પ્રયોગ થાય છે. અર્થ- આપ

સુખેથી શ્રીમાન્ થઈ શકો છે.

सुखेन तत्त्वं ज्ञायते मुनिना આ અર્થમાં સકર્મક सु + ज्ञा ધાતુને 'शासू - युधि० ५-३-१४१' થી વિહિત खलर्थक अन પ્રત્યય; આ સૂત્રની સહાયથી कर्म માં થવાથી सुज्ञानं तत्त्वं मुनिना આવો પ્રયોગ થાય છે. અર્થ - વિના પ્રયત્ને મુનિ તત્ત્વને સમજે છે. આવીજ રીતે अनायासं ग्लायते આ અર્થમાં અકર્મક सु+ग्लै ધાતુને ઉપર જણાવ્યા મુજબ વિહિત अन પ્રત્યય; આ સૂત્રની સહાયથી भाव માં થાય છે. જેથી सुग्लानं दीनेन આવો પ્રયોગ થાય છે. અર્થ - દીન અનાયાસે ખિન્ન થાય છે.

आस् ધાતુના આધારભૂત मास ને 'कालाध्वभाव० २-२-२३' થી યુગપત્ कर्म અને अकर्म સંજ્ઞા થવાથી आस् ધાતુને સકર્મક માનીને આ સૂત્રની સહાયથી आस् ધાતુને આત્મનેપદનો ते પ્રત્યય થવાથી मास आस्यते આવો પ્રયોગ થાય છે. પરન્તુ आस् ધાતુને अकर्मक માનીએ તો તેને આત્મનેપદનો ते પ્રત્યય આ સૂત્રની સહાયથી भाव માં થાય છે. જેથી मास નામને 'कर्मणि २-२-४०' થી દ્વિતીયા વિભક્તિ થવાથી मासमास्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- મહિનામાં બેસે છે... આથી વિશેષ બૃહદ્વૃત્તિથી જાણવું જોઈએ. ॥૨૧॥

## इङितः कर्त्तरि ३।३।२२॥

इ અથવા ङ् જેમાં ઈત્ છે એવા ધાતુઓને કર્ત્તામાં आत्मनेपद (ते વગેરે આત્મનેપદ સંજ્ઞાવાળા પ્રત્યયો) થાય છે. एधि वृद्धौ (૭૪૧) આ इदित् ધાતુને (एध् ધાતુને) અને शीङ्क् स्वप्ने (૧૧૦૫) આ ङित् ધાતુને (शी ધાતુને) આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય થવાથી एधते અને शेते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વધે છે. ઉંઘે છે. આવી જ રીતે આ બંન્ને ધાતુઓને આ સૂત્રની સહાયથી 'शत्रानशा० ५-२-२०' થી આત્મનેપદનો आनश् પ્રત્યય વગેરે કાર્ય થવાથી एधमानः અને शयानः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ-

વધતો. ઉંઘતો. અહીં शी ધાતુના ई ને 'शीङ ए: शिति ४-३-१०४' થી ए આદેશ થયો છે. અને एध्+ अ + आन આ અવસ્થામાં आन ની પૂર્વે 'अतो म आने ४-४-११४' થી म् નો આગમ થાય છે. इदित् અને ङित् ધાતુઓને જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે- આ પ્રમાણે નિયમ માટે આ સૂત્રનું પ્રણયન છે. સામાન્યથી કર્ત્તામાં આત્મનેપદ કે પરસ્મૈપદ સર્વ ધાતુઓને સિદ્ધ જ હતું. કર્મમાં અને ભાવમાં સર્વ ધાતુઓને આત્મનેપદ પૂર્વ સૂત્રથી સિદ્ધ છે... ઈત્યાદિ યાદ રાખવું.॥૨૨॥

**क्रियाव्यतिहारे ऽ गति-हिंसा-शब्दार्थ-हसो हृ-वहश्चा -**
**ऽ नन्यो ऽ न्यार्थे ३।३।२३॥**

अन्यचिकीर्षित અર્થાદ્ બીજાને જે ક્રિયા કરવાની ઈચ્છા છે - તે ક્રિયાનું બીજા વડે હરવું - કરવું, તેને क्रियाव्यतिहार કહેવાય છે. हृ તથા वह् ધાતુને છોડીને અન્ય गत्यर्थक, हिंसार्थक; शब्दार्थक અને हस् ધાતુથી ભિન્ન એવા क्रियाव्यतिहारार्थक ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. પરન્તુ अन्योन्य इतरेतर અને परस्पर શબ્દનો પ્રયોગ હોય તો તાદૃશ ધાતુને આ સૂત્રથી आत्मनेपद થતું નથી. वि + अति + लू ધાતુને તેમજ वि + अति + हृ અને वि + अति + वह् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં વર્ત્તમાનાનો આત્મનેપદનો अन्ते પ્રત્યય થવાથી व्यतिलुनते व्यतिहरन्ते અને व्यतिवहन्ते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બીજાને કરવાની ઈષ્ટ-એવી કાપવાની ક્રિયા બીજા કરે છે. બીજાને કરવાની ઈષ્ટ એવી લઈ જવાની ક્રિયા બીજા કરે છે. બીજાને કરવાની ઈષ્ટ એવી (ભારાદિ) વહન ક્રિયા બીજા કરે છે.

क्रियेति किम्? द्रव्यव्यतिहारे मा भूत् = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन्योन्य इतरेतर અને परस्पर આ અન્યોન્યાર્થક શબ્દનો પ્રયોગ ન હોય તો; हृ તથા वह् ધાતુને છોડીને અન્ય ગત્યર્થક; હિંસાર્થક; શબ્દાર્થક અને हस् ધાતુથી ભિન્ન ક્રિયાના જ (દ્રવ્યના નહીં)

વ્યતિહારાર્થક ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી चैत्रस्य धान्यं व्यतिलुनन्ति અહીં દ્રવ્યના વ્યતિહારાર્થક वि + अति + लू ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. અહીં ઉપર જણાવ્યા મુજબ અન્યોન્યાર્થક શબ્દનો પ્રયોગ નથી. તેમજ हृ અને वह् ધાતુને છોડીને અન્ય गत्यर्थकादि ધાતુથી ભિન્ન ધાતુ વ્યતિહારાર્થક હોવા છતાં ક્રિયાવ્યતિહારાર્થક નથી. તેથી તેને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. પરન્તુ 'शेषात्परस्मै ३-३-૧૦૦' થી પરસ્મૈપદ થાય છે. આ રીતે આ સૂત્રના આગળનાં પ્રત્યુદાહરણોમાં પણ યથાસંભવ વિચારવું. અર્થ - ચૈત્રને ઈષ્ટ એવું ધાન્ય; તેના દેખતાં બીજાઓ કાપીને પોતે (બીજા) ગ્રહણ કરે છે. અહીં યાદ રાખવું કે ધાત્વર્થ સંગ્રહ કરવા સ્વરૂપ લવનાર્થક છે. ચૈત્રને સંગૃહ્યમાણ ધાન્ય ઈષ્ટ છે. તેને બીજા લઈ જાય છે. ધાન્ય કાપવાનું ચૈત્રને ઈષ્ટ નથી ... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું.

गत्यर्थादिवर्जनं किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन्योन्यार्थक શબ્દનો પ્રયોગ ન હોય તો; हृ અને वह् ધાતુને છોડીને અન્ય ગત્યર્થક; હિંસાર્થક; શબ્દાર્થક અને हस् ધાતુથી ભિન્ન જ ક્રિયાવ્યતિહારાર્થક ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી व्यतिसर्पन्ति; व्यतिहिंसन्ति; व्यतिजल्पन्ति અને व्यतिहसन्ति અહીં क्रियाव्यतिहारार्थक પણ ગત્યર્થક वि + अति + सृप् ધાતુને હિંસાર્થક वि + अति + हिंस् ધાતુને, શબ્દાર્થક वि + अति + जल्प् ધાતુને અને वि + अति + हस् ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદ થાય છે. અર્થ ક્રમશઃ - બીજાને કરવાની ઈષ્ટ એવી સરકવાની ક્રિયા બીજા કરે છે. બીજાને કરવાની ઈષ્ટ એવી હિંસા કરવાની ક્રિયા બીજા કરે છે. બીજાને કરવાની ઈષ્ટ એવી બોલવાની ક્રિયા બીજા કરે છે. બીજાને કરવાની ઈષ્ટ એવી હસવાની ક્રિયા બીજા કરે છે.

अनन्योन्यार्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્યોન્યાર્થક अन्योन्य इतरेतर અને परस्पर શબ્દનો પ્રયોગ ન હોય તો જ, हृ અને वह् ધાતુને છોડીને અન્ય ગત્યર્થક હિંસાર્થક શબ્દાર્થક અને

हस् ધાતુથી ભિન્ન ક્રિયાવ્યતિહારાર્થક ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી परस्परस्य व्यतिलुनन्ति અહીં परस्पर શબ્દનો પ્રયોગ હોવાથી તાદૃશ ક્રિયા વ્યતિહારાર્થક वि + अति + लू ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદ થાય છે. અર્થ - બીજાને કરવાની ઈષ્ટ એવી કાપવાની ક્રિયા બીજા કરે છે.

कर्त्तरीत्येव - तेन भावकर्मणोः पूर्वेणैव ..... = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્યોન્યાર્થક अन्योन्य इतरेतर અને परस्पर શબ્દનો પ્રયોગ ન હોય તો हृ અને वह् ધાતુને છોડીને અન્ય ગત્યર્થક હિંસાર્થક અને શબ્દાર્થક તથા हस् ધાતુ ભિન્ન ક્રિયાવ્યતિહારાર્થક ધાતુને કર્ત્તામાં જ આત્મનેપદ થાય છે; અર્થાત્ તાદૃશ ગત્યર્થાદિ ક્રિયાવ્યતિહારાર્થક ધાતુને કર્ત્તામાં જ આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. જેથી 'तत् साप्या० ३-३-२१' - આ પૂર્વ સૂત્રથી ભાવ અને કર્મમાં તાદૃશ ગત્યર્થાદિ ક્રિયા-વ્યતિહારાર્થક ધાતુને પણ આત્મનેપદ થાય છે. તેથી व्यतिगम्यन्ते ग्रामाः આવો પ્રયોગ થઈ શકે છે. અન્યથા સામાન્યતઃ આ સૂત્રથી કર્ત્તામાં અને અકર્ત્તામાં પણ ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનું વિધાન હોત તો તાદૃશ ગત્યર્થાદિ ધાતુઓને ક્રિયાવ્યતિહારમાં સામાન્યતઃ અકર્ત્તામાં પણ આત્મનેપદનો નિષેધ થાત - એ સ્પષ્ટ છે. અર્થ - બીજાને કરવાની ઈષ્ટ એવી ગામમાં જવાની ક્રિયા બીજા વડે કરાય છે. ॥૨૩॥

## निविशः ३।३।२४॥

नि + विश् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. निविशते અહીં नि + विश् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થાય છે. અર્થ- પ્રવેશ કરે છે. (પહોંચે છે.) ॥૨૪॥

## उपसर्गादस्योहो वा ३।३।२५॥

ઉપસર્ગથી પરમાં રહેલા दिवादि ગણના अस् (૧૨૨૧) ધાતુને અને ऊह्(૮૭૦) ધાતુને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. विपर्यस्यते અને समूहते અહીં वि + परि + अस् ધાતુને અને सम् + ऊह् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થાય ત્યારે "शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી विपर्यस्यति અને समूहति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ઉલટ-સુલટ કરે છે. ભેગું કરે છે. ॥૨૫॥

## उत्-स्वराद् युजेरयज्ञतत्पात्रे ३।३।२६॥

उद् ઉપસર્ગથી પરમાં રહેલા અને સ્વરાન્ત ઉપસર્ગથી પરમાં રહેલા रुधादि ગણના युज् (૧૪૭૬) ધાતુને; તેના અર્થનો સમ્બન્ધ યજ્ઞમાં યજ્ઞનાં પાત્રની સાથે ન હોય તો; કર્ત્તામાં આત્મનેપદ થાય છે. उद्युङ्क्ते અને उपयुङ्क्ते અહીં उद् + युज् ધાતુને અને उप (स्वरान्त उपसर्ग) + युज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ ક્રમશઃ-તૈયાર થાય છે. ઉપયોગ કરે છે.

उत्-स्वरादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उद् અને સ્વરાન્ત જ ઉપસર્ગથી પરમાં રહેલા युज् ધાતુને; યજ્ઞમાં યજ્ઞનાં પાત્રની સાથે તેના અર્થનો સમ્બન્ધ ન હોય તો કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી संयुनक्ति અહીં उद् અને સ્વરાન્ત ઉપસર્ગથી ભિન્ન વ્યંજનાન્ત सम् ઉપસર્ગથી પરમાં રહેલા युज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ- જોડે છે. अयज्ञतत्पात्र इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उद् અને સ્વરાન્ત ઉપસર્ગથી પરમાં રહેલા युज् ધાતુને, તેના

અર્થનો યજ્ઞમાં યજ્ઞપાત્રની સાથે સમ્બન્ધ ન હોય તો જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી द्वन्द्वं यज्ञपात्राणि प्रयुनक्ति અહીં युज् ધાત્વર્થનો સમ્બન્ધ યજ્ઞપાત્રની સાથે હોવાથી સ્વરાન્ત प्र ઉપસર્ગથી પરમાં રહેલા પણ युज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ થતું નથી જેથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદ થાય છે. અર્થ- બે બે યજ્ઞપાત્રોનો પ્રયોગ કરે છે. અહીં એ સમજી લેવું જોઈએ કે જ્યાં યજ્ઞ છે પણ તત્પાત્રનો પ્રયોગ નથી અથવા યજ્ઞ નથી પરન્તુ યજ્ઞપાત્રનો પ્રયોગ છે, ત્યાં તાદૃશ युज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ થાય છે જ. તેથી यज्ञे मन्त्रं रन्धनपात्राणि (न तु यज्ञपात्राणि) वा प्रयुङ्क्ते આવો પ્રયોગ તેમજ रन्धने यज्ञपात्राणि (न तु यज्ञे) प्रयुङ्क्ते આવો પ્રયોગ થઈ શકે છે. આથી સમજી શકાશે કે યજ્ઞમાં યજ્ઞપાત્રની સાથે તાદૃશ युज् ધાત્વર્થનો સમ્બન્ધ ન હોય તો; उद् અને સ્વરાન્ત ... ઈત્યાદિ અર્થને જણાવવાં સૂત્રમાં अयज्ञतत्पात्रे... આવો નિર્દેશ છે.॥૨૬॥

## परि-व्यवात् क्रियः ३।३।२७॥

परि; वि અને अव - આ ઉપસર્ગથી પરમાં રહેલા क्री ધાતુને કર્ત્તામાં आत्मनेपद થાય છે. परिक्रीणीते; विक्रीणीते અને अवक्रीणीते અહીં અનુક્રમે परि, वि અને अव ઉપસર્ગથી પરમાં રહેલા क्री ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ- ખરીદે છે. વેચે છે.ભાડે લે છે. उपसर्गादित्येव - આ સૂત્રથી ઉપર જણાવ્યાં મુજબ परि, वि અને अव - આ ઉપસર્ગથી જ (આ શબ્દથી નહીં ) પરમાં રહેલા क्री ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી उपरिक्रीणाति અહીં परि ઉપસર્ગ ન હોવાથી તેનાથી પરમાં રહેલા क्री ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्परस्मै ३-३-१००' થી પરસ્મૈપદ થાય છે. અર્થ-ઉપર ખરીદે છે. ॥૨૭॥

## परा-वेर्जेः ३।३।२८॥

परा અને वि ઉપસર્ગથી પરમાં રહેલા जि ધાતુને કર્ત્તામાં आत्मनेपद થાય છે. पराजयते અને विजयते અહીં આ સૂત્રની સહાયથી परा + जि અને वि+जि ધાતુને આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થાય છે. અર્થ ક્રમશઃ -પરાજય પામે છે. વિજય પામે છે. उपसर्गाभ्यामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परा અને वि ઉપસર્ગથી જ પરમાં રહેલા जि ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી बहुवि जयति वनम् અહીં પક્ષીવાચક वि નામ ઉપસર્ગ ન હોવાથી તેનાથી પરમાં રહેલા जि ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી જેથી 'शेषात्परस्मै ૩-૩-૧૦૦' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ- ઘણા પક્ષીઓથી યુક્ત વન ઉત્કૃષ્ટ છે. ॥૨૮॥

## समः क्ष्णोः ३।३।२९॥

सम् ઉપસર્ગથી પરમાં રહેલા क्ष्णु ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. संक्ष्णुते शस्त्रम् અહીં सम् + क्ष्णु ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થાય છે. અર્થ - શસ્ત્રને તીક્ષ્ણ કરે છે. सम इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सम् જ ઉપસર્ગથી પરમાં રહેલા क्ष्णु ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી क्ष्णौति અહીં અનુપસર્ગક क्ष्णु ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात् परस्मै ૩-૩-૧૦૦' થી परस्मैपद નો तिव् પ્રત્યય થાય છે. અર્થ - તીક્ષ્ણ કરે છે. उपसर्गादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सम् ઉપસર્ગથી જ (માત્ર सम् થી પરમાં નહીં) પરમાં રહેલા क्ष्णु ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી आयसं क्ष्णौति અહીં सम् ઉપસર્ગ ન હોવાથી તેનાથી પરમાં રહેલા क्ष्णु ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદ

થાય છે. અર્થ - લોઢાનાં શસ્ત્રને તીક્ષ્ણ કરે છે. ॥૨૯॥

### अपस्किरः ३।३।३०॥

अप ઉપસર્ગથી પરમાં રહેલા स्सट् (स्) આગમ સહિત कृ (૧૩૩૪) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. अपस्किरते वृषभो हृष्टः અહીં अप ઉપસર્ગથી પરમાં રહેલા 'अपाच्चतु० ૪-૪-૯૫' થી વિહિત स्सट् ના આગમસહિત अप+स्+कृ ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો તે પ્રત્યય વગેરે કાર્ય થવાથી अपस्किरते આવો પ્રયોગ થાય છે. અર્થ- હૃષ્ટ બળદ હર્ષથી માટી ખોદીને આસપાસ ફેંકે છે.

सस्सट्कनिर्देशः किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अप ઉપસર્ગથી પરમાં રહેલા स्सट् (स्) આગમ સહિત જ कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી अपकिरति અહીં હૃષ્ટ વગેરે અર્થ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ स्सट् આગમના અભાવે कृ ધાતુને આ સૂત્રની સહાયથી आत्मनेपद થતું નથી. જેથી 'शेषात् परस्मै ३-३-१००' થી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય થાય છે. અર્થ-વીખેરે છે. अप इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अप જ ઉપસર્ગથી પરમાં રહેલા स्सट् આગમ સહિત कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી उपस्किरति અહીં 'किरो लवने ૪-૪-૯૩' થી વિહિત स्सट् આગમથી સહિત પણ कृ ધાતુ अप ઉપસર્ગથી પરમાં ન હોવાથી આ સૂત્રની સહાયથી તેને આત્મનેપદ થતું નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ - પસારીને કાપે છે. ॥૩૦॥

### उदश्चरः साप्यात् ३।३।३१॥

સકર્મક उद् ઉપસર્ગથી પરમાં રહેલા चर् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. मार्गमुच्चरते અહીં સકર્મક उद्+चर् ધાતુને આ સૂત્રની સહાયથી

કર્ત્તામાં આત્મનેપદનો તે પ્રત્યય થાય છે. અર્થ - માર્ગે ચાલે છે. साप्यादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સકર્મકજ उद् ઉપસર્ગથી પરમાં રહેલા चर् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી धूम उच्चरति અહીં उद्+चर् આ અકર્મક ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्परस्मै ૩-૩-૧૦૦' થી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય થાય છે. અર્થ- ધૂમાડો ઊંચે જાય છે. ॥૩૧॥

## समस्तृतीयया ३।३।३२॥

તૃતીયા - વિભક્ત્યન્ત પદની સાથે યોગ-સમ્બન્ધ હોય તો सम् ઉપસર્ગથી પરમાં રહેલા चर् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. अश्वेन सञ्चरते અહીં તૃતીયાન્ત अश्व પદની સાથે સમ્બન્ધ હોવાથી सम् + चर् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય થયો છે. અર્થ- ઘોડાવડે ફરે છે. तृतीययेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તૃતીયાન્ત પદની સાથે યોગ હોય તો જ सम् ઉપસર્ગથી પરમાં રહેલા चर् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી 'उभौ लोकौ सञ्चरसि' અહીં તૃતીયાન્ત પદની સાથે સમ્બન્ધ ન હોવાથી सम्+चर् ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात् परस्मै ३-३-१००' થી परस्मैपद નો વર્ત્તમાનાનો सिव् પ્રત્યય થયો છે. અર્થ - બંન્ને લોકમાં તું વિચરે છે. ॥૩૨॥

## क्रीडो ऽ कूजने ३।३।३३॥

અવ્યક્ત શબ્દ સ્વરૂપ કૂજન અર્થને છોડીને અન્ય અર્થના વાચક એવા - सम् ઉપસર્ગથી પરમાં રહેલા क्रीड् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. संक्रीडते અહીં सम् + क्रीड् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય થયો છે. અર્થ- રમે છે. सम इत्येव

= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૂજન અર્થથી ભિન્ન અર્થના વાચક सम् ઉપસર્ગથી પરમાં રહેલા જ क्रीड् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી क्रीडति અહીં અનુપસર્ગક क्रीड् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्परस्मै ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ- રમે છે. अकूजन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૂજન અર્થને છોડીને જ બીજા અર્થના વાચક એવા-सम् ઉપસર્ગથી પરમાં રહેલા क्रीड् ધાતુને આત્મનેપદ થાય છે. તેથી संक्रीडन्त्यनांसि અહીં કૂજનાર્થક सम्+क्रीड् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો अन्ति પ્રત્યય થાય છે. અર્થ- ગાડાં ચૂં ચૂં- આવો અવાજ કરે છે. ।।૩૩।।

## अन्वाङ्- परेः ३।३।३४।।

अनु; आङ् અને परि- આ ઉપસર્ગથી પરમાં રહેલા क्रीड् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. अनुक्रीडते; आक्रीडते અને परिक्रीडते અહીં અનુક્રમે अनु + क्रीड्; आ + क्रीड् અને परि + क्रीड् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ ક્રમશઃ- ક્રમશઃ ક્રીડા કરે છે. થોડી ક્રીડા કરે છે. સર્વતઃ ક્રીડા કરે છે.।।૩૪।।

## शप उपलम्भने ३।३।३५।।

સોગંદ અથવા જણાવવું - આ અર્થને ઉપલંભન અર્થ કહેવાય છે. उपलम्भनार्थक शप् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. मैत्राय शपते અહીં ઉપલંભનાર્થક शप् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. मैत्र નામને અહીં 'श्लाघ-ह्नु० २-२-६०' થી ચતુર્થી વિભક્તિ થઈ છે. અર્થ- મૈત્રને જણાવે છે; શપથપૂર્વક

સમજાવે છે. उपलम्भन इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપલમ્ભનાર્થક જ शप् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી मैत्रं शपति અહીં ઉપલમ્ભનાર્થક शप् ધાતુ ન હોવાથી તે અનુપલમ્ભનાર્થક शप् ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात् परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ- મૈત્રને શાપ આપે છે.॥૩૫॥

## आशिषि नाथः ३।३।३६॥

આશિષ્ અર્થમાં જ नाथ् (७१६) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. આશય એ છે કે नाथृङ् उपतापैश्वर्याशीःषु च આ પ્રમાણે नाथ् ધાતુ ङित् હોવાથી સૂ. નં. ३-३-२२ (इङितः०) થી તેને સામાન્યતઃ કર્ત્તામાં આત્મનેપદ સિદ્ધ જ છે: પરન્તુ ઉપતાપાદિ અર્થમાં नाथ् ધાતુને આત્મનેપદ ન થાય અને आशिष् અર્થમાં જ ઉપર જણાવ્યા મુજબ કર્ત્તામાં આત્મનેપદ થાય આ નિયમ માટે આ સૂત્રનું પ્રણયન છે. "જો આ રીતે ઉપતાપાદિ અર્થમાં नाथ् ધાતુને આત્મનેપદનું વિધાન કરવાનું જ ન હોય તો ધાતુપાઠમાં તેને ङित् કરવો ન જોઈએ-" આ પ્રમાણે નહીં કહેવું જોઈએ કારણ કે 'इङितो व्यञ्जनाद्यन्तात् ५-२-४४' થી વિહિત अन પ્રત્યયના વિધાન માટે ધાતુપાઠમાં नाथ् ધાતુને ङित् દર્શાવ્યો છે.

सर्पिषो नाथते અહીં આશિષ્ અર્થમાં नाथ् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થાય છે. અહીં 'नाथः २-२-१०' થી કર્મકારકત્વની અવિવક્ષામાં 'शेषे २-२-८१' થી सर्पिष् નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે. અર્થ- ઘી મળે એવી ઈચ્છા કરે છે. आशिषीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आशिष् અર્થમાં જ नाथ् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી मधु नाथति અહીં યાચનાર્થક नाथ् ધાતુને આ સૂત્રથી અને ઉપર જણાવ્યા મુજબ

'इङ्गितः कर्त्तरि ३-३-२२' થી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ- મધ માંગે છે.॥३६॥

## भुनजो ऽ त्राणे ३।३।३७॥

પાલન અર્થથી ભિન્ન અર્થના વાચક भुज् (૧૪૮૭) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. 'ओदनं भुङ्क्ते' અહીં भुज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનકાળનો ते પ્રત્યય થાય છે. અર્થ- ભાત ખાય છે. भुनज इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપાલનાર્થક रुधादि ગણના (૧૪૮૭) જ भुज् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી ओष्ठौ निर्भुजति અહીં અપાલનાર્થક પણ तुदादि ગણના निर् + भुज् (૧૩૫૧) ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થવાથી 'शेषात् परस्मै ३-३-१००' થી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય થાય છે. અર્થ-બે હોઠ વાંકા કરે છે. अत्राण इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પાલન અર્થને છોડીને જ અન્ય અર્થના વાચક भुज् (૧૪૮૭) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી पृथ्वीं भुनक्ति અહીં પાલનાર્થક रुधादि ગણના भुज् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ થતું નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ- પૃથ્વીનું પાલન કરે છે. ॥૩૭॥

## हृगो गतताच्छील्ये ३।३।३८॥

સામાન્યરીતે गत શબ્દનો અર્થ, પ્રકારીભૂત (વિશેષણ) ધર્મ; અનુકરણ અને સાદૃશ્ય છે. ઉત્પત્તિથી માંડીને વિનાશ સુધીના સ્વભાવને શીલ કહેવાય છે. गत શબ્દાર્થના તાચ્છીલ્યાર્થક हृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. શબ્દશક્તિના સ્વભાવે જ ગતતાચ્છીલ્યાર્થક हृ ધાતુ

अनु ઉપસર્ગ પૂર્વક જ પ્રયોજાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે પ્રકાર; અનુકરણ અને સાદૃશ્ય અર્થમાં કથંચિદ્ ઐક્ય હોવા છતાં પ્રકાર અને અનુકરણ અર્થ હોય તો ધાતુ સકર્મક હોય છે. અને સાદૃશ્ય અર્થ વખતે ધાતુ (हृ) અકર્મક હોય છે. - આ શબ્દશક્તિ સ્વભાવ જ છે. લઘુવૃત્તિમાં गत શબ્દાર્થ તરીકે સાદૃશ્યનો જ ઉલ્લેખ હોવા છતાં પ્રત્યુદાહરણોના વિમર્શથી ઉપર જણાવેલી વાત સમજી શકાય છે. જિજ્ઞાસુઓએ અધ્યાપક પાસેથી એ વસ્તુ બરાબર સમજી લેવી જોઈએ. અથવા બૃહદ્વૃત્તિનું અવલોકન કરવું જોઈએ. पैतृकमश्वा अनुहरन्ते અને पितुरनुहरन्ते અહીં अनु +हृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય થયો છે. અહીં પિતા સમ્બન્ધી સાદૃશ્યાર્થક पैतृक નામને 'क्रिया-विशेषणात् २-२-४१' થી દ્વિતીયા થઈ છે. અને पितृ નામને 'शेषे २-२-८१' થી સાદૃશ્ય સમ્બન્ધમાં ષષ્ઠી વિભક્તિ થઈ છે. અર્થ (બંન્નેનો) - ઘોડા સદૈવ પોતાના પિતાનાં સાદૃશ્યનું પરિશીલન કરે છે.

गत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गतताच्छील्यार्थक જ (સામાન્યતઃ તાચ્છીલ્યાર્થક નહીં) हृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી पितुर्हरति चोरयतीत्यर्थः અહીં ચોરીથી પિતાની સમ્પત્તિ ગ્રહણ કરવાનો સ્વભાવ ગમ્યમાન હોવાથી ताच्छील्यार्थक हृ ધાતુ હોવા છતાં ગતશબ્દાર્થ સાદૃશ્ય વગેરેના તાચ્છીલ્યાર્થક हृ ધાતુ ન હોવાથી આ સૂત્રથી તેને આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्परस्मै ३-३-१००' થી પરસ્મૈપદ થાય છે. અર્થ- પિતાનું (ધન વગેરે) હરે છે; અર્થાત્ ચોરીથી ધન વગેરે ગ્રહણ કરે છે. ताच्छील्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गतताच्छील्यार्थक જ (માત્ર गत શબ્દાર્થ-सादृश्याद्यर्थक નહીં) हृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી नटो राममनुहरति અહીં गत શબ્દાર્થ અનુકરણ ગમ્યમાન હોવા છતાં તેનું તાચ્છીલ્ય અર્થ ગમ્યમાન નથી, કારણ કે નટનો રામનું અનુકરણ કરવાનો સ્વભાવ નથી, ક્વચિદ્ એ પ્રવૃત્તિ કરે છે. આથી સમજી શકાશે કે અહીં ગતતાચ્છીલ્યાર્થક

हृ ધાતુ ન હોવાથી તેને આ સૂત્રથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ परस्मैपद નો तिव् प्रत्यय વગેરે કાર્ય થાય છે. અર્થ- નટ રામનું અનુકરણ કરે છે. આ પ્રત્યુદાહરણનો વિચાર કરવાથી સમજી શકાશે કે गत શબ્દાર્થ માત્ર सादृश्य જ નથી. પરન્તુ अनुकरणादि પણ છે; અને ત્યારે ધાતુ સકર્મક હોય છે .... ॥૩૮॥

**पूजा ऽऽ चार्यक - भृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्यये नियः ३।३।३९॥**

पूजा आचार्यक भृति उत्क्षेप ज्ञान विगणन અને व्यय અર્થ ગમ્યમાન હોય તો नी ધાતુને કર્ત્તામાં आत्मनेपद થાય છે. સન્માનને 'પૂજા' કહેવાય છે. આચાર્યના કર્મ અથવા ભાવને 'આચાર્યક' કહેવાય છે. વેતન-પગારને 'ભૃતિ' કહેવાય છે. વસ્તુના નિશ્ચયને 'જ્ઞાન' કહેવાય છે. ઋણ ચૂકવવું તેને 'વિગણન' કહેવાય છે; અને પ્રાપ્ત ધનાદિનો ધર્મ વગેરેમાં કરાતા ઉપયોગને 'વ્યય' કહેવાય છે. नयते विद्वान् स्याद्वादे; माणवकमुपनयते (आचार्यः); कर्मकरानुपनयते; शिशुमुदानयते; नयते तत्त्वार्थे; मद्राः कारं विनयन्ते અને शतं विनयते અહીં અનુક્રમે પૂજા આચાર્યક ભૃતિ ઉત્ક્ષેપ જ્ઞાન વિગણન અને વ્યય અર્થ ગમ્યમાન હોવાથી नी; उप+नी; उप + नी, उद् + आ + नी; नी; वि + नी અને वि + नी ધાતુને આ સૂત્રથી કર્ત્તામાં આત્મનેપદનો ते અને अन्ते પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ- વિદ્વાન્ સ્યાદ્વાદમાં યુક્તિઓથી પદાર્થને સિદ્ધ કરે છે. (જેથી સન્માન પ્રાપ્ત કરે છે.) આચાર્ય પોતે શિષ્યને ભણાવવા પાસે બેસાડે છે. (અહીં આચાર્યની ક્રિયા ગમ્યમાન છે.) નોકરોને (પગાર માટે) બોલાવે છે. બાળકને ઊંચે ઉછાળે છે. तत्त्वार्थમાં પદાર્થનો નિર્ણય કરે છે. મદ્રદેશવાસીઓ રાજાને કર ચૂકવે છે. સો રૂપિયા ખર્ચે છે.

एष्विति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂજા... વગેરે જ અર્થ ગમ્યમાન હોય તો नी ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી अजां नयति ग्रामम् અહીં પૂજા.... વગેરે અર્થ ગમ્યમાન ન હોવાથી આ

સૂત્રથી ની ધાતુને આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्परस्मै ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ- બકરીને ગામમાં લઈ જાય છે. ની ધાતુ (૮૮૪) गित् હોવાથી 'ईगितः ३-३-९५' થી ફલવત્ કર્ત્તામાં તેને આત્મનેપદની પ્રાપ્તિ હોવા છતાં અફલવત્ કર્ત્તામાં આત્મનેપદના વિધાન માટે આ સૂત્રનું પ્રણયન છે.... ॥૩૯॥

## कर्त्तृस्थामूर्त्ताऽऽप्यात् ३।३।४०॥

જેનું અમૂર્ત્તકર્મ કર્ત્તામાં વૃત્તિ છે - એવા ની ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. श्रमं विनयते અહીં वि+नी ધાતુનું અમૂર્ત્ત (રૂપાદિ-રહિત) કર્મ-શ્રમ કર્ત્તા (ચૈત્રાદિ) માં વૃત્તિ હોવાથી તે वि+नी ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો ते પ્રત્યય થાય છે. અર્થ- શ્રમ દૂર કરે છે. कर्त्तृस्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેનું અમૂર્ત્ત કર્મ કર્ત્તામાં જ વૃત્તિ છે - એવા ની ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી चैत्रो मैत्रस्य मन्युं विनयति અહીં वि+नी ધાતુનું અમૂર્ત્ત કર્મ - મન્યુ (ક્રોધ); કર્ત્તા ચૈત્રમાં વૃત્તિ ન હોવાથી પરન્તુ તેનાથી ભિન્ન મૈત્રમાં વૃત્તિ હોવાથી તે वि+नी ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ - ચૈત્ર મૈત્રના ક્રોધને દૂર કરે છે. अमूर्त्तेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેનું અમૂર્ત્ત જ કર્મ કર્ત્તૃસ્થ છે - એવા ની ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી गडुं विनयति અહીં મૂર્ત્તકર્મ ગડુ; કર્ત્તામાં વૃત્તિ હોવા છતાં वि + नी ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ- ગુમડાને દૂર કરે છે. आप्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેનું અમૂર્ત કર્મજ (કરણાદિ નહીં) કર્ત્તૃસ્થ છે - એવા ની ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી बुद्ध्या विनयति અહીં અમૂર્ત્ત પણ કર્ત્તૃસ્થ બુદ્ધિકરણક वि+नी ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન

થવાથી ઉપર જણાવ્યા મુજબ परस्मैपद નો तिव् પ્રત્યય થયો છે. અર્થ-બુદ્ધિવડે દૂર કરે છે.

અહીં એ સમજી લેવું જોઈએ કે श्रमं विनयते- આ ઉદાહરણમાં કર્ત્તા ફલવાન્ હોવાથી वि + नी ધાતુને 'ई-गितः ३-३-९५' થી આત્મનેપદ સિદ્ધ હોવા છતાં "कर्त्तृस्थामूर्त्त-कर्मक જ नी ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય અને गडुं विनयति ઈત્યાદિ પ્રત્યુદાહરણોમાં તે ન થાય"- આ પ્રમાણેના નિયમવિધાન માટે આ સૂત્રનો આરંભ છે. જેથી સૂ.નં. '૩-૩-૯૫' ના અર્થમાં नी-धात्वतिरिक्तत्व રૂપે સઙ્કોચ થાય છે. જેથી गडुं विनयति... ઈત્યાદિ પ્રત્યુદાહરણોમાં આ અથવા સૂ.નં. ૩-૩-૯૫ થી આત્મનેપદ થતું નથી. ॥૪૦॥

## शदेः शिति ३।३।४१॥

शित्-પ્રત્યયના વિષયમાં शद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. આ સૂત્રની સહાયથી शित् પ્રત્યય વર્ત્તમાનાના વિષયમાં शद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદનો તે પ્રત્યય-'श्रौति-कृवु० ૪-૨-૧૦૮' થી शद् ધાતુને शीय् આદેશ વગેરે કાર્ય થવાથી शीयते આવો પ્રયોગ થાય છે. અર્થ -નષ્ટ થાય છે. शितीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शित्-પ્રત્યયના જ વિષયમાં शद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી शत्स्यति અહીં शित् પ્રત્યયથી ભિન્ન भविष्यन्ती પ્રત્યયના વિષયમાં शद् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ૩-૩-૧૦૦' ની સહાયથી પરસ્મૈપદનો स्यति પ્રત્યય થયો છે. અર્થ-નષ્ટ થશે. ॥૪૧॥

## म्रियतेरद्यतन्याशिषि च ३।३।४२॥

अद्यतनी आशिष् અને शित्-પ્રત્યયના વિષયમાં मृ ધાતુને કર્ત્તામાં

આત્મનેપદ થાય છે. मृ (૧૩૩૩) ધાતુને અદ્યતનીના વિષયમાં આ સૂત્રની સહાયથી આત્મનેપદનો त પ્રત્યય વગેરે કાર્ય થવાથી (जुओ सू.नं. ૪-૩-૭૦ માં अकृत) अमृत આવો પ્રયોગ થાય છે. આશિષ્‌ના વિષયમાં આત્મનેપદનો सीष्ट પ્રત્યય વગેરે કાર્ય થવાથી मृषीष्ट આવો પ્રયોગ થાય છે. તેમજ शित्- વર્ત્તમાનાના વિષયમાં આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી म्रियते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તે મર્યો. તે મરે. તે મરે છે. अ + मृ + त આ અવસ્થામાં 'सिजद्यत० ३-४-५३' થી त પ્રત્યયની પૂર્વે વિહિત सिच् પ્રત્યયનો 'धुड्-ह्रस्वा० ४-३-७०' થી લોપ થયો છે. मृ+ते આ અવસ્થામાં 'तुदादेः શઃ ३-४-८१' થી श (अ) વિકરણ પ્રત્યય. 'रिः शक्या० ४-३-११०' થી ऋ ને रि આદેશ; અને 'धातोरिवर्णो० २-१-५०' થી रि ના इ ને इय् આદેશ થાય છે. अद्यतन्याशिषि चेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अद्यतनी आशिष् અને शित्- પ્રત્યયના જ વિષયમાં मृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી પરોક્ષાના વિષયમાં આ સૂત્રની સહાયથી मृ ધાતુને આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો णव् પ્રત્યય થાય છે. જેથી દ્વિત્વ વગેરે (मृमृ + णव्; ममृ + णव्; ममार् + णव्) કાર્ય થવાથી ममार આવો પ્રયોગ થાય છે. અર્થ- મર્યો. ॥૪૨॥

## क्यङ्षो नवा ३।३।४३॥

क्यङ्ष् (य) પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં આત્મનેપદ વિકલ્પથી થાય છે. अनिद्रा निद्रा सम्पद्यते આ અર્થમાં 'डाच् लोहिता० ३-४-३०' થી क्यङ्ष् (य) પ્રત્યય. निद्राय શબ્દને 'क्रियार्थो० ३-३-३' થી ધાતુ સંજ્ઞા. આ સૂત્રની સહાયથી निद्राय ધાતુને વર્ત્તમાનાનો આત્મનેપદનો ते પ્રત્યય થવાથી निद्रायते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થાય ત્યારે 'शेषात्परस्मै ३-३-१००'

થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી निद्रायति આવો પ્રયોગ થાય છે. અર્થ- નિદ્રા જેવી-થાય છે. ।।૪૩।।

**द्युद्भ्यो ऽ द्यतन्याम् ३।३।४४।।**

અદ્યતનીના વિષયમાં द्युत् વગેરે (૯૩૭ થી ૯૫૯ સુધી) ત્રેવીશ ધાતુઓને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. द्युत् વગેરે ધાતુઓને 'इङ्गितः० ३-३-२२' થી કર્ત્તામાં નિત્ય આત્મનેપદની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી અદ્યતનીમાં વૈકલ્પિક નિષેધ થાય છે. वि+द्युत् અને रुच् ધાતુને અદ્યતનીના વિષયમાં ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત આત્મનેપદનો આ સૂત્રથી નિષેધ થવાથી 'शेषात् परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો दि (द्) પ્રત્યય. दि ની પૂર્વે 'लृदिद्-द्युतादि० ३-४-६४' થી अङ् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી व्यद्युतत् અને अरुचत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આત્મનેપદનો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિષેધ ન થાય ત્યારે 'इङ्गितः कर्त्तरि ३-३-२२' ની સહાયથી આત્મનેપદનો त પ્રત્યય. 'सिजद्यतन्याम् ३-४-५३' થી त ની પૂર્વે सिच् (स्) પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૩-૪-૬૭ માં अजनिष्ट) व्यद्योतिष्ट અને अरोचिष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચમક્યું. ગમ્યું. अद्यतन्यामिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીના જ વિષયમાં द्युत् વગેરે ધાતુઓને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. તેથી વર્ત્તમાનાના વિષયમાં 'इङ्गितः० ३-३-२२' થી નિત્ય આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી द्योतते આવો પ્રયોગ થાય છે. અર્થ-પ્રકાશે છે. ।।૪૪।।

**वृद्भ्यः स्य-सनोः ३।३।४५।।**

स्य જેની આદિમાં છે એવા પ્રત્યયના વિષયમાં અને सन् પ્રત્યયના

વિષયમાં वृत् વગેરે (૯૫૫ થી ૯૫૯) પાંચ ધાતુઓને વિકલ્પથી કર્ત્તામાં આત્મનેપદ થાય છે. અહીં પણ પૂર્વ સૂત્રમાં (૩-૩-૪૪ માં) જણાવ્યા મુજબ 'इङ्गितः कर्त्तरि ३-३-२२' થી નિત્ય આત્મનેપદની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्य-सन् ના વિષયમાં વિકલ્પથી નિષેધ થાય છે. वृत् ધાતુને भविष्यन्ती ના સ્યકારાદિ પ્રત્યયના વિષયમાં 'इङ्गितः० ३-३-२२' થી આત્મનેપદના स्यते પ્રત્યયની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'शेषात्परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો स्यति પ્રત્યય વગેરે કાર્ય થવાથી वर्त्स्यति આવો પ્રયોગ થાય છે. स्यति પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી પ્રાપ્ત इट् નો 'न वृद्भ्यः ४-४-५५' થી નિષેધ થયો છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી આત્મનેપદનો નિષેધ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો स्यते પ્રત્યય અને તેની પૂર્વે इट् (इ) વગેરે કાર્ય થવાથી वर्त्तिष्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- રહેશે.

वर्त्तितुमिच्छति આ અર્થમાં वृत् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી વિહિત सन् (स) પ્રત્યયના વિષયમાં ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થવાથી વર્ત્તમાનાનો પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી विवृत्सति આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ. નં. ૪-૪-૫૫) વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો નિષેધ ન થાય ત્યારે तिव् પ્રત્યયના સ્થાને આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી विवर्त्तिष्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- રહેવાની ઈચ્છા કરે છે. स्य-सनोरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्य જેની આદિમાં છે એવા અને सन् પ્રત્યયના જ વિષયમાં वृत् વગેરે પાંચ ધાતુઓને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. તેથી स्य-सन् નો વિષય ન હોવાથી વર્ત્તમાનાના વિષયમાં वृत् ધાતુને 'इङ्गितः कर्त्तरि ३-३-२२' ની સહાયથી આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી वर्तते (वृत् + ते, वृत् + अ + ते, वर्त्त् + अ + ते) આવો પ્રયોગ થાય છે. અર્થ- રહે છે. ।।૪૫।।

## कृपः श्वस्तन्याम् ३।३।४६॥

श्वस्तनी ના વિષયમાં कृप् ધાતુને (૯૫૯) વિકલ્પથી આત્મનેપદ થાય છે. શ્વસ્તનીના વિષયમાં कृप् ધાતુને 'इङितः कर्त्तरि ३-३-२२' થી પ્રાપ્ત આત્મનેપદનો આ સૂત્રથી નિષેધ થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तासि પ્રત્યય થવાથી कल्पूतासि આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી આત્મનેપદનો નિષેધ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો શ્વસ્તનીનો तासे પ્રત્યય થવાથી कल्पितासे આવો પ્રયોગ થાય છે. અર્થ- તું સમર્થ થઈશ. અહીં પણ તકારાદિ પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત इट् ('स्ताद्यशि० ४-४-३२' થી પ્રાપ્ત इट्) નો 'न वृद्भ्यः ४-४-५५' 'થી પરસ્મૈપદના વિષયમાં નિષેધ થયો છે. कृप् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ થયા બાદ र् ને 'ऋर लृ-लं० २-३-९९' થી ल् આદેશ થાય છે - એ યાદ રાખવું. ।।૪૬।।

## क्रमोऽनुपसर्गात् ३।३।४७॥

ઉપસર્ગથી પરમાં ન હોય એવા क्रम् ધાતુને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. वृत्ति વગેરે અર્થમાં ઉત્તર (૩-૩-૪૮) સૂત્રથી નિત્ય આત્મનેપદનું વિધાન હોવાથી वृत्त्यादि થી ભિન્ન અર્થમાં ઉપર જણાવ્યા મુજબ વિકલ્પથી આત્મનેપદનું વિધાન આ સૂત્રથી છે. જેથી અહીં અપ્રાપ્ત વિભાષા છે. क्रमते અહીં આ સૂત્રની સહાયથી क्रम् ધાતુને આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થાય ત્યારે 'शेषात् परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી क्रामति આવો પ્રયોગ થાય છે. क्रम् ના अ ને 'क्रमो दीर्घः परस्मै ४-२-१०९' થી દીર્ઘ आ આદેશ થયો છે. અર્થ - ચાલે છે. अनुपसर्गादिति किम् ?= આ

સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી પરમાં ન હોય એવા જ क्रम् ધાતુને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. તેથી अनुक्रामति અહીં ઉપસર્ગથી પરમાં રહેલા क्रम् (अनु + क्रम्) ધાતુને આ સૂત્રથી વિકલ્પથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ - ક્રમશઃ ચાલે છે.॥૪૭॥

## वृत्ति-सर्ग-तायने ३।३।४८॥

જેમાં પ્રતિબન્ધક ન હોય તેને અપ્રતિબન્ધ સ્વરૂપ वृत्ति કહેવાય છે. ઉત્સાહને सर्ग કહેવાય છે. અને સ્ફીતતા (વિશુદ્ધિ) ને तायन કહેવાય છે. वृत्ति सर्ग અને तायन અર્થના વાચક क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. शास्त्रेऽस्य क्रमते बुद्धिः; सूत्राय क्रमते અને क्रमन्तेऽस्मिन् योगाः અહીં અનુક્રમે वृत्ति सर्ग અને तायन અર્થના વાચક એવા क्रम् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થાય છે. અર્થક્રમશઃ - આની બુદ્ધિ શાસ્ત્રમાં પ્રતિબન્ધ વિના ચાલે છે. સૂત્ર માટે ઉત્સાહ રાખે છે. આનામાં યોગો વિશુદ્ધ છે. ॥૪૮॥

## परोपात् ३।३।४९॥

परा અને उप જ ઉપસર્ગથી પરમાં રહેલા वृत्ति सर्ग અને तायन અર્થવાળા क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી पराक्रमते અને उपक्रमते અહીં વૃત્ત્યાદ્યર્થક परा અને उप ઉપસર્ગપૂર્વક क्रम् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં વર્ત્તમાનાનો આત્મનેપદનો ते પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ - પ્રતિબન્ધ વિના પરાક્રમ કરે છે. અધ્યયનાદિમાં ઉત્સાહ રાખે છે. परोपादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परा અને उप જ ઉપસર્ગથી પરમાં રહેલા वृत्ति सर्ग અને तायन

અર્થવાળા क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી अनुक्रामति અહીં अनु+क्रम् ધાતુને તે वृत्त्याद्यर्थक હોવા છતાં તેને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्परस्मै ३–३–१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- વિના પ્રતિબન્ધે ક્રમશઃ ચાલે છે. અહીં યાદ રાખવું જોઈએ કે परा+क्रम् અને अनु+क्रम् વગેરે વૃત્ત્યાદ્યર્થક क्रम् ધાતુમાત્રને પૂર્વ (૩-૩-૪૮) સૂત્રથી આત્મનેપદ સિદ્ધ હોવાથી આ સૂત્રનું પ્રણયન - " સોપસર્ગક વૃત્ત્યાદ્યર્થક क्रम् ધાતુને આત્મનેપદ થાય તો તે परा અને उप ઉપસર્ગથી જ પરમાં રહેલા क्रम् ધાતુને થાય, અન્ય ઉપસર્ગથી પરમાં હોય તો નહીં" - આ પ્રમાણેના નિયમ માટે છે. જેથી આ સૂત્રથી વિહિત નિયમથી सोपसर्गकातिरिक्तत्वेन सू. नं. ३-३-४८ ના અર્થમાં સઙ્કોચ થાય છે. માટે अनु+क्रम् ધાતુને કોઈ પણ સૂત્રથી કર્ત્તામાં આત્મનેપદ થતું નથી.'

वृत्त्यादावित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परा અને उप ઉપસર્ગથી પરમાં રહેલા વૃત્ત્યાદ્યર્થક જ क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી पराक्रामति અહીં परा+क्रम् ધાતુ વૃત્ત્યાદ્યર્થક ન હોવાથી તેને આ સૂત્રની સહાયથી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - પાછો ફરે છે. ॥૪૯॥

## वेः स्वार्थे ३।३।५०॥

क्रमू पादविक्षेपे (३८५) આ પ્રમાણે નિર્દિષ્ટ પગે ચાલવા સ્વરૂપ સ્વાર્થવાચક क्रम् ધાતુને; તે જો वि ઉપસર્ગથી પરમાં હોય તો કર્ત્તામાં આત્મનેપદ થાય છે. साधु विक्रमते गजः અહીં वि+क्रम् ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ- હાથી સુંદર ચાલે છે. स्वार्थ इति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वि ઉપસર્ગથી પરમાં રહેલા પાદવિક્ષેપાત્મક સ્વાર્થના

જ વાચક क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી गजेन विक्रामति અહીં वि ઉપસર્ગથી પરમાં રહેલા પણ સ્વાર્થ ભિન્ન ઉત્સાહાર્થક क्रम् ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - હાથી વડે ઉત્સાહ પામે છે. ॥૫૦॥

## प्रोपादारम्भे ३।३।५१॥

प्र અને उप ઉપસર્ગથી પરમાં રહેલા આરમ્ભાર્થક क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. प्रक्रमते उपक्रमते भोक्तुम् અહીં આરમ્ભાર્થક प्र+क्रम् અને उप + क्रम् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ (બંન્નેનો) - ખાવાનો આરંભ કરે છે. आरंम्भ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આરમ્ભાર્થક જ प्र અને उप ઉપસર્ગથી પરમાં રહેલા क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી प्रक्रामति यातीत्यर्थ અહીં प्र+क्रम् ધાતુને તે આરમ્ભાર્થક ન હોવાથી આ સૂત્રની સહાયથી આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्परस्मै ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. ॥૫૧॥

## आंङो ज्योतिरुद्गमे ३।३।५२॥

ચન્દ્ર - સૂર્ય વગેરેનું ઉગવું - આ અર્થના વાચક आङ् (आ) ઉપસર્ગથી પરમાં રહેલા क्रम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. आक्रमते चन्द्रः सूर्यो वा અહીં आ+क्रम् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ - સૂર્ય અથવા ચન્દ્ર ઉદય પામે છે. ज्योतिरुद्गम इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ચન્દ્રાદિના ઉદયાર્થક જ आङ् ઉપસર્ગથી પરમાં રહેલા क्रम् ધાતુને

કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી आक्रामति बटुः कुतुपम् અને ધૂમ आक्रामति અહીં અનુક્રમે ઉદ્ગમ અર્થ અને ચન્દ્રાદિનો ઉદ્ગમ અર્થ ન હોવાથી आ+क्रम् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અહીં તેમજ પૂર્વ સૂત્રોના પ્રત્યુદાહરણોમાં क्रम् ધાતુના अ ને 'क्रमो दीर्घः परस्मै ४-२-१०९' થી દીર્ઘ आ આદેશ થયો છે. - એ યાદ રાખવું. અર્થક્રમશઃ- છોકરો મીનારા ઉપર ચઢે છે. ધૂમાડો ઉપર જાય છે. ।।૫૨।।

## दागोऽस्वाऽऽस्यप्रसार-विकासे ३।३।५३।।

પોતાનું મુખ ફેલાવવું અને વિકાસ આ અર્થ ન હોય તો आङ् ઉપસર્ગથી પરમાં રહેલા दा (૧૧૩૮) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. विद्यामादत्ते અહીં ગ્રહણાર્થક आ + दा ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી आदत्ते આવો પ્રયોગ થાય છે. (आ+दा+ते; आ+दादा+ते; आ+ददा+ते આ અવસ્થામાં 'श्नश्चातः ४-२-९६' થી दा ના आ નો લોપ વગેરે કાર્ય થવાથી आदत्ते આવો પ્રયોગ થાય છે.) અર્થ- વિદ્યાને ગ્રહણ કરે છે. स्वास्यादिवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आङ् ઉપસર્ગથી પરમાં રહેલા दा ધાતુને તેનો स्वास्यप्रसार અને विकास અર્થ ન હોય તો જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી उष्ट्रो मुखं व्याददाति અને कूलं व्याददाति અહીં અનુક્રમે પોતાના મુખને ફેલાવવું અને વિકાસ અર્થ હોવાથી वि+आ+दा ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - ઊંટ પોતાનું મુખ ફેલાવે છે. નદીનું તીર વિકાસ પામે છે. ।।૫૩।।

## नु-प्रच्छः ३।३।५४॥

आङ् (आ) ઉપસર્ગથી પરમાં રહેલા नु (૧૦૮૧) અને प्रच्छ् (૧૩૪૭) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. आनुते शृगालः અને आपृच्छते गुरून् અહીં आ+नु અને आ+प्रच्छ् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. आ+प्रच्छ्+श(अ) + ते આ અવસ્થામાં 'ग्रह–व्रस्च० ૪-૧-૮૪' થી प्रच्छ् ના र ને सम्प्रसारण (य्वृत्) ऋ આદેશ થયો છે. અર્થ- શિયાળ ઉત્કંઠા પૂર્વક અવાજ કરે છે. ગુરુ પાસે અનુજ્ઞા માંગે છે. आ +नु ધાતુને આ સૂત્રથી ઉત્કંઠા પૂર્વક શબ્દરૂપ અર્થમાં જ આત્મનેપદ થાય છે - એ યાદ રાખવું.॥૫૪॥

## गमेः क्षान्तौ ३।३।५५॥

क्षान्ति એટલે કાલહરણ (પ્રતીક્ષા). કાલહરણાર્થક आङ् ઉપસર્ગથી પરમાં રહેલા गमि (गम्+णिग् प्रत्ययादि કાર્યથી નિષ્પન્ન) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. आगमयते गुरुम् અહીં આ સૂત્રથી आ+गमि ધાતુને કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - થોડી વાર ગુરુની પ્રતીક્ષા કરે છે. क्षान्ताविति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आङ् ઉપસર્ગથી પરમાં રહેલા ક્ષાન્ત્યર્થક જ गमि ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી विद्यामागमयति અહીં ગ્રહણાર્થક आ+गमि ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થવાથી 'शेषात्परस्मै ૩-૩-૧૦૦' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- વિદ્યાને ગ્રહણ કરે છે. અહીં યાદ રાખવું જોઈએ કે ક્ષાન્ત્યર્થમાં સ્વભાવથી જ णिग् પ્રત્યયાન્ત गम् ધાતુનો પ્રયોગ થાય છે. તેથી गमि ધાતુ गित् હોવાથી 'ईगितः ૩-૩-૯૫' થી તેને આત્મનેપદ સિદ્ધ હોવા છતાં ક્ષાન્તિ ભિન્ન અર્થમાં आ+गमि ધાતુને તે સૂત્રથી આત્મનેપદ ન

થાય એ માટે આ સૂત્રનો પ્રારંભ છે. જેથી विद्यामागमयति અહીં તે સૂત્રથી (૩-૩-૯૫ થી) પણ આત્મનેપદ થતું નથી. ॥૫૫॥

### ह्वः स्पर्द्धे ३।३।५६॥

સ્પદ્ર્ધા (પરાભિભવેચ્છા) અર્થ ગમ્યમાન હોય તો आङ् ઉપસર્ગથી પરમાં રહેલા ह्वे ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. मल्लो मल्लमाह्वयते અહીં आ+ह्वे ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - મલ્લ મલ્લને આહ્વાન કરે છે. स्पर्द्ध इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્પદ્ર્ધા અર્થ જ ગમ્યમાન હોય તો आङ् ઉપસર્ગથી પરમાં રહેલા ह्वे ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી गामाह्वयति અહીં સ્પદ્ર્ધા અર્થ ગમ્યમાન ન હોવાથી आ+ह्वे ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - ગાયને બોલાવે છે. ॥૫૬॥

### सं-नि-वेः ३।३।५७॥

सम् नि અને वि ઉપસર્ગથી પરમાં રહેલા ह्वे ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. संह्वयते निह्वयते અને विह्वयते અહીં અનુક્રમે सम्+ह्वे नि + ह्वे અને वि+ह्वे ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ (બધાનો) = બોલાવે છે. ॥૫૭॥

### उपात् ३।३।५८॥

उप ઉપસર્ગથી પરમાં રહેલા ह्वे ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે.

उपह्वयते અહીં उप+ह्वे ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - પાસે બોલાવે છે.।।૫૮।।

### यमः स्वीकारे ३।३।५९।।

उप ઉપસર્ગથી પરમાં રહેલા સ્વીકારાર્થક यम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. कन्यामुपयच्छते અને उपायंस्त महास्त्राणि અહીં उप+यम् ધાતુને આ સૂત્રની સહાયથી અનુક્રમે વર્ત્તમાનાનો આત્મનેપદનો ते પ્રત્યય અને અદ્યતનોનો આત્મનેપદનો त પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થક્રમશઃ- કન્યાનો સ્વીકાર કરે છે. મહાસ્ત્રોનો સ્વીકાર કર્યો. च्विनिर्देशः किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उप ઉપસર્ગથી પરમાં રહેલા સ્વીકારાર્થક જ અર્થાત્ જે વસ્તુ પોતાની નથી તેને પોતાની કરવા સ્વરૂપ ગ્રહણાર્થક જ (સામાન્યતઃ ગ્રહણાર્થક નહીં) यम् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી शाटकानुपयच्छति અહીં उप+यम् ધાતુ ગ્રહણાર્થક હોવા છતાં ઉપર જણાવ્યા મુજબ च्वि પ્રત્યયાન્ત સ્વીકાર પદના અર્થસ્વરૂપ ગ્રહણ વિશેષાર્થક ન હોવાથી આ સૂત્રથી તેને આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અહીં 'गमिषद्यमश्छः ४-२-१०६' થી यम् ના म् ને छ् આદેશાદિ કાર્ય થાય છે. અર્થ - પોતાના વસ્ત્રોને ગ્રહણ કરે છે. ।।૫૯।।

### देवार्चा-मैत्री-सङ्गम-पथिकर्तृक-मन्त्रकरणे स्थः ३।३।६०।।

देवार्चा (પ્રભુપૂજા-આરાધના); मैत्री; सङ्गम (મિલન); पथिकर्त्तृक (માર્ગ છે કર્ત્તા જેનો એવી ક્રિયા) અને मन्त्रकरण (મન્ત્ર જેનું કરણ છે - એવી ક્રિયા) અર્થના વાચક उप ઉપસર્ગથી પરમાં રહેલા स्था ધાતુને

કર્ત્તામાં આત્મનેપદ થાય છે. देवार्चा-जिनेन्द्रमुपतिष्ठते । मैत्री - रथिकानुपतिष्ठते । सङ्गम - यमुना गङ्गामुपतिष्ठते । पथिकर्त्तृक - स्रुघ्नमुपतिष्ठते पन्थाः । मन्त्रकरण- ऐन्द्र्या गार्हपत्यमुपतिष्ठते અહીં દેવાર્ચા ... વગેરે અર્થના વાચક उप+स्था ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય તથા स्था ધાતુને 'श्रौति-कृवु० ૪-૨-૧૦૮' થી तिष्ठ આદેશ થયો છે. અર્થક્રમશઃ- જિનેન્દ્રભગવાનની પૂજા - આરાધના કરે છે. મૈત્રી માટે રથવાહકોની પ્રશંસા કરે છે. યમુના ગઙ્ગાનદીને મળે છે. રસ્તો સ્રુઘ્ન દેશ તરફ જાય છે. ઈન્દ્ર દેવતા સમ્બન્ધી મન્ત્રવડે યજ્ઞીય અગ્નિ વિશેષની સ્તુતિ કરે છે. ॥૬૦॥

## वा लिप्सायाम् ३।३।६१॥

લિપ્સા અર્થ ગમ્યમાન હોય તો उप ઉપસર્ગથી પરમાં રહેલા स्था ધાતુને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. भिक्षु र्दातृकुलमुपतिष्ठते અહીં લિપ્સા અર્થ ગમ્યમાન હોવાથી उप+स्था ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થાય ત્યારે 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી भिक्षु र्दातृकुलमुपतिष्ठति આવો પ્રયોગ થાય છે. અર્થ - ભિક્ષાની લાલચે ભિક્ષુ દાતાના કુળને વખાણે છે. ॥૬૧॥

## उदोऽनूर्ध्वेहे ३।३।६२॥

ઉપર ઉઠવાની ચેષ્ટા સ્વરૂપ અર્થને છોડીને અન્ય ચેષ્ટાવાચક उद् ઉપસર્ગથી પરમાં રહેલા स्था ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. मुक्तावुत्तिष्ठते અહીં उद्+स्था ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં

આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય થયો છે. અર્થ- મોક્ષ માટે પ્રયત્ન કરે છે. अनूर्ध्वे इति किम् ? - = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઊર્ધ્વ ચેષ્ટા થી ભિન્ન જ ચેષ્ટાવાચક उद् ઉપસર્ગથી પરમાં રહેલા स्था ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી आसनादुत्तिष्ठति અહીં ઊર્ધ્વ ચેષ્ટાર્થક उद् + स्था ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात् परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- આસન ઉપરથી ઊભો થાય છે. ईहेति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઊર્ધ્વ ચેષ્ટાથી ભિન્ન ચેષ્ટાવાચક જ उद् + स्था ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી ग्रामाच्छतमुत्तिष्ठति અહીં ઉત્પત્ત્યર્થક उद्+स्था ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - ગામમાંથી સો ઉત્પન્ન થાય છે. (મળે છે.) અહીં ચેતનના પ્રયત્ન સ્વરૂપ ચેષ્ટા સ્વરૂપ અર્થ ગમ્યમાન નથી - એ સ્પષ્ટ છે. ॥६२॥

## सं-वि-प्राऽवात् ३।३।६३॥

सम् वि प्र અને अव ઉપસર્ગથી પરમાં રહેલા स्था ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. सम्+स्था; वि+स्था; प्र+स्था અને अव + स्था ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય વગેરે કાર્ય થવાથી सन्तिष्ठते वितिष्ठते प्रतिष्ठते અને अवतिष्ठते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રહે છે. પ્રતિકૂળ રહે છે. પ્રયાણ કરે છે. રહે છે.॥६३॥

## ज्ञीप्सा - स्थेये ॥६४॥

ज्ञीप्सा અને स्थेय વિષયાર્થક स्था ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. બીજાને પ્રસન્ન કરવા પોતાનું સૌન્દર્ય વગેરે દર્શાવવું તેને ज्ञीप्सा કહેવાય

છે. વિવાદના સ્થળે નિર્ણીત અધ્યક્ષને સ્થેય (सभ्य) કહેવાય છે. तिष्ठते कन्या च्छात्रेभ्यः અને त्वयि तिष्ठते विवादः અહીં અનુક્રમે જ્ઞીપ્સા અને સ્થેય વિષયાર્થક स्था ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ ક્રમશઃ- વિદ્યાર્થીઓને ખૂશ કરવા કન્યા પોતાના સ્વરૂપનું પ્રદર્શન કરે છે. તારી અધ્યક્ષતામાં આ વિવાદ છે. ॥૬૪॥

## प्रतिज्ञायाम् ३।३।६५॥

અભ્યુપગમ (સિદ્ધાન્ત તરીકે અઙ્ગીકાર કરવું) અર્થના વાચક स्था ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. પ્રતિજ્ઞાર્થક स्था ધાતુ સ્વભાવથી જ आङ् ઉપસર્ગ પૂર્વક પ્રયોજાય છે. नित्यं शब्दमातिष्ठते અહીં आङ् + स्था ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય થયો છે. અહીં અને પૂર્વ સૂત્રમાં યથાસંભવ स्था ધાતુને 'श्रौति-कृवु० ૪-૨-૧૦૮' થી तिष्ठ આદેશ થયો છે - એ યાદ રાખવું. અર્થ - નિત્યરૂપે શબ્દને માને છે. ॥૬૫॥

## समो गिरः ३।३।६६॥

प्रतिज्ञा અભ્યુપગમ અર્થના વાચક सम् ઉપસર્ગથી પરમાં રહેલા गृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. स्याद्वादं सङ्गिरते અહીં सम् + गृ (૧૩૩૫) ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય; તેની પૂર્વે 'तुदादेः शः ૩-૪-૮૧' થી श (अ) વિકરણ પ્રત્યય. 'क्रृतां० ૪-૪-૧૧૬' થી क्रृ ને इर् આદેશ થાય છે. અર્થ- સ્યાદ્વાદની પ્રતિજ્ઞા કરે છે. અહીં સમજી લેવું જોઈએ કે પૂર્વ સૂત્રસ્થ प्रतिज्ञा પદની અનુવૃત્તિ આ સૂત્રમાં હોવા છતાં ત્યાં અને અહીં પ્રતિજ્ઞા પદાર્થ સમાન નથી. એ બંન્ને અર્થ ઉદાહરણના અર્થથી

પ્રતીત થાય છે, જે; પ્રતિજ્ઞા આ એક જ પદથી સંગૃહીત છે. વાદાવાદોભય સ્થાનીય પ્રતિજ્ઞા અહીં ગૃહીત છે..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.॥૬૬॥

## अवात् ३।३।६७॥

अव ઉપસર્ગથી પરમાં રહેલા गृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. अवगिरते અહીં अव + गृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. (જુઓ સૂ. નં. ૩-૩-૬૬) પૂર્વ સૂત્રથી આ સૂત્રનું પૃથગ્ નિર્માણ હોવાથી આ સૂત્રમાં પ્રતિજ્ઞા ની અનુવૃત્તિ નથી. અર્થ- ધીમે બોલે છે; અથવા ઉલટી કરે છે. ॥૬૭॥

## निह्नवे ज्ञः ३।३।६८॥

નિહ્નવ (અપલાપ) અર્થના વાચક ज्ञा ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. शतमपजानीते અહીં अप + ज्ञा ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે 'क्र्यादेः ३-४-७९' થી श्ना (ना) વિકરણ. 'जा-ज्ञा-जनो० ४-२-१०४' થી ज्ञा ને जा આદેશ. 'एषामी० ४-२-९७' થી श्ना ના आ ને ई આદેશ થયો છે. અર્થ - સો (રૂપિયા વગેરે) નો અપલાપ કરે છે. ॥૬૮॥

## सम्प्रतेरस्मृतौ ३।३।६९॥

સ્મૃતિ ભિન્ન અર્થના વાચક सम् અને प्रति ઉપસર્ગથી પરમાં રહેલા ज्ञा ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. शतं संजानीते અને शतं प्रतिजानीते અહીં સ્મૃતિ - ભિન્નાર્થક सम् + ज्ञा ધાતુને અને प्रति + ज्ञा ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય

ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. (જુઓ સૂ. નં. ३-३-६८) અર્થ ક્રમશઃ- સો (રૂપિયા વગેરે) ને જાણે છે. સોને સ્વીકારે છે. अस्मृताविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सम् અને प्रति ઉપસર્ગથી પરમાં રહેલા સ્મૃતિભિન્નાર્થક જ ज्ञा ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી मातुः संजानाति અહીં સ્મૃત્યર્થક सम् + ज्ञा ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અહીં मातृ નામને 'स्मृत्यर्थानां० २-२-११' થી કર્મ કારકત્વની અવિવક્ષામાં 'शेषे २-२-८१' થી षष्ठी વિભક્તિ થાય છે. અર્થ - માતાને યાદ કરે છે. ॥६९॥

## अननोः सनः ३।३।७०॥

अनु ઉપસર્ગથી પરમાં ન હોય તો सन् પ્રત્યયાન્ત ज्ञा ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. ज्ञातुमिच्छति આ અર્થમાં 'तुमर्हादि० ३-४-२१' થી ज्ञा ધાતુને सन् (स) પ્રત્યયાદિ કાર્યથી (ज्ञा+स, ज्ञाज्ञा+स; जज्ञा+स; जिज्ञा+स) નિષ્પન્ન जिज्ञास ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં વર્ત્તમાનાનો આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી धर्मं जिज्ञासते આવો પ્રયોગ થાય છે. અર્થ- ધર્મ જાણવાને ઈચ્છે છે. अननोरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अनु ઉપસર્ગથી પરમાં ન જ હોય તો सन् પ્રત્યયાન્ત ज्ञा ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી धर्ममनुजिज्ञासति અહીં अनु+जिज्ञास ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ- ધર્મની અનુજ્ઞાને ઈચ્છે છે. ॥७०॥

## श्रुवोऽनाङ् - प्रतेः ३।३।७१॥

आङ् (आ) અને प्रति ઉપસર્ગથી પરમાં ન હોય તો सन् પ્રત્યયાન્ત श्रु ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. श्रु ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન शुश्रूष ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી शुश्रूषते गुरून् આવો પ્રયોગ થાય છે. અર્થ- ગુરુની સેવા કરે છે. अनाङ्प्रतेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आङ् અને प्रति ઉપસર્ગથી પરમાં ન જ હોય તો सन् પ્રત્યયાન્ત श्रु ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી आशुश्रूषति અને प्रतिशुश्रूषति અહીં आ+शुश्रूष અને प्रति+शुश्रूष ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થક્રમશઃ - થોડું સાંભળવાની ઈચ્છા કરે છે. ફરીથી સાંભળવાની ઈચ્છા કરે છે. शुश्रूषते गुरून् અહીં શબ્દશક્તિસ્વભાવે જ 'સેવા કરે છે' - એવો અર્થ પ્રતીત થાય છે. ॥૭૧॥

## स्मृ-दृशः ३।३।७२॥

सन् પ્રત્યયાન્ત स्मृ અને दृश् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. स्मृ અને दृश् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય વગેરે કાર્યથી નિષ્પન્ન सुस्मूर्ष અને दिदृक्ष ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી सुस्मूर्षते અને दिदृक्षते આવો પ્રયોગ થાય છે. અહીં स्मृ+सन् આ અવસ્થામાં 'स्वर-हन० ४-१-१०४' થી ऋ ને દીર્ઘ ॠ આદેશ. 'ओष्ठ्यादुर् ४-४-११७' થી ॠ ને उर् આદેશ. ત્યારબાદ स्मुर् ને દ્વિત્વ વગેરે કાર્ય થવાથી सुस्मूर्षते પ્રયોગ થાય છે. - એ સમજી લેવું. અર્થક્રમશઃ- સ્મરણ કરવાની ઈચ્છા કરે છે. જોવાની ઈચ્છા કરે છે. ॥૭૨॥

## शको जिज्ञासायाम् ३।३।७३॥

ज्ञा ધાત્વર્થ (જ્ઞાન) સમ્બદ્ધ सन् પ્રત્યયાન્ત शक् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. આશય એ છે કે સામાન્યતઃ शक् ધાત્વર્થ કોઈ પણ અન્ય ધાત્વર્થથી અનુસંહિત જ સ્વાર્થનું અભિધાન કરે છે. દા. ત. गन्तुं शक्नोति पातुं शक्नोति વગેરે. આ રીતે ज्ञा ધાત્વર્થથી અનુસંહિતાર્થક તાદૃશ सन् પ્રત્યયાન્ત शक् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. विद्या ज्ञातुं शक्नुयामितीच्छति આ અર્થમાં शक् ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧' થી सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન शिक्ष ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી विद्याः शिक्षते આવો પ્રયોગ થાય છે. शक्+सन् (स) આ અવસ્થામાં 'रभ-लभशक० ૪-૧-૨૧' થી शक् ના अ ને इ આદેશ તથા દ્વિત્વનો નિષેધ થાય છે - એ યાદ રાખવું. અર્થ - વિદ્યા જાણવા સમર્થ થવાની ઈચ્છા કરે છે. जिज्ञासायामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ज्ञा ધાત્વર્થથી જ અનુસંહિતાર્થક सन् પ્રત્યયાન્ત शक् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી शिक्षति અહીં અન્ય (ज्ञा ભિન્ન) ધાત્વર્થાનુ-સંહિતાર્થક सन् પ્રત્યયાન્ત शिक्ष ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ૩-૩-૧૦૦' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - જવા વગેરે માટે સમર્થ થવા ઈચ્છે છે. ॥૭૩॥

## प्राग्वत् ३।३।७४॥

सन् પ્રત્યય કરતા પૂર્વે જે ધાતુને આત્મનેપદનું વિધાન કર્યું છે તે ધાતુને सन् પ્રત્યય પછી પણ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. इ વગેરે અનુબન્ધના કારણે, ઉપપદના કારણે અને અર્થ વિશેષના કારણે જે

ધાતુઓને આ પૂર્વે આત્મનેપદનું વિધાન કર્યું છે; તે ધાતુઓને सन् પ્રત્યય કર્યા બાદ પણ તેજ રીતે કર્ત્તામાં આત્મનેપદ થાય છે - એ તાત્પર્ય છે. शिशयिषते અહીં શી ધાતુને 'इङ्गितः कर्त्तरि ३-३-२२' થી આત્મનેપદનું વિધાન કર્યું હોવાથી 'तुमर्हादि० ३-४-२१' થી શી ધાતુને सन् પ્રત્યયાદિ કાર્ય કર્યા બાદ शिशयिष ધાતુને પણ આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ -ઉંઘવાની ઈચ્છા કરે છે. अश्वेन संचिचरिषते અહીં सम्+चर् ધાતુને 'समस्तृतीयया ३-३-३२' થી આત્મનેપદનું વિધાન કર્યું હોવાથી सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન सञ्चिचरिष ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય થયો છે. અર્થ - ઘોડાવડે ફરવાની ઈચ્છા કરે છે. ॥૭૪॥

## आमः कृगः ३।३।७५॥

परोक्षा ના સ્થાને વિહિત आम् આદેશની પરમાં अनुप्रयुक्त कृ ધાતુને आम् આદેશની પૂર્વે રહેલા ધાતુની જેમ જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. આ સૂત્રથી વિધિ અને નિષેધ બંન્નેનો અતિદેશ હોવાથી आम् આદેશની પૂર્વે રહેલા ધાતુને જો આત્મનેપદનું વિધાન ન હોય તો आम् આદેશની પરમાં અનુપ્રયુક્ત कृ ધાતુને; 'ई - गितः ३-३-९५' થી પ્રાપ્ત પણ આત્મનેપદ થતું નથી.

ઉદાહરણ વિધિનું :- ईह् ધાતુને પરોક્ષાનાં સ્થાને 'गुरुनाम्या० ३-४-४८' થી आम् આદેશ અને તેની પરમાં कृ ધાતુનો અનુપ્રયોગ. आम् ની પૂર્વેના ईह् ધાતુને 'इङ्गितः० ३-३-२२' થી કર્ત્તામાં આત્મનેપદ વિહિત હોવાથી आम् આદેશની પરમાં અનુપ્રયુક્ત कृ ધાતુનો આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો परोक्षा નો ए પ્રત્યય વગેરે કાર્ય થવાથી ईहाञ्चक्रे આવો પ્રયોગ થાય છે. 'वेत्तेः कित् ३-४-५१' થી आम् આદેશને કિદ્વદ્ભાવનું વિધાન હોવાથી आम् આદેશ परोक्षा ની જેમ

મનાતો ન હોવાથી आम् આદેશની પૂર્વે રહેલા ધાતુને દ્વિત્વાદિ કાર્ય થતું નથી - એ યાદ રાખવું. અર્થ - ચેષ્ટા કરી.

નિષેધનું ઉદાહરણ :- भी ધાતુને परोक्षा ના સ્થાને 'भी-ह्री-भृ० ૩-૪-૫૦' થી आम् આદેશ અને તેને (आम् ને) तिवृवद्भाव તથા कृ ધાતુનો અનુપ્રયોગ. आम् ની પૂર્વે રહેલા भी ધાતુને કર્ત્તામાં કોઈ પણ સૂત્રથી આત્મનેપદનું વિધાન ન હોવાથી आम् આદેશની પરમાં अनुप्रयुक्त कृ ધાતુને 'ई-गितः ૩-૩-૯૫' થી પ્રાપ્ત આત્મનેપદનો આ સૂત્રની સહાયથી નિષેધ થવાથી 'शेषात्परस्मै ૩-૩-૧૦૦' થી परोक्षा નો પરસ્મૈપદનો णव् (अ) પ્રત્યય વગેરે કાર્ય થવાથી बिभयाञ्चकार આવો પ્રયોગ થાય છે. અહીં भी ધાતુથી પરમાં વિહિત आम् આદેશ तिवृवद् હોવાથી भी ધાતુને 'हवः शिति ૪-૧-૧૨' થી દ્વિત્વ વગેરે કાર્ય થાય છે. અર્થ - ભય પામ્યો.

कृग इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परोक्षा ના સ્થાને વિહિત आम् આદેશની પૂર્વે રહેલા ધાતુની જેમ आम् આદેશની પરમાં રહેલા कृ ધાતુને જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે અથવા થતું નથી. અનુપ્રયુક્ત ધાતુ માત્રને એ વિધાન નથી. તેથી ईक्षामास અહીં ईक्ष् ધાતુને 'गुरुनाम्या० ૩-૪-૪૮' થી परोक्षा ના સ્થાને आम् આદેશ અને अस् ધાતુનો અનુપ્રયોગ. आम् આદેશની પૂર્વેના ईक्ष् ધાતુને 'इङितः० ૩-૩-૨૨' થી આત્મનેપદ વિહિત હોવા છતાં अस् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ परोक्षा નો પરસ્મૈપદનો णव् પ્રત્યય થયો છે. અર્થ - જોયું. ॥૭૫॥

**गन्धनाऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनोपयोगे ३।३।७६॥**

गन्धन अवक्षेप सेवा साहस प्रतियत्न प्रकथन અને उपयोग અર્થના વાચક कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. દ્રોહથી બીજાના દોષો પ્રગટ કરવાને गन्धन કહેવાય છે. કુત્સન-નિન્દાને अवक्षेप કહેવાય છે.

પોતાના આચરણથી બીજાને પ્રસન્ન કરવાને સેવા કહેવાય છે. વિચાર્યા વિનાની પ્રવૃત્તિને साहस કહેવાય છે. વિદ્યમાન ગુણની રક્ષા અથવા ગુણાન્તરના આધાનને प्रतियत्न કહેવાય છે. કથનના આરંભ અથવા પ્રકર્ષપૂર્વક કથનને प्रकथन કહેવાય છે; અને ધર્માદિમાં વાપરવાને विनियोग કહેવાય છે. આ गन्धनादि અર્થના વાચક અનુક્રમે उद्+कृ; अव+कृ; उप+कृ; प्र+कृ; उप+कृ; प्र+कृ અને प्र+ कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. વગેરે કાર્ય થાય છે. જેથી અનુક્રમે ગન્ધનાદિ અર્થમાં उत्कुरुते; दुर्वृत्तानवकुरुते; महामात्रानुपकुरुते; परदारान् प्रकुरुते; एधोदकस्योपस्कुरुते; (અહીં 'उपाद्०४-૪-૯૨' થી स्सट् (स्) નો આગમ થયો છે.) जनवादान् प्रकुरुते અને शतं प्रकुरुते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - દ્રોહથી બીજાના દોષો પ્રગટ કરે છે. દુષ્ટ આચરણવાળાની નિન્દા કરે છે. મહાવ્રતોની સેવા કરે છે. પરસ્ત્રીને ભોગવે છે. કાષ્ટ અને પાણીમાં ગુણ ઉત્પન્ન કરે છે. (જુઓ સૂ.નં. ૨-૨-૧૨) લોકના સમાચારનું પ્રકથન કરે છે. ધર્માદિમાં સો વાપરે છે. ॥૭૬॥

### अधेः प्रसहने ३।३।७७॥

अधि ઉપસર્ગથી પરમાં રહેલા प्रसहनार्थक कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. બીજા દ્વારા પરાજય ન પામવો અથવા બીજાનો પરાભવ કરવો - તેને प्रसहन કહેવાય છે. तं हाऽधिचक्रे અહીં પ્રસહનાર્થક अधि+कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો પરોક્ષા સમ્બન્ધી ए પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - હાય! તેને જિતી લીધો. प्रसहन इति किम् ? = આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ अधि ઉપસર્ગથી પરમાં રહેલા પ્રસહનાર્થક જ कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી तमधिकरोति અહીં અપ્રસહનાર્થક अधि + कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી

પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - તેને સ્વાધીન કરે છે. ॥૭૭॥

**दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणे वदः ३।३।७८॥**

दीप्ति ज्ञान यत्न विमति उपसंभाषा અને उपमन्त्रण અર્થના વાચક वद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. दीप्ति - શોભવું તે. वदते विद्वान् स्याद्वादे; ज्ञान - અવબોધ. वदते धीमांस्तत्त्वार्थे; यत्न - પ્રયત્ન. तपसि वदते; विमति - ભિન્ન ભિન્નવિચાર. धर्म्मे विवदन्ते; उपसम्भाषा - સાન્ત્વન આપવું. कर्म्मकरानुपवदते; અને उपमन्त्रण - એકાન્તમાં વાણી દ્વારા પોતાની તરફ આકૃષ્ટ કરવું. (વશ કરવું) कुलभार्यामुपवदते; અહીં અનુક્રમે ઉપર જણાવ્યા મુજબ दीप्ति... વગેરે અર્થના વાચક वद् ધાતુને वि+वद् ધાતુને અને उप+वद् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં વર્ત્તમાનાનો ते અને अन्ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અહીં दीप्ति વગેરેનો અર્થ ખૂબજ સ્થૂલ વર્ણવ્યો છે. એના પરમાર્થને જાણવાં બૃહદ્વૃત્તિનું અધ્યયન કરવું જોઈએ. નીચે ઉદાહરણોનો અર્થ જણાવતાં સામાન્યતઃ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. અધ્યાપક દ્વારા એ સમજી લેવું જરૂરી છે. અર્થ ક્રમશઃ - સાચું જ્ઞાન હોવાથી અને આકૂલતા વિના કથન કરતો હોવાથી વિકસિતમુખવાલો વિદ્વાન સ્યાદ્વાદનું નિરૂપણ કરે છે તેથી તે દીપે છે. બુદ્ધિમાન્ તત્ત્વાર્થસમ્બન્ધી જાણીને બોલે છે. બોલવા દ્વારા તપના વિષયમાં ઉત્સાહ પ્રગટ કરે છે, અથવા તપનો ઉત્સાહ પ્રગટ કરે છે. ધર્મના વિષયમાં પોતપોતાના વિચારો પ્રગટ કરે છે. ચાકરોને સાન્ત્વન આપે છે. એકાન્તમાં કુલસ્ત્રીને લોભાવે છે. ॥૭૮॥

## व्यक्तवाचां सहोक्तौ ३।३।७९॥

વ્યક્ત અક્ષરવાળી વાણીવાળા મનુષ્ય વગેરેને જ રૂઢિથી વ્યક્તવાક્ કહેવાય છે. વ્યક્તવાગ્ મનુષ્યવગેરેનું ભેગા મળી બોલવું - આ અર્થના વાચક वद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. सम्प्रवदन्ते ग्राम्याः અહીં सम्+प्र+वद् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય થયો છે. અર્થ- ગામડીયાઓ સાથે બોલે છે. व्यक्तवाचामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યક્તવાચી મનુષ્યાદિના જ સહોક્ત્યર્થક वद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી सम्प्रवदन्ति शुकाः અહીં શુક - પોપટોની સહોક્તિના અર્થના વાચક वद् ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ૩-૩-૧૦૦' ની સહાયથી પરસ્મૈપદનો अन्ति પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- પોપટો કોલાહલ કરે છે. सहोक्ताविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યક્તવાચી મનુષ્યાદિના સહોક્ત્યર્થક જ (ઉક્તિમાત્રાર્થક નહિ) वद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી चैत्रणोक्ते मैत्रो वदति અહીં તાદૃશ મનુષ્યની સહોક્તિ અર્થ ન હોવાથી वद् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ થતું નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ वद् ધાતુને પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય થયો છે. અર્થ - ચૈત્રના બોલ્યા પછી મૈત્ર બોલે છે. (બંન્ને સાથે બોલતા નથી.) ॥૭૯॥

## विवादे वा ३।३।८०॥

વિરુદ્ધ અર્થના પ્રતિપાદનને विवाद કહેવાય છે. વ્યક્તવાચી મનુષ્યાદિના વિવાદ સ્વરૂપ સહોક્ત્યર્થક वद् ધાતુને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. विप्रवदन्ते मौहूर्त्ताः અહીં वि+प्र+वद् ધાતુને આ સૂત્રથી કર્ત્તામાં વર્ત્તમાનાનો આત્મનેપદનો अन्ते પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષમાં આ

સૂત્રની સહાયથી આત્મનેપદ ન થાય ત્યારે 'शेषात्० ૩-૩-૧૦૦' ની સહાયથી પરસ્મૈપદનો अन्ति પ્રત્યય થવાથી विप्रवदन्ति मौहूर्त्ताः આવો પ્રયોગ થાય છે. અર્થ- પરસ્પર એકબીજાનો પ્રતિષેધ કરી જ્યોતિષીઓ એકીસાથે વિવાદ કરે છે. विवाद इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યક્તવાચી મનુષ્યાદિની સહોક્તિ સ્વરૂપ વિવાદાર્થક જ वद् ધાતુને કર્ત્તામાં વિકલ્પથી આત્મનેપદ થાય છે. તેથી सम्प्रवदन्ते वैयाकरणाः અહીં વ્યક્તવાચી મનુષ્યોની સહોક્તિ સ્વરૂપ અર્થ વિવાદ રૂપ ન હોવાથી सम्+प्र+वद् ધાતુને આ સૂત્રની સહાયથી વૈકલ્પિક આત્મનેપદ ન થવાથી 'व्यक्तवाचां सहोक्तौ ૩-૩-૭૯' થી નિત્ય જ આત્મનેપદનો अन्ते પ્રત્યય થાય છે. અર્થ - વૈયાકરણો સાથે બોલે છે. सहोक्ताविल्येव = આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ વ્યક્તવાચી મનુષ્યાદિની સહોક્તિ સ્વરૂપ જ વિવાદાર્થક वद् ધાતુને વિકલ્પથી આત્મનેપદ થાય છે. તેથી मौहूर्त्तो मौहूर्त्तेन क्रमाद् विप्रवदति અહીં તાદૃશ સહોક્તિ સ્વરૂપ અર્થ ન હોવાથી આ સૂત્રની સહાયથી वि+प्र+वद् ધાતુને વિકલ્પે આત્મનેપદ ન થવાથી 'शेषात् परस्मै ૩-૩-૧૦૦' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થાય છે. અર્થ - જ્યોતિષી, જ્યોતિષી સાથે ક્રમે વિવાદ કરે છે. ॥૮૦॥

## अनोः कर्मण्यसति ૩।૩।૮૧॥

વ્યક્તવાચી મનુષ્યાદિના ઉચ્ચારણાર્થક अनु+वद् ધાતુને; કર્મ ન હોય તો કર્ત્તામાં આત્મનેપદ થાય છે. अनुवदते चैत्रो मैत्रस्य અહીં તાદૃશ અકર્મક अनु+वद् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય થયો છે. અર્થ- મૈત્રના જેવું અથવા મૈત્રની પછી ચૈત્ર બોલે છે. कर्मण्यसतीति किम् ? = આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ વ્યક્તવાચી મનુષ્યાદિના ઉચ્ચારણાર્થક अनु ઉપસર્ગથી પરમાં રહેલા अकर्मक જ वद् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ

થાય છે. તેથી उक्तमनुवदति અહીં તાદૃશ સકર્મક अनु+वद् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ- કહેલાનો અનુવાદ કરે છે. व्यक्तवाचामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યક્તવાચી - મનુષ્યાદિના જ ઉચ્ચારણાર્થક अनु ઉપસર્ગથી પરમાં રહેલા वद् ધાતુને कर्म ન હોય તો કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી अनुवदति वीणा અહીં અવ્યક્તવાચી વીણાના શબ્દાર્થક अनु+वद् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - બીજા વાદ્યની જેમ અથવા બીજા વાદ્ય પછી વીણા વાગે છે. (શબ્દ કરે છે.)॥૮૧॥

## ज्ञः ३।३।८२॥

કર્મ ન હોય તો કર્ત્તામાં ज्ञा ધાતુને આત્મનેપદ થાય છે. सर्पिषो जानीते અહીં આ સૂત્રની સહાયથી ज्ञा ધાતુને વર્ત્તમાનાનો આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અહીં सर्पिष् નામને 'अज्ञाने०२-२-८०' થી ષષ્ઠી વિભક્તિ થઈ છે. અર્થ - ઘીની સહાયથી ખાય છે. कर्मण्यसतीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકર્મક જ ज्ञा ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી तैलं सर्पिषो जानाति અહીં સકર્મક ज्ञा ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - તેલને ઘીરૂપે જાણે છે. ॥૮૨॥

## उपात्स्थः ३।३।८३॥

કર્મ ન હોય તો उप ઉપસર્ગથી પરમાં રહેલા- स्था ધાતુને કર્ત્તામાં

આત્મનેપદ થાય છે. योगे योग उपतिष्ठते અહીં उप+स्था ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - એક યોગમાં બીજો યોગ ઉપસ્થિત થાય છે. कर्मण्यसतीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકર્મક જ उप+स्था ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી राजानमुपतिष्ठति અહીં સકર્મક उप+स्था ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- રાજાની પાસે જાય છે. ('श्रौति कृवु० ૪-૨-૧૦૮' થી स्था ધાતુને तिष्ठ આદેશ થયો છે. ) ॥૮૩॥

## समो गमृच्छि-प्रच्छि-श्रु-वित्-स्वरत्यर्त्ति-दृशः ३।३।८४॥

કર્મ ન હોય તો सम् ઉપસર્ગથી પરમાં રહેલા गम् ऋच्छ्; प्रच्छ्; श्रु; विद् (૧૦૯૯); स्वृ; ऋ (૨૬ અને ૧૧૩૫ બંન્ને); અને दृश् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. सम्+गम्; सम्+ऋच्छ्; सम्+प्रच्छ्; सम् +श्रु; सम्+विद्; सम्+स्वृ; सम्+ऋ(૨૬); सम्+ऋ(૧૧૩૫) અને सम्+दृश् ધાતુને આ સૂત્રની સહાયથી અનુક્રમે આત્મનેપદનો ते स्यते ते ते ते ते ते ते અને ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે सङ्गच्छते (જુઓ સૂ. નં. ૪-૨-૧૦૬); समृच्छिष्यते; संपृच्छते (જુઓ સૂ નં. ૪-૧-૮૪); संशृणुते (જુઓ સૂત્ર. નં. ૪-૨-૧૦૮); संवित्ते; संस्वरते; समृच्छते (જુઓ સૂ.નં. ૪-૨-૧૦૮); समियृते (જુઓ સૂ.નં. ૪-૧-૫૮ માં इयर्त्ति) અને सम्पश्यते (જુઓ સૂ.નં. ૪-૨-૧૦૮) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મળે છે. મળશે. આજ્ઞા માંગે છે. સાંભળે છે. જાણે છે. અવાજ કરે છે. મળે છે. મળે છે. જુએ છે. कर्मण्यसतीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકર્મક જ सम् ઉપસર્ગથી પરમાં રહેલા गम् ऋच्छ् .... વગેરે (કુલ ૯) ધાતુઓને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી सङ्गच्छति मैत्रम् અહીં સકર્મક सम्+गम् ધાતુને આ

સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ - તે મૈત્રને મળે છે. ॥૮૪॥

## वेः कृगः शब्दे चाऽनाशे ३।३।८५॥

નાશને છોડીને અન્યાર્થક वि ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુને; કર્મ ન હોય ત્યારે અથવા શબ્દ કર્મ હોય ત્યારે કર્ત્તામાં આત્મનેપદ થાય છે. विकुर्वते सैन्धवाः અને क्रोष्टा विकुरुते स्वरान् અહીં અનુક્રમે અકર્મક અને શબ્દકર્મક અનાશાર્થક (નાશભિન્નાર્થક) वि+कृ ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો અનુક્રમે अन्ते અને ते પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ- સિન્ધુદેશમાં ઉત્પન્ન ઘોડાઓ સુંદર ચાલે છે. શિયાળ અવાજ કરે છે. शब्दे चेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નાશભિન્નાર્થક वि+कृ ધાતુને કર્મ ન હોય અથવા તો શબ્દ કર્મ હોય તો જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી विकरोति मृदम् અહીં वि+कृ ધાતુ અકર્મક અથવા શબ્દકર્મક ન હોવાથી આ સૂત્રની સહાયથી તેને કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ- માટીને વિકૃત કરે છે. अनाश इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકર્મક અથવા શબ્દકર્મક वि ઉપસર્ગથી પરમાં રહેલા નાશભિન્નાર્થક જ कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી विकरोत्यध्यायम् અહીં નાશાર્થક તાદૃશ वि+कृ ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. અર્થ- અધ્યાયનો નાશ કરે છે.॥૮૫॥

## आङो यम-हनः स्वेऽङ्गे च ३।३।८६॥

आङ् (आ) ઉપસર્ગથી પરમાં રહેલા यम् અને हन् ધાતુને; જો કર્મ ન હોય અથવા પોતાનું (કર્ત્તાનું) અઙ્ગ કર્મ હોય તો; કર્ત્તામાં આત્મનેપદ થાય છે. आयच्छते અને आहते અહીં અકર્મક आ+यम् અને आ+हन् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો તે પ્રત્યય થયો છે. તેમ જ आयच्छते आहते वा पादम् અહીં કર્ત્તાનું પોતાનું અંગ પગ કર્મ હોવાથી आ+यम् અને आ+हन् ધાતુને કર્ત્તામાં આત્મનેપદનો તે પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ - લાંબુ કરે છે. મારે છે. પોતાનો પગ લાંબો કરે છે. પોતાના પગને મારે છે. स्वेङ्गे चेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકર્મક જ અથવા સ્વાઙ્ગકર્મક જ आङ् ઉપસર્ગથી પરમાં રહેલા यम् અને हन् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી आयच्छति रज्जुम् અહીં आङ्+यम् ધાતુ અકર્મક અથવા સ્વાઙ્ગકર્મક ન હોવાથી તેને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - દોરી લાંબી કરે છે. 'यमि- रमि० ४-२-५५' થી हन् ના न् નો લોપ થયો છે. 'गमिषद्यमश्छः ४-२-१०६' થી यम् ધાતુના म् ને छ् આદેશ થાય છે. ॥८६॥

## व्युदस्तपः ३।३।८७॥

वि અને उद् ઉપસર્ગથી પરમાં રહેલા तप् ધાતુને; કર્મ ન હોય અથવા કર્ત્તાનું અઙ્ગ કર્મ હોય તો કર્ત્તામાં આત્મનેપદ થાય છે. वितपते उत्तपते वा रविः અહીં અકર્મક वि+तप् અને उत्+तप् ધાતુને આ સૂત્રથી કર્ત્તામાં આત્મનેપદનો તે પ્રત્યય થયો છે. અર્થ- સૂર્ય તપે છે. वितपते उत्तपते पाणिम् અહીં સ્વાઙ્ગકર્મક वि+तप् ધાતુને અને उत् +तप् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો તે

પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- પોતાનો હાથ ગરમ કરે છે. ॥૮૭॥

## अणिक्कर्मणिक्कर्तृकाण्णिगोऽस्मृतौ ३।३।८८॥

अणिगवस्था નું કર્મ णिगवस्था માં જો કર્ત્તા હોય તો સ્મૃતિભિન્નાર્થક તે णिग् પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. आरोहन्ति हस्तिपका हस्तिनम् (અણિગ્ અવસ્થા) तान् हस्तिपकान् प्रेरयति हस्ती આ અર્થમાં आ+रुह् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् (इ) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન आ+रोहि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી आरोहयते हस्ती हस्तिपकान् આવો પ્રયોગ થાય છે. અહીં णिगवस्था માં अणिगवस्था નું કર્મ હસ્તી કર્ત્તા છે અને णिग् પ્રત્યયાન્ત आ+रोहि ધાતુ સ્મૃતિભિન્નાર્થક છે - એ સ્પષ્ટ છે. અર્થ - હાથી પોતાના માલિકોને પોતાની ઉપર ચઢાવે છે.

अणिगिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिगवस्था નું જ (णिगाणिगवस्थामात्र નું નહીં) કર્મ णिगवस्था માં જો કર્ત્તા હોય તો સ્મૃતિભિન્નાર્થક તે णिग् - પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી हस्तिपका आरोहन्ति (અણિગવસ્થા); तान् प्रेरयति महामात्रः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ आ+रुह् ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્ય થવાથી आरोहयति हस्तिपकान् महामात्रः આવી પ્રથમ णिगवस्था નો પ્રયોગ થાય છે. ત્યારબાદ स्वान् (हस्तिपकान्) आरोहयन्तं महामात्रं प्रेरयन्ति हस्तिपकाः આ અર્થમાં णिग् પ્રત્યયાન્ત आ + रोहि ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ કાર્ય થવાથી आरोहयन्ति महामात्रेण हस्तिपकाः આ પ્રમાણે દ્વિતીય णिगवस्था માં પ્રયોગ થાય છે. અહીં પ્રથમ અને દ્વિતીય णिगवस्था માં णिग् પ્રત્યયાન્ત आ+रोहि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्परस्मै ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો અનુક્રમે तिव् અને अन्ति પ્રત્યય થાય છે.

પ્રથમ णिगवस्था નો કર્ત્તા-મહામાત્ર એ अणिगवस्था નું કર્મ નથી. તેમજ દ્વિતીય णिगवस्था ના કર્ત્તા હસ્તિપક णिगवस्था ના કર્મ છે. अणिगवस्था ના કર્મ નથી - એ સમજી શકાય છે. અહીં દ્વિતીય णिगवस्था માં आरोहयन्ति महामात्रं हस्तिपकाः - આવો પ્રયોગ થઈ શકશે નહીં - એ 'गति - बोधा० २-२-५' ના અર્થાનુસન્ધાનથી સમજી લેવું. દ્વિતીય णिगवस्था માં 'णेरनिटि ४-३-८३' થી પ્રથમ णिग् પ્રત્યયનો લોપ થયો છે. અર્થ- માલિકો (હાથી ઉપર) ચઢે છે. મહાવત માલિકોને (હાથી ઉપર) ચઢાવે છે. (હાથી ઉપર) ચઢાવતા મહાવતને માલિકો (હાથી ઉપર) ચઢાવવાની પ્રેરણા કરે છે.

गित् किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिग् જ (अणि સામાન્ય નહીં) અવસ્થાનું કર્મ णिगवस्था માં કર્ત્તા હોય તો તે અસ્મૃત્યર્થક णिग् પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી गोपालको गणं गणयति (આ અણિગવસ્થા છે પરન્તુ गण ધાતુને 'चुरादि० ३-४-१७' થી णिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી गणि ધાતુ अणि અવસ્થાપન્ન નથી.) तं (गोपालकं) प्रेरयति गणः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गणि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી गणयते गणो गोपालकम् આવો પ્રયોગ થાય છે. અન્યથા સૂત્રમાં अणिग् ના સ્થાને अणि આવો પાઠ હોત તો અહીં ण्यन्तावस्था નું કર્મ गण णिगवस्था માં કર્ત્તા હોવાથી તે णिग् પ્રત્યયાન્ત गणि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદ થઈ શકત નહીં. અર્થ - ગણ ગોપાલને (ગોપાલ દ્વારા) ગણાવે છે.

कर्मेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिगवस्था નું કર્મ જ (કારક સામાન્ય નહીં) णिगवस्था માં કર્ત્તા હોય તો તે અસ્મૃત્યર્થક णिग् પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી प्रदीपेन भृत्याः पश्यन्ति (અણિગવસ્થા); तान् प्रेरयति प्रदीपः આ અર્થમાં दृश् ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ કાર્યથી

નિષ્પન્ન દૃશિ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી दर्शयति प्रदीपो भृत्यान् આવો પ્રયોગ થાય છે. અહીં अणिगवस्था નું કરણ (કર્મ નહીં) પ્રદીપ णिगवस्था માં કર્ત્તા છે - એ સમજી શકાય છે. અર્થ - પ્રદીપ નોકરોને બતાવે છે.

णिगिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिगवस्था નું કર્મ णिगवस्था માં જ કર્ત્તા હોય તો તે અસ્મૃત્યર્થક णिग् પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. अणिगवस्था નું કર્મ છે કર્ત્તા જેનો એવા णिग् પ્રત્યયાન્ત અસ્મૃત્યર્થક ધાતુને આ સૂત્રથી કર્ત્તામાં આત્મનેપદનું વિધાન નથી. તેથી चैत्रः केदारं लुनाति (अणिगवस्था); लूयते केदारः स्वयमेव અહીં સકર્મક પણ लू ધાત્વર્થ વ્યાપાર (चैत्रवृत्ति व्यापार) ની અવિવક્ષા હોવાથી 'एकधातौ० ३-४-८६' થી કર્મ કર્ત્તામાં क्य પ્રત્યયાદિ કાર્ય થવાથી लूयते केदारः स्वयमेव - આવો અણિગવસ્થાનો પ્રયોગ થયો છે. અહીં लू ધાતુ અકર્મક છે - એ સ્પષ્ટ છે. स्वयमेव लूयमानं केदारं प्रेरयति चैत्रः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન लावि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી लावयति केदारं चैत्रः આવો પ્રયોગ થાય છે. અહીં પ્રથમ अणिगवस्था નું કર્મ केदार દ્વિતીય अणिगवस्था માં लू ધાતુનો કર્ત્તા હતો તેથી अणिग् અવસ્થાનું કર્મ છે કર્ત્તા જેનો એવો णिग् પ્રત્યયાન્ત लावि ધાતુ હોવા છતાં; ઉપર જણાવ્યા મુજબ પ્રથમ અણિગવસ્થાનું કર્મ णिगवस्था માં કર્ત્તા ન હોવાથી તે णिग् પ્રત્યયાન્ત અસ્મૃત્યર્થક लावि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ થતું નથી. અર્થ - ચૈત્ર ખેતર કાપે છે. ખેતર કપાય છે. સ્વયં કપાતા ખેતરને ચૈત્ર કાપે છે. અહીં પ્રથમ અને તૃતીય (णिग्) અવસ્થા સમાનાર્થક છે.

कर्त्तेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिगवस्था નું

કર્મ णिगवस्था માં કર્ત્તા જ (કારક સામાન્ય નહીં) હોય તો તે णिग् પ્રત્યયાન્ત અસ્મૃત્યર્થક ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી आरोहन्ति हस्तिनं हस्तिपकाः (અણિગવસ્થા); तान् एनमारोहयति महामात्रः અહીં आ+रोहि ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અહીં અણિગવસ્થાનું કર્મ ણિગવસ્થામાં પણ કર્મ જ છે - કર્ત્તા નથી. તેથી એ णिग् પ્રત્યયાન્ત आ+रोहि ધાતુને આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદ થતું નથી - એ સમજી શકાય છે. અર્થ - માલીકો હાથી ઉપર ચઢે છે. મહાવત માલિકોને હાથી ઉપર ચઢાવે છે.

णिगिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिगवस्था નું કર્મ णिगवस्था માં કર્ત્તા હોય તો णिग् પ્રત્યયાન્ત જ તે અસ્મૃત્યર્થક ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી आरोहन्ति हस्तिनं हस्तिपकाः (अणिगवस्था); तानारोहयते हस्ती અહીં આ સૂત્રની સહાયથી જેવી રીતે णिगवस्था માં કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદ થાય છે. તેમ अणिगवस्था માં आ+रुह् ધાતુને, આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ થતું નથી. જેથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો अन्ति પ્રત્યય થાય છે. અર્થ સ્પષ્ટ છે.

अस्मृताविति किम् ? = આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ अणिगवस्था નું કર્મ णिगवस्था માં કર્ત્તા હોય તો તે णिग् પ્રત્યયાન્ત अस्मृत्यर्थक જ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી स्मरति वनगुल्मं कोकिलः (अणिगवस्था); तं प्रेरयति वनगुल्मः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન णिग् પ્રત્યયાન્ત પણ स्मृत्यर्थक स्मारि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ થતું નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી स्मरयति वनगुल्मः कोकिलम् આવો પ્રયોગ થાય છે. અર્થ- લતાગૃહ કોયલને યાદ કરાવે છે. 'घटादेर्ह्रस्वो० ४-२-२४' થી स्मारि ધાતુના આ

ने ऱ्हस्व अ આદેશ થાય છે.

અહીં જિજ્ઞાસુઓએ યાદ રાખવું જોઈએ કે - આ (૩-૩-૮૮) સૂત્રમાં आरोहते हस्ती हस्तिपकान् - આ પ્રમાણે ઉદાહરણ છે. એમાં आरोहन्ति हस्तिनं हस्तिपकाः આ પ્રથમ અવસ્થા છે. આ પ્રથમ અવસ્થામાં आ+रुह् ધાતુ 'हस्तिवृत्ति (न्यग्भवन) शरीरसंकोचात्मकफलस्वरूपक्रियानुकूल-हस्तिपकवृत्तिव्यापारात्मकक्रिया' નો વાચક છે. आरोहतो हस्तिपकान् प्रेरयति हस्ती આ અર્થમાં વિહિત णिग्प्रत्ययान्त आ+रुहि ધાતુ; 'हस्तिवृत्तिशरीरसंकोचस्वरूपफलात्मकक्रियानुकूलहस्तिपकवृत्तिव्यापारात्मक-क्रियानुकूलहस्तिवृत्तिव्यापार' નો વાચક છે. आरोहयते हस्ती हस्तिपकान् આ પ્રમાણેની અવસ્થામાં આ સૂત્રથી આત્મનેપદ થયું છે. ઉપર જણાવેલી પ્રથમ અવસ્થામાં हस्तिवृत्तिशरीरसङ्कोचात्मकफलस्वरूपक्रिया અને तदनुकूलहस्तिपकवृत्तिव्यापार નું અભિધાન હોવા છતાં हस्तिवृत्ति-शरीरसङ्कोचानुकूल-व्यापार નું અભિધાન શબ્દશક્તિના સ્વભાવથી જ आ+रुह् ધાતુથી થતું નથી. પ્રથમ અવસ્થાના તાદૃશ હસ્તિપકવૃત્તિ વ્યાપારની અવિવક્ષા કરીને आ+रुह् ધાતુને, 'एकधा० ૩-૪-૮૬' થી क्य અને આત્મનેપદ થવાથી દ્વિતીય અવસ્થામાં आरुह्यते हस्ती स्वयमेव આવો પ્રયોગ થાય છે. અહીં ધાતુ णिग् પ્રત્યયાન્ત નથી તેથી આ સૂત્રથી આ અવસ્થામાં આત્મનેપદ થતું નથી - એ સમજી શકાય છે. આ દ્વિતીય અવસ્થા પછી તૃતીયાવસ્થાનો પ્રયોગ થતો નથી; પરન્તુ તૃતીયાવસ્થાગર્ભિત ચતુર્થ જ અવસ્થાનો પ્રયોગ થાય છે. તૃતીય અવસ્થાનો પ્રયોગ થતો ન હોવાથી એનું પ્રદર્શન કર્યા વિના જ સીધો आरोहयन्ति हस्तिनं हस्तिपकाः - આ પ્રમાણે તૃતીયાવસ્થાગર્ભિત ચતુર્થાવસ્થાનો જ પ્રયોગ દર્શાવાય છે. અહીં आरुह्यमाणं प्रयुञ्जते આ અર્થમાં જે आ+रुह् ધાતુને णिग् પ્રત્યયનું વિધાન છે - તે आ+रुह् ધાતુ हस्तिवृत्तिशरीरसङ्कोच અને तदनुकूल हस्तिवृत्तिव्यापार નો વાચક છે. આ રીતે તાદૃશ શરીર સઙ્કોચાત્મક ફલસ્વરૂપ ક્રિયાનાં અધિકરણમાં (હસ્તિમાં)वृत्ति (फलसमानाधिकरण) એવા તાદૃશ વ્યાપારનું અભિધાન પ્રથમ અને દ્વિતીય અવસ્થામાં નથી. કારણકે ઉપર જણાવ્યા મુજબ

ફલાત્મક ક્રિયાના અધિકરણથી ભિન્નાધિકરણ વૃત્તિ (फलव्यधिकरण) વ્યાપારનું પ્રતિપાદન પ્રથમ અવસ્થામાં છે; અને દ્વિતીય અવસ્થામાં તો कर्तृ (हस्तिपक) वृत्ति વ્યાપારની અવિવક્ષા હોવાથી ફલાત્મક ક્રિયાનું જ પ્રતિપાદન आ+रुह् ધાતુ કરે છે. આથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે आरोहयन्ति हस्तिनं हस्तिपकाः - આ તૃતીયાવસ્થા ગર્ભિત ચતુર્થાવસ્થામાં णिग् પ્રત્યયની પૂર્વેનો आ+रुह् ધાતુ પ્રથમ અને દ્વિતીય અવસ્થાન્તઃપાતી અર્થથી અતિરિક્ત અર્થનું પ્રતિપાદન કરતો હોવાથી તૃતીયાવસ્થાપન્ન છે. જેનો સ્વતન્ત્રપણે પ્રયોગ નથી પરન્તુ ચતુર્થાવસ્થાન્તર્ગત જ એનો પ્રયોગ થાય છે. ચતુર્થાવસ્થામાં આ સૂત્રથી आ+रुहि ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થતું નથી. કારણકે અહીં અણિગવસ્થાનું કર્મ હસ્તિ ણિગવસ્થામાં કર્ત્તા નથી. તેમ જ અહીં ચતુર્થાવસ્થામાં ધાતુ સકર્મક હોવાથી 'एकधातौ० ३-४-८६' થી પણ આત્મનેપદ થતું નથી. ચતુર્થાવસ્થાના હસ્તી અને હસ્તિપકવૃત્તિ વ્યાપારની અવિવક્ષામાં आरोहयते हस्ती स्वयमेव આ પ્રમાણે પઞ્ચમાવસ્થા છે. આ અવસ્થામાં 'एकधातौ० ३-४-८६' થી આત્મનેપદ થાય છે. પરન્તુ એ સૂત્રથી પ્રાપ્ત પણ क्य પ્રત્યયનો 'भूषार्थ० ३-४-९३' થી નિષેધ થાય છે. કારણકે આ અવસ્થામાં ધાતુ णिगन्त છે... ઈત્યાદિ બૃહદ્વૃત્તિમાં પરિશીલનીય છે. ॥૮૮॥

**प्रलम्भे गृधि - वञ्चेः ३।३।८९॥**

પ્રલમ્ભ (ઠગવું) અર્થના વાચક णिग्-प्रत्ययान्त गृध् અને वञ्च् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. સામાન્યથી णिग् प्रत्ययान्त ધાતુમાત્રને 'ई-गितः ३-३-९५' થી ફલવત્ કર્ત્તામાં આત્મનેપદનું વિધાન છે જ. તેથી णिग् प्रत्ययान्त તે તે ધાતુને આ સૂત્રથી અથવા વક્ષ્યમાણ સૂત્રથી આત્મનેપદનું વિધાન અફલવત્ કર્ત્તામાં છે - એ યાદ રાખવું. बटुं गर्धयते वञ्चयते वा અહીં પ્રલમ્ભાર્થક णिग् प्रत्ययान्त गृधि અને वञ्चि ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય

વગેરે કાર્ય થયું છે. અર્થ (બંન્નેનો)- નાના છોકરાને ઠગે છે.

प्रलम्भ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રલમ્ભાર્થક જ णिग्- પ્રત્યયાન્ત गृध् અને वञ्च् ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી श्वानं गर्द्धयति અહીં પ્રલોભનાર્થક णिग् પ્રત્યયાન્ત गृधि ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-૧૦૦' થી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- કુતરાને વશ કરે છે. ॥૮૯॥

## लीङ्-लीनोऽर्चाऽभिभवे चाऽऽच्चाऽकर्त्तर्यपि ३।३।९०॥

अर्चा (પૂજા); अभिभव અને प्रलम्भ અર્થના વાચક णिग् પ્રત્યયાન્ત ली (૧૨૪૮) અને ली (૧૫૨૬) ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. કર્ત્તામાં અથવા કર્ત્તૃભિન્ન કર્માદિ કારકમાં કોઈ પણ પ્રત્યય થયો હોય ત્યારે ली અને ली ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. अर्चाः- जटाभिरालापयते અહીં અર્ચાર્થક आङ् ઉપસર્ગપૂર્વક ली (૧૨૪૮ અથવા ૧૫૨૬) ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् (इ) પ્રત્યય. આ સૂત્રથી ई ને आ આદેશ. 'अर्त्ति-री० ४-२-२१' થી ધાતુના અન્તે पु (प्) નો આગમ... વગેરે કાર્યથી નિષ્પન્ન आलापि ધાતુને કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ- જટાઓ દ્વારા બીજાથી પૂજાવે છે. अभिभवः - श्येनो वर्त्तिकामपलापयते અહીં ઉપર જણાવ્યા મુજબ અભિભવાર્થક अप+ली ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अप+लापि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ- શ્યેનપક્ષી ચકલાને પરાજિત કરે છે. प्रलम्भः- कस्त्वामुल्लापयते ? અહીં ઉપર જણાવ્યા મુજબ उद् + ली ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન उल्लापि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય થયો છે. અર્થ- તને કોણ ઠગે છે ?

अकर्त्तर्यपीति किम् ? = આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ કર્તૃભિન્ન કર્માદિ કારકમાં પ્રત્યય થયો હોય તો પણ અર્ચાદ્યર્થક તાદૃશ णिग् પ્રત્યયાન્ત ली અને ली ધાતુના અન્ત્યવર્ણને आ આદેશ થાય છે. તેથી जटाभिरालाप्यते जटिलेन અહીં કર્મણિ પ્રયોગમાં (કર્મમાં પ્રત્યય હોવા છતાં) णिग् પ્રત્યયાન્ત आ+ली ધાતુના અન્ત્ય ई ને આ સૂત્રથી आ આદેશ થાય છે. અર્થ - જટાધારી જટાઓ દ્વારા પોતાને પૂજાવે છે.॥૯૦॥

## स्मिङः प्रयोक्तुः स्वार्थे ३।३।९१॥

પ્રયોજક (પ્રેરક) કર્ત્તાથી ઉત્પન્ન સ્મય સ્વરૂપ સ્વાર્થના વાચક णिग् પ્રત્યયાન્ત स्मि ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે; અને કર્ત્તામાં અથવા કર્તૃભિન્ન કારકમાં પ્રત્યય થયો હોય ત્યારે તે स्मि ધાતુનો અન્ત્ય વર્ણને आ આદેશ પણ થાય છે. जटिलो विस्मापयते અહીં वि+स्मि (૫૮૭) ધાતુને 'प्रयोक्तृव्यापारे० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી स्मि ધાતુના इ ને आ આદેશ. 'अर्त्ति-री०.४-२-२१' થી ધાતુના અન્તે पु નો (प् નો) આગમ... વગેરે કાર્યથી નિષ્પન્ન विस्मापि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અહીં સમજી શકાય છે કે કોઈ વ્યક્તિ (ચૈત્રાદિ) આશ્ચર્ય પામે છે. તેના આશ્ચર્યનું કારણ જટિલ - જટાધારી છે જે પ્રયોજક - પ્રેરક કર્ત્તા છે; તેથી स्मि ધાત્વર્થ स्मय (સ્વાર્થ) પ્રયોજક કર્ત્તાથી ઉત્પન્ન છે. અર્થ - જટાધારી આશ્ચર્ય પમાડે છે.

प्रयोक्तुः स्वार्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રયોજક કર્ત્તાથી જ ઉત્પન્ન સ્મયાત્મક સ્વાર્થ વાચક णिग् પ્રત્યયાન્ત स्मि ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી रूपेण विस्माययति અહીં वि+स्मायि ધાતુને આ સૂત્રથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી 'शेषात् ० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય

છે. અહીં આશ્ચર્ય પમાડનાર રૂપ દ્વારા આશ્ચર્ય પમાડતો હોવાથી આશ્ચર્યનું કારણ કર્ત્તા પોતે નથી - એ સમજી શકાય છે. અહીં આત્મનેપદના અભાવમાં स्मि ધાતુના અન્ત્ય इ ને આ સૂત્રથી आ આદેશ પણ થતો નથી. અર્થ - રૂપ દ્વારા આશ્ચર્ય પમાડે છે. अकर्त्तर्यपीत्येव - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તાદૃશ णिग् प्रत्ययान्त स्मि ધાતુને કર્ત્તામાં અથવા कर्तृ ભિન્ન કર્માદિમાં પણ પ્રત્યય થયો હોય તો તે णिग् प्रत्ययान्त स्मि ધાતુના અન્ત્યવર્ણને आ આદેશ થાય છે. તેથી णिग् प्रत्ययान्त वि+स्मि ધાતુને 'अनट् ५-३-१२४' થી ભાવમાં अनट् (अन) प्रत्यय થયો હોય ત્યારે પણ આ સૂત્રની સહાયથી स्मि ધાતુના અન્ત્ય इ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી विस्मापनम् આવો પ્રયોગ થાય છે. અર્થ- આશ્ચર્ય પમાડવું. ॥९१॥

## बिभेते र्भीष् च ३।३।९२॥

પ્રયોજક કર્ત્તાથી ઉત્પન્ન ભય સ્વરૂપ સ્વાર્થ વાચક णिग् प्रत्ययान्त भी ધાતુને (૧૧૩૨) કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેમજ કર્ત્તામાં અથવા કર્ત્તૃભિન્ન કર્માદિમાં પણ પ્રત્યય થયો હોય ત્યારે તે भी ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે; અને भी ધાતુને भीष् આદેશ પણ થાય છે. मुण्डो भापयते भीषयते वा અહીં, भी ધાતુને 'प्रयोक्तृव्यापारे० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી भी ધાતુના અન્ત્ય ई ને आ આદેશ. 'अर्त्तिरी० ४-२-२१' થી पु (प्) નો આગમ ... વગેરે કાર્યથી નિષ્પન્ન भापि ધાતુને; તેમ જ भी ધાતુને આ સૂત્રથી भीष् આદેશ થવાથી નિષ્પન્ન भीषि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - મુણ્ડ ડરાવે છે. (અહીં એક ભય પામે છે. તેને ભયભીત થવાનું કારણ મુણ્ડ સ્વરૂપ પ્રયોજક કર્ત્તા પોતે છે.)

प्रयोक्तुः स्वार्थ इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રયોજક

કર્ત્તાથી જ ઉત્પન્ન ભય સ્વરૂપ સ્વાર્થવાચક णिग् પ્રત્યયાન્ત भी ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેમજ કર્ત્તામાં અથવા કર્ત્તૃભિન્ન કર્માદિમાં પ્રત્યય થયો હોય ત્યારે भी ધાતુને भीष् આદેશ થાય છે. અને વિકલ્પપક્ષમાં भी ધાતુના અન્ત્ય ई ને आ આદેશ થાય છે. તેથી कुञ्चिकया भाययति અહીં णिग् પ્રત્યયાન્ત भी ધાતુનો સ્વાર્થ ભય પ્રયોજક કર્ત્તાથી ઉત્પન્ન ન હોવાથી (કુંચિકાત્મક કરણથી ઉત્પન્ન હોવાથી) તદર્થક णिग् પ્રત્યયાન્ત भी ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય થાય છે. અર્થ - ચાવીથી ડરાવે છે.

अकर्त्तर्यपीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્તૃભિન્ન કર્માદિમાં પ્રત્યય થયો હોય ત્યારે પણ તાદૃશ णिग् પ્રત્યયાન્ત भी ધાતુને भीष् આદેશ તેમજ વિકલ્પપક્ષમાં भी ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ भी ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન भीषि અને भापि ધાતુને ક્રમશઃ 'युवर्ण० ५-३-२८' થી अङ् (अ) પ્રત્યય. અને 'अनट् ५-३-१२४' થી अनट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી भीषा અને भापनम् આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - ડરાવવું. અહીં 'णेरनिटि ४-३-८३' થી णिग् નો (इ નો) લોપ થયો છે.॥૯૨॥

## मिथ्याकृगोऽभ्यासे ३।३।९३॥

**मिथ्या** શબ્દથી યુક્ત ક્રિયાભ્યાસ (વારંવાર કરાતી ક્રિયા) અર્થના વાચક णिग् પ્રત્યયાન્ત कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. पदं मिथ्या कारयते અહીં मिथ्या શબ્દથી યુક્ત कृ ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कारि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - સ્વરાદિ દોષથી દુષ્ટ પદને વારંવાર ભણાવે છે. मिथ्येति किम् ? = આ

સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ मिथ्या શબ્દથી યુક્ત જ ક્રિયાભ્યાસાર્થક णिग् પ્રત્યયાન્ત कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી पदं साधु कारयति અહીં मिथ्या પદથી યુક્ત તાદૃશ णिग् પ્રત્યયાન્ત कृ ધાતુ ન હોવાથી साधु પદથી યુક્ત તાદૃશ कारि ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ થયું નથી. જેથી 'शेषात्० ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ- સારા પદને વારંવાર ભણાવે છે. अभ्यास इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ मिथ्या શબ્દથી યુક્ત ક્રિયાભ્યાસાર્થક જ णिग् પ્રત્યયાન્ત कृ ધાતુને કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી सकृत् पदं मिथ्या कारयति અહીં ક્રિયાભ્યાસાર્થક તાદૃશ कृ ધાતુ ન હોવાથી તે णिग् પ્રત્યયાન્ત कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ થતું નથી; પરન્તુ ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - એક વાર સ્વરાદિદોષથી દુષ્ટ પદને ભણાવે છે.॥૯૩॥

### परिमुहाऽऽयमाऽऽयस-पा-दृधे-वद-वस-दमाऽद-रुच-नृतः फलवति ३।३।९४॥

णिग् પ્રત્યયાન્ત परि+मुह्; आ+यम्; आ+यस्; पा; धे; वद्; वस्; दम्; अद्; रुच् અને नृत् ધાતુને પ્રધાન (મુખ્ય) ફલવત્ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. જેના માટે ક્રિયાનો આરંભ થાય છે તેને પ્રધાન ફલવત્ (ફલાશ્રય) કહેવાય છે. સામાન્યરીતે ઉપર જણાવેલા તાદૃશ परि+मुह्; आ+यम्... વગેરે ધાતુઓને પ્રધાન ફલવત્ કર્ત્તામાં ઉત્તર (૩-૩-૯૫) સૂત્રથી આત્મનેપદ સિદ્ધ જ છે. પરન્તુ નીચે જણાવ્યા મુજબ परि+मुह् વગેરે કેટલાક ધાતુઓને 'अणिगि प्राणि० ३-३-१०७' થી અને કેટલાક ધાતુઓને 'चल्याहारार्थे० ३-३-१०८' થી આત્મનેપદનો નિષેધ હોવાથી તેનો નિષેધ કરીને परि+मुह् વગેરે ધાતુઓને ફરીથી

ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનું વિધાન કરવા માટે આ સૂત્રનો આરંભ છે. परिमोहयते चैत्रम्; आयामयते सर्पम्; आयासयते मैत्रम्; पाययते बटुम्; धापयते शिशुम्; वादयते बटुम्; वासयते पान्थम्; दमयते अश्वम्; आदयते चैत्रेण; रोचयते मैत्रम् અને नर्त्तयते नटम् અહીં णिग् પ્રત્યયાન્ત અનુક્રમે परि+मुह्; आ+यम्; आ+यस्; पा (२); धे (२८); वद्; वस् (९९९); दम् अद् रुच् અને नृत् ધાતુને આ સૂત્રની સહાયથી પ્રધાન ફલાશ્રય કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ ક્રમશઃ- ચૈત્રને મુગ્ધ કરે છે. સર્પને ખવરાવે છે. મૈત્રને પ્રયત્નશીલ બનાવે છે. નાના છોકરાને પીવરાવે છે. નાના છોકરાને ધવરાવે છે. નાના છોકરાને બોલાવે (ભણાવે) છે. મુસાફરને રોકે છે. ઘોડાનું દમન કરે છે. ચૈત્રને જમાડે છે. મૈત્રને ખુશ કરે છે. નટને નચાવે છે. पा, धे; अद् અને नृत् ધાતુને 'चल्याहारा० ३-३-१०८' થી અને परि+मुह् વગેરે ધાતુઓને 'अणिगि० ३-३-१०७' થી આત્મનેપદનો નિષેધ હતો તેનો નિષેધ આ સૂત્રથી થાય છે. અર્થાત્ આ સૂત્ર અપવાદનો અપવાદ છે.॥९४॥

## ई-गितः ३।३।९५॥

ई અથવા ग् જેમાં इत् છે. એવા (ईदित् અને गित्) ધાતુઓને પ્રધાન ફલવત્ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. यजते અને कुरुते અહીં ईदित् यज् ધાતુને અને गित् कृ ધાતુને આ સૂત્રની સહાયથી પ્રધાન ફલવત્ કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો તે પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થક્રમશઃ - પોતાના માટે પૂજા કરે છે. પોતાના માટે કરે છે. फलवतीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ईदित् અને गित् ધાતુઓને પ્રધાન ફલવત જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી यजन्ति અને कुर्वन्ति અહીં કર્ત્તા પ્રધાન ફલવદ્ ન હોવાથી આ સૂત્રથી ईदित् यज् ધાતુને અને गित् कृ ધાતુને આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-

૧૦૦' ની સહાયથી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો अन्ति પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ - બીજા માટે પૂજા કરે છે. બીજા માટે કરે છે. ॥૯૫॥

## ज्ञोऽनुपसर्गात् ३।३।९६॥

ઉપસર્ગ રહિત ज्ञा ધાતુને પ્રધાન ફલવત્ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. गां जानीते અહીં ઉપસર્ગ રહિત ज्ञा ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં (પ્રધાન ફલવત્) આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - પોતાના માટે ગાયને જાણે છે. फलवतीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુપસર્ગક ज्ञा ધાતુને પ્રધાન ફલવત જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી परस्य गां जानाति અહીં પ્રધાન ફલવત્ કર્ત્તા ન હોવાથી તાદૃશ ज्ञा ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અકર્મક ज्ञा ધાતુને 'ज्ञः ३-३-८२' થી આત્મનેપદ સિદ્ધ છે. સકર્મક ज्ञा ધાતુને ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદના વિધાન માટે આ સૂત્રનો આરંભ છે. અર્થ-બીજા માટે ગાયને જાણે છે. ॥૯૬॥

## वदोऽपात् ३।३।९७॥

अप ઉપસર્ગથી પરમાં રહેલા वद् ધાતુને પ્રધાન ફલવત્ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. एकान्तमपवदते અહીં આ સૂત્રથી अप+वद् ધાતુને પ્રધાન ફલવત્ કર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. અર્થ - પોતાના માટે એકાન્તવાદને નિન્દે છે. फलवतीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अप+वद् ધાતુને પ્રધાન ફલવત જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી अपवदति परं स्वभावात् અહીં કર્ત્તા પ્રધાન ફલવદ્ ન હોવાથી આ સૂત્રની સહાયથી अप+वद् ધાતુને આત્મનેપદ ન

થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - સ્વભાવથી જ બીજાને ગાળ આપે છે. ॥૯૭॥

## समुदाङो यमेरग्रन्थे ३।३।९८॥

सम् उद् અને आङ् ઉપસર્ગથી પરમાં રહેલા यम् ધાતુને; ગ્રન્થનો વિષય ન હોય તો પ્રધાન ફલવત્ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. संयच्छते व्रीहीन्; उद्यच्छते भारम् અને आयच्छते भारम् અહીં सम् उद् અને आङ् (आ) ઉપસર્ગથી પરમાં રહેલા यम् ધાતુને પ્રધાન ફલવત્ કર્ત્તામાં આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય થયો છે. ('श्रौतिकृवु० ४-२-१०८' થી यम् ને यच्छ् આદેશ) અર્થક્રમશઃ - પોતાના માટે અનાજ ભેગું કરે છે. પોતાના માટે ભાર ઉપાડે છે. પોતાના માટે ભાર ઉપાડે છે.

अग्रन्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રન્થનો વિષય ન હોય તો જ सम् उद् અને आङ् ઉપસર્ગથી પરમાં રહેલા यम् ધાતુને પ્રધાન ફલવત્ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી चिकित्सामुद्यच्छति અહીં ગ્રન્થનો વિષય હોવાથી उद्+यम् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદ ન થવાથી 'शेषात्० ३-३-१००' ની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ- ચિકિત્સાગ્રન્થમાં પોતાના માટે પ્રયત્ન કરે છે. फलवतीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રન્થનો વિષય ન હોય તો सम् उद् અને आङ् ઉપસર્ગથી પરમાં રહેલા यम् ધાતુને પ્રધાન ફલવત જ કર્ત્તામાં આત્મનેપદ થાય છે. તેથી सम्+यम् ધાતુને પ્રધાન ફલવત્ કર્ત્તા ન હોય ત્યારે આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી संयच्छति આવો પ્રયોગ થાય છે. અર્થ- સંયમ કરે છે. ॥૯૮॥

## पदान्तरगम्ये वा ३।३।९९॥

પ્રધાન ફલવત્ કર્ત્તાને સમજાવવાં આત્મનેપદના તે તે પ્રત્યય સિવાય બીજું પદ પ્રયુક્ત હોય તો સૂ. નં. ૩-૩-૯૪ થી ૩-૩-૯૮ સુધીના પાંચ સૂત્રોથી વિહિત આત્મનેપદ વિકલ્પથી થાય છે. स्वं शत्रुं परिमोहयते परिमोहयति वा; स्वं यज्ञं यजते यजति वा; स्वां गां जानीते जानाति वा; स्वं शत्रुमपवदते अपवदति वा અને स्वान् व्रीहीन् संयच्छते संयच्छति वा અહીં સર્વત્ર પ્રધાન ફલવત્ કર્ત્તાને સમજાવવાં स्व પદનો પ્રયોગ હોવાથી परि+मुह् ધાતુને 'परिमुहा० ३-३-९४' થી પ્રાપ્ત; यज् ધાતુને 'ईगितः ३-३-९५' થી પ્રાપ્ત; ज्ञा ધાતુને 'ज्ञोऽनुप० ३-३-९६' થી પ્રાપ્ત; अप+वद् ધાતુને 'वदोऽपात् ३-३-९७' થી પ્રાપ્ત અને सम्+यम् ધાતુને 'समुदाङो० ३-३-९८' થી પ્રાપ્ત આત્મનેપદનો આ સૂત્રની સહાયથી વૈકલ્પિક નિષેધ થવાથી વિકલ્પપક્ષમાં 'शेषात् परस्मै ३-३-१००' થી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય પણ થાય છે. અર્થ માટે જુઓ સૂ. નં. ૩-૩-૯૪ થી ૯૮... ॥૯૯॥

## शेषात् परस्मै ३।३।१००॥

જે ધાતુઓને; જે અનુબન્ધ જે અર્થ જે ઉપસર્ગ જે ઉપપદ અને જે પ્રત્યય વિશિષ્ટ અવસ્થામાં આત્મનેપદનું વિધાન છે. તાદૃશ अनुबन्धादि વિશિષ્ટ ધાતુથી ભિન્ન ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. भवति અને अत्ति અહીં भू ધાતુને અને अद् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં પરસ્મૈપદનો तिव् પ્રત્યય થયો છે. આ ઉદાહરણ अनुबन्धशेष નું છે. અર્થક્રમશઃ - થાય છે. ખાય છે. उपसर्गशेष નું ઉદાહરણ - प्रविशति अधितिष्ठति આ છે. અર્થ - શેષનું ઉદાહરણ करोति नयति આ છે. उपपदशेष નું ઉદાહરણ गृहे सञ्चरति .. વગેરે છે. અને प्रत्ययशेष નું ઉદાહરણ शत्स्यति.. વગેરે છે. ॥૧૦૦॥

## परानोः कृगः ३।३।१०१॥

परा અને अनु ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. पराकरोति અને अनुकरोति અહીં परा + कृ અને अनु + कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં પરસ્મૈપદનો तिव् પ્રત્યયાદિ કાર્ય થાય છે. कृ ધાતુ गित् હોવાથી ફલવત્ કર્ત્તામાં 'ईगितः ३-३-९५' થી આત્મનેપદની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી બાધ થાય છે. અર્થ ક્રમશઃ - પરાજિત કરે છે. અનુકરણ કરે છે. ॥૧૦૧॥

## प्रत्यभ्यतेः क्षिपः ३।३।१०२॥

प्रति अभि અને अति ઉપસર્ગથી પરમાં રહેલા क्षिप् ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. प्रतिक्षिपति अभिक्षिपति અને अतिक्षिपति અહીં प्रति अभि અને अति ઉપસર્ગથી પરમાં રહેલા क्षिप् (क्षिपींत् प्रेरणे १३१७) ધાતુને 'ई-गितः ३-३-९५' થી પ્રાપ્ત આત્મનેપદનો બાધ કરીને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - (બધાનો) દૂર ફેંકે છે.॥૧૦૨॥

## प्राद् वहः ३।३।१०३॥

प्र + वह् ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. प्रवहति અહીં प्र + वह् (९९६) ધાતુને તે ईदित् હોવાથી 'ईगितः ३-३-९५' થી પ્રાપ્ત આત્મનેપદનો બાધ કરીને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ - વહન કરે છે. ॥૧૦૩॥

## परे मृषश्च ३।३।१०४॥

परि ઉપસર્ગથી પરમાં રહેલા मृष् અને वह् ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. परि + मृष् (૧૨૮૪) અને परि + वह् (૯૯૬) ધાતુને 'ई-गितः ३-३-९५' થી પ્રાપ્ત આત્મનેપદનો બાધ કરીને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં પરસ્મૈપદનો तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી परिमृष्यति અને परिवहति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ -બધી રીતે ક્ષમા કરે છે. બધી બાજુએ વહન કરે છે. ॥૧૦૪॥

## व्याङ् परे रमः ३।३।१०५॥

वि आङ् અને परि ઉપસર્ગથી પરમાં રહેલા रम् ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. वि + रम्; आङ् (आ) + रम् અને परि + रम् ધાતુને 'इङितः कर्त्तरि ३-३-२२' થી પ્રાપ્ત આત્મનેપદનો બાધ કરીને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી विरमति आरमति અને परिरमति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અટકે છે. બધે રમે છે. બધે રમે છે. ॥૧૦૫॥

## वोपात् ३।३।१०६॥

उप + रम् ધાતુને કર્ત્તામાં વિકલ્પથી પરસ્મૈપદ થાય છે. भार्यामुपरमति અહીં उप ઉપસર્ગથી પરમાં રહેલા रम् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પરસ્મૈપદ ન થાય ત્યારે 'इङितः० ३-३-२२' ની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ- પત્નીનો ઉપભોગ કરે છે. ॥૧૦૬॥

## अणिगि प्राणिकर्तृकानाप्याण्णिगः ३।३।१०७॥

अणिगवस्था માં પ્રાણી જેનો કર્ત્તા છે એવા અકર્મક ધાતુને णिग् પ્રત્યય થયા બાદ અર્થાત્ તાદૃશ णिग् પ્રત્યયાન્ત તે ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. चैत्र आस्ते અહીં અણિગવસ્થામાં आस् ધાતુનો કર્ત્તા ચૈત્ર પ્રાણી છે અને તે ધાતુ અકર્મક પણ છે. તે आस् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન आसि ધાતુને 'ई-गितः ३-३-९५' થી પ્રાપ્ત આત્મનેપદનો બાધ કરીને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં પરસ્મૈપદનો વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી आसयति चैत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ચૈત્રને બેસાડે છે.

अणिगीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिगवस्था માં જ (ગમે તે અવસ્થામાં નહીં) જે અકર્મક ધાતુનો કર્ત્તા પ્રાણી છે તે णिग्प्रत्ययान्त ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. તેથી आरोहयते गजः स्वयमेव (અહીં आरोहि ધાતુને 'एकधातौ० ३-४-८६' થી આત્મનેપદ થયું છે.) આ પ્રમાણેની णिगवस्था માં आरोहि ધાતુ અકર્મક અને પ્રાણિકર્ત્તૃક હોવાથી आरोहयमाणं स्वयं गजं प्रयुङ्क्ते - આ અર્થમાં ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન आरोहि ધાતુને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદ ન થવાથી 'ईगितः ३-३-९५' થી આત્મનેપદનો તે પ્રત્યય વગેરે કાર્ય થવાથી आरोहयते (गजम् हस्तिपकः) આવો પ્રયોગ થાય છે. અર્થ - (હાથી પર માલિક) ચઢે છે.

अणिग् इति गकारः किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिग् જ અવસ્થામાં (અણ્યન્ત અવસ્થામાં નહીં) જે અકર્મક ધાતુનો કર્ત્તા પ્રાણી છે, તે णिग् પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. તેથી चेतयते चैत्रः આ અણિગવસ્થામાં (અણ્યન્તાવસ્થામાં નહીં.) ચુરાદિ ગણનો णिच् પ્રત્યયાન્ત चेति ધાતુ અકર્મક પ્રાણિકર્ત્તૃક હોવાથી તેને चेतयमानं प्रयुङ्क्ते આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ

કાર્યથી નિષ્પન્ન चेति ધાતુને 'ईगितः ૩-૩-૯૫' થી પ્રાપ્ત આત્મનેપદનો બાધ કરીને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી चेतयति (चैत्रं मैत्रः) આવો પ્રયોગ થાય છે. અન્યથા સૂત્રમાં अणिग् ના સ્થાને ગકારરહિત अणि આવો પાઠ હોત તો અહીં આ સૂત્રની સહાયથી પરસ્મૈપદ થાત નહીં- એ સ્પષ્ટ છે. અર્થ- (ચૈત્રને મૈત્ર) ભાનમાં લાવે છે.

प्राणिकर्त्तृकादिति किम्?= આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ अणिग् અવસ્થામાં જે અકર્મક ધાતુનો કર્ત્તા પ્રાણી જ હોય (ગમે તે નહીં) તે ધાતુને णिग् પ્રત્યયબાદ અર્થાત્ તાદૃશ णिग् પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. તેથી शोषयते व्रीहीन् आतपः અહીં शुष्यन्ति व्रीहयः આ અણિગવસ્થામાં અકર્મક शुष् ધાતુનો કર્ત્તા પ્રાણી ન હોવાથી તેને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન शोषि ધાતુને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદ ન થવાથી 'ईगितः ૩-૩-૯૫' થી આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- તડકો અનાજને સુકવે છે.

अनाप्यादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अणिग् અવસ્થામાં જે અકર્મક જ ધાતુનો કર્ત્તા પ્રાણી હોય તો તે णिग्-પ્રત્યયાન્ત ધાતુને કર્ત્તામાં પરસ્મૈપદ થાય છે. તેથી कटं कारयते અહીં कटं करोति (चैत्रः) આ અણિગવસ્થામાં સકર્મક कृ ધાતુનો કર્ત્તા પ્રાણી હોવાથી તેને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कारि ધાતુને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદ ન થવાથી 'ईगितः ૩-૩-૯૫' થી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થયું છે. અર્થ- પોતાના માટે ચટઈ બનાવરાવે છે. ॥૧૦૭॥

**चल्याहारार्थेङ्-बुध-युध-प्रु-द्रु-स्रु-नश-जनः ३।३।१०८॥**

णिग्- પ્રત્યયાન્ત चल् ધાત્વર્થ (કમ્પન) અર્થ વાળા;- આહાર અર્થવાળા

ધાતુને તેમ જ णिग् પ્રત્યયાન્ત इङ् (इ); बुध्, युध्; प्रु; द्रु; स्रु; नश् અને जन् ધાતુને કર્તામાં પરસ્મૈપદ થાય છે. चल्यर्थक ધાતુઓનું ઉદાહરણઃ- चलयति कम्पयति। આહારાર્થક ધાતુનું ઉદાહરણઃ- भोजयति आशयति चैत्रमन्नम्। इङ्- सूत्रमध्यापयति शिष्यम्। बुध्- बोधयति पद्मं रविः। युध्– योधयति काष्ठानि। प्रु– प्रावयति राज्यम्। द्रु- द्रावयत्ययः। स्रु- स्रावयति तैलम्। नश्- नाशयति पापम्। जन्– जनयति पुण्यम्। અહીં અનુક્રમે चल् कम्प् भुज् अश् अधि + इ बुध् युध् प्रु द्रु स्रु नश् અને जन् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન चलि कम्पि भोजि आशि अध्यापि (જુઓ સૂ. નં. ૪-૨-૧૦) बोधि योधि प्रावि द्रावि स्रावि नाशि અને जनि ધાતુને આ સૂત્રની સહાયથી કર્તામાં પરસ્મૈપદનો વર્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થયું છે. चल् + णि આ અવસ્થામાં 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. आ ને 'घटादे-र्हस्वो० ૪-૨-૨૪' થી હ્રસ્વ अ આદેશ થવાથી चलि ધાતુ નિષ્પન્ન છે અને जन् ધાતુના ઉપાન્ત્ય अ ને 'न जन-बधः ૪-૩-૫૪' થી વૃદ્ધિનો નિષેધ હોવાથી जनि ધાતુ નિષ્પન્ન છે. અહીં સર્વત્ર 'ईगितः ૩-૩-૯૫' થી આત્મનેપદની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરીને આ સૂત્રથી પરસ્મૈપદનું વિધાન છે. અર્થ ક્રમશઃ- ચલાવે છે. ચલાવે છે. ચૈત્રને અન્ન ખવરાવે છે. ચૈત્રને અન્ન ખવરાવે છે. શિષ્યને સૂત્ર ભણાવે છે. સૂર્ય કમલને ખીલવે છે. લાકડીઓને લઢાવે છે. રાજ્ય પ્રાપ્ત કરાવે છે. લોઢાને પીગળાવે છે. તેલ નીચોવે છે. પાપનો નાશ કરે છે. પુણ્ય ઉત્પન્ન કરે છે. ||૧૦૮||

श्रीदुर्लभेशद्युमणेः.......... સૂર્ય સમાન શ્રીદુર્લભેશ-સિદ્ધરાજ રાજાના પગની આગળ આળોટતા એવા કયા રાજાઓએ વાલિખિલ્ય ઋષિઓની જેમ સ્તુતિ ન કરી ? અર્થાદ્ બધા રાજાઓએ કરી. આશય એ છે કે- જેમ વાલિખિલ્ય ઋષિઓ સૂર્યના કિરણોની આગળ આળોટતા સ્તુતિ કરે છે તેમ શ્રી સિદ્ધરાજ રાજાના પગની આગળ

આળોટતા બધા રાજાઓ સ્તુતિ કરે છે..........

इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्ति-
विवरणे तृतीयस्याध्यायस्य तृतीयः पादः

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ प्रारभ्यते तृतीयेऽध्याये चतुर्थः पादः।

### गुपौ-धूप-विच्छि-पणि-पनेरायः ३।४।१॥

गुप् धूप् विच्छ् पण् અને पन् ધાતુને સ્વાર્થમાં (પોતાના જ અર્થમાં) आय પ્રત્યય થાય છે. गुप् धूप् विच्छ् पण् અને पन् ધાતુને આ સૂત્રથી आय પ્રત્યય. 'सति ५-२-१९' થી વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'कर्त्तर्यन० ३-४-७१' થી तिव् પ્રત્યયની પૂર્વે शव् (अ) વિકરણ પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી गुप् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. 'लुगस्या० २-१-११३' થી आय ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી गोपायति धूपायति विच्छायति पणायति અને पनायति આવો પ્રયોગ થાય છે. સામાન્યતઃ આખ્યાત પ્રકરણમાં પ્રક્રિયાંશનો વિચાર કરતી વખતે યથાસંભવ સૂ.નં. ३-३-३; ३-३-१७ અને ३-३-१८ .... ઈત્યાદિ સૂત્રોના અર્થનું અનુસંધાન કરી લેવું. पण् (७१०) અને पन् (७४८) આ ધાતુઓ इदित् હોવાથી 'इङितः० ३-३-२२' થી તેને આત્મનેપદ સિદ્ધ હોવા છતાં બૃહદ્વૃત્તિમાં જણાવ્યા મુજબ पण् અને पन् ધાતુઓને आय પ્રત્યય થયા બાદ તેને 'शेषात् परस्मै ३-३-१००' થી પરસ્મૈપદ થાય છે. અર્થક્રમશઃ - રક્ષણ કરે છે. તપાવે છે. જાય છે. સ્તુતિ કરે છે. સ્તુતિ કરે છે. ॥१॥

### कमेर्णिङ् ३।४।२॥

कम् ધાતુને સ્વાર્થમાં णिङ् (इ) પ્રત્યય થાય છે. कम् ધાતુને આ સૂત્રથી સ્વાર્થમાં णिङ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી कामयते (कामि + अ + ते) આવો પ્રયોગ થાય છે. અર્થ - ઈચ્છે છે.॥२॥

## ऋते र्डीयः ३।४।३॥

ऋत् ધાતુને સ્વાર્થમાં ङीय (ईय) પ્રત્યય થાય છે. ऋत् (૨૮૭) ધાતુને આ સૂત્રથી સ્વાર્થમાં ङीय પ્રત્યય થવાથી તેને આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી ऋतीयते આવો પ્રયોગ થાય છે. અર્થ - નિન્દા - ઘૃણા કરે છે. ॥૩॥

## अशवि ते वा ३।४।४॥

शव् પ્રત્યયથી ભિન્ન પ્રત્યયના વિષયમાં, સૂ.નં. ૩-૪-૧ થી ૩-૪-૩ સુધીના સૂત્રોથી गुपादि कम् અને ऋत् ધાતુને વિહિત आय णिङ् અને ङीय પ્રત્યય વિકલ્પથી થાય છે. गुप् कम् અને ऋत् ધાતુને 'अनद्यतने श्वस्तनी ५-३-५' થી श्वस्तनी નો ता પ્રત્યય. 'गुपौ-धूप०३-४-१' થી गुप् ધાતુને आय પ્રત્યય. 'कमेर्णिङ् ३-४-२' થી कम् ધાતુને णिङ् પ્રત્યય; 'ऋतेर्डीयः ३-४-३' થી ऋत् ધાતુને ङीय પ્રત્યય. સર્વત્ર ता પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट् પ્રત્યય. 'अतः ४-३-८२' થી आय અને ङीय પ્રત્યયના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गोपायिता कामयिता અને ऋतीयिता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आय णिङ् અને ङीय પ્રત્યયનો નિષેધ થવાથી અનુક્રમે गोप्ता कमिता અને अर्त्तिता આવો પ્રયોગ થાય છે. गुप्+ता આ અવસ્થામાં 'धूगौदितः ४-४-३८' થી વિકલ્પે इट् નો નિષેધ થયો છે. બાકીની પ્રક્રિયા સુગમ છે. અર્થક્રમશઃ - રક્ષણ કરશે. ઈચ્છા કરશે. નિન્દા કરશે.॥૪॥

## गुप्-तिजो गर्हा-क्षान्तौ सन् ३।४।५॥

ગર્હા - નિન્દાર્થક गुप् (૭૬૩) ધાતુને અને ક્ષાન્તિ-ક્ષમાર્થક तिज् (૬૬૭) ધાતુને સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે. આ સૂત્રથી તાદૃશ गुप्

અને तिज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ સ્વાર્થમાં सन् (स) પ્રત્યય. 'सन्-यङश्च ૪-૧-૩'- થી गुप् અને तिज् ને દ્વિત્વ (દ્વિરુક્તિ - અભ્યાસ). 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસના (દ્વિરુક્ત પૂર્વભાગના) અનાદિ વ્યઞ્જનનો લોપ. (આદિ વ્યઞ્જનનો શેષ.) गुगुप् + स અને तितिज् + स આ અવસ્થામાં 'गहो र्जः ૪-૧-૪૦' થી गुगुप् ના આદ્ય ग् ને ज् આદેશ. 'चजः कगम् ૨-૧-૮૬' થી तितिज् ના ज् ને ग् આદેશ. ग् ને 'अघोषे० ૧-૩-૫૦' થી क् આદેશ. क् ની પરમાં રહેલા स् ને 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી ष् આદેશ વગેરે કાર્ય થવાથી जुगुप्सते અને तितिक्षते આવો પ્રયોગ થાય છે. जुगुप्सते અને तितिक्षते અહીં सन् પ્રત્યયની પૂર્વે 'स्वार्थे ૪-૪-૬૦' થી इट् નો નિષેધ થયો છે. અર્થક્રમશઃ - નિન્દા કરે છે. ક્ષમા કરે છે.

गर्हा-क्षान्ताविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गर्हा અને ક્ષાન્ત્યર્થક જ અનુક્રમે गुप् અને तिज् ધાતુને સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે. તેથી गुप् અને तिज् ધાતુ અનુક્રમે ગર્હા અને ક્ષાન્તિ અર્થનો વાચક ન હોય ત્યારે આ સૂત્રથી તેને સ્વાર્થમાં सन् પ્રત્યય ન થવાથી સીધો જ ભાવમાં 'अनट् ૫-૩-૧૨૪' થી. अनट् પ્રત્યયાદિ કાર્ય થવાથી गोपनम् અને तेजनम् આવો પ્રયોગ થાંય છે. અર્થક્રમશઃ - રક્ષણ કરવું. તીક્ષ્ણ કરવું. અહીં गुप् (૩૩૨) ધાતુ રક્ષણાર્થક છે; અને तिज् (૧૫૮૯) ધાતુ નિશાનાર્થક છે. सन् (स) માં अ ગ્રહણનું ફળ સ્વરાદિ ધાતુમાં મળે છે (જુઓ સૂત્ર નં. ૩-૪-૨૧); વ્યઞ્જનાદિ गुप् અને तिज् ધાતુ સ્થળે सन् માં અકારનું ગ્રહણ પ્રયોજનશૂન્ય છે. પરન્તુ આ સૂત્રથી વિહિત સ્વાર્થિક सन् અને સૂ.નં. ૩-૪-૨૧ થી વિહિત ઈચ્છાર્થક सन् એ બંન્નેના સ્વરૂપનો ભેદ ન થાય એ માટે આ સૂત્રથી अकार સહિત सन् નું વિધાન છે. ... ઈત્યાદિ બરાબર સમજી લેવું.॥૫॥

## कितः संशय-प्रतीकारे ३।४।६॥

संशय અને પ્રતીકારાર્થક कित् (૨૮૬) ધાતુને સ્વાર્થમાં सन् (स) પ્રત્યય થાય છે. આ સૂત્રથી वि+कित् અને कित् ધાતુને सन् પ્રત્યય. कित् ને દ્વિત્વ. અભ્યાસના અનાદિવ્યઞ્જનનો લોપ. (જુઓ સૂ.નં. ૩-૪-૫) અભ્યાસના क् ને 'कङश्चञ् ૪-૧-૪૬' થી च् આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન विचिकित्स અને चिकित्स ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી विचिकित्सति मे मनः અને व्याधिं चिकित्सति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મારું મન સંશય કરે છે. વ્યાધિનો પ્રતીકાર કરે છે.

संशय - प्रतीकारार्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંશય અને પ્રતીકાર અર્થના જ વાચક कित् ધાતુને સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે. તેથી નિવાસાર્થક कित् (૨૮૬) ધાતુને આ સૂત્રથી સ્વાર્થમાં सन् પ્રત્યય ન થવાથી તેના વિના 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યયાદિ કાર્ય થવાથી केतयति આવો પ્રયોગ થાય છે. અર્થ - રહે છે. અહીં યાદ રાખવું જોઈએ કે कित् ધાતુ નિવાસાર્થક भ्वादि (૧ ગણ) નો છે. चुरादि (૧૦ ગણ) નો નહીં. તેથી ઉપર જણાવ્યા મુજબ केतयति - આ પ્રયોગનો અર્થ, રહે છે - આવો નહિ પરન્તુ વસાવે છે - આવો હોવો જોઈએ. પણ સિદ્ધાન્ત કૌમુદીમાં નિવાસાર્થક कित् ધાતુને चुरादि ગણનો માન્યો હોવાથી, તેને 'चुरादिभ्यो णिच् ३-४-१७' થી णिच् પ્રત્યયાદિ કાર્ય સમજવું જોઈએ. જેથી તેનો અર્થ, રહે છે - આ પ્રમાણે થઈ શકે છે. લઘુવૃત્તિકારના મતે निवासार्थक कित् ધાતુ भ्वादि નો હોવાથી એ મુજબ પ્રક્રિયા ઉપર જણાવી છે .... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥६॥

## शान्-दान्-मान्-बधान्निशानाऽऽर्जव-विचार-वैरूप्ये दीर्घश्चेतः ३।४।७॥

નિશાનાર્થક शान् ધાતુને; આર્જવ - ઋજુતાર્થક दान् ધાતુને; વિચારાર્થક मान् ધાતુને અને વૈરૂપ્યાર્થક बध् ધાતુને સ્વાર્થમાં सन् (स) પ્રત્યય થાય છે; અને ત્યારે અભ્યાસમાં (દ્વિરુક્ત પૂર્વભાગમાં) અન્ત્ય इ ને ई આદેશ થાય છે. અહીં शान् (९१५) दान् (९१४) मान् (७४९) અને बध् (७४६) - આ भ्वादि ગણના જ વિવક્ષિત છે. નિશાનાદ્યર્થક તાદૃશ शान् दान् मान् અને बध् ધાતુને આ સૂત્રથી સ્વાર્થમાં सन् પ્રત્યય. शान् दान् मान् અને बध् ધાતુને દ્વિત્વ.અભ્યાસમાં આદિવ્યઞ્જનનો શેષ. (જુઓ સૂ.નં. ૩-૪-૫) અભ્યાસમાં 'ह्रस्वः ૪-૧-૩૯' થી आ ને હ્રસ્વ अ આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯' થી અભ્યાસમાં अ ને इ આદેશ. એ इ ને આ સૂત્રથી દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન शीशांस અને दीदांस ધાતુને વર્ત્તમાનામાં तिव् પ્રત્યય તથા मीमांस અને बीभत्स ધાતુને (જુઓ સૂ.નં. ૨-૧-૭૭, ૪-૧-૪૪... ) વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે शीशांसति दीदांसति मीमांसते અને बीभत्सते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નિશાન કરે છે. કોમલ અથવા સરલ થાય છે. વિચાર કરે છે.વિરૂપ થાય છે.

अर्थोक्तिः किम्? = अर्थान्तरे मा भूत् = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે નિશાનાદ્યર્થક જ शान् વગેરે ધાતુને સ્વાર્થમાં सन् પ્રત્યયાદિ કાર્ય થાય છે તેથી निशानम् अवदानम् मानयति અને बाधयति અહીં નિશાનાદિ ભિન્નાર્થક निशान् વગેરે ધાતુને સ્વાર્થમાં सन् વગેરે પ્રત્યય થતો નથી. આશય એ છે કે અહીં निश्यतीति (११४७) આ અર્થમાં नि + शान् ધાતુને અને अवद्यतीति (११४८) આ અર્થમાં अव + दान् ધાતુને કર્ત્તામાં 'अच् ૫-૧-૪૯' થી अच् (अ) પ્રત્યય થવાથી निशानम् અને अवदानम् આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ; नि + शान् ધાતુને ભાવમાં વિહિત अनट् પ્રત્યયાન્ત निशान નામાર્થથી અને आर्जव

અર્થથી ભિન્ન છે. તેમજ मान् (૧૧૬૧) અને बध् (૧૬૬૪) આ ધાતુઓ પણ અનુક્રમે વિચાર કે વૈરૂપ્યાર્થક નથી. અર્થક્રમશઃ- પતળું કરનાર. છેદન કરનાર. માને છે. બાંધે છે. ॥૭॥

## धातोः कण्ड्वादे र्यक् ३।४।८॥

कण्ड्वादि ગણપાઠમાંના कण्डू વગેરે (૧૧૧૧ થી ૨૦૪૪) ધાતુઓને સ્વાર્થમાં यक् પ્રત્યય થાય છે. कण्डू વગેરે શબ્દો નામ અને ધાતુ ઉભયસ્વરૂપ છે. નામને यक् - આ પ્રમાણે कित् પ્રત્યયના વિધાનનું કોઈ પ્રયોજન ન હોવાથી कण्ड्वादि ધાતુઓને જ यक् પ્રત્યય થવાનો હોવાથી धातोः- આ પ્રમાણે ધાતુ પદોપાદાન અનાવશ્યક છે. પરન્તુ સ્પષ્ટ પ્રતીતિ કરાવવા માટે સૂત્રમાં ધાતુ પદોપાદાન છે. આ સૂત્રથી कण्डू ધાતુને સ્વાર્થમાં यक् (य) 'પ્રત્યય, તેમજ मही ધાતુને સ્વાર્થમાં यक् પ્રત્યયાદિ કાર્ય થવાથી कण्डूयति कण्डूयते અને महीयते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-ખજવાળે છે. પૂજાય છે. धातोरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कण्ड्वादि ધાતુને જ (નામને નહીં) સ્વાર્થમાં यक् પ્રત્યય થાય છે. તેથી कण्डूः અહીં कण्डू નામને આ સૂત્રથી यक् પ્રત્યય થતો નથી. અર્થ - ખજવાળવું. ॥૮॥

## व्यञ्जनादेरेकस्वराद् भृशाऽऽभीक्ष्ण्ये यङ् वा ३।४।९॥

*ધાત્વર્થ ફલાત્મક ક્રિયા આભીક્ષ્ણ્ય વિશિષ્ટ હોય અથવા ધાત્વર્થ* વ્યાપારાત્મક ક્રિયા ભૃશત્વવિશિષ્ટ હોય તો તે ક્રિયાવાચક વ્યઞ્જનાદિ એકસ્વરવાળા ધાતુને વિકલ્પથી यङ् પ્રત્યય થાય છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ ફલ અને વ્યાપાર - આ બે ભેદથી ક્રિયા (ધાત્વર્થ) દ્વિવિધ છે. સૂત્રમાં भृशत्व અને आभीक्ष्ण्य આ બે વિશેષણ-અનુક્રમે ગુણભૂત વ્યાપારાત્મક ધાત્વર્થ ક્રિયાનું અને ફલાત્મક ધાત્વર્થ ક્રિયાનું

છે. ગૌણભૂત ક્રિયાઓની વચ્ચે અન્ય ક્રિયા કરવામાં આવતી ન હોય તો અથવા ફલાનુકૂલ તે તે ગૌણભૂત ક્રિયાઓ ખૂબ જ સાવધાનપણે કરાતી હોયં તો તે ગુણભૂત ધાત્વર્થ ક્રિયા भृशत्व વિશિષ્ટ વર્ણવાય છે. અન્ય કોઈપણ ક્રિયા કર્યા વિના જ્યાં પ્રધાનભૂત ફલાત્મક ધાત્વર્થ ક્રિયા વારંવાર કરાય છે, ત્યાં ધાત્વર્થ ફલાત્મક ક્રિયામાં आभीक्ष्ण्य મનાય છે. पच् ધાત્વર્થ વિક્લૃત્યનુકૂલ વ્યાપાર છે. ધાત્વર્થ વિક્લૃતિ અહીં પ્રધાન ફલાત્મક ક્રિયા છે; અને તદનુકૂલ અગ્નિપ્રજ્વાલનાદિથી ભાજન અધઃ સ્થાપન સુધીની અવાન્તર ક્રિયા અહીં ગુણભૂત - વ્યાપારાત્મિકા છે. એતાદૃશ અવાન્તર ક્રિયાઓની વચ્ચે સ્નાનાદિ કોઈ બીજી ક્રિયા કરાતી ન હોય અથવા તે ક્રિયાઓ સાવધાની પૂર્વક કરાતી હોય તો તે ગુણભૂત ક્રિયાઓને भृश (भृशत्वविशिष्ट) કહેવાય છે. તેમજ સ્નાનાદિ ક્રિયા કર્યા વિના પ્રધાન ભૂત ફલાત્મક ક્રિયા વારંવાર કરાય છે ત્યારે તે ફલાત્મક વિક્લૃતિ સ્વરૂપ ધાત્વર્થ પ્રધાન ક્રિયામાં આભીક્ષ્ણ્ય મનાય છે... ઈત્યાદિ ગ્રન્થાશયને અધ્યાપક પાસેથી સમજી લેવો જોઈએ. भृशमभीक्ष्णं वा पचति આ અર્થમાં વ્યઞ્જનાદિ એકસ્વરી पच् ધાતુને આ સૂત્રથી यङ् (य) પ્રત્યય, पच् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. (જુઓ सू.नं. ३-४-५) 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં अ ને आ આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન पापच्य ધાતુને 'इङितः० ३-३-२२' ની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી पापच्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર અથવા બીજી ક્રિયા કર્યા વિના સારી રીતે રાંધે છે.

व्यञ्जनादेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भृशाऽऽभीक्ष्ण्य વિશિષ્ટ ક્રિયાના વાચક એકસ્વરી વ્યઞ્જનાદિ જ ધાતુને વિકલ્પથી यङ् (य) પ્રત્યય થાય છે. તેથી भृशमीक्षते અહીં भृशत्वविशिष्ट ક્રિયાના વાચક એકસ્વરી સ્વરાદિ ईक्ष् ધાતુને આ સૂત્રથી यङ् પ્રત્યય થતો નથી. જેથી તાદૃશ વાક્ય જ રહે છે. અર્થ - વારંવાર અથવા બીજી ક્રિયા કર્યા વિના જુવે છે. एकस्वरादिति किम् ? = આ સૂત્રથી

ઉપર જણાવ્યા મુજબ भृशाऽऽभीक्ष्ण्य વિશિષ્ટ ક્રિયાર્થક વ્યઞ્જનાદિ એક સ્વરી જ ધાતુને यङ् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી भृशं चकास्ति અહીં भृशत्व વિશિષ્ટ તાદૃશ ક્રિયાર્થક વ્યઞ્જનાદિ અનેક સ્વરી चकास् ધાતુને આ સૂત્રથી यङ् પ્રત્યય થતો નથી. અર્થ - સારી રીતે શોભે છે. वेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भृशाऽऽभीक्ष्ण्य વિશિષ્ટ તાદૃશ ક્રિયાર્થક વ્યઞ્જનાદિ એકસ્વરી ધાતુને વિકલ્પથી જ यङ् પ્રત્યય થાય છે. (નિત્ય નહીં) તેથી लुनीहि लुनीहीत्येवायं लुनाति આ પ્રમાણે તાદૃશ भृशाऽऽभीक्ष्ण्य વિશિષ્ટ ક્રિયાર્થક लू ધાતુને यङ् પ્રત્યયના વિકલ્પ પક્ષમાં 'भृशाऽऽभीक्ष्ण्ये० ५-४-४२' થી हि પ્રત્યય થાય છે. અન્યથા नित्ययङ् ના વિધાનથી એ ન થાત - એ સમજી શકાય છે. અર્થ - કોઈ પણ ક્રિયા કર્યા વિના અથવા સારી રીતે કાપે છે.॥૯॥

## अट्यर्त्ति-सूत्रि-मूत्रि-सूच्यशूर्णोः ३।४।१०॥

भृशत्व વિશિષ્ટ વ્યાપારાત્મક ક્રિયાના વાચક અને આભીક્ષ્ણ્ય વિશિષ્ટ ફલાત્મક ક્રિયાના વાચક अट्; ऋ (२६, ११३५) सूत्र, मूत्र सूच अश् અને ऊर्णु ધાતુને यङ् (य) પ્રત્યય વિકલ્પે થાય છે. भृशमभीक्ष्णं वाऽटति આ અર્થમાં આ સૂત્રથી अट् ધાતુને यङ् (य) પ્રત્યય. 'स्वरादे० ४-१-४' થી ट्य ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસના અનાદિ વ્યઞ્જન य् નો લોપ. अटट्य ધાતુના ट ના अ ને 'आ-गुणा० ४-१-४८' થી आ આદેશ. ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી अटाट्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- અતિશય અથવા વારંવાર ભટકે છે. भृशं पुनः पुन र्वा ऋच्छतीयर्त्ति वा આ અર્થમાં ऋ ધાતુને આ સૂત્રથી यङ् પ્રત્યય. 'क्ययङाशीर्ये ४-३-१०' થી ऋ ને ગુણ अर् આદેશ. ઉપર જણાવ્યા મુજબ र्य ને દ્વિત્વ. અભ્યાસમાં य् નો લોપ. अरर्य ધાતુના र ના अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી अरार्यते

આવો પ્રયોગ થાય છે. અર્થ - અતિશય અથવા વારંવાર મેળવે છે અથવા જાય છે. भृशमभीक्ष्णं वा सूत्रयति मूत्रयति सूचयति वा આ અર્થમાં (सूत्र मूत्र અને सूच ધાતુને 'चुरादिभ्यो० ३-४-१७' થી णिच् પ્રત્યય. 'अतः ४-३-८२' થી अ નો લોપ.) सूत्रि मूत्रि અને सूचि ધાતુને આ સૂત્રથી यङ् પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી इ નો લોપ.(णि નો લોપ). 'सन्-यङश्च ४-१-३' થી सूत्र् मूत्र् અને सूच् ધાતુને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'आ-गुणा०४-१-४८' થી અભ્યાસમાં ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી सोसूत्र्यते मोमूत्र्यते અને सोसूच्यते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અતિશય અથવા વારંવાર ગ્રન્થ રચે છે.. અતિશય અથવા વારંવાર પેશાબ કરે છે.. અતિશય અથવા વારંવાર સૂચના કરે છે. भृशमभीक्ष्णं वाऽश्नाति આ અર્થમાં अश् ધાતુને આ સૂત્રથી यङ् પ્રત્યયાદિ કાર્ય अटाट्यते ની જેમ થવાથી अशाश्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - અતિશય અથવા વારંવાર ખાય છે. અહીં अश् ધાતુ ૧૫૫૮ અને ૧૩૧૪ - આ બંન્ને વિવક્ષિત છે. તેથી भृशमभीक्ष्णं वाऽश्नुते આ અર્થમાં પણ अशाश्यते આવો પ્રયોગ થાય છે. भृशमभीक्ष्णं वा प्रोर्णोति આ અર્થમાં प्र + ऊर्णु ધાતુને આ સૂત્રથી यङ् પ્રત્યય. 'स्वरादे० ४-१-४' થી नु ને દ્વિત્વ. (યદ્યપિ અહીં र्णु ને દ્વિત્વ થવું જોઈએ પરન્તુ 'अयि रः ४-१-६' થી તાદૃશ र् ભાગને દ્વિત્વનો નિષેધ હોવાથી અને દ્વિત્વાત્મક પરકાર્ય કરવાના પ્રસઙ્ગે 'ण-षमसत्० २-१-६०' થી ण् અસદ્ હોવાથી नु ને દ્વિત્વ - આ પ્રમાણે લખ્યું છે.) प्रोर्नुनुय ધાતુના र्नु ના उ ને 'आ-गुणा० ४-१-४८' થી ગુણ ओ આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી र्नु ના न् ને ण् આદેશ. 'र्हादर्ह स्वर० १-३-३१' થી ण् ને દ્વિત્વ. 'दीर्घश्च्वियङ्० ४-३-१०८' થી नु ના उ ને દીર્ઘ ऊ આદેશ થવાથી નિષ્પન્ન प्रोर्ण्णोनूय ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रोर्ण्णोनूयते આવો પ્રયોગ થાય છે. અર્થ - અતિશય અથવા વારંવાર ઢાંકે છે. अट् ऋ અને अश् સ્વરાદિ ધાતુ હોવાથી તેમજ સૂત્ર

मूत्र અને सूच ધાતુ અનેકસ્વરી હોવાથી અને ऊर्णु ધાતુ અનેકસ્વરી તથા અવ્યઞ્જનાદિ હોવાથી પૂર્વ સૂત્ર (३-४-९) થી એ ધાતુઓને यङ् પ્રત્યયની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રનો આરંભ છે. यङ् સહચરિત वा ની પણ અનુવૃત્તિ 'सन्नियोग - शिष्टानां सहैव प्रवृत्तिः सहैव निवृत्तिः' - આ ન્યાયના સામર્થ્યથી આ સૂત્રમાં તેમજ ઉત્તર સૂત્રમાં પણ છે.॥૧૦॥

## गत्यर्थात् कुटिले ३।४।११॥

વ્યઞ્જનાદિ એકસ્વરવાળા ગત્યર્થક ધાતુને કુટિલ (વક્ર) ચાલ અર્થ ગમ્યમાન હોય તો જ यङ् (य) પ્રત્યય વિકલ્પથી થાય છે. ભૃશાऽऽભીક્ષ્ણ્ય વિશિષ્ટ તાદૃશ ગત્યર્થક ધાતુને यङ् પ્રત્યય થતો નથી - આ નિયમનું સ્વારસ્ય છે. ભૃશાऽऽભીક્ષ્ણ્ય વિશિષ્ટ તાદૃશ ગત્યર્થક ધાત્વતિરિક્તત્વ રૂપે સૂ.નં. ३-४-९ ના અર્થમાં સંકોચ ઈષ્ટ છે. कुटिलं क्रामति આ અર્થમાં વ્યઞ્જનાદિ એકસ્વરી તાદૃશ ગત્યર્થક क्रम् ધાતુને આ સૂત્રથી यङ् પ્રત્યય. क्रम् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનોનો લોપ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'मुरतो० ४-१-५१' થી च ની પરમાં मु (म्) નો આગમ ..... વગેરે કાર્યથી નિષ્પન્ન चङ्क्रम्य ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી चङ्क्रम्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વક્ર ચાલે છે. कुटिल इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કુટિલ ચાલ અર્થ ગમ્યમાન હોય તો જ વ્યઞ્જનાદિ એકસ્વરવાળા ગત્યર્થક ધાતુને વિકલ્પથી यङ् પ્રત્યય થાય છે. તેથી भृशं क्रामति અહીં કુટિલતા અર્થ ગમ્યમાન ન હોવાથી તાદૃશ क्रम् ધાતુને આ સૂત્રથી તેમજ નિયમના કારણે 'व्यञ्जनादे० ३-४-९' થી પણ यङ् પ્રત્યય થતો નથી. અર્થ - અતિશય ચાલે છે.॥૧૧॥

## गॄ-लुप-सद-चर-जप-जभ-दश-दहो गर्ह्ये ३।४।१२॥

गॄ लुप् सद् चर् जप् जभ् दश् અને दह् - આ વ્યઞ્જનાદિ એકસ્વરવાળા ધાતુને નિન્દિતક્રિયાર્થકત્વમાં જ વિકલ્પથી यङ् પ્રત્યય થાય છે. भृशाभीक्ष्ण्य વિશિષ્ટ તાદૃશ ક્રિયાર્થક गॄ लुप् सद् चर् जप् जभ् दश् અને दह् ધાતુને यङ् પ્રત્યય થતો નથી - આ નિયમનું સ્વારસ્ય છે. તેથી તદનુરૂપ સૂ.નં. ३-४-९ માં અર્થનો સઙ્કોચ गॄ लुप् વગેરે ધાત્વતિરિક્તત્વ રૂપે છે - એ સમજી શકાય છે. निन्दितम् - निगिरति, लुप्यति, सीदति, चरति, जपति, जम्भते, दशति दहति वा - આ અર્થમાં नि + गॄ लुप् सद् चर् जप् जभ् दश् અને दह् ધાતુને આ સૂત્રથી यङ् (य) પ્રત્યય. गॄ ના ॠ ને 'ॠतां क्ङितीर् ४-४-११६' થી इर् આદેશ. 'सन् - यङश्च ४-१-४' થી गिर् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસના ग् ને 'गहोर्जः ४-१-४०' થી ज् આદેશ. 'आ - गुणा० ४-१-४८' થી जि ના इ ને ગુણ ए આદેશ. 'ग्रो यङि २-३-१०१' થી यङ् ની પૂર્વેના गिर् ના र् ને ल् આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન निजेगिल्य ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યયાદિ કાર્ય થવાથી निजेगिल्यते આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે लुप् ધાતુને દ્વિત્વ, અનાદિવ્યઞ્જનનો અભ્યાસમાં લોપ.. અભ્યાસમાં उ ને ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી लोलुप्यते આવો પ્રયોગ થાય છે. सद् ધાતુને દ્વિત્વ. અનાદિ વ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં स ના अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી सासद्यते આવો પ્રયોગ થાય છે. चर् ધાતુને દ્વિત્વ. અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસના च् ના અન્તે 'चर-फलाम् ४-१-५३' થી मु નો (म् નો) આગમ. चञ्चर्य માં चर् ના अ ને 'ति-चोपान्त्या० ४-१-५४' થી उ આદેશ. તે उ ને 'भ्वादे-र्नामिनो० २-१-६३' થી દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી चञ्चूर्यते આવો પ્રયોગ થાય છે. जप् जभ् दश् અને दह् ધાતુને દ્વિત્વ. અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસના અન્તે 'जप-जभ० ४-१-५२' થી मु નો આગમ વગેરે કાર્ય થવાથી जञ्जप्यते जञ्जभ्यते

दन्दश्यते અને दन्दह्यते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ખરાબ રીતે ખાય છે. ખરાબ રીતે લુપ્ત થાય છે. ખરાબ રીતે દુઃખી થાય છે. ખરાબ રીતે ચાલે છે. ખરાબ રીતે જાપ જપે છે. ખરાબ રીતે બગાસું ખાય છે. ખરાબ રીતે કરડે છે. ખરાબ રીતે બાળે છે.

गर्ह्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गॄ लुप् सद् चर् વગેરે વ્યઞ્જનાદિ - એકસ્વરી ધાતુને ગર્હ્ય ક્રિયાર્થકત્વમાં જ વિકલ્પથી यङ् પ્રત્યય થાય છે. તેથી साधु जपति અને भृशं निगिरति અહીં ગર્હ્ય અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી जप् ધાતુને અને नि+गॄ ધાતુને यङ् પ્રત્યય થતો નથી. અર્થક્રમશઃ - સારી રીતે જપે છે. વારંવાર ખાય છે. અહીં 'व्यञ्जनादे० ३-४-९' થી પણ यङ् પ્રત્યય થતો નથી.॥१२॥

## न गृणा-शुभ-रुचः ३।४।१३॥

गॄ (૧૫૩૮) शुभ् અને रुच् ધાતુને यङ् પ્રત્યય થતો નથી. निन्द्यं गृणाति (અહીં 'प्वादे र्ह्रस्वः ४-२-१०५' થી गॄ ના ॠ ને હ્રસ્વ ऋ આદેશ થાય છે.); भृशं शोभते અને भृशं रोचते અહીં गॄ ધાતુને 'गॄ-लुप-सद० ३-४-१२' થી અને शुभ् તથા रुच् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् (य) પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થક્રમશઃ - ખરાબ રીતે બોલે છે. અતિશય શોભે છે. અતિશય ગમે છે. ॥१३॥

## बहुलं लुप् ३।४।१४॥

यङ् પ્રત્યયનો બહુલતયા (મોટા ભાગે) લોપ થાય છે. भृशमभीक्ष्णं वा भवति આ અર્થમાં भू ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन्-यङश्च ४-१-३' થી भू ધાતુને દ્વિત્વ. 'द्वितीयतुर्ययोः० ४-१-४२' થી અભ્યાસના भ् ને ब् આદેશ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસના ऊ

ને ગુણ ओ આદેશ. बोभूय ધાતુને ते પ્રત્યયાદિ કાર્ય થવાથી बोभूयते આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી यङ् પ્રત્યયનો લોપ થયા બાદ बोभू ધાતુને तिव् પ્રત્યય. 'यङ्-तु-रु० ४-३-६४' થી तिव् પ્રત્યયની પૂર્વે ई પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી भू ના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી बोभवीति આવો પ્રયોગ થાય છે. અર્થ - અતિશય અથવા વારંવાર થાય છે. આ સૂત્રથી બહુલતયા જ यङ् પ્રત્યયનો લોપ થતો હોવાથી लोलूया અને पोपूया અહીં लू અને पू ધાતુને ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન लोलूय અને पोपूय ધાતુને 'शंसि प्रत्ययात् ५-३-१०५' થી अ પ્રત્યય. 'अतः ४-३-८२' થી य ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી સ્ત્રીલિઙ્ગમાં लोलूया અને पोपूया આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી यङ् પ્રત્યયનો લોપ થતો નથી. અર્થક્રમશઃ - વારંવાર અથવા અતિશય કાપવું. વારંવાર અથવા અતિશય પવિત્ર કરવું.॥૧૪॥

## अचि ३।४।१५॥

अच् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના यङ् પ્રત્યયનો લોપ થાય છે. चि અને नी ધાતુને यङ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન चेचीय ("दीर्घश्च्वि० ४-३-१०८' થી चि ના इ ને દીર્ઘ ई આદેશ.) અને नेनीय (જુઓ સૂ.નં. ૩-૪-૧૪) ધાતુને 'अच् ५-१-४९' થી કર્ત્તામાં अच् (अ) પ્રત્યય. આ સૂત્રથી यङ् નો લોપ. 'योनेकस्वरस्य २-१-५६' થી ई ને य् આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન चेच्य અને नेन्य નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી चेच्यः અને नेन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - અતિશય ભેગું કરનાર. અતિશય લઈ જનાર. પૂર્વ (૩-૪-૧૪) સૂત્રથી સામાન્યતઃ यङ् પ્રત્યયનો વિકલ્પથી લોપ સિદ્ધ જ છે, નિત્ય લોપ માટે આ સૂત્રનો આરંભ છે. ॥૧૫॥

## नोतः ३।४।१६॥

अच् प्रत्यय પરમાં હોય તો તેની પૂર્વેના उकारान्त ધાતુથી વિહિત यङ् પ્રત્યયનો લોપ થતો નથી. रु ધાતુને यङ् પ્રત્યયાદિ (જુઓ સૂ.નં. ૩-૪-૧૫ માં चेचीय) કાર્યથી નિષ્પન્ન रोरूय ધાતુને 'अच् ૫-૧-૪૯' થી अच् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન रोरूय નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી रोरूयः આવો પ્રયોગ થાય છે. અહીં उकारान्त रु ધાતુથી વિહિત यङ् પ્રત્યયના લોપની 'अचि ३-४-१५' થી પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થ - અતિશય અવાજ કરનાર . ॥૧૬॥

## चुरादिभ्यो णिच् ३।४।१७॥

चुरादि (૧૦ મા) ગણપાઠમાંના चुर् વગેરે (૧૫૬૮ થી ૧૯૪૦) ધાતુને સ્વાર્થમાં (પોતાના જ અર્થમાં) णिच् (इ) પ્રત્યય થાય છે. चुर् અને पद ધાતુને આ સૂત્રથી णिच् પ્રત્યય. 'लघोरुपान्त्यस्य ४-३-४' થી चुर् ધાતુના उ ને ગુણ ओ આદેશ. 'अतः ४-३-८२' થી पद ધાતુના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન चोरि અને पदि ધાતુને અનુક્રમે વર્ત્તમાનાનો तिव् અને ते પ્રત્યયાદિ કાર્ય થવાથી चोरयति અને पदयते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ચોરી કરે છે. જાય છે. ॥૧૭॥

## युजादे र्नवा ३।४।१८॥

युज् આદિ ગણપાઠમાંના (૧૯૪૧ થી ૧૯૮૧) युज् વગેરે ધાતુને સ્વાર્થમાં णिच् (इ) પ્રત્યય વિકલ્પથી થાય છે. युज् અને सह् ધાતુને આ સૂત્રથી णिच् પ્રત્યય. युज् ધાતુના ઉપાન્ત્ય उ ને 'लघोरु० ४-३-४' થી ગુણ ओ આદેશ. 'ञ्णिति ४-३-५०' થી सह् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશથી નિષ્પન્ન योजि અને साहि ધાતુને વર્ત્તમાનાનો तिव्

પ્રત્યય વગેરે કાર્ય થવાથી योजयति અને साहयति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી णिच् પ્રત્યય ન થાય ત્યારે युज् અને सह् ધાતુને तिव् પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्यन० ૩-૪-૭૧' થી शव् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી योजति અને सहति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - જોડે છે. ક્ષમા કરે છે. ॥૧૮॥

## भूङः प्राप्तौ णिङ् ३।४।१९॥

પ્રાપ્તિ અર્થના વાચક भू ધાતુને (સ્વાર્થમાં) णिङ् (इ) પ્રત્યય વિકલ્પથી થાય છે. णिङ् પ્રત્યય ङित् હોવાથી અને भूङः આ પ્રમાણે સૂત્રમાં ङित् નિર્દેશ હોવાથી પ્રાપ્ત્યર્થક भू ધાતુને णिङ् પ્રત્યય થાય ત્યારે અને વિકલ્પપક્ષમાં णिङ् પ્રત્યય ન થાય ત્યારે પણ भू ધાતુને કર્ત્તામાં 'इङितः० ૩-૩-૨૨' થી આત્મનેપદ થાય છે. भूङ् (भू) ધાતુને આ સૂત્રથી णिङ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી અન્ત્ય ऊ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી भावि ધાતુને વર્ત્તમાનાનો આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી भावयते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી णिङ् પ્રત્યય ન થાય ત્યારે भू + ते આ અવસ્થામાં ते પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्यन० ૩-૪-૭૧' થી शव् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી भवते આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કરે છે. प्राप्ताविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત્યર્થક જ भूङ् ધાતુને વિકલ્પથી णिङ् પ્રત્યય થાય છે. તેથી भवति અહીં સત્તાર્થક भू ધાતુને આ સૂત્રથી णिङ् પ્રત્યય થતો નથી. અર્થ - છે. ॥૧૯॥

## प्रयोक्तृव्यापारे णिग् ३।४।२०॥

ક્રિયા કરનારને પ્રેરણા કરનાર વ્યક્તિને પ્રયોક્તા કહેવાય છે. પ્રયોક્તાના વ્યાપાર સ્વરૂપ અર્થના અભિધાન માટે ધાતુને णिग् (इ)

પ્રત્યય વિકલ્પથી થાય છે. कुर्वन्तं प्रेरयति આ અર્થમાં कृ ધાતુને આ સૂત્રથી णिग् પ્રત્યય. 'नामिनोऽकलि० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી कारयति આવો પ્રયોગ થાય છે. અર્થ - કરાવે છે. (અહીં कश्चित् करोति तं प्रयुङ्क्ते अन्यः प्रेषणादिना - આ તાત્પર્યાર્થ છે.) भिक्षा वासयति અહીં वस् ધાતુને આ સૂત્રથી णिग् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી वस् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી वासयति આવો પ્રયોગ થાય છે. અર્થ - ભિક્ષા વસાવે છે. (અહીં भिक्षुको वर्तते तं प्रेरयति भिक्षा निमित्तत्वेन આ તાત્પર્ય છે.) राजानमागमयति અહીં आङ् + गम् ધાતુને આ સૂત્રથી णिग् પ્રત્યય. ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'अमोऽकम्य० ૪-૨-૨૬' થી आ ને હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી आगमयति આવો પ્રયોગ થાય છે. (અહીં राजा आगच्छति तं प्रेरयति आख्यानेन આ ભાવ છે.) અર્થ - રાજાને પોતાની પાસે લાવે છે. कंसं घातयति અહીં हन् ધાતુને આ સૂત્રથી णिग् પ્રત્યય. 'ञ्णिति० ૪-૩-૧૦૦' થી हन् ધાતુને घात् આદેશ. घाति ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી घातयति આવો પ્રયોગ થાય છે. અર્થ - કંસને મરાવે છે. (અહીં कंसं हन्ति कश्चित् तं प्रेरयति अभिनयेन - આ તાત્પર્યાર્થ છે.) पुष्येण चन्द्रं योजयति અહીં આ સૂત્રથી युज् ધાતુને णिग् પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી योजयति આવો પ્રયોગ થાય છે. અર્થ - જ્યોતિષી જ્ઞાનદ્વારા પુષ્યનક્ષત્રની સાથે ચંદ્રનો યોગ કરાવે છે. उज्जयिन्याः प्रस्थितो माहिष्मत्यां सूर्यमुद्गमयति અહીં उद्+गम् ધાતુને આ સૂત્રથી णिग् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી उद्गमयति આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉજ્જયિનીથી નીકળેલો માહિષ્મતીમાં સૂર્યને ઉગાડે છે. (અહીં सूर्य उद्गच्छति तं माहिष्मती प्राप्त्या प्रेरयति - આ તાત્પર્ય છે.) प्रेषण अध्येषण निमित्त आख्यान अभिनय ज्ञान અને प्राप्ति - આ સાત પ્રકારે પ્રયોક્તાનો વ્યાપાર છે.प्रेषण અને अध्येषण - આ બંન્ને માટે कारयति - આ એક

ઉદાહરણ છે. બીજાનો તિરસ્કાર કરવા પૂર્વકના તાદૃશ વ્યાપારને प्रेषण કહેવાય છે. અને સત્કાર પૂર્વકના તાદૃશ વ્યાપારને अध्येषण કહેવાય છે... ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી સમજી લેવું. આ સૂત્રથી વિહિત णिग् प्रत्यय વિકલ્પપક્ષમાં ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ વાક્યનો પ્રયોગ થાય છે. ॥૨૦॥

## तुमर्हादिच्छायां सन्नतत्सनः ३।४।२१॥

જે ધાતુનો અર્થ ઈચ્છાર્થક ધાતુનું કર્મ છે, તેમજ એ ધાતુનો અને ઈચ્છાર્થક ધાતુનો કર્ત્તા એક જ હોય તો તે ધાતુને तुमर्ह કહેવાય છે. એ तुमर्ह ધાતુ ઈચ્છાર્થક सन् પ્રત્યયાન્ત ન હોય તો तुमर्ह ધાતુને ઈચ્છાર્થમાં सन् (स) પ્રત્યય વિકલ્પથી થાય છે. कर्त्तुमिच्छति આ અર્થમાં ઈચ્છાર્થક इष् ધાતુનું कर्म कृ ધાત્વર્થ છે તેમજ इष् અને कृ ધાતુનો कर्त्ता એક જ છે. તેથી અહીં तुमर्ह ધાતુ कृ ધાતુ છે. તેથી कृ ધાતુને આ સૂત્રથી सन् પ્રત્યય. 'नाम्िनो० ૪-૩-૩૩' થી सन् પ્રત્યયને किद्वद् ભાવ (અર્થાત્ તેને किद् માનીને ગુણાભાવાદિ - કાર્ય.) 'स्वर-हन० ૪-૧-૧૦૪' થી कृ ના ऋ ને દીર્ઘ ॠ આદેશ. ॠ ને 'ॠतां क्ङितीर् ૪-૪-૧૧૬' થી इर् આદેશ. किर्+स આ અવસ્થામાં 'सन्यङश्च ૪-૧-૩' થી किर् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'कङश्चञ् ૪-૧-૪૬' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'भ्वादेर्नामि० ૨-૧-૬૩' થી किर् ના इ ને દીર્ઘ ई આદેશ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન चिकीर्ष ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી चिकीर्षति આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે गन्तुमिच्छति આ અર્થમાં तुमर्ह गम् ધાતુને આ સૂત્રથી ઈચ્છાર્થમાં सन् પ્રત્યય. गम् ધાતુને દ્વિત્વ. અનાદિવ્યઞ્જનનો લોપ. 'गहो र्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯' થી ज ના अ ને इ આદેશ. 'गमोऽनात्मने ૪-૪-૫૧' થી सन्

ની પૂર્વે इट् પ્રત્યય... વગેરે કાર્યથી નિષ્પન્ન जिगमिष ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી जिगमिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કરવાની ઈચ્છા કરે છે. જવાની ઈચ્છા કરે છે.

तुमर्हादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तुमर्ह ધાતુ ઈચ્છાર્થક सन् પ્રત્યયાન્ત ન હોય તો तुमर्ह જ ધાતુને ઈચ્છાર્થમાં सन् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી જે ધાતુનો અર્થ ઈચ્છાર્થક ધાતુનું કર્મ નથી એવા ધાતુને અથવા ઈચ્છાર્થક ધાતુનો કર્ત્તા જે મૂળ ધાતુનો કર્ત્તા નથી એવા ધાતુને આ સૂત્રથી ઈચ્છાર્થમાં सन् પ્રત્યય થતો નથી. દા. ત. यानेनेच्छति અહીં या ધાતુને અને भुक्तिमिच्छति मैत्रस्य અહીં भुज् ધાતુને આ સૂત્રથી सन् પ્રત્યય થતો નથી. કારણ કે અહીં या ધાત્વર્થ ઈચ્છાર્થક ધાતુનું કર્મ નથી. અને भुज् ધાત્વર્થ કર્ત્તા मैत्र ઈચ્છાર્થક ધાતુનો કર્ત્તા નથી. તેથી તે બંન્ને ધાતુઓ तुमर्ह નથી - એ સમજી શકાય છે. અર્થક્રમશઃ - ગમનક્રિયાથી ઈચ્છે છે. મૈત્રના ભોજનને (मैत्र ખાય એમ) ઈચ્છે છે.

इच्छायामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઈચ્છાર્થક सन् પ્રત્યયાન્ત तुमर्ह ધાતુ ન હોય તો તે तुमर्ह ધાતુને ઈચ્છાર્થમાં જ सन् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી भोक्तुं याति અહીં तुमर्ह भुज् ધાતુને ગમન અર્થમાં આ સૂત્રથી सन् પ્રત્યય થતો નથી. અર્થ- ખાવાં માટે જાય છે. અહીં ખાવાની ઈચ્છારૂપ અર્થ પણ પ્રતીત થતો હોવાથી અને इच्छायाम् આ પદના અભાવમાં तुमर्ह ની વ્યાખ્યા પણ જે ધાત્વર્થ અન્યધાત્વર્થનું કર્મ છે.... ઈત્યાદિ હોવાથી અહીં भुज् ધાતુ तुमर्ह છે- એ સમજી શકાય છે.

अतत्सन इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तुमर्ह ધાતુ ઈચ્છાર્થક सन् પ્રત્યયાન્ત ન હોય તો જ તે तुमर्ह ધાતુને ઈચ્છાર્થમાં सन् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી चिकिर्षितुमिच्छति આ અર્થમાં तुमर्ह चिकीर्ष ધાતુને; તે ઈચ્છાર્થક सन् પ્રત્યયાન્ત ધાતુ હોવાથી આ સૂત્રથી ઈચ્છાર્થમાં सन् પ્રત્યય થતો નથી. અર્થ-. કરવાની ઈચ્છા

કરવાની ઈચ્છા કરે છે.

तदिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तुमर्ह ધાતુ ઈચ્છાર્થક જ सन् પ્રત્યયાન્ત (सन् પ્રત્યયાન્ત માત્ર નહીં) ન હોય તો તે तुमर्ह ધાતુને ઈચ્છાર્થમાં सन् પ્રત્યય થાય છે. તેથી जुगुप्सितुमिच्छति આ અર્થમાં સ્વાર્થિક सन् પ્રત્યયાન્ત પણ तुमर्ह जुगुप्स ધાતુને આ સૂત્રથી सन् પ્રત્યયાદિ કાર્ય થવાથી जुगुप्सिषते આવો પ્રયોગ થાય છે. અર્થ - નિન્દા કરવાની ઈચ્છા કરે છે. અહીં जुगुप्स+स+अ+ते આ અવસ્થામાં 'अतः ૪-૩-૮૨' થી जुगुप्स ધાતુના अ નો લોપ. 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી जुगुप्स ના અન્તે इट् નો પ્રત્યય વગેરે કાર્ય થાય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે प्रत्येतुमिच्छति આ અર્થમાં प्रति+इ ધાતુને આ સૂત્રથી सन् (स) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન प्रति+इ+ष આ અવસ્થામાં 'स्वरादे० ૪-૧-૪' થી ष ને દ્વિત્વ. અભ્યાસમાં अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી प्रतिषिषति આવો પ્રયોગ થાય છે. અહીં सन् નો स અકારાન્ત હોવાથી તેને જ દ્વિત્વ થાય છે. અન્યથા इस् ને દ્વિત્વ થાત. આ सन् માં અકાર ગ્રહણનું ફળ છે. ॥૨૧॥

### द्वितीयायाः काम्यः ३।४।२२॥

द्वितीयान्त નામને ઈચ્છાર્થમાં વિકલ્પથી काम्य પ્રત્યય થાય છે. इममिच्छति આ અર્થમાં द्वितीयान्त इदम् નામને આ સૂત્રથી काम्य પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી इदम् નામ સમ્બન્ધી द्वितीयाનો લોપ. इदंकाम्य ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી इदंकाम्यति આવો પ્રયોગ થાય છે. અર્થ- આની ઈચ્છા કરે છે. द्वितीयाया इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वितीयान्त જ નામને ઈચ્છાર્થમાં વિકલ્પથી काम्य પ્રત્યય થાય છે. તેથી इष्टः पुत्रः અહીં પ્રથમાન્ત पुत्र નામને આ સૂત્રથી काम्य પ્રત્યય થતો નથી. અર્થ - ઈચ્છાનો વિષય પુત્ર છે. ॥૨૨॥

## अमाव्ययात् क्यन् च ३।४।२३॥

म् છે અન્તમાં જેનાં એવાં નામને અને અવ્યયને છોડીને અન્ય દ્વિતીયાન્ત નામને ઈચ્છાર્થમાં વિકલ્પથી क्यन् (य) અને काम्य પ્રત્યય થાય છે. पुत्रमिच्छति આ અર્થમાં દ્વિતીયાન્ત पुत्र નામને આ સૂત્રથી क्यन् અને काम्य પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. 'क्यनि ४-३-११२' થી क्यन् પ્રત્યયની પૂર્વેના पुत्र નામના अ ને દીર્ઘ ई આદેશ.... વગેરે કાર્યથી નિષ્પન્ન पुत्रीय અને पुत्रकाम्य ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી पुत्रीयति અને पुत्रकाम्यति આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - પુત્રની ઈચ્છા કરે છે.

अमाव्ययादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ मान्त નામને અને अव्यय ને છોડીને જ અન્ય દ્વિતીયાન્ત નામને વિકલ્પથી काम्य અને क्यन् પ્રત્યય થાય છે. इदमिच्छति અને स्वरिच्छति અહીં દ્વિતીયાન્ત इदम् આ મકારાન્ત નામને અને स्वर् આ અવ્યયને આ સૂત્રથી क्यन् અને काम्य પ્રત્યય થતો નથી. અર્થક્રમશઃ- આને ઈચ્છે છે. સ્વર્ગને ઈચ્છે છે.

આ સૂત્રમાં च નું ગ્રહણ काम्य પ્રત્યયના સમુચ્ચય માટે છે. આશય એ છે કે જો આ સૂત્રમાં च નું ગ્રહણ કર્યું ન હોત તો આ સૂત્ર काम्य પ્રત્યયનો બાધ કરીને પરત્વાદ્ क्यन् પ્રત્યયનું જ વિધાન કરત. આ સૂત્રમાં अमाव्ययात् આ પદનું ઉપાદાન હોવાથી સૂ. નં. ३-४-२२ થી मान्त અને अव्ययात्मक દ્વિતીયાન્ત નામને काम्य પ્રત્યયના વિધાનનો અવકાશ હોવાથી તે વ્યર્થ નહીં બને. પરન્તુ पुत्रमिच्छति આ સ્થાને पुत्रकाम्यति આવો પ્રયોગ થાત નહીં. તેથી આ સૂત્રમાં 'च' નું ગ્રહણ કર્યું છે. જેથી पुत्रकाम्यति આવો પ્રયોગ સિદ્ધ થાય છે. તેમજ इदमिच्छति અને स्वरिच्छति આ અર્થમાં આ સૂત્રથી काम्य અને क्यन् પ્રત્યય ન થાય તો પણ પૂર્વ (૩-૪-૨૨) સૂત્રથી काम्य પ્રત્યય થવાથી इदंकाम्यति *અને स्वः काम्यति આવો પ્રયોગ થાય છે. ... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય*

છે. ॥૨૩॥

### आधाराच्चोपमानादाऽऽचारे ३।४।२४॥

म् જેનાં અન્તમાં છે એવા નામને તેમજ अव्यय ને છોડીને અન્ય દ્વિતીયાન્ત ઉપમાનવાચક નામને અને આધાર વાચક નામને આચારાર્થમાં વિકલ્પથી क्यन् (य) પ્રત્યય થાય છે. पुत्रमिवाचरति छात्रम् અને प्रासाद इवाचरति कुट्याम् આ અર્થમાં ઉપમાન વાચક દ્વિતીયાન્ત पुत्र નામને અને આધાર વાચક प्रासाद નામને આ સૂત્રથી क्यन् (य) પ્રત્યયાદિ કાર્ય (જુઓ सू. नं. ३-४-२३) થવાથી पुत्रीयति च्छात्रम् અને प्रासादीयति कुट्याम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિદ્યાર્થીને પુત્રની જેમ માને છે. ઝુંપડાને મહેલની જેમ માને છે. ॥૨૪॥

### कर्त्तुः क्विप् गल्भ-क्लीब-होडात्तु ङित् ३।४।२५॥

उपमान વાચક કર્તૃવાચક નામને આચારાર્થમાં વિકલ્પથી क्विप् (०) પ્રત્યય થાય છે; गल्भ क्लीब અને होड નામને વિહિત એ क्विप् પ્રત્યય ङित् મનાય છે. (જેથી તદન્ત गल्भ क्लीब અને होड ધાતુને 'इङितः० ३-३-२२' થી કર્ત્તામાં આત્મનેપદ થાય છે.) अश्व इवाचरति આ અર્થમાં अश्व નામને આ સૂત્રથી क्विप् (०) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अश्व ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી अश्वति આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘોડાની જેમ આચરણ કરે છે. गल्भ इवाचरति, क्लीब इवाचरति અને होड इवाचरति આ અર્થમાં गल्भ क्लीब અને होड નામને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङित् क्विप् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गल्भ क्लीब અને होड ધાતુને આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી गल्भते क्लीबते અને होडते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ધૃષ્ટની જેમ આચરણ કરે છે.નપુંસકની જેમ આચરણ

કરે છે. અનાદર કરનારની જેમ આચરણ કરે છે. ॥૨૫॥

## क्यङ् ३।४।२६॥

કર્ત્રર્થક ઉપમાન વાચક નામને આચારાર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. हंस इव आचरति આ અર્થમાં ઉપમાનવાચક કર્ત્રર્થક हंस નામને આ સૂત્રથી क्यङ् (य) પ્રત્યય. 'दीर्घश्च्वियङ्० ४-३-१०८' થી हंस નામના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ. हंसाय ધાતુને 'इङितः० ३-३-२२' થી આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી हंसायते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં हंस નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય ન થાય ત્યારે 'कर्त्तुः क्विप्० ३-४-२५' થી क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી हंसति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં क्विप् પ્રત્યય પણ ન થાય ત્યારે વાક્ય રહે છે. અર્થ- હંસની જેમ આચરણ કરે છે. ॥૨૬॥

## सो वा लुक् च ३।४।२७॥

स् છે અન્તમાં જેનાં એવા ઉપમાનવાચક કર્ત્રર્થક નામને વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. અને ત્યારે નામના અન્ત્ય स् નો વિકલ્પથી લોપ થાય છે. पय इवाचरति આ અર્થમાં સાન્ત તાદૃશ पयस् નામને આ સૂત્રથી क्यङ् (य) પ્રત્યય; અને અન્ત્ય स् નો લોપ. 'दीर्घश्च्वि० ४-३-१०८' થી पयस् નામના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી पयायते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં स् નો લોપ ન થાય ત્યારે पयस्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- દુધની જેમ આચરણ કરે છે. ॥૨૭॥

## ओजोऽप्सरसः ३।४।२८॥

ओजस् અને अप्सरस्-આ કર્ત્રર્થક ઉપમાનવાચક નામને આચારાર્થમાં વિકલ્પથી क्यङ् (य) પ્રત્યય થાય છે. અને ત્યારે તે બંન્ને નામના અન્ત્ય स् નો નિત્ય લોપ થાય છે. ओज इवाचरति અને अप्सरा इवाचरति આ અર્થમાં ओजस् અને अप्सरस् નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય; અને તેની પૂર્વેના અન્ત્ય स् નો લોપ. 'दीर्घश्च्वि० ४-३-१०८' થી નામના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી ओजायते અને अप्सरायते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શક્તિ જેવું કરે છે. અપ્સરા જેવું કરે છે. ॥૨૮॥

## च्व्यर्थे भृशादेः स्तोः ३।४।२९॥

भृशादि ગણપાઠમાંના भृश વગેરે કર્ત્રર્થક નામોને च्वि પ્રત્યયના અર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. અને ત્યારે भृश વગેરે નામના અન્ત્ય स् અને त् નો લોપ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે - भृशादि कर्त्रर्थक નામોને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च्व्यर्थ માં क्यङ् પ્રત્યયનું વિધાન હોવાથી અહીં करोत्यर्थ विशिष्ट प्रागतत्तत्त्व સ્વરૂપ च्व्यर्थ માં क्यङ् પ્રત્યય થતો નથી. પરન્તુ भवत्यर्थ विशिष्ट જ તાદૃશ च्व्यर्थ માં આ સૂત્રથી क्यङ् પ્રત્યયનું વિધાન છે. अभृशो भृशो भवति, अनुन्मना उन्मना भवति અને अवेहद् वेहद् भवति આ અર્થમાં भृशादि ગણપાઠમાંના भृश, उन्मनस् અને वेहत् નામને આ સૂત્રથી च्व्यर्थ માં क्यङ् (य) પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રથમાનો લોપ. (આ રીતે સૂ.નં. ૩-૪-૨૫.... વગેરેમાં પણ પ્રથમાનો લોપ યથાસમ્ભવ વિચારવો.) આ સૂત્રથી उन्मनस् અને वेहत् નામના અન્ત્ય स् નો અને त् નો લોપ. क्यङ् ની પૂર્વેના અન્ત્ય अ ને 'दीर्घश्च्वि० ४-३-१०८' થી દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી भृशायते, उन्मनायते અને वेहायते

આવો  પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અનતિશય અતિશય થાય છે. સારા મન વગરનો સારામનવાલો થાય છે. જે ગર્ભઘાતિની ન હતી તે ગર્ભઘાતિની થાય છે. પૂર્વે જેનો અભાવ હતો તેનું થવું - એ च्वि પ્રત્યયનો અર્થ છે.

कर्त्तुरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च्वि પ્રત્યયના અર્થમાં કર્ત્રર્થક જ भृशादि ગણપાઠમાંના નામને વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. તેથી अभृशं भृशं करोति આ પ્રમાણેના च्व्यर्थ માં કર્માર્થક भृश નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય થતો નથી. અર્થ - અનતિશય વસ્તુને અતિશય કરે છે. च्व्यर्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भृशादि ગણપાઠમાંનાં भृश વગેરે कर्त्रर्थक નામને च्व्यर्थ માં જ વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. તેથી भृशो भवति અહીં च्व्यर्थ ન હોવાથી આ સૂત્રથી कर्त्रर्थक પણ भृश નામને વિકલ્પથી क्यङ् પ્રત્યય થતો નથી. અર્થ- અતિશય થાય છે. ॥૨૯॥

## डाच् - लोहितादिभ्यः षित् ३।४।३०॥

डाच् પ્રત્યયાન્ત અને लोहितादि ગણપાઠમાંનાં लोहित વગેરે કર્ત્રર્થક નામને  च्व्यर्थ માં વિકલ્પથી षित्-क्यङ् (य) પ્રત્યય થાય છે. આ સૂત્રથી વિહિત क्यङ्ष् પ્રત્યય षित् હોવાથી તદન્તધાતુને 'क्यङ्षो न वा ३-३-४३' થી વિકલ્પથી આત્મનેપદ થાય છે. अपटत् पटद् भवति આ અર્થમાં पटत् નામને 'अव्यक्तानुकरणे० ७-२-१४५' થી डाच् (आ) પ્રત્યય અને पटत् નામને દ્વિત્વ. 'डित्यन्त्य० २-१-११४' થી पटत्पटत् *ના અન્ત્ય સ્વરાદિ अत् નો લોપ. 'डाच्यादौ ७-२-१४९' થી पटत्पट्* નામના त् નો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન पटपटा નામને આ સૂત્રથી क्यङ्ष् (य) પ્રત્યય વગેરે કાર્ય થવાથી पटपटायते અને पटपटायति આવો પ્રયોગ થાય છે. અર્થ - જે पटत् શબ્દ હતો નહીં તે पटत् શબ્દ

થઈ રહ્યો છે. अलोहितो लोहितो भवति આ અર્થમાં लोहितादि ગણપાઠમાંના लोहित નામને આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય. 'दीर्घश्च्वि० ૪-૩-૧૦૮' થી અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશાદિ કાર્ય થવાથી लोहितायते અને लोहितायति આવો પ્રયોગ થાય છે. અર્થ- જે લાલ ન હતું તે લાલ થાય છે.

कर्त्तुरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ डाच् પ્રત્યયાન્ત અને लोहितादि ગણપાઠમાંના लोहित વગેરે કર્ત્રર્થક જ નામને च्व्यर्थ માં क्यङ्ष् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી अपटपटा पटपटा करोति અહીં च्व्यर्थ માં डाच् પ્રત્યયાન્ત પણ कर्मार्थक पटपटा નામને આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય થતો નથી. અર્થ - જે पटत् શબ્દથી યુક્ત ન હતું તેને पटत् શબ્દથી યુક્ત કરે છે. च्व्यर्थ इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च्व्यर्थ માં જ કર્ત્રર્થક डाच् પ્રત્યયાન્ત અને लोहितादि ગણપાઠમાંના लोहित વગેરે નામને क्यङ्ष् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી लोहितो भवति અહીં च्व्यर्थ ન હોવાથી આ સૂત્રથી लोहित નામને क्यङ्ष् પ્રત્યય થતો નથી. અર્થ - લાલ થાય છે.

આ સૂત્રથી डाच् પ્રત્યયાન્ત નામને ઉપર જણાવ્યા મુજબ क्यङ्ष् પ્રત્યયનું વિધાન હોવાથી कृ અને भू ના અનુપ્રયોગમાં જેમ डाच् પ્રત્યય થાય છે, તેમ क्यङ्ष् પ્રત્યયના વિધાનમાં પણ डाच् પ્રત્યય થાય છે.... ઈત્યાદિ અનુસન્ધેય છે. ॥૩૦॥

### कष्ट-कक्ष-कृच्छ्र-सत्र-गहनाय पापे क्रमणे ३।४।३१॥

पाप-વાચક ચતુર્થ્યન્ત कष्ट कक्ष कृच्छ्र सत्र અને गहन નામને क्रमण-प्रवृत्ति અર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. कष्टाय कक्षाय कृच्छ्राय सत्राय गहनाय वा क्रामति આ અર્થમાં ચતુર્થ્યન્ત પાપવાચક कष्ट कक्ष कृच्छ्र सत्र અને गहन નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય. क्यङ् (य) પ્રત્યયની પૂર્વેના अ ને 'दीर्घश्च्वि० ૪-૩-૧૦૮' થી દીર્ઘ आ આદેશ...

વગેરે કાર્ય થવાથી कष्टायते कक्षायते कृच्छ्रायते सत्रायते અને गहनायते આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - પાપ કર્મ માટે પ્રવૃત્તિ કરે છે. चतुर्थीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પાપવાચક ચતુર્થ્યન્ત જ कष्ट कक्ष कृच्छ्र सत्र અને गहन નામને क्रमण અર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે.તેથી रिपुः कष्टं क्रामति આ અર્થમાં દ્વિતીયાન્ત પાપાર્થક कष्ट નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય થતો નથી. અર્થ - શત્રુ પાપ કર્મ કરે છે. पाप इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ચતુર્થ્યન્ત પાપાર્થક જ कष्ट कक्ष कृच्छ्र सत्र અને गहन નામને क्रमण અર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. તેથી कष्टाय तपसे क्रामति આ અર્થમાં ચતુર્થ્યન્ત પણ कष्ट નામ પાપાર્થક ન હોવાથી તેને આ સૂત્રથી क्यङ् પ્રત્યય થતો નથી. અર્થ - કઠિન તપ માટે પ્રવૃત્તિ કરે છે. ॥૩૧॥

### रोमन्थाद् व्याप्यादुच्चर्वणे ३।४।३२॥

વ્યાપ્ય (કર્મ) વાચક रोमन्थ નામને उच्चर्वण અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પથી થાય છે. ખાધેલા તૃણાદિ દ્રવ્યને रोमन्थ કહેવાય છે. ખાધેલા તૃણાદિ દ્રવ્યને ફરીથી મુખમાં લાવી ચાવવું તેને उच्चर्वण કહેવાય છે. रोमन्थायते गौः અહીં रोमन्थमुच्चर्वयति આ અર્થમાં रोमन्थ નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. क्यङ् ની પૂર્વેના अ ને 'दीर्घश्च्वि० ४-३-१०८' થી દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી रोमन्थायते આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાય વાગોળે છે. उच्चर्वण इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યાપ્યવાચક रोमन्थ નામને उच्चर्वण જ અર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. તેથી कीटो रोमन्थं वर्त्तयति અહીં उच्चर्वण અર્થ ન હોવાથી વ્યાપ્ય વાચક પણ रोमन्थ નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય થતો નથી. અર્થ - કીડો વિષ્ટાની ગોળી બનાવે છે. ॥૩૨॥

## फेनोष्म-बाष्प-धूमादुद्वमने ३।४।३३॥

कर्म વાચક फेन ऊष्मन् बाष्प અને धूम નામને उद्वमन અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પથી થાય છે. फेनम् ऊष्माणं बाष्पं धूमं वोद्वमति આ અર્થમાં અનુક્રમે फेन ऊष्मन् बाष्प અને धूम નામને આ સૂત્રથી क्यङ् (य) પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. 'नाम्नो नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ. क्यङ् ની પૂર્વેના अ ને 'दीर्घश्च्वि० ४-३-१०८' થી દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી फेनायते ऊष्मायते बाष्पायते અને धूमायते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ફેણ કાઢે છે. ગરમી કાઢે છે. બાષ્પ કાઢે છે. ધૂમાડો કાઢે છે. ॥૩૩॥

## सुखादेरनुभवे ३।४।३४॥

कर्म વાચક सुखादि ગણપાઠમાંના सुख दुःख વગેરે નામને સાક્ષાત્કાર - અનુભવ અર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. सुखमनुभवति અને दुःखमनुभवति આ અર્થમાં सुख અને दुःख નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. सुख અને दुःख નામના અન્ત્ય अ ને 'दीर्घश्च्वि० ४-३-१०८' થી દીર્ઘ आ આદેશ... વગેરે કાર્ય થવાથી सुखायते અને दुःखायते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સુખ અનુભવે છે. દુઃખ અનુભવે છે.॥३४॥

## शब्दादेः कृतौ वा ३।४।३५॥

कर्म વાચક शब्दादि ગણપાઠમાંના शब्द વગેરે નામને कृति અર્થમાં વિકલ્પથી क्यङ् પ્રત્યય થાય છે. शब्दं करोति અને वैरं करोति આ અર્થમાં शब्द અને वैर નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. शब्द અને वैर નામના અન્ત્ય अ ને 'दीर्घश्च्वि०

૪-૩-૧૦૮' થી દીર્ઘ आ આદેશાદિ કાર્ય થવાથી शब्दायते અને वैरायते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શબ્દ કરે છે. વૈર કરે છે. આ સૂત્રમાં वा પદોપાદાનથી વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ शब्दादि ગણપાઠમાંના शब्द વગેરે નામને આ સૂત્રથી क्यङ् પ્રત્યય ન થાય ત્યારે પ્રયોગાનુસાર 'णिज्बहुलं० ३-४-४२' થી णिच् (इ) પ્રત્યયાદિ કાર્ય થવાથી शब्दयति અને वैरयति આવો પ્રયોગ થાય છે (જુઓ સૂ.નં. ३-४-४२) અને સૂત્રસ્થ वाधिकार થી शब्दं करोति.... ઈત્યાદિ વાક્યનો પણ પ્રયોગ થાય છે. ॥૩૫॥

## तपसः क्यन् ३।४।३६॥

કર્મ વાચક तपस् નામને कृति અર્થમાં વિકલ્પથી क्यन् (य) પ્રત્યય થાય છે. तपः करोति આ અર્થમાં तपस् નામને આ સૂત્રથી क्यन् પ્રત્યય 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. तपस्य ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી तपस्यति આવો પ્રયોગ થાય છે. અર્થ - તપ કરે છે.॥૩૬॥

## नमो-वरिवश्चित्रङोऽर्चा-सेवाऽऽश्चर्ये ३।४।३७॥

કર્મ વાચક अर्चा અર્થવાળા नमस् નામને; કર્મ વાચક सेवा અર્થવાળા वरिवस् નામને અને કર્મ વાચક આશ્ચર્ય અર્થવાળા चित्रङ् (चित्र) નામને कृति અર્થમાં વિકલ્પથી क्यन् પ્રત્યય થાય છે. नमः करोति वरिवः करोति અને चित्रं करोति આ અર્થમાં नमस् वरिवस् અને चित्रङ् (चित्र) નામને આ સૂત્રથી क्यन् (य) પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. 'क्यनि ४-३-११२' થી चित्र નામના અન્ત્ય अ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી नमस्यति वरिवस्यति અને चित्रीयते આવો પ્રયોગ થાય છે. સૂત્રમાં चित्रङ् આ પ્રમાણે ङित् નો નિર્દેશ હોવાથી चित्रीय ધાતુને 'इङितः० ३-३-२२' થી આત્મનેપદ થાય છે. અર્થક્રમશઃ-

નમસ્કાર કરે છે. સેવા કરે છે. આશ્ચર્ય કરે છે. ॥૩૭॥

## अङ्गान्निरसने णिङ् ३।४।३८॥

कर्म વાચક अङ्गार्थक નામને નિરસન (ત્યાગ) અર્થમાં વિકલ્પથી णिङ् પ્રત્યય થાય છે. हस्तौ पादौ वा निरस्यति આ અર્થમાં हस्त અને पाद નામને આ સૂત્રથી णिङ् (इ) પ્રત્યય.'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી हस्त અને पाद નામના અન્ત્યસ્વર अ નો લોપ. हस्ति અને पादि ધાતુને 'इङितः० ३-३-२२' ની સહાયથી આત્મનેપદનો વર્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી हस्तयते અને पादयते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હાથનો (હાથમાં રહેલી વસ્તુનો) ત્યાગ કરે છે. પગનો (પગ નીચેની વસ્તુનો) ત્યાગ કરે છે.॥૩૮॥

## पुच्छादुत्-परि-व्यसने ३।४।३९॥

कर्म વાચક पुच्छ નામને उदसन (ઉપર ફેંકવું) पर्यसन (બધે ફેંકવું;) व्यसन (વધારે ફેંકવું) અને असन (ફેંકવું) અર્થમાં વિકલ્પથી णिङ् પ્રત્યય થાય છે. पुच्छम् उदस्यति पर्यस्यति व्यस्यति अस्यति वा આ અર્થમાં અનુક્રમે उद् + पुच्छ, परि+पुच्छ, वि+पुच्छ અને पुच्छ નામને આ સૂત્રથી णिङ् (इ) પ્રત્યય. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી पुच्छ નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન उत्पुच्छि परिपुच्छि विपुच्छि અને पुच्छि ધાતુને આત્મનેપદનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી ક્રમશઃ उत्पुच्छयते परिपुच्छयते विपुच्छयते અને पुच्छयते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પુચ્છ (પુંછડું) ઉપર ફેંકે છે. પુચ્છ સર્વત્ર ફેંકે છે. પુચ્છ વધારે ફેંકે છે. પુચ્છ ફેંકે છે. ॥૩૯॥

## भाण्डात् समाचितौ ३।४।४०॥

કર્મ વાચક भाण्ड નામને સમાચયન અર્થમાં વિકલ્પથી णिङ् પ્રત્યય થાય છે. सम અને परि ઉપસર્ગથી સમાચયન અર્થ ઘોતિત થાય છે. તેથી भाण्डानि समाचिनोति આ અર્થમાં सम् + भाण्ड અને परि + भाण्ड નામને આ સૂત્રથી णिङ् (इ) પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'त्र्यन्त्यस्व० ७-४-४३' થી भाण्ड નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી सम्भाण्डयते અને परिभाण्डयते આવો પ્રયોગ થાય છે . અર્થ (બંન્નેનો) - વાસણ ભેગા કરે છે. ॥४०॥

## चीवरात् परिधानाऽर्जने ३।४।४१॥

કર્મ વાચક चीवर નામને પરિધાન (પહેરવું) અને अर्जन (મેળવવું) અર્થમાં વિકલ્પથી णिङ् પ્રત્યય થાય છે. चीवरं परिधत्ते અને चीवरं समर्जयति આ અર્થમાં અનુક્રમે परि+चीवर અને सम्+चीवर નામને આ સૂત્રથી णिङ् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી चीवर નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી परिचीवरयते અને संचीवरयते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચીથરું પહેરે છે. ચીથરું મેળવે છે. ॥४१॥

## णिज् बहुलं नाम्नः कृगादिषु ३।४।४२॥

कृग् વગેરે ધાતુના અર્થમાં બહુલતયા नाम ને णिच् (इ) પ્રત્યય વિકલ્પથી થાય છે. मुण्डं करोति અહીં कृ ધાત્વર્થમાં मुण्ड નામને; पटुमाचष्टे અહીં आ+चक्ष् ધાતુના અર્થમાં पटु નામને; वृक्षं रोपयति અહીં रोपि ધાતુના (रुह्+णिग् ધાતુના) અર્થમાં वृक्ष નામને અને कृतं गृह्णाति અહીં ग्रह् ધાત્વર્થમાં कृत નામને આ સૂત્રથી णिच् (इ) પ્રત્યય.

'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી નામના અન્ત્ય સ્વરાદિનો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન मुण्डि पटि वृक्षि અને कृति ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् ની પૂર્વે 'कर्त्तर्यनद्० ३-४-७१' થી शव् વિકરણ પ્રત્યય. 'नामिनो गुणो० ४-३-१' થી इ ને ગુણ ए આદેશ ... વગેરે કાર્ય થવાથી मुण्डयति पटयति वृक्षयति અને कृतयति આવો પ્રયોગ થાય છે. અહીં આટલું વિશેષ સમજી લેવું જોઈએ કે पटु+णिच् આ અવસ્થામાં 'नामिनोऽकलि० ४-३-५१' થી उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન पटाव्+णिच् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય સ્વરાદિ आव् નો લોપ વગેરે કાર્ય થવાથી पटि ધાતુ બને છે. અર્થક્રમશઃ - વિદ્યાર્થીને મુંડે છે. હોશિયારને કહે છે. વૃક્ષ રોપે છે. કરેલી વસ્તુને ગ્રહણ કરે છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુલતયા જ णिच् પ્રત્યય થાય છે. તેથી ક્વચિત् सीताहरणमाचष्टे कंसवधमाचष्टे इन्द्रियाणां जयं करोति ओदनस्य पाकं करोति ઈત્યાદિ સ્થળે પ્રયોગાનુસાર તે તે નામને णिच् પ્રત્યય થતો પણ નથી... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. જિજ્ઞાસુઓએ બૃહદ્વૃત્તિ જોવી જોઈએ. ।।૪૨।।

## व्रताद् भुजि-तन्निवृत्त्योः ३।४।४३।।

શાસ્ત્રમાં વિહિત નિયમને વ્રત કહેવાય છે. भोजन અને भोजनत्याग અર્થના વાચક व्रत નામને कृ વગેરે ધાતુના અર્થમાં બહુલતયા णिच् પ્રત્યય થાય છે. पयसो व्रतं करोति આ અર્થમાં તેમજ सावद्यान्नस्य व्रतं करोति આ અર્થમાં व्रत નામને આ સૂત્રથી णिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી मुण्डयति ની જેમ (જુઓ સૂ.નં. ૩-૪-૪૨) व्रतयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શાસ્ત્રાનુસાર દુધ પીવાનું વ્રત કરે છે. શાસ્ત્રાનુસાર સાવદ્ય (દુષ્ટ) અન્નના ત્યાગનું વ્રત કરે છે. ।।૪૩।।

## सत्यार्थ-वेदस्याः ३।४।४४॥

णिच् પ્રત્યયના યોગમાં सत्य अर्थ અને वेद નામના અન્ત્ય अ ને आ આદેશ થાય છે. सत्यं करोति अर्थं करोति અને वेदमाचष्टे આ અર્થમાં सत्य अर्थ અને वेद નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી દ્વિતીયાનો લોપ. આ સૂત્રથી णिच् ની પૂર્વેના અન્ત્ય अ ને आ આદેશ. 'अर्त्ति-री०४-२-२१' થી णिच् ની પૂર્વે पु (प्) નો આગમ વગેરે કાર્ય થવાથી सत्यापयति अर्थापयति અને वेदापयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સત્ય કરે છે. અર્થ કરે છે. વેદ કહે છે - વેદનું વ્યાખ્યાન કરે છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आ નું વિધાન કર્યું હોવાથી 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી પ્રાપ્ત પણ અન્ત્યસ્વરાદિ નો (आ નો) લોપ આ સૂત્રથી થતો નથી... ॥४४॥

## श्वेताश्वाऽऽश्वतर-गालोडिताऽऽह्वरकस्याऽश्व-तरेतकलुक् ३।४।४५॥

णिच् પ્રત્યયના યોગમાં श्वेताश्व નામના अश्व નો; अश्वतर નામના तर નો; गालोडित નામના इत નો અને आह्वरक નામના क નો લોપ થાય છે. श्वेताश्वमाचष्टे; अश्वतरेणातिक्रामति; गालोडितं करोत्याचष्टे वा અને आह्वरकं करोत्याचष्टे वा આ અર્થમાં श्वेताश्व अश्वतर गालोडित અને आह्वरक નામને 'णिज् बहुलं०३-४-४२' થી णिच् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી अश्व तर इत અને क નો ક્રમશઃ લોપ. श्वेत+णिच्; अश्व+णिच्; गालोड+णिच् અને आह्वर+णिच् આ અવસ્થામાં 'त्र्यन्त्यस्व० ७-४-४३' થી णिच् ની પૂર્વેના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે श्वेतयति अश्वयति गालोडयति અને आह्वरयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- श्वेताश्व નામની વ્યક્તિને કહે છે. યુવક ઘોડાથી પાર થાય છે. ગાયનું લોડન કરે છે અથવા કહે છે (ગાયના પેટમાં હાથ નાંખીને ગાયનો માલિક ગાયની

પ્રસુતિના વખતની તકલીફને દૂર કરવા માટે એવું કરે છે.) ખરાબ ચાલવાલાને કરે છે અથવા કહે છે. ॥૪૫॥

## धातोरनेकस्वरादाम् परोक्षायाः कृभ्वस्ति चानुतदन्तम् ३।४।४६॥

અનેક સ્વરવાળા ધાતુથી પરમાં રહેલા परोक्षा ના (णव् થી महे સુધીના અઢાર પ્રત્યયોના) સ્થાને आम् આદેશ થાય છે; અને તે आम् પ્રત્યયાન્ત ધાતુની પરમાં परोक्षा નો પ્રત્યય છે અન્તમાં જેના એવા कृ भू અને अस् (બીજો ગણ) ધાતુનો અનુપ્રયોગ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે જે પુરુષના જે વચનના परोक्षा ના સ્થાને आम् આદેશ કર્યો છે તે પુરુષ અને તે વચનના જ परोक्षा ના પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. चकास् ધાતુને પરોક્ષાનો णव् (अ) પ્રત્યય. આ સૂત્રથી णव् ના સ્થાને आम् આદેશ; અને चकासाम् ના અન્તે णव् પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થવાથી चकासाञ्चकार (જુઓ સૂ.નં. ૪-૧-૩૮) चकासाम्बभूव (જુઓ સૂ.નં. ૪-૧-૭૦) અને चकासामास આવો પ્રયોગ થાય છે. अस् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી अस् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસના स् નો લોપ.'अस्यादे० ૪-૧-૬૮' થી અભ્યાસના अ ને आ આદેશ... વગેરે કાર્ય થવાથી आस આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી अस् ધાતુનો તાદૃશ અનુપ્રયોગ વિહિત હોવાથી अस् ધાતુને 'अस्ति ब्रुवो० ૪-૪-૧' થી भू આદેશ થતો નથી. અર્થ - દેદીપ્યમાન થયું. अनेकस्वरादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अनेकस्वरी જ ધાતુની પરમાં રહેલા પરોક્ષાના સ્થાને आम् આદેશ થાય છે. અને તદન્ત ધાતુની પરમાં પરોક્ષાનો પ્રત્યય છે અન્તમાં જેના એવા कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. તેથી पच्+णव् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ पच् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં च् નો લોપ... વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ૪-૧-૧)

થવાથી पपाच આવો પ્રયોગ થાય છે. અહીં पच् ધાતુ એકસ્વરી હોવાથી તેનાથી પરમાં રહેલા णव् પ્રત્યયના સ્થાને આ સૂત્રથી आम् આદેશ વગેરે કાર્ય થતું નથી. અર્થ - રાંધ્યું.

अनु विपर्यास-व्यवहितनिवृत्त्यर्थः = આ સૂત્રમાં अनुतदन्तम् આ પ્રમાણે જે अनु નું ગ્રહણ છે - તે आम् પ્રત્યયાન્ત (આદેશાન્ત) ધાતુની પરમાં પરોક્ષાના પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુના પ્રયોગમાં વિપર્યાસ ન થાય અને એ બેની વચ્ચે કોઈનું વ્યવધાન ન રહે - એ માટે છે. તેથી चकासाञ्चकार ના સ્થાને चकारचकासाम् આવો વિપર્યાસ થતો નથી. તેમજ चैत्र ईहाञ्चक्रे આ સ્થાને ईहां चैत्रश्चक्रे આવો વ્યવહિત પ્રયોગ પણ થતો નથી. ईहांचक्रे ની પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૩-૪-૪૮. उक्षांप्रचक्रुर्नगरस्य मार्गान् ... ઈત્યાદિ પ્રયોગોમાં; ધાત્વર્થ ઘોતક (વિશેષક) ઉપસર્ગનું વ્યવધાન મનાતું ન હોવાથી અવ્યવહિતત્વ સ્વરૂપ અનુપ્રયોગનો વ્યાઘાત થતો નથી... એ યાદ રાખવું . ॥૪૬॥

### दयाऽयाऽऽस्-कासः ३।४।४७॥

दय् अय् आस् અને कास् ધાતુની પરમાં રહેલા परोक्षा ના સ્થાને आम् આદેશ થાય છે; અને તદન્ત (आम् છે અન્તમાં જેને) ધાતુની પરમાં પરોક્ષાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. दय् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. આ સૂત્રથી પરોક્ષાના ए પ્રત્યયના સ્થાને आम् આદેશ તથા પરોક્ષા પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ. જેથી दयाञ्चक्रे दयाम्बभूव અને दयामास આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે परा+अय् आस् અને कास् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. તેના સ્થાને આ સૂત્રથી आम् આદેશ તથા ए પ્રત્યયાન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થવાથી અનુક્રમે पलायाञ्चक्रे आसाञ्चक्रे અને कासाञ्चक्रे આવો પ્રયોગ થાય છે. અહીં दय् વગેરે ધાતુ આત્મનેપદના હોવા- છતાં અનુપ્રયોગમાં भू અને अस् ધાતુને પરસ્મૈપદનો પરોક્ષાનો પ્રત્યય

થયો છે. પરન્તુ 'आमः कृगः ૩-૩-૭૫' ની સહાયથી અનુપ્રયોગમાં कृ ધાતુને પરોક્ષાનો આત્મનેપદનો પ્રત્યય થયો છે. (कृ+ए; कृकृ+ए,ककृ+ए, चकृ+ए = चक्रे) 'उपसर्ग० २-३-१००' થી परा ના र् ને ल् આદેશ થાય છે. - એ યાદ રાખવું. અર્થક્રમશઃ- દયા કરી. ભાગી ગયો. બેઠો. સુશોભિત થયો. ॥૪૭॥

## गुरुनाम्यादेरनृच्छूर्णोः ३।४।४८॥

ऋच्छ् અને ऊर्णु ધાતુને છોડીને અન્ય गुरु वर्ण સ્વરૂપ નામી સ્વર છે આદિમાં જેના એવા ધાતુની પરમાં રહેલા परोक्षा ના પ્રત્યયના સ્થાને आम् આદેશ થાય છે; અને ત્યારે તદન્ત ધાતુની પરમાં परोक्षा નો પ્રત્યય જેના અન્તમાં છે એવા कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ પણ થાય છે. દીર્ઘસ્વર; સંયુક્તવ્યઞ્જન પૂર્વેનો વર્ણ; અનુસ્વાર સહિતવર્ણ અને વિસર્ગ સહિત વર્ણ ગુરુ મનાય છે. ईह् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. તેના સ્થાને આ સૂત્રથી आम् આદેશ; તેમજ તદન્ત ईह् ધાતુની પરમાં પરોક્ષાના ए પ્રત્યયાન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થવાથી ईहाञ्चक्रे આવો પ્રયોગ થાય છે. તેમજ પરોક્ષાના પ્રત્યયાન્ત भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થવાથી ईहाम्बभूव અને ईहामास આવો પ્રયોગ થાય છે. અર્થ- ચેષ્ટા (હિતાહિતપ્રાપ્તિપરિહારાનુકૂલ ક્રિયાવિશેષ) કરી.

गुर्विति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋच्छ् અને ऊर्णु ધાતુને છોડીને ગુરુવર્ણ સ્વરૂપ જ નામીસ્વરાદિ ધાતુની પરમાં રહેલા પરોક્ષાના સ્થાને आम् આદેશ તથા તદન્ત ધાતુની પરમાં પરોક્ષાના પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. તેથી इष्+णव् આ અવસ્થામાં લઘુવર્ણ સ્વરૂપ નામીસ્વરાદિ इष् ધાતુની પરમાં રહેલા પરોક્ષાના સ્થાને આ સૂત્રથી आम् આદેશ વગેરે કાર્ય થતું નથી જેથી इयेष આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ. નં. ૪-૧-૩૭) અર્થ- ઈચ્છા

કરી. नामीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋच्छ् અને ऊर्णु ધાતુને છોડીને અન્ય ગુરુવર્ણસ્વરૂપ નામી સ્વરાદિ જ (સ્વરાદિ માત્ર નહીં) ધાતુની પરમાં રહેલા પરોક્ષાના સ્થાને आम् આદેશ તથા તદન્ત ધાતુની પરમાં પરોક્ષાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. તેથી अर्च्+णव् આ અવસ્થામાં ગુરુવર્ણસ્વરૂપ અકારાદિ अर्च् (નામીસ્વરાદિ નહીં) ધાતુની પરમાં રહેલા પરોક્ષાના સ્થાને આ સૂત્રથી आम् આદેશ વગેરે કાર્ય થતું નથી. તેથી आनर्च (જુઓ સૂ. નં. ૪-૧-૬૯ માં आनञ्ज) આવો પ્રયોગ થાય છે. અર્થ- પૂજા કરી.

आदीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋच्छ् અને ऊर्णु ધાતુને છોડીને અન્ય ગુરુ વર્ણ સ્વરૂપ નામીસ્વર જેની આદિમાં જ (મધ્યમાં કે અન્તમાં નહીં) છે, એવા ધાતુની પરમાં રહેલા પરોક્ષાના સ્થાને आम् આદેશ તથા તદન્ત ધાતુની પરમાં પરોક્ષા પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. તેથી नी+णव् આ અવસ્થામાં ગુરુનામ્યન્ત (નામ્યાદિ નહીં) ધાતુ (नी) ની પરમાં રહેલા णव् ના સ્થાને આ સૂત્રથી आम् આદેશાદિ કાર્ય ન થવાથી निनाय આવો પ્રયોગ થાય છે. नी+णव् (अ) આ અવસ્થામાં 'द्विर्धातुः० ૪-૧-૧' થી नी ને દ્વિત્વ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં ई ને હ્રસ્વ इ આદેશ. 'नामिनो० ૪-૩-૫૧' થી ई ને વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી निनाय આવો પ્રયોગ થાય છે. અર્થ- લઈ ગયો. अनृच्छूर्णोरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋच्छ् અને ऊर्णु ધાતુને છોડીને જ અન્ય ગુરુનામી સ્વરાદિ ધાતુની પરમાં રહેલા પરોક્ષા ના સ્થાને आम् આદેશ અને તદન્ત ધાતુની પરમાં પરોક્ષા પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. તેથી ऋच्छ्+णव् અને प्र+ऊर्णु+णव् આ અવસ્થામાં ऋच्छ् અને ऊर्णु ધાતુની પરમાં રહેલા णव् ના સ્થાને આ સૂત્રથી आम् આદેશ વગેરે કાર્ય ન થવાથી आनर्च्छ અને प्रोर्णुनाव આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગયો. સારી રીતે ઢાંક્યું. (आनर्च्छ ની પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૪-૧-૬૯ માં आनञ्ज) प्र+ऊर्णु+णव् આ અવસ્થામાં

'आद्योंऽश० ४-१-२' थी नु ने द्वित्व. 'रषृवर्णा० २-३-६३' थी प्रथम नु ना न् ने ण् आदेश. उपर जणाव्या मुजब द्वितीय नु ना उ ने वृद्धि औ आदेश वगेरे कार्य थवाथी प्रोर्णुनाव आवो प्रयोग थाय छे.॥४८॥

## जागुष-समिन्धे र्न वा ३।४।४९॥

जागृ उष् (५२९) अने सम्+इन्ध् धातुनी परमां रहेला परोक्षाना प्रत्ययना स्थाने विकल्पथी आम् आदेश थांय छे; अने आमन्त ते धातुनी परमां परोक्षाना प्रत्ययान्त कृ भू अने अस् धातुनो अनुप्रयोग थाय छे. जागृ धातुने परोक्षानो णव् (अ) प्रत्यय. आ सूत्रथी णव् ना स्थाने आम् आदेश. 'नामिनो० ४-३-१' थी जागृ ना ऋ ने गुण अर् आदेश. जागराम् नी परमां आ सूत्रथी णव् प्रत्ययान्त कृ भू अने अस् धातुनो अनुप्रयोग थवाथी जागराञ्चकार जागराम्बभूव अने जागरामास आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी णव् ना स्थाने आम् आदेश न थाय त्यारे जजागार (जुओ सू. नं. ४-३-५३) आवो प्रयोग थाय छे. अर्थ- जाग्यो. उष् धातुने परोक्षानो णव् प्रत्यय. णव् प्रत्ययना स्थाने आ सूत्रथी आम् आदेश. 'लघोरु० ४-३-४' थी उ ने गुण ओ आदेश. ओषाम् नी परमां णव् प्रत्ययान्त कृ धातुनो आ सूत्रथी अनुप्रयोग थवाथी ओषाञ्चकार आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी आम् आदेशादि कार्य न थाय तो उवोष आवो प्रयोग थाय छे. (जुओ सू. नं. ४-१-३७) अर्थ- गयो. सम्+इन्ध् धातुने परोक्षानो ए प्रत्यय. तेना स्थाने आ सूत्रथी आम् आदेश तथा तदन्त धातुनी परमां ए प्रत्ययान्त कृ धातुनो अनुप्रयोग थवाथी समिन्धाञ्चक्रे आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी आम् आदेश न थाय त्यारे सम्+इन्ध्+ए आ अवस्थामां 'द्विर्धातुः० ४-१-१' थी धातुने द्वित्व. 'व्यञ्जन० ४-१-४४' थी अभ्यासमां इन्ध् ना न्ध् नो लोप. सम्+इ+इन्ध्+ए आ अवस्थामां 'नो व्यञ्जनस्या० ४-२-४५' थी

न् નો લોપ વગેરે કાર્ય થવાથી समीधे આવો પ્રયોગ થાય છે. અર્થ-પ્રદીપ્ત થયો.॥૪૯॥

## भी-ह्री-भृ-होस्तिव्वत् ३।४।५०॥

भी ह्री भृ અને हु ધાતુની પરમાં રહેલા परोक्षा ના પ્રત્યયના સ્થાને વિકલ્પથી आम् આદેશ થાય છે. તે आम् આદેશ तिव् પ્રત્યયની જેમ મનાય છે. અર્થાત્ तिव् પ્રત્યયની પૂર્વે જેવી રીતે भी ह्री भृ અને हु ધાતુને 'हवः शिति ૪-૧-૧૨' થી દ્વિત્વ થાય છે તેમ आम् આદેશની પૂર્વે પણ દ્વિત્વ થાય છે. आम् અન્તવાળા भी ह्री भृ અને हु ધાતુની પરમાં પરોક્ષા પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. भी ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. णव् ના સ્થાને આ સૂત્રથી तिव् ની જેમ મનાતો आम् આદેશ. 'हवः शिति ૪-૧-૧૨' થી भी ને દ્વિત્વ. અભ્યાસમાં ई ને 'ह्रस्वः ૪-૧-૩૯' થી इ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. 'नामिनो० ૪-૩-૧' થી ई ને ગુણ ए આદેશાદિ કાર્યથી નિષ્પન્ન बिभयाम् ની પરમાં આ સૂત્રથી णव् પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થવાથી बिभयाञ्चकार बिभयाम्बभूव અને बिभयामास આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आम् આદેશ ન થાય ત્યારે भी+णव् આ અવસ્થામાં 'द्विर्धातुः० ૪-૧-૧' થી भी ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં ई ને ह्रस्व इ આદેશ. भ् ને ब् આદેશ. 'नामिनो० ૪-૩-૫૧' થી ई ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી बिभाय આવો પ્રયોગ થાય છે. અર્થ - ભય પામ્યો. આવી જ રીતે ह्री ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. તેના સ્થાને આ સૂત્રથી तिव् ની જેમ મનાતો आम् આદેશ. ह्री ને દ્વિત્વ. અભ્યાસમાં ई ને ह्रस्व इ આદેશ. 'गहो र्जः ૪-૧-૪૦' થી ह् ને ज् આદેશ. ई ને ગુણ ए આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન जिह्रयाम् ની પરમાં આ સૂત્રથી णव् પ્રત્યયાન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થવાથી जिह्रयाञ्चकार આવો

પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आम् આદેશ ન થાય ત્યારે बिभाय ની જેમ जिह्राय આવો પ્રયોગ થાય છે. અર્થ- લજ્જા પામ્યો. भृ ધાતુને णव् પ્રત્યય. णव् ના સ્થાને આ સૂત્રથી तिव् ની જેમ મનાતો आम् આદેશ. भृ ને દ્વિત્વ. અભ્યાસમાં 'ऋतोऽत् ४-१-३८' થી ऋ ને अ આદેશ. તે अ ને 'पृ-भृ-मा० ४-१-५८' થી इ આદેશ. અભ્યાસમાં भ् ને ब् આદેશ. ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્યથી નિષ્પન્ન बिभराम् ની પરમાં આ સૂત્રથી णव् પ્રત્યયાન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થવાથી बिभराञ्चकार આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आम् આદેશ ન થાય ત્યારે भृ+णव् આ અવસ્થામાં 'द्विर्धातुः० ४-१-१' થી भृ ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં ऋ ને अ આદેશ. भ् ને ब् આદેશ. ऋ ને વૃદ્ધિ आर् આદેશ થવાથી बभार આવો પ્રયોગ થાય છે. અર્થ- ધારણ અથવા પોષણ કર્યું. हु ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. णव् પ્રત્યયના સ્થાને આ સૂત્રથી तिव् પ્રત્યયની જેમ મનાતો आम् આદેશ. हु ને દ્વિત્વ. અભ્યાસમાં ह् ને ज् આદેશ. हु ના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન जुहवाम् ની પરમાં આ સૂત્રથી णव् પ્રત્યયાન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થવાથી' जुहवाञ्चकार આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી आम् આદેશ ન થાય ત્યારે उ ને વૃદ્ધિ औ આદેશાદિ કાર્ય થવાથી बभार ની જેમ जुहाव આવો પ્રયોગ થાય છે. અર્થ - હવન કર્યું. ॥૫૦॥

**वेत्तेः कित् ३।४।५१॥**

विद् ધાતુની (૧૦૯૯) પરમાં રહેલા પરોક્ષા પ્રત્યયના સ્થાને आम् આદેશ વિકલ્પથી થાય છે. તે कित् જેવો મનાય છે. અર્થાત્ कित्प्रत्ययाश्रित ગુણાભાવાદિ કાર્ય आम् પ્રત્યયની પૂર્વે પણ થાય છે. आमन्त विद् ધાતુની પરમાં પરોક્ષા પ્રત્યયાન્ત कृ भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે. विद् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. णव् પ્રત્યયના સ્થાને આ

સૂત્રથી किद् જેવો મનાતો आम् પ્રત્યય. आमन्त विद् ધાતુની પરમાં આ સૂત્રથી णव् પ્રત્યયાન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થવાથી विदाञ्चकार આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી आम् આદેશાદિ કાર્ય ન થાય ત્યારે विद्+णव् આ અવસ્થામાં 'द्विर्धातुः० ૪-૧-૧' થી विद् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં द् નો લોપ. 'लघोरुपा० ૪-૩-૪' થી विद् ના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી विवेद આવો પ્રયોગ થાય છે. અર્થ- જાણ્યું.

અહીં યાદ રાખવું જોઈએ કે - वेत्तेरवित् (विद् ધાતુથી વિહિત आम् अवित् મનાય છે) આ પ્રમાણેના વિધાનથી विद् ધાતુની પરમાં રહેલા પરોક્ષાના સ્થાને વિહિત आम् આદેશને સ્થાનિવદ્ભાવ થવાથી अवित् પરોક્ષા સ્વરૂપ એ आमादेश ને 'इन्ध्यसंयो० ૪-૩-૨૧' થી किद् વદ્ભાવ થઈ શકે છે છતાં આ સૂત્રથી किद्वद् ભાવનું વિધાન કરીને એ જણાવાયું છે કે પરોક્ષાના સ્થાને વિહિત आम् આદેશને સ્થાનિવદ્ભાવ થતો નથી. અર્થાત્ તે आम् આદેશમાં પરોક્ષાત્વ નિવૃત્ત હોવાથી તેની પૂર્વેના ધાતુને દ્વિત્વ વગેરે કાર્ય થતું નથી... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું. ॥૫૧॥

## पञ्चम्याः कृग् ३।४।५२॥

विद् (૧૦૯૯) ધાતુની પરમાં રહેલા पञ्चमी (આજ્ઞાર્થ) ના પ્રત્યયના સ્થાને વિકલ્પથી आम् આદેશ થાય છે. એ आम् આદેશ किद्वद् મનાય છે. તેમજ आमन्त विद् ધાતુની પરમાં પઞ્ચમ્યન્ત कृ ધાતુનો (भू અને अस् ધાતુનો નહીં) અનુપ્રયોગ થાય છે. विद् ધાતુને પઞ્ચમીનો तुव् (तु) પ્રત્યય. તેના સ્થાને આ સૂત્રથી आम् આદેશ તેમજ विदाम् ની પરમાં પઞ્ચમ્યન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થવાથી विदाङ्करोतु આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી किद्-आम् આદેશ ન થાય ત્યારે विद्+तु આ અવસ્થામાં 'लघोरुपान्त्यस्य ૪-૩-૪' થી ઉપાન્ત્ય इ ને ગુણ

ए આદેશ વગેરે કાર્ય થવાથી वेत्तु આવો પ્રયોગ થાય છે. અર્થ- જાણે.।।૫૨।।

## सिजद्यतन्याम् ३।४।५३॥

अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુની પરમાં सिच् (स्) પ્રત્યય નિત્ય થાય છે. नी ધાતુને अद्यतनी નો दि (द्) પ્રત્યય. આ સૂત્રથી नी ધાતુની પરમાં सिच् (स्) પ્રત્યય. 'सिचि परस्मै० ૪-૩-૪૪' થી ई ને વૃદ્ધિ ऐ આદેશ. 'अड् धातो० ૪-૪-૨૯' થી ધાતુની આદિમાં ધાતુના અવયવસ્વરૂપ अट् (अ). 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ. 'सःसिज० ૪-૩-૬૫' થી दि ની પૂર્વે ई નો આગમ વગેરે કાર્ય થવાથી अनैषीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - લઈ ગયો.।।૫૩।।

## स्पृश-मृश-कृष-तृप-दृपो वा ३।४।५४॥

अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्पृश् मृश् कृष् तृप् અને दृप् ધાતુને વિકલ્પથી सिच् (स्) પ્રત્યય થાય છે. स्पृश् ધાતુને અદ્યતનીનો दि (द्) પ્રત્યય. 'अड् धातो० ૪-૪-૨૯' થી ધાતુની આદિમાં अट् (अ). 'सः सिज० ૪-૩-૬૫' થી सिच् ની પરમાં અને दि ની પૂર્વે ई નો આગમ. अस्पृश्+सी+त् આ અવસ્થામાં 'स्पृशादि० ૪-૪-૧૧૨' થી ऋ ની પરમાં अ નો આગમ. 'इवर्णा० ૧-૨-૨૧' થી ऋ ને र् આદેશ. 'व्यञ्जनाना० ૪-૩-૪૫' થી अस्प्रश् ના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'यजसृज० ૨-૧-૮૭' થી श् ને ष् આદેશ. 'षढोः कस्सि ૨-૧-૬૨' થી ष् ને क् આદેશ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી सीत् ના स् ને ष् આદેશાદિ કાર્ય થવાથી अस्प्राक्षीत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં ऋ ની પરમાં अ નો આગમ ન થાય ત્યારે अस्पृश्+सीत् આ અવસ્થામાં

'व्यञ्जनाना० ४-३-४५' થી ઉપાન્ત્ય ऋ ને વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી अस्पार्क्षीत् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પ પક્ષમાં सिच् ન થાય ત્યારે अस्पृश् + दि આ અવસ્થામાં दि ની પૂર્વે 'ह-शिटो नाम्यु० ३-४-५५' થી सक् (स) પ્રત્યયાદિ કાર્ય (अस्पृश् + स+त्; अस्पृष्+स+त्; अस्पृक्+स+त् અને अस्पृक् + ष+त्) થવાથી अस्पृक्षत् આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્પર્શ કર્યો. આવીજ રીતે मृश् ધાતુને अद्यतनी નો दि પ્રત્યય. આ સૂત્રથી दि ની પૂર્વે सिच् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अम्राक्षीत् अमार्क्षीत् અને अमृक्षत् આવો પ્રયોગ થાય છે. कृष् ધાતુને अद्यतनी નો दि પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે सिच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अक्राक्षीत् अकार्क्षीत् અને अकृक्षत् આવો પ્રયોગ થાય છે. तृप् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી सिच् પ્રત્યયાદિ કાર્ય યથાસંભવ થવાથી अत्राप्सीत् અને अतार्प्सीत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सिच् પ્રત્યય ન થાય ત્યારે अतृप्+त् આ અવસ્થામાં 'लृदिद्-द्युतादि० ३-४-६४' થી दि ની પૂર્વે अङ् (अ) પ્રત્યય થવાથી अतृपत् આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે दृप् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે सिच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अद्राप्सीत् अदार्प्सीत् અને अदृपत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિચાર કર્યો. ખેડ્યું. તૃપ્ત થયો. ગર્વ કર્યો. ॥५४॥

### ह-शिटो नाम्युपान्त्याददृशोऽनिटः सक् ३।४।५५॥

अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अनिट् - ह् અને शिट् વર્ણ છે અન્તમાં જેના અને નામીસ્વર છે ઉપાન્ત્ય જેમાં એવા ધાતુની પરમાં सक् (स) પ્રત્યય થાય છે. પરન્તુ दृश् ધાતુની પરમાં सक् પ્રત્યય થતો નથી. अनिट् ह् છે અન્તમાં જેના અને નામીસ્વર છે ઉપાન્ત્ય જેમાં એવા दुह् ધાતુને अद्यतनी નો दि (द्) પ્રત્યય. 'अड्

धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट्. આ સૂત્રથી ધાતુના અન્તે सक् (स) પ્રત્યય. 'हो धुट् पदान्ते २-१-८२' થી ह् ને ढ् આદેશ. 'गडदबादे० २-१-७७' થી दुह् ના द् ને ध् આદેશ. अधुढ्+सत् આ અવસ્થામાં 'ष -ढोः कस्सि २-१-६२' થી ढ् ને क् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ने ष् આદેશ વગેરે કાર્ય થવાથી अधुक्षत् આવો પ્રયોગ થાય છે. અર્થ- દોહ્યું. अनिट् शिट् વર્ણાન્ત નામ્યુપાન્ત્ય विश् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. ધાતુની આદિમાં अट्; આ સૂત્રથી ધાતુના અન્તે सक् પ્રત્યય. श् ને 'यज - सृज० २-१-८७' થી ष् આદેશ. ઉપર જણાવ્યા મુજબ ष् ને क् અને स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अविक्षत् આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રવેશ કર્યો.

ह शिट इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दृश् ધાતુને છોડીને અન્ય ह् અને शिट् વર્ણ જ જેના અન્તમાં છે, અને નામીસ્વર જેમાં ઉપાન્ત્ય છે - એવા अनिट् ધાતુની પરમાં सक् પ્રત્યય થાય છે. તેથી भिद् ધાતુને अद्यतनी નો दि પ્રત્યય વગેરે કાર્ય થવાથી अभैत्सीत् આવો પ્રયોગ થાય છે. અહીં भिद् ધાતુ નામ્યુપાન્ત્ય अनिट् હોવાં છતાં ह् અથવા शिट् વર્ણાન્ત ન હોવાથી તેની પરમાં આ સૂત્રથી सक् પ્રત્યય થતો નથી પરન્તુ 'सिजद्यत० ३-४-५३' થી सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી अभैत्सीत् આવો પ્રયોગ થાય છે. (जुओ सू. नं. ३-४-५४) અર્થ - ભેદી નાખ્યું. नाम्युपान्त्यादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दृश् ભિન્ન ह् અને शिट् વર્ણાન્ત નામ્યુપાન્ત્ય જ अनिट् ધાતુને તેની પરમાં अद्यतनी નો પ્રત્યય હોય તો सक् પ્રત્યય થાય છે. તેથી दह् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય વગેરે કાર્ય થવાથી अधाक्षीत् આવો પ્રયોગ થાય છે. અહીં अनिट् ह् અન્તવાળો પણ दह् ધાતુ નામ્યુપાન્ત્ય ન હોવાથી તેને આ સૂત્રથી सक् પ્રત્યય થતો નથી. જેથી 'सिजद्यतन्याम् ३-४-५३' થી सिच् પ્રત્યયાદિ કાર્ય (अदह्+स्+त्; अदह्+स्+ई+त्; अदाह्+सीत्; अदाढ्+सीत्; अधाढ् + सीत्; अधाक्+सीत् અને अधाक्+षीत् =

अधाक्षीत्) થાય છે. અર્થ - બાળ્યું.

अदृश इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दृश् ભિન્ન જ ह् અને शिट् વર્ણાન્ત - નામ્યુપાન્ત્ય अनिट् ધાતુને सक् પ્રત્યય થાય છે. તેથી दृश् ધાતુને अद्यतनी નો दि પ્રત્યય વગેરે કાર્ય થવાથી अद्राक्षीत् (જુઓ સૂ. નં. ૩-૪-૫૪) આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી दृश् ધાતુને सक् પ્રત્યય થતો નથી. પરન્તુ 'सिजद्यत० ३-४-५३' થી सिच् પ્રત્યય થાય છે. अ+दृश्+स्+ई+त् આ અવસ્થામાં ऋ ની પરમાં 'अः सृजि० ४-४-१११' થી अ નો આગમ વગેરે કાર્ય થાય છે. અર્થ - જોયું.

अनिट् इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दृश् ભિન્ન ह् અને शिट् વર્ણાન્ત તથા નામ્યુપાન્ત્ય अनिट् જ ધાતુની પરમાં सक् પ્રત્યય થાય છે તેથી दृश् ભિન્ન નામી સ્વરોપાન્ત્ય शिट् વર્ણાન્ત कुष् (૧૫૬૫) ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય વગેરે કાર્ય થવાથી अकोषीत् આવો પ્રયોગ થાય છે. અહીં તાદૃશ कुष् ધાતુ अनिट् ન હોવાથી આ સૂત્રથી તેની પરમાં सक् પ્રત્યય થતો નથી. પરન્તુ 'सिजद्यतन्याम् ३-४-५३' થી सिच् પ્રત્યય થાય છે. अ+कुष्+सीत् આ અવસ્થામાં 'स्ताद्यशितो० ४-४-३२' થી सीत् ની પૂર્વે इट् (इ). 'लघोरुपा० ४-३-४' થી उ ને ગુણ ओ આદેશ. अकोष् + इ + सिच् (स्) + ई + त् આ અવસ્થામાં 'इट ईति ४-३-७१' થી सिच् નો લોપ વગેરે કાર્ય થાય છે. અર્થ - નીચોવ્યું.॥૫૫॥

### श्लिषः ३।४।५६॥

अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अनिट् श्लिष् (૧૨૧૦) ધાતુને सक् (स) પ્રત્યય થાય છે. आ+श्लिष् ધાતુને અદ્યતનીનો दि (द्) પ્રત્યય. આ સૂત્રથી ધાતુની પરમાં सक् પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट्. 'ष-ढोः कस्सि २-१-६२' થી ष् ને

क् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી सक् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી आश्लिक्षत् कन्यां मैत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - મૈત્રે કન્યાનું આલિઙ્ગન કર્યું. अनिट इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अनिट् જ श्लिष् ધાતુની પરમાં सक् પ્રત્યય થાય છે. તેથી सेट् श्लिष् (५३१) ધાતુને दि પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ. નં. ३-४-५५ માં अकोषीत्) થવાથી अश्लेषीत् આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી सक् પ્રત્યય થતો નથી. અર્થ - બાળ્યું. ॥५६॥

## नाऽसत्त्वाऽऽश्लेषे ३।४।५७॥

अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા પ્રાણીભિન્ન-કર્તૃક આશ્લેષાર્થક अनिट् श्लिष् ધાતુની પરમાં सक् પ્રત્યય થતો નથી. उपाश्लिषत् जतु च काष्ठं च અહીં પ્રાણીથી ભિન્ને કરેલા આશ્લેષાર્થક अनिट् उप+श्लिष् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'श्लिषः ३-४-५६' થી પ્રાપ્ત सक् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ. ધાતુની આદિમાં 'अड्धातो० ४-४-२९' થી अट्. 'लदिद्- द्युतादि० ३-४-६४' થી दि ની પૂર્વે अङ् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી उपाश्लिषत् આવો પ્રયોગ થાય છે. અર્થ - લાખ લાકડામાં ચોંટી ગઈ. असत्त्वाश्लेष इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अद्यतनी નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अनिट् પ્રાણીભિન્ન કર્તૃક જ આશ્લેષાર્થક श्लिष् ધાતુની પરમાં सक् થતો નથી. તેથી व्यत्यश्लिक्षन्त मिथुनानि અહીં પ્રાણી કર્તૃક આશ્લેષાર્થક वि + अति + श्लिष् ધાતુને અદ્યતનીનો 'क्रियाव्यतिहारे० ३-३-२३' ની સહાયથી આત્મનેપદનો अन्त પ્રત્યય. અહીં તેની પૂર્વે सक् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ ન થવાથી 'श्लिषः ३-४-५६' થી सक् પ્રત્યયાદિ કાર્ય થવાથી व्यत्यश्लिक्षन्त આવો પ્રયોગ થાય છે. અર્થ - મિથુનોએ પરસ્પર આલિંગન કર્યું .॥५७॥

## णि-श्रि-द्रु-स्रु-कमः कर्त्तरि ङः ३।४।५८॥

णि (णिङ् णिच् અને णिग्) પ્રત્યયાન્ત ધાતુને તેમ જ श्रि द्रु स्रु અને कम् ધાતુને કર્ત્રર્થક અદ્યતનીનો પ્રત્યય પરમાં હોય તો ङ (अ) પ્રત્યય થાય છે. 'प्रयोक्तृ० ३-४-२०' થી कृ ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન ण्यन्त कारि ધાતુને અદ્યતનીનો दि (द्) પ્રત્યય. कृ+णिग्+त् આ અવસ્થામાં આ સૂત્રથી त् ની પૂર્વે ङ પ્રત્યય. ધાતુની આદિમાં 'अड्धातो० ४-४-२९' થી अट्. 'आद्योंऽश० ४-१-२' થી कृ ધાતુને દ્વિત્વ. 'ऋतोऽत् ४-१-३८' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. अचकृ + णिग् + अ + त् આ અવસ્થામાં 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'उपान्त्यस्या० ४-२-३५' થી आर् ના आ ને ह्रस्व अ આદેશ. 'असमानलोपे० ४-१-६३' થી દ્વિત્વના પૂર્વભાગને सन्वद् ભાવ. તેથી 'सन्यस्य ४-१-५९' થી च ના अ ને इ આદેશ. એ इ ને 'लघोर्दीर्घो० ४-१-६४' થી દીર્ઘ ई આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णिग् નો લોપ વગેરે કાર્ય થવાથી अचीकरत् આવો પ્રયોગ થાય છે. અર્થ - કરાવ્યું.

श्रि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી दि ની પૂર્વે ङ પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની આદિમાં अट्. श्रि ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जन० ४-१-४४' થી र् નો લોપ. अशिश्रि+ङ+त् આ અવસ્થામાં श्रि ના इ ને 'संयोगात् २-१-५२' થી इय् આદેશ વગેરે કાર્ય થવાથી अशिश्रियत् આવો પ્રયોગ થાય છે. અર્થ - આશ્રય કર્યો - રહ્યો. द्रु અને स्रु ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી दि ની પૂર્વે ङ પ્રત્યય. ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં र् નો લોપ. ङ ની પૂર્વેના उ ને 'धातोरि०२-१-५०' થી उव् આદેશ વગેરે કાર્ય થવાથી अदुद्रुवत् અને असुस्रुवत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પીગળ્યું. સરક્યું - ટપક્યું - નીચોવ્યું. कम् ધાતુને આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી ङ પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી कम् ને દ્વિત્વ. અભ્યાસમાં

म् નો લોપ અને कृ ને च् આદેશ... વગેરે કાર્ય થવાથી अचकमत આવો પ્રયોગ થાય છે. અર્થ- ઈચ્છા કરી. कर्त्तरीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ण्यन्त ધાતુને તેમજ श्रि द्रु स्रु અને कम् ધાતુને તેની પરમાં कर्त्रर्थक જ અદ્યતનીનો પ્રત્યય હોય તો ङ प्रत्यय થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ ण्यन्त कारि ધાતુને કર્મમાં અદ્યતનીનો आताम् પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्यत० ३-४-५३' થી सिच् પ્રત્યય. 'स्ताद्यशितो० ४ ४-३२' થી सिच् ની પૂર્વે इट्. 'नामिनो० ४-३-१' થી कारि ના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી अकारयिषाताम् कटौ मैत्रेण આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી ङ પ્રત્યય થતો નથી. અર્થ - મૈત્ર દ્વારા બે ચટઈઓ બનાવાઈ. ।।૫૮।।

## ट्धे - श्वेर्वा ३।४।५९।।

પાનાર્થક धे (૨૮) અને श्वि ધાતુને, તેની પરમાં કર્ત્રર્થક અદ્યતનીનો પ્રત્યય હોય તો વિકલ્પથી ङ પ્રત્યય થાય છે. धे ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'आत्सन्ध्यक्षरस्य ४-२-१' થી ए ને आ આદેશ. આ સૂત્રથી दि ની પૂર્વે ङ (अ) પ્રત્યય. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट्. 'द्विर्धातुः० ४-१-१' થી धा ને દ્વિત્વ. અભ્યાસમાં 'ह्रस्वः ४-१-३९' થી ह्रस्व अ આદેશ. धा ના ध् ને અભ્યાસમાં 'द्वितीय० ४-१-४२' થી द् આદેશ. अदधा + अ + त् આ અવસ્થામાં 'इडेत् पुसि० ४-३-९४' થી धा ના आ નો લોપ વગેરે કાર્ય થવાથી अदधत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङ પ્રત્યય ન થાય ત્યારે अधा+त् આ અવસ્થામાં त् ની પૂર્વે 'सिजद्य० ३-४-५३' થી થયેલા सिच् નો 'ट्धे-घ्रा-शा० ४-३-६७' થી લોપ થવાથી अधात् આવો પ્રયોગ થાય છે. श्वि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી श्वि ની પરમાં ङ પ્રત્યય. श्वि ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં व् નો લોપ. ધાતુની આદિમાં अट्. 'संयोगात् २-१-५२' થી श्वि ના इ ને इय् આદેશાદિ

કાર્ય થવાથી अशिश्वियत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ङ પ્રત્યય ન થાય ત્યારે दि ની પૂર્વે 'कृदिच्छ्वि-स्तम्भू० ३-४-६५' થી अङ् (अ) પ્રત્યય થાય છે. જેથી अश्वि+अ+त् આ અવસ્થામાં 'श्वयत्यसू० ४-३-१०३' થી श्वि ને श्व આદેશ. 'अतः ४-३-८२' થી श्व ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી अश्वत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પીધું. વધાર્યું અથવા ગયો.

कर्त्तरीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ट्धे અને श्वि ધાતુને તેની પરમાં કર્ત્રર્થક જ અદ્યતનીનો પ્રત્યય હોય તો ङ પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી धे ધાતુને કર્મમાં અદ્યતનીનો आताम् પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य०३-४-५३' થી सिच् પ્રત્યય. अ+धा+स्+आताम् આ અવસ્થામાં 'इश्चस्था - दः ४-३-४१' થી धा ના आ ને इ આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अधिषाताम् गावौ वत्सेन આવો પ્રયોગ થાય છે. અહીં કર્ત્રર્થક અદ્યતનીનો दि પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી ङ પ્રત્યય થતો નથી. અર્થ- વાંછરડા દ્વારા બે ગાયોનું દુધ પીવાયું. ॥૫૯॥

## शास्त्यसू-वक्ति-ख्यातेरङ् ३।४।६०॥

शास् अस् वच् અને ख्या ધાતુને, તેની પરમાં कर्त्रर्थक અદ્યતનીનો પ્રત્યય હોય તો अङ् (अ) પ્રત્યય થાય છે. शास् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી दि ની પૂર્વે अङ् પ્રત્યય. 'इसासः० ४-४-११८' થી शास् ના आस् ને इस् આદેશ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट्. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अशिषत् આવો પ્રયોગ થાય છે. અર્થ-શાસન કર્યું. अप+अस् (૧૨૨૧) ધાતુને અદ્યતની નો दि પ્રત્યય. 'स्वरादे० ४-४-३१' થી अस् ના अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી दि ની પૂર્વે अङ् પ્રત્યય. अपास्+अत् આ અવસ્થામાં अस् ના સ્થાને 'श्वयत्य० ४-३-१०३' થી आस्थ આદેશ

વગેરે કાર્ય થવાથી अपास्थत् આવો પ્રયોગ થાય છે. અર્થ = દૂર કર્યું. वच् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી ધાતુની પરમાં अङ् પ્રત્યય. ધાતુની આદિમાં अट्. 'श्वयत्यसू० ४-३-१०३' થી वच् ધાતુને वोच આદેશ વગેરે કાર્ય થવાથી अवोचत् આવો પ્રયોગ થાય છે. आङ्+ख्या ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી दि ની પૂર્વે अङ् પ્રત્યય. 'इडेत् पुसि० ४-३-९४' થી ख्या ધાતુના आ નો લોપ વગેરે કાર્ય થવાથી आख्यत् આવો પ્રયોગ થાય છે. અર્થ- કહ્યું. અહીં સૂત્રમાં वच् પદથી वच् (१०९६) ધાતુ અને ब्रू ધાતુના સ્થાને 'अस्ति-ब्रुवो० ४-४-१' થી વિહિત वच् આદેશનું ગ્રહણ છે. તેમજ ख्या પદથી ख्या ધાતુ (१०७१) અને चक्ष् ધાતુના સ્થાને 'चक्षो वाचि० ४-४-४' થી વિહિત ख्यांग् આદેશનું ગ્રહણ છે.

कर्त्तरीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शास् अस् वच् અને ख्या ધાતુને; તેની પરમાં कर्त्रर्थक જ અદ્યતનીનો પ્રત્યય હોય તો अङ् પ્રત્યય થાય છે. તેથી अशासिषातां शिष्यौ गुरुणा અહીં शास् ધાતુની પરમાં કર્માર્થક અદ્યતનીનો आताम् પ્રત્યય હોવાથી આ સૂત્રથી તેની પૂર્વે अङ् પ્રત્યય થતો નથી. જેથી 'सिजद्यत० ३-४-५३' થી सिच् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट् વગેરે કાર્ય થવાથી अशासिषाताम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગુરુ દ્વારા બે શિષ્યોને આજ્ઞા કરાઈ.॥૬૦॥

## सर्त्यर्ते र्वा ३।४।६१॥

कर्त्रर्थक અદ્યતનીનો પ્રત્યય પરમાં હોય તો सृ અને ऋ ધાતુની પરમાં વિકલ્પથી अङ् પ્રત્યય થાય છે. सृ ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'अड्धातो० ४-४-२९' થી सृ ધાતુની આદિમાં अट्. આ સૂત્રથી दि ની પૂર્વે अङ् પ્રત્યય. 'ऋवर्ण० ४-३-७' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી असरत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી

अङ् પ્રત્યય ન થાય ત્યારે दि ની પૂર્વે 'सिजद्यत० ३-४-५३' થી सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી अनैषीत् ની જેમ असार्षीत् (જુઓ સૂ. નં. ૩-૪-૫૩) આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો. ऋ ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી दि ની પૂર્વે अङ् પ્રત્યય. 'स्वरादेस्तासु ४-४-३१' થી ऋ ધાતુના (૨૬ અને ૧૧૩૫) ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી आरत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી आर्षीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો. ॥૬૧॥

## ह्वा-लिप्-सिचः ३।४।६२॥

ह्वे लिप् અને सिच् (૧૩૨૧) ધાતુને તેની પરમાં કર્ત્રર્થક અદ્યતનીનો પ્રત્યય હોય તો अङ् પ્રત્યય થાય છે.. आं + ह्वे लिप् અને सिच् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'आत्सन्ध्यक्षरस्य ४-२-१' થી ह्वे ના ए ને आ આદેશ. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. दि ની પૂર્વે આ સૂત્રથી अङ् (अ) પ્રત્યય. 'इडेत्-पुसि० ४-३-९४' થી आ નો લોપ વગેરે કાર્ય થવાથી आह्वत् अलिपत् અને असिचत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - બોલાવ્યું. લીંપ્યું. સિંચ્યું. અહીં सिच् ધાતુ मुचादि (છટ્ઠાગણનો) છે. તેને સૂ.નં. ૪-૪-૯૯ થી श પ્રત્યયની પૂર્વે જ न् નો આગમ થતો હોવાથી અહીં અદ્યતનીમાં તે નાગમથી રહિત છે - એ યાદ રાખવું.॥૬૨॥

## वा ऽऽत्मने ३।४।६३॥

કર્ત્રર્થક આત્મનેપદ સમ્બન્ધી અદ્યતનીનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ह्वे लिप् અને सिच् ધાતુની પરમાં अङ् પ્રત્યય વિકલ્પથી થાય છે. आ+ह्वे ધાતુને આત્મનેપદનો અદ્યતનીનો त

પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી अङ् પ્રત્યયાદિ કાર્ય થવાથી आह्वत (જુઓ સૂ.નં. ૩-૪-૬૨) આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે आ + ह्वा+त આ અવસ્થામાં 'सिजद्य० ३-४-५३' થી त ની પૂર્વે सिच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી आह्वास्त આવો પ્રયોગ થાય છે. અર્થ - બોલાવ્યું. लिप् ધાતુને અદ્યતનીનો આત્મનેપદનો त પ્રત્યય. त પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી अङ् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अलिपत આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે अ+लिप् + त આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ त ની પૂર્વે વિહિત सिच् (स्) પ્રત્યયનો 'धुड्ह्रस्वा० ४-३-७०' થી લોપ થવાથી अलिप्त આવો પ્રયોગ થાય છે. અર્થ - લીંપ્યું. सिच् ધાતુને આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. त પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી अङ् (अ) પ્રત્યય વગેરે કાર્ય થવાથી असिचत આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે अलिप्त ની જેમ असिक्त આવો પ્રયોગ થાય છે. 'चजः कगम् २-१-८६' થી सिच् ના च् ને क् આદેશ થયો છે. અર્થ- સિંચ્યું. ॥૬૩॥

### लृदिद्-द्युतादि-पुष्यादेः परस्मै ३।४।६४॥

कर्त्रर्थक परस्मैपद સમ્બન્ધી અદ્યતનીનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા लृदिद् (लृ જેમાં ઈત્ છે - તે) ધાતુની પરમાં તેમજ द्युतादि (૧ લા ગણમાંના ) અને पुषादि (૪ થા ગણમાંના) ગણપાઠમાંના ધાતુની પરમાં अङ् (अ) પ્રત્યય થાય છે. लृदिद्-गम् (૩૯૬) ધાતુને અદ્યતનીનો પરસ્મૈપદનો दि પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट्. આ સૂત્રથી ધાતુની પરમાં अङ् પ્રત્યય થવાથી अगमत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો. द्युतादि (૯૩૭ થી ૯૫૯) - द्युत् અને रुच् ધાતુને 'द्युद्भ्यो० ३-३-४४' ની સહાયથી અદ્યતનીનો પરસ્મૈપદનો (शेषात् परस्मै ३-३-१००' થી) दि પ્રત્યય. ઉપર જણાવ્યા

મુજબ ધાતુની પરમાં આ સૂત્રથી अङ् પ્રત્યયાદિ કાર્ય થવાથી अद्युतत् અને अरुचत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેદીપ્યમાન થયું. ગમ્યું. पुषादि (૧૧૭૫ થી ૧૨૪૧) - पुष् અને उच् ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીનો दि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની પરમાં આ સૂત્રથી अङ् પ્રત્યય. पुष् ધાતુની આદિમાં अट्. 'स्वरादे० ૪-૪-૩૧' થી उच् ધાતુના उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી अपुषत् અને औचत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પોષ્યું. ભેગું થયું. परस्मैपद इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कर्त्रर्थक પરસ્મૈપદ જ સમ્બન્ધી અદ્યતનીનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા लृदिद् द्युतादि અને पुषादि ધાતુની પરમાં अङ् પ્રત્યય થાય છે. તેથી सम् + गम् ધાતુને 'समो गमृ० ३-३-८४' ની સહાયથી અદ્યતનીમાં આત્મનેપદનો त પ્રત્યય. त ની પૂર્વે આ સૂત્રથી अङ् પ્રત્યય ન થવાથી 'सिजद्य० ३-४-५३' થી सिच् પ્રત્યય, વગેરે કાર્ય થવાથી समगंस्त આવો પ્રયોગ થાય છે. અર્થ - મળ્યું. ॥६४॥

## ऋदिच्छ्वि-स्तम्भू-म्रुचू-म्लुचू-ग्रुचू-ग्लुचू-ग्लुञ्चू-ज्रो वा ३।४।६५॥

कर्त्रर्थक परस्मैपद સમ્બન્ધી અદ્યતનીનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ऋदिद् (दीर्घ ऋ જેમાં ઈત્ છે - તે) ધાતુની પરમાં તેમજ श्वि स्तम्भ् म्रुच् म्लुच् ग्रुच् ग्लुच् ग्लुञ्च् અને जॄ ધાતુની પરમાં વિકલ્પથી अङ् પ્રત્યય થાય છે. रुध् (૧૪૭૩) આ ऋदिद् ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીનો दि પ્રત્યય. 'अड्धातो० ૪-૪-૨૯' થી ધાતુની આદિમાં अट्. આ સૂત્રથી ધાતુની પરમાં अङ् પ્રત્યયાદિ કાર્ય થવાથી अरुधत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે अ+रुध्+त् આ અવસ્થામાં त् ની પૂર્વે 'सिजद्य० ३-४-५३' થી सिच् પ્રત્યય. 'सः सिज० ४-३-६५' થી दि ની પૂર્વે ई. 'व्यञ्जनाना० ४-३-४५' થી रुध् ના उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી अरौत्सीत्

આવો પ્રયોગ થાય છે. અર્થ- રોક્યો. श्वि ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીનો दि પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી अङ् પ્રત્યયાદિ કાર્ય થવાથી अश्वत् આવો પ્રયોગ થાય છે. (પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૩-૪-૫૯) વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ त् ની પૂર્વે सिच् પ્રત્યય. 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી सिच् ની પૂર્વે इट्. ઉપર જણાવ્યા મુજબ सिच् ની પરમાં ईत् (ई). 'इट ईति ૪-૩-૭૧' થી सिच् નો લોપ. 'नामिनो गुणो० ૪-૩-૧' થી श्वि ધાતુના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી अश्वयीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - વધ્યું અથવા ગયો. स्तम्भ् ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીનો दि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दि ની પૂર્વે આ સૂત્રથી अङ् પ્રત્યય. 'नो व्यञ्जनस्या० ૪-૨-૪૫' થી म् (न्) નો લોપ વગેરે કાર્ય થવાથી अस्तभत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી अस्तम्भीत् આવો પ્રયોગ થાય છે. (જુઓ अश्वयीत्) અર્થ - અટકાવ્યું. આવી જ રીતે म्रुच् म्लुच् ग्रुच् અને ग्लुच् ધાતુને અદ્યતનીનો પરસ્મૈપદનો दि પ્રત્યય. दि ની પૂર્વે આ સૂત્રથી अङ् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે अम्रुचत् अम्लुचत् अग्रुचत् અને अग्लुचत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી અને 'लघोरुपान्त्यस्य ૪-૩-૪' થી ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે अम्रोचीत् अम्लोचीत् अग्रोचीत् અને अग्लोचीत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગયો. ગયો. ચોર્યું. ચોર્યું. ग्लुञ्च् ધાતુને અદ્યતનીનો પરસ્મૈપદનો दि પ્રત્યય. दि ની પૂર્વે આ સૂત્રથી अङ् પ્રત્યય. 'नो व्यञ्जनस्या० ૪-૨-૪૫' થી ञ् (न्) નો લોપ વગેરે કાર્ય થવાથી अग्लुचत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી अग्लुञ्चीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો. जॄ (૧૧૪૫ અને ૧૫૩૬) ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી दि ની પૂર્વે

अङ् પ્રત્યય. ॠ ને 'ऋवर्णदृ० ४-३-७' થી ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી अजरत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अङ् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી અને जॄ ના ॠ ને 'सिचि परस्मै० ४-३-४५' થી વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી अजारीत् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘરડો થયો. ॥૬૫॥

## ञिच् ते पदस्तलुक् च ३।४।६६॥

કર્ત્રર્થક અદ્યતનીનો त પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पद् ધાતુની પરમાં ञिच् (इ) પ્રત્યય થાય છે. અને એ ञिच् પ્રત્યયમાં નિમિત્તભૂત त પ્રત્યયનો લોપ થાય છે. उद्+पद् ધાતુને આત્મનેપદનો त પ્રત્યય. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. આ સૂત્રથી त ની પૂર્વે ञिच् (इ) પ્રત્યય, અને त પ્રત્યયનો લોપ. 'ञ्णिति ४-३-५०' થી पद् ના अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી उदपादि આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉત્પન્ન થયો. त इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્રર્થક અદ્યતનીનો त પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पद् ધાતુની પરમાં ञिच् પ્રત્યય થાય છે. અને ત્યારે त પ્રત્યયનો લોપ થાય છે. તેથી उद्+पद् ધાતુને આત્મનેપદનો કર્ત્તામાં आताम् પ્રત્યય. અહીં त પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી ञिच् પ્રત્યય થતો નથી. જેથી 'सिजद्यतन्याम् ३-४-५३' થી सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી उदपत्साताम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બે જણા ઉત્પન્ન થયા. ॥૬૬॥

## दीप-जन-बुधि-पूर-ताय-प्यायो वा ३।४।६७॥

કર્ત્રર્થક અદ્યતનીનો त પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दीप् जन् बुध् पूर् ताय् અને प्याय् ધાતુની પરમાં ञिच् પ્રત્યય વિકલ્પથી

થાય છે. ञिच् પ્રત્યય થાય ત્યારે નિમિત્તભૂત त પ્રત્યયનો લોપ થાય છે. दीप् जन् बुध् पूर् ताय् અને प्याय् ધાતુને અદ્યતનીનો આત્મનેપદનો त પ્રત્યય. આ સૂત્રથી त ની પૂર્વે ञिच् પ્રત્યય અને त પ્રત્યયનો લોપ. 'अड्धातो० ૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે अट्. बुध् (૧૨૬૨) ધાતુના ઉપાન્ત્ય उ ને 'लघोरुपा० ૪-૩-૪' થી ગુણ ओ આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી जन् ધાતુના ઉપાન્ત્ય अ ને પ્રાપ્ત વૃદ્ધિનો 'न जन-बधः ૪-૩-૫૪' થી નિષેધ વગેરે કાર્ય થવાથી अदीपि अजनि अबोधि अपूरि अतायि અને अप्यायि આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिच् પ્રત્યય ન થાય ત્યારે 'सिजद्यतन्याम् ૩-૪-૫૩' થી सिच् પ્રત્યય. 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી सिच् ની પૂર્વે दीप् जन् पूर् ताय् અને प्याय् ધાતુની પરમાં इट्. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી इट् ની પરમાં રહેલા सिच् ના स् ને ष् આદેશ. ष् ના યોગમાં 'तवर्गस्य० ૧-૩-૬૦' થી त ના त् ને ट् આદેશ. अबुध्+स्+त આ અવસ્થામાં 'धुड्ह्रस्वा० ૪-૩-૭૦' થી सिच् નો લોપ. 'अधश्च० ૨-૧-૭૯' થી त् ને ध् આદેશ. 'तृतीय० ૧-૩-૪૯' થી बुध् ના ध् ને द् આદેશ વગેરે કાર્ય થવાથી अदीपिष्ट अजनिष्ट अबुद्ध अपूरिष्ट अतायिष्ट અને अप्यायिष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - બાળ્યું. ઉત્પન્ન થયો. બોધ પામ્યો. પૂરું કર્યું. પાલન કર્યું. વધ્યું.॥૬૭॥

### भाव-कर्मणोः ३।४।६८॥

भाव અથવા कर्म માં વિહિત અદ્યતનીનો त પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા બધાં જ ધાતુની પરમાં ञिच् (इ) પ્રત્યય થાય છે, અને ત્યારે નિમિત્તભૂત त પ્રત્યયનો લોપ થાય છે. अस् ધાતુને અદ્યતનીનો ભાવમાં त પ્રત્યય. 'स्वरादेस्तासु ૪-૪-૩૧' થી अस् ધાતુના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી त ની પૂર્વે ञिच् પ્રત્યય અને त પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી आसि त्वया આવો પ્રયોગ થાય છે. અર્થ– તારાવડે બેસાયું. कृ ધાતુને અદ્યતનીનો કર્મમાં त પ્રત્યય.

'अड्धातो० ४-४-२९' थी धातुनी पूर्वे अट्. આ સૂત્રથી ધાતુની પરમાં ञिच् અને त પ્રત્યયનો લોપ. 'नामिनो० ४-३-५१' थी कृ ધાતુના ऋ ને वृद्धि आर् આદેશ વગેરે કાર્ય થવાથી अकारि कटः આવો પ્રયોગ થાય છે. અર્થ - ચટઈ કરાઈ.॥६८॥

**स्वर-ग्रह-दृश-हन्भ्यः स्य-सिजाशीः श्वस्तन्यां ञिट् वा ३।४।६९॥**

સ્વર જેના અન્તે છે એવા ધાતુની પરમાં તેમજ ग्रह् दृश् અને हन् ધાતુની પરમાં; તેની પરમાં ભાવ અથવા कर्म માં વિહિત स्य सिच् आशिष् અથવા श्वस्तनी નો પ્રત્યય હોય તો વિકલ્પથી ञिट् (इ) પ્રત્યય થાય છે. स्वरान्त-धातु - दा ધાતુને भविष्यन्ती નો स्यते પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુની પરમાં ञिट् (इ) પ્રત્યય. 'आत ऐः० ४-३-५३' થી दा ધાતુના आ ને ऐ આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી स्यते પ્રત્યયના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી दायिष्यते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે दास्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- અપાશે. दा ધાતુને અદ્યતનીનો कर्म માં आताम् પ્રત્યય. 'सिजद्य० ३-४-५३' થી आताम् પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. આ સૂત્રથી सिच् ની પૂર્વે ञिट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दा ધાતુના आ ને ऐ આદેશ. सिच् ના स् ને ष् આદેશ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની આદિમાં अट् વગેરે કાર્ય થવાથી अदायिषाताम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે अ+दा+स्+आताम् આ અવસ્થામાં 'इश्च स्था-दः ४-३-४१' થી सिच् ને किद्वद् ભાવ અને दा ના आ ને इ આદેશ. (सिच्; किद्वद् હોવાથી इ ને ગુણ થતો નથી.) ઉપર જણાવ્યા મુજબ सिच् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अदिषाताम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બે વસ્તુઓ અપાઈ. दा ધાતુને कर्म માં आशिष् નો सीष्ट પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુની પરમાં ञिट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दा ધાતુના आ ને ऐ

આદેશ વગેરે કાર્ય થવાથી दायिषीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે दासीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ- અપાય. दा ધાતુને શ્વસ્તનીનો ता પ્રત્યય. આ સૂત્રથી ता ની પૂર્વે ञिट् પ્રત્યય વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી दायिता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે दाता આવો પ્રયોગ થાય છે. અર્થ - અપાશે.

ग्रह् ધાતુને કર્મમાં भविष्यन्ती નો स्यते પ્રત્યય. આ સૂત્રથી स्यते પ્રત્યયની પૂર્વે ञिट् (इ) પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स्यते પ્રત્યયના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી ग्राहिष्यते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે स्यते પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી इट् (इ) પ્રત્યય. 'गृहणोऽपरो० ૪-૪-૩૪' થી इट् ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી ग्रहीष्यते આવો પ્રયોગ થાય છે. ग्रह् ધાતુને કર્મમાં અદ્યતનીનો आताम् પ્રત્યય. आताम् પ્રત્યયની પૂર્વે 'सिजद्यतन्याम् ૩-૪-૫૩' થી सिच् પ્રત્યય. આ સૂત્રથી सिच् પ્રત્યયની પૂર્વે ञिट् (इ) પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'अड्धातो० ૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે अट्. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી सिच् ન स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अग्राहिषाताम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ सिच् ની પૂર્વે इट् તેમજ इट् ના इ ને દીર્ઘ ई આદેશાદિ કાર્ય થવાથી अग्रहीषाताम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગ્રહણ કરાશે. બે વસ્તુ ગ્રહણ કરાઈ. ग्रह् ધાતુને કર્મમાં आशिष् નો सीष्ट પ્રત્યય. આ સૂત્રથી सीष्ट પ્રત્યયની પૂર્વે ञिट् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી ग्राहिषीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ इट् વગેરે કાર્ય થવાથી ग्रहीषीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ- ગ્રહણ કરાય. ग्रह् ધાતુને કર્મમાં શ્વસ્તની નો ता પ્રત્યય.

આ સૂત્રથી ता પ્રત્યયની પૂર્વે ञिट् પ્રત્યયાદિ કાર્ય થવાથી ग्राहिता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ इट् વગેરે કાર્ય થવાથી ग्रहीता આવો પ્રયોગ થાય છે. અર્થ - ગ્રહણ કરાશે.

દૃશ્ ધાતુને કર્મમાં भविष्यन्ती નો स्यते પ્રત્યય. આ સૂત્રથી स्यते પ્રત્યયની પૂર્વે ञिट् પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી दृश् ના ऋ ને ગુણ अर् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स्यते ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી दर्शिष्यते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે दृश्+स्यते આ અવસ્થામાં 'अः सृजि० ૪-૪-૧૧૧' થી दृश् ના ऋ ની પરમાં अ નો આગમ. 'इवर्णा० ૧-૨-૨૧' થી ऋ ને र् આદેશ. 'यज-सृज० ૨-૧-૮૭' થી श् ને ष् આદેશ. 'षढोः० ૨-૧-૬૨' થી ष् ને क् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स्यते ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી द्रक्ष्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - જોવાશે. દૃશ્ ધાતુને कर्म માં અદ્યતનીનો आताम् પ્રત્યય. आताम् ની પૂર્વે सिच् પ્રત્યય. આ સૂત્રથી सिच् ની પૂર્વે ञिट् પ્રત્યય. ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अदर्शिषाताम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે अदृश्+स्+आताम् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ श् ને ष्, ष् ને क् અને स् ને ष् આદેશ થવાથી अदृक्षाताम् આવો પ્રયોગ થાય છે. અર્થ- બે વસ્તુઓ જોવાઈ. दृश् ધાતુને कर्म માં आशिष् નો सीष्ट પ્રત્યય. આ સૂત્રથી दृश् ધાતુની પરમાં ञिट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दृश् ધાતુના ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી दर्शिषीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે दृश्+सीष्ट આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ श् ને ष्, ष् ને क् અને स् ને ष् આદેશ થવાથી दृक्षीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ- જોવાય. दृश् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. આ સૂત્રથી दृश् ધાતુની પરમાં ञिट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ऋ ને ગુણ अर्

આદેશ વગેરે કાર્ય થવાથી दर्शिता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે दृश् + ता આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ऋ ની પરમાં अ નો આગમ. ऋ ને र् આદેશ. श् ને ष् આદેશ. ष् ના યોગમાં त् ને 'तवर्गस्य० १-३-६०' થી ट् આદેશ વગેરે કાર્ય થવાથી द्रष्टा આવો પ્રયોગ થાય છે. અર્થ - જોવાશે.

हन् ધાતુને કર્મમાં भविष्यन्ती નો स्यते પ્રત્યય. આ સૂત્રથી स्यते પ્રત્યયની પૂર્વે ञिट् પ્રત્યય. 'ञि-णवि० ४-३-१०१' થી हन् ધાતુને घन् આદેશ. 'ञ्णिति ४-३-५०' થી घन् ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી घानिष्यते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે हन्+स्यते આ અવસ્થામાં 'हनृतः स्यस्य ४-४-४९' થી स्यते ની પૂર્વે इट् (इ) વગેરે કાર્ય થવાથી हनिष्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - મરાશે. हन् ધાતુને કર્મમાં અદ્યતનીનો आताम् પ્રત્યય. आताम् ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય. આ સૂત્રથી सिच् ની પૂર્વે ञिट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ हन् ને घन् આદેશ. घन् ના अ ને વૃદ્ધિ आ આદેશ. ધાતુની પૂર્વે अट्. सिच् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अघानिषाताम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે अ+हन्+सिच् (स्) + आताम् આ અવસ્થામાં 'अद्यतन्यां० ४-४-२२' થી हन् ધાતુને वध આદેશ. એ वध આદેશ અનેકસ્વરી હોવાથી सिच् ની પૂર્વે 'स्ताद्यशि० ४-४-३२' થી પ્રાપ્ત इट् નો 'एकस्वरा० ४-४-५६' થી નિષેધ ન થવાથી इट्. 'अतः ४-३-८२' થી वध ના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી अवधिषाताम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે મરાયા. हन् ધાતુને आशिष् નો કર્મમાં सीष्ट પ્રત્યય. આ સૂત્રથી सीष्ट પ્રત્યયની પૂર્વે ञिट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ हन् ધાતુને घन् આદેશ. घन् ના अ ને વૃદ્ધિ आ આદેશ. सीष्ट પ્રત્યયના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી घानिषीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે हन्+सीष्ट આ અવસ્થામાં 'हनो

વધ૦ ૪-૪-૨૧' થી हन् ધાતુને વધ આદેશ. ઉપર જણાવ્યા મુજબ સીષ્ટ પ્રત્યયની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી वधिषीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - મરાય. हन् ધાતુને કર્મમાં શ્વસ્તની નો ता પ્રત્યય. આ સૂત્રથી ता પ્રત્યયની પૂર્વે ञिट् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ हन् ધાતુને घन् આદેશ. घन् ના अ ને વૃદ્ધિ आ આદેશ થવાથી घानिता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिट् પ્રત્યય ન થાય ત્યારે हन् + ता આ અવસ્થામાં 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી પ્રાપ્ત इट् નો ઉપર જણાવ્યા મુજબ નિષેધ થવાથી हन्ता આવો પ્રયોગ થાય છે. અર્થ - મરાશે. ॥૬૯॥

## क्यः शिति ३।४।७०॥

કર્મમાં અથવા ભાવમાં વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા બધા જ ધાતુઓની પરમાં क्य (य) પ્રત્યય થાય છે. शी ધાતુને ભાવમાં वर्त्तमाना નો (शित्) ते પ્રત્યય. આ સૂત્રથી शी ધાતુની પરમાં क्य પ્રત્યય. शी ધાતુને 'क्ङिति यि शय् ૪-૩-૧૦૫' થી शय् આદેશ વગેરે કાર્ય થવાથી शय्यते त्वया આવો પ્રયોગ થાય છે. અર્થ - તારાવડે ઉંઘાય છે. कृ ધાતુને કર્મમાં वर्त्तमाना નો (शित्) ते પ્રત્યય. આ સૂત્રથી कृ ધાતુની પરમાં क्य પ્રત્યય. 'रिः शक्या० ૪-૩-૧૧૦' થી कृ ધાતુના ऋ ને रि આદેશ વગેરે કાર્ય થવાથી क्रियते कटः આવો પ્રયોગ થાય છે. અર્થ - ચટઈ કરાય છે. शितीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મમાં અથવા ભાવમાં વિહિત शित् જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા બધા ધાતુની પરમાં क्य પ્રત્યય થાય છે. તેથી भू ધાતુને ભાવમાં પરોક્ષાનો (अशित्) ए પ્રત્યય વગેરે કાર્ય થવાથી बभूवे આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી क्य પ્રત્યય થતો નથી. भू+ए આ અવસ્થામાં 'द्विर्धातुः० ૪-૧-૧' થી भू ધાતુને દ્વિત્વ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. 'भूस्वपो० ૪-૧-૭૦' થી

અભ્યાસમાં भू ધાતુના ऊ ને अ આદેશ. 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી भू ધાતુના ऊ ને उव् આદેશ. उव् ના उ ને 'भुवो वः ૪-૨-૪૩' થી દીર્ઘ ऊ આદેશ... વગેરે કાર્ય થવાથી बभूवे આવો પ્રયોગ થાય છે. અર્થ- થવાયું. ॥૭૦॥

## कर्त्तर्यनद्भ्यः शव् ३।४।७१॥

अद् ધાતુ જેની આદિમાં છે એવા अदादि ગણના (૧૦૫૯ થી ૧૧૪૩) ધાતુઓને છોડીને અન્ય ધાતુને, તેની પરમાં કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય હોય તો शव् (अ) પ્રત્યય થાય છે. भू ધાતુને કર્ત્તામાં વર્ત્તમાનાનો (शित्) तिव् પ્રત્યય. આ સૂત્રથી तिव् પ્રત્યયની પૂર્વે शव् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી भू ના ऊ ને ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી भवति આવો પ્રયોગ થાય છે. અર્થ- છે; થાય છે. कर्त्तरीति किम् ? =આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્તામાં જ વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अदादि ગણના ધાતુઓને છોડીને અન્ય ધાતુની પરમાં शव् પ્રત્યય થાય છે. તેથી पच् ધાતુને કર્મમાં વિહિત વર્ત્તમાનાનો (शित्) ते પ્રત્યય. 'क्यः शिति ૩-૪-૭૦' થી ते પ્રત્યયની પૂર્વે क्य (य) પ્રત્યયાદિ કાર્ય થવાથી पच्यते આવો પ્રયોગ થાય છે. અહીં शित् ते પ્રત્યય કર્ત્તામાં વિહિત ન હોવાથી તેની પૂર્વે આ સૂત્રથી शव् પ્રત્યય થતો નથી. અર્થ- રંધાય છે. अनद्भ्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अदादि ગણના ધાતુઓથી ભિન્ન જ ધાતુને शव् પ્રત્યય થાય છે. તેથી અદાદિ ગણના अद् ધાતુને વર્ત્તમાનાનો (शित्) तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી अत्ति આવો પ્રયોગ થાય છે. અહીં अद् ધાતુને शव् (अ) પ્રત્યય થતો નથી. અર્થ - ખાય છે. ॥૭૧॥

## दिवादेः श्यः ३।४।७२॥

કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दिवादि ગણના (૧૧૪૪ થી ૧૨૮૫) ધાતુની પરમાં श्य (य) પ્રત્યય થાય છે. दिव् ધાતુને शित् - વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી दिव् ધાતુની પરમાં श्य (य) પ્રત્યય. 'भ्वादेर्नामिनो० २-१-६३' થી दिव् ધાતુના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી दीव्यति આવો પ્રયોગ થાય છે. जृ ધાતુને કર્ત્તામાં शित् - વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી तिव् ની પૂર્વે श्य પ્રત્યય. 'शिदवित् ४-३-२०' થી श्य ને ङिद्वद् ભાવ થવાથી 'ॠतां० ४-४-११६' થી ॠ ને इर् આદેશ. 'भ्वादे र्नामि० २-१-६३' થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી जीर्यति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ક્રીડા કરે છે. ઘરડો થાય છે. ॥૭૨॥

## भ्रास-भ्लास-भ्रम-क्रम-क्लम-त्रसि-त्रुटि-लषि-यसि-संयसे र्वा ३।४।७३॥

કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા भ्रास् भ्लास् भ्रम् क्रम् क्लम् त्रस् त्रुट् लष् यस् અને सम् + यस् ધાતુની પરમાં વિકલ્પથી श्य (य) પ્રત્યય થાય છે. भ्रास् (૮૪૭); भ्लास् (૮૪૮) ધાતુને शित् વર્ત્તમાનાનો આત્મનેપદનો ते પ્રત્યય. भ्रम् (१२३४); क्रम् (३८५); क्लम् (१२३७); त्रस् (११७१); त्रुट् (१४३७); लष् (९२७); यस् અને सम्+यस् (१२२२) ધાતુને વર્ત્તમાનાનો (शित्) तिव् પ્રત્યય. આ સૂત્રથી ते અને तिव् પ્રત્યયની પૂર્વે श्य (य) પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે भ्रास्यते भ्लास्यते भ्राम्यति क्राम्यति क्लाम्यति त्रस्यति त्रुट्यति लष्यति यस्यति અને संयस्यति આવો પ્રયોગ થાય છે. અહીં भ्रम् ના अ ને 'शमसप्तकस्य श्ये ४-२-१११' થી દીર્ઘ आ આદેશ થાય છે. (भ्वादि ગણના भ्रमू चलने (९७०) આ भ्रम् ધાતુનું; આ સૂત્રથી श्य પ્રત્યયાદિ

કાર્ય થવાથી भ्रम्यति આવું રૂપ થાય છે. - એ યાદ રાખવું) क्लम् ના अ ને 'ष्ठिवू-क्लम्वा० ૪-૨-૧૧૦' થી દીર્ઘ आ આદેશ થાય છે, અને क्रम् ધાતુના अ ને 'क्रमो० ૪-૨-૧૦૯' થી દીર્ઘ आ આદેશ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી श्य વિકરણ પ્રત્યય ન થાય ત્યારે त्रुट् ધાતુની પરમાં 'तुदादेः शः ३-४-८१' થી श (अ) પ્રત્યય અને બાકીના भ्रास् भ्लास् વગેરે ધાતુની પરમાં 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે भ्रासते भ्लासते भ्रमति क्रामति क्लामति त्रसति त्रुटति लषति यसति અને संयसति આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં यस् સામાન્યના ગ્રહણથી सम्+यस् ધાતુનું પણ ગ્રહણ શક્ય હોવા છતાં सम्+यस् ધાતુનું ગ્રહણ; અન્ય ઉપસર્ગ પૂર્વક यस् ધાતુનું ગ્રહણ ન થાય એ માટે છે. તેથી प्रयस्यति અને आयस्यति ઈત્યાદિ સ્થળે નિત્ય श्य પ્રત્યય; 'दिवादेः श्यः ३-४-७२' થી સિદ્ધ છે. અર્થક્રમશઃ- પ્રકાશિત થાય છે. પ્રકાશિત થાય છે. ભમે છે. ચાલે છે. થાકે છે. ભય પામે છે. તુટે છે. ઈચ્છે છે. પ્રયત્ન કરે છે. પ્રયત્ન કરે છે. ।।૭૩।।

## कुषि-रञ्जेर्व्याप्ये वा परस्मै च ३।४।७४।।

कुष् અને रञ्ज् ધાતુને; તેના કર્મકારકમાં કર્તૃત્વની વિવક્ષા હોય ત્યારે કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો વિકલ્પથી પરસ્મૈપદ થાય છે. અને પરસ્મૈપદના યોગમાં ધાતુની પરમાં श्य પ્રત્યય થાય છે. कुष् ધાતુને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય અને तिव् પ્રત્યયની પૂર્વે श्य પ્રત્યય વગેરે કાર્ય થવાથી कुष्यति આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં પરસ્મૈપદ અને श्य પ્રત્યય ન થાય ત્યારે 'एकधातौ० ३-४-८६' થી क्य અને આત્મનેપદ થવાથી कुष्यते આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે रञ्ज् ધાતુને આ સૂત્રની સહાયથી પરસ્મૈપદનો तिव् પ્રત્યય અને તેની પૂર્વે श्य પ્રત્યય. 'नो व्यञ्जन० ૪-૨-૪૫' થી रञ्ज् ધાતુના न् નો (ञ् નો) લોપ થવાથી रज्यति આવો

પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પરસ્મૈપદ અને श्य પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદ અને क्य પ્રત્યયાદિ કાર્ય થવાથી रज्यते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પગ સ્વયં પીડિત થાય છે. અહીં રોગાદિ પગને પીડિત કરતાં હોવાં છતાં કર્માત્મક પગમાં કર્તૃત્વની વિવક્ષા છે - એ સ્પષ્ટ છે. વસ્ત્ર સ્વયં રંગાય છે. અહીં પણ વસ્ત્રને રંગતા હોવા છતાં તે કર્મમાં કર્તૃત્વની વિવક્ષા સ્પષ્ટ છે.

व्याप्ये कर्त्तरीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મકારકમાં કર્તૃત્વની વિવક્ષા હોય તો જ કર્ત્તામાં વિહિત शित् પ્રત્યયના વિષયમાં कुष् અને रञ्ज् (८९६) ધાતુને વિકલ્પથી પરસ્મૈપદ થાય છે. અને પરસ્મૈપદના યોગમાં श्य પ્રત્યય થાય છે. તેથી कुष्णाति पादं रोगः અહીં કર્મમાં કર્તૃત્વની વિવક્ષા ન હોવાથી कुष् (૧૫૬૫) ધાતુને આ સૂત્રથી પરસ્મૈપદ અને તેના યોગમાં श्य પ્રત્યય થતો નથી. જેથી 'क्र्यादेः ३-४-७९' થી श्ना (ना) પ્રત્યયાદિ કાર્ય થવાથી कुष्णाति આવો પ્રયોગ થાય છે. અર્થ - રોગ પગને પીડા પહોંચાડે છે. शितीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મકારકમાં કર્તૃત્વની વિવક્ષા હોય તો કર્ત્તામાં વિહિત શિત્પ્રત્યયના જ વિષયમાં कुष् અને रञ्ज् ધાતુને વિકલ્પથી પરસ્મૈપદ અને તેના યોગમાં श्य પ્રત્યય થાય છે. તેથી अकोषि અહીં अशित् અદ્યતનીમાં આત્મનેપદનો કર્મકર્ત્તામાં વિહિત तं પ્રત્યય પરમાં હોવા છતાં આ સૂત્રથી कुष् ધાતુને પરસ્મૈપદ અને श्य પ્રત્યય થતો નથી. જેથી अ+कुष् +त આ અવસ્થામાં 'एकधातौ० ३-४-८६' થી त પ્રત્યયની પૂર્વે जिच् (इ) પ્રત્યય અને त નો લોપ. 'लघोरुपा० ४-३-४' થી उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ- પગ સ્વયમેવ પીડા પામ્યો. ॥७४॥

**स्वादेः श्नु ३।४।७५॥**

सु છે આદિમાં જેના એવા स्वादि ગણપાઠમાંના (૧૨૮૬ થી ૧૩૧૪)

ધાતુને; તેની પરમાં કર્ત્તામાં વિહિત શિત્ પ્રત્યય હોય તો श्नु (નુ) પ્રત્યય થાય છે. सु અને सि ધાતુને કર્ત્તામાં વર્ત્તમાનાનો तिव् (शित्) પ્રત્યય. આ સૂત્રથી ધાતુની પરમાં श्नु પ્રત્યય. 'उश्नोः ४-३-२' થી नु ના उ ને ગુણ ओ આદેશ થવાથી सुनोति અને सिनोति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મદ્યની તૈયારી કરે છે. બાંધે છે. ॥૭૫॥

## वाऽक्षः ३।४।७६॥

કર્ત્તામાં વિહિત શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अक्ष् ધાતુને વિકલ્પથી श्नु પ્રત્યય થાય છે. अक्ष् (૫૭૦) ધાતુને કર્ત્તામાં વર્ત્તમાનાનો (शित्) तिव् પ્રત્યય. આ સૂત્રથી अक्ष् ધાતુની પરમાં श्नु પ્રત્યય. 'उश्नोः ४-३-२' થી नु ના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી अक्ष्णोति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી श्नु પ્રત્યય ન થાય ત્યારે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अक्षति આવો પ્રયોગ થાય છે. અર્થ- પ્રાપ્ત કરે છે.॥૭૬॥

## तक्षः स्वार्थे वा ३।४।७७॥

કર્ત્તામાં વિહિત શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા સ્વાર્થવાચક (तनुत्व - છોલીને પાતળું કરવું - અર્થના વાચક) तक्ष् ધાતુને વિકલ્પથી श्नु પ્રત્યય થાય છે. तक्ष् (૫૭૧) ધાતુને शित् - वर्त्तमाना નો तिव् પ્રત્યય. આ સૂત્રથી तिव् પ્રત્યયની પૂર્વે श्नु પ્રત્યય. 'उ-श्नोः ४-३-२' થી उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી तक्ष्णोति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી श्नु પ્રત્યય ન થાય ત્યારે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યયાદિ કાર્ય થવાથી तक्षति આવો પ્રયોગ થાય છે. અર્થ - પાતળું કરે છે. स्वार्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્તામાં વિહિત શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા

સ્વાર્થવાચક જ तक्ष् ધાતુને श्नु પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી संतक्षति शिष्यम् અહીં નિર્ભર્ત્સનાર્થક तक्ष् ધાતુને આ સૂત્રથી श्नु પ્રત્યય ન થવાથી शव् પ્રત્યયાદિ જ કાર્ય થાય છે. અર્થ - શિષ્યને ઠપકો આપે છે. ॥૭૭॥

## स्तम्भू-स्तुम्भू-स्कम्भू-स्कुम्भू-स्कोः श्ना च ३।४।७८॥

स्तम्भ् स्तुम्भ् स्कम्भ् અને स्कुम्भ् આ સૌત્ર (૧૯૮૫ થી ૧૯૮૮) ધાતુને તેમ જ स्कु (૧૫૧૪) ધાતુને તેનાથી પરમાં કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય હોય તો श्ना અને श्नु પ્રત્યય થાય છે. स्तम्भ् स्तुम्भ् स्कम्भ् અને स्कुम्भ् આ સૌત્ર (ऊदित् હોવાથી वेट्) ધાતુને તેમજ स्कु ધાતુને शित् - वर्त्तमाना નો तिव् પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે श्ना (ना) પ્રત્યય તેમજ એકવાર श्नु પ્રત્યય. 'नो व्यञ्जन० ૪-૨-૪૫' થી ધાતુની न् નો (म् નો) લોપ. 'उ-श्नोः ૪-૩-૨' થી नु ના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી स्तभ्नाति; स्तभ्नोति; स्तुभ्नाति; स्तुभ्नोति; स्कभ्नाति स्कभ्नोति; स्कुभ्नाति स्कुभ्नोति અને स्कुनाति स्कुनोति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - રોકે છે. રોકે છે. રોકે છે. રોકે છે. થોડું અથવા સતત ચાલે છે. ॥૭૮॥

## क्र्यादेः ३।४।७९॥

કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો क्री છે આદિમાં જેના એવા क्र्यादि ગણપાઠમાંના (૧૫૦૮ થી ૧૫૬૭) ધાતુને श्ना (ना) પ્રત્યય થાય છે. क्री અને प्री ધાતુને शित् - वर्त्तमाना નો तिव् પ્રત્યય. આ સૂત્રથી तिव् પ્રત્યયની પૂર્વે श्ना પ્રત્યયના न् ને 'रषृवर्णा० ૨-૩-૬૩' થી ण् આદેશ વગેરે કાર્ય થવાથી क्रीणाति અને प्रीणाति આવો પ્રયોગ થાય છે. અર્થ - ખરીદે છે. ખુશ કરે છે. ॥૭૯॥

## व्यञ्जनाच्छ्नाहेरानः ३।४।८०॥

વ્યઞ્જન છે અન્તમાં જેના એવા ધાતુથી પરમાં રહેલા श्ना પ્રત્યયની સાથે पञ्चमी (આજ્ઞાર્થ) ના हि પ્રત્યયને आन આદેશ થાય છે. पुष् અને मुष् આ વ્યઞ્જનાન્ત ધાતુને शित् - पञ्चमी નો हि પ્રત્યય. हि પ્રત્યયની પૂર્વે 'क्र्यादेः ३-४-७९' श्ना પ્રત્યય. श्ना ની સાથે हि પ્રત્યયને આ સૂત્રથી आन આદેશ. आन ના न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ વગેરે કાર્ય થવાથી पुषाण અને मुषाण આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પુષ્ટ કર. ચોરી કર. व्यञ्जनादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાન્ત જ ધાતુની પરમાં રહેલા श्ना પ્રત્યયની સાથે हि પ્રત્યયને आन આદેશ થાય છે. તેથી लुनीहि અહીં સ્વરાન્ત लू ધાતુની પરમાં રહેલા श्ना પ્રત્યયની સાથે हि પ્રત્યયને આ સૂત્રથી आन આદેશ થતો નથી. અહીં 'प्वादेर्ह्रस्वः ४-२-१०५' થી लू ધાતુના ऊ ને હ્રસ્વ उ આદેશ થયો છે; અને श्ना ના आ ને 'एषामी० ४-२-९७' થી ई આદેશ થાય છે. અર્થ- કાપ. ॥८०॥

## तुदादेः शः ३।४।८१॥

કર્ત્તામાં વિહિત शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા तुदादि ગણપાઠમાંના (૧૩૩૫ થી ૧૪૭૨) ધાતુને श પ્રત્યય થાય છે. तुद् ધાતુને शित्-वर्त्तमाना નો तिव् અને ते પ્રત્યય. આ સૂત્રથી तुद् ધાતુની પરમાં श (अ) પ્રત્યય વગેરે કાર્ય થાય છે. જેથી तुदति અને तुदते આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - દુઃખી કરે છે. અહીં 'शिदवित् ४-३-२०' થી शित् श પ્રત્યય ङित् મનાતો હોવાથી तुद् ના उ ને ગુણની પ્રાપ્તિ નથી. ॥८१॥

## रुधां स्वराच्छ्नो नलुक् च ३।४।८२॥

कर्त्तामां विहित शित् प्रत्यय परमां होय तो; तेनी पूर्वे रहेला रुधादि गणपाठमांना (१४७३ थी १४९८) रुध् वगेरे धातुना स्वरनी परमां श्न (न) प्रत्यय थाय छे; अने त्यारे (श्न प्रत्ययना योगमां) रुध् वगेरे मूलभूत धातुना (प्रकृतिना) न् नो लोप थाय छे. रुध् धातुने कर्त्तामां वर्त्तमानानो तिव् (शित्) प्रत्यय. आ सूत्रथी रुध् धातुना स्वर उ नी परमां श्न (न) प्रत्यय. 'अधश्चतु० २-१-७९' थी तिव् प्रत्ययना त् ने ध् आदेश. 'तृतीयस्तृती० १-३-४९' थी रुध् धातुना ध् ने द् आदेश. 'रषृवर्णा० २-३-६३' थी श्न प्रत्ययना न् ने ण् आदेश वगेरे कार्य थवाथी रुणद्धि आवो प्रयोग थाय छे. हिन्स् (१४९४ - आ नंबरना हिस् धातुने 'उदितः स्वरा० ४-४-९८' थी न् आगमादि कार्यथी निष्पन्न) धातुने कर्त्तामां वर्त्तमानानो (शित्) तिव् प्रत्यय. आ सूत्रथी हिन्स् धातुना इ नी परमां श्न प्रत्यय अने धातुना न् नो लोप वगेरे कार्य थवाथी हिनस्ति आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- रोके छे. हिंसा करे छे. ॥८२॥

## कृग् तनादेरुः ३।४।८३॥

कर्त्तामां विहित शित् प्रत्यय परमां होय तेनी पूर्वे रहेला कृ (८८८) धातुनी परमां तेमज तनादि गणपाठमांना (१४९९ थी १५०७) तन् वगेरे धातुनी परमां उ प्रत्यय थाय छे. कृ अने तन् धातुने कर्त्तामां वर्त्तमानानो (शित्) तिव् प्रत्यय. आ सूत्रथी तिव् प्रत्ययनी पूर्वे उ प्रत्यय. 'नामिनो० ४-३-१' थी ऋ ने गुण अर् आदेश. 'उ-श्नोः ४-३-२' थी उ प्रत्ययने गुण ओ आदेश वगेरे कार्य थवाथी करोति अने तनोति आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः - करे छे. विस्तारे छे.॥८३॥

## सृजः श्राद्धे ञि-क्याऽऽत्मने तथा ३।४।८४॥

श्रद्धावान् - कर्त्ता હોય તો सृज् ધાતુને પૂર્વે જણાવ્યા મુજબ (ञि क्य અને આત્મનેપદ વિધાયક સૂત્રોથી જે રીતે ञि क्य અને आत्मनेपद નું વિધાન કર્યું છે તે રીતે) ञि क्य અને आत्मनेपद કર્ત્તામાં થાય છે. सृज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. પૂર્વે જણાવ્યા મુજબ સૂ.નં. ३-४-६८ ની જેમ આ સૂત્રની સહાયથી त પ્રત્યયની પૂર્વે ञिच् પ્રત્યય અને त નો લોપ. 'लघोरुपा० ४-३-४' થી ऋ ને ગુણ अर् આદેશ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट् વગેરે કાર્ય થવાથી असर्जि मालां धार्मिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- ધાર્મિક પુરુષે માળા બનાવી. सृज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. પૂર્વે જણાવ્યા મુજબ સૂ.નં. ૩-૪-૭૦ ની જેમ આ સૂત્રની સહાયથી ते પ્રત્યયની પૂર્વે क्य પ્રત્યય... વગેરે કાર્ય થવાથી सृज्यते मालां धार्मिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- ધાર્મિક પુરુષ માળાને બનાવે છે. सृज् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો भविष्यन्ती નો स्यते પ્રત્યય ... વગેરે કાર્ય થવાંથી સૂ. નં. ३-४-६९ માં જણાવ્યા મુજબ द्रक्ष्यते ની જેમ स्रक्ष्यते मालां धार्मिकः આવો પ્રયોગ થાય છે. અર્થ- ધાર્મિક પુરુષ માળા બનાવશે.

श्राद्ध इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શ્રદ્ધાવાન જ કર્ત્તા હોય તો सृज् ધાતુને પૂર્વે જણાવ્યા મુજબ કર્ત્તામાં ञि क्य અને આત્મનેપદ થાય છે. તેથી व्यत्यसृष्ट माले मिथुनम् અહીં કર્ત્તા મિથુન શ્રદ્ધાવાન્ ન હોવાથી वि+अति +सृज् ધાતુને 'क्रियाव्यतिहारे० ३-३-२૩' ની સહાયથી આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય થયા બાદ તેની પૂર્વે આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ ञिच् પ્રત્યય થતો નથી. જેથી वि + अति + अ + सृज् + त આ અવસ્થામાં त પ્રત્યયની પૂર્વે 'सिजद्यत० ३-४-५३' થી सिच् પ્રત્યય. 'धुड् ह्रस्वा० ४-

૩-૭૦' થી सिच् નો લોપ. ज् ને 'यज-सृज० २-१-८७' થી ष् આદેશ.ष् ના યોગમાં त् ને 'तवर्गस्य० १-३-६०' થી ट् આદેશ વગેરે કાર્ય થવાથી व्यत्यसृष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ-જોડલાએ પરસ્પર બે માળા બનાવી. ॥૮૪॥

## तपेस्तपः कर्मकात् ३।४।८५॥

તપ:કર્મક तप् ધાતુને પૂર્વે જણાવ્યા મુજબ કર્ત્તામાં ञि क्य અને આત્મનેપદ થાય છે. तप् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. પૂર્વે જણાવ્યા મુજબ ते પ્રત્યયની પૂર્વે (સૂ.નં. ૩-૪-૭૦ ની જેમ) આ સૂત્રની સહાયથી क्य પ્રત્યયાદિ કાર્ય થવાથી तप्यते साधुस्तपः આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે तप् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો પરોક્ષાનો ए પ્રત્યય. 'अनादेशा० ४-१-२४' થી तप् ધાતુના अ ને ए આદેશ અને દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી तेपे तपः साधुः આવો પ્રયોગ થાય છે. અહીં तप् ધાતુનું કર્મ तप છે એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ- સાધુ તપ કરે છે, સાધુએ તપ કર્યું હતું.

तप इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तपः कर्मक જ तप् ધાતુને કર્ત્તામાં પૂર્વે જણાવ્યા મુજબ ञि क्य અને આત્મનેપદ થાય છે. તેથી 'उत्तपति स्वर्णं स्वर्णकारः અહીં तप् ધાતુ स्वर्णकर्मक (तपःकर्मक ન) હોવાથી તેને આત્મનેપદાદિ કાર્ય થતું નથી. અર્થ- સોની સોનાને તપાવે છે. कर्मेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तपःकर्मक (तपःकर्तृक નહીં) જ तप् ધાતુને પૂર્વે જણાવ્યા મુજબ કર્ત્તામાં ञिक्य અને આત્મનેપદ થાય છે. તેથી तपः साधुं तपति અહીં तपःकर्तृक तप् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં આત્મનેપદ વગેરે કાર્ય થતું નથી. અર્થ - સાધુને તપ ખિન્ન કરે છે. ॥૮૫॥

## एकधातौ कर्मक्रिययैकाऽकर्मक्रिये ३।४।८६॥

कर्मवृत्ति क्रिया, थी અભિન્નક્રિયા કર્માત્મક કર્તૃવૃત્તિ હોય અને ત્યારે ધાતુ અકર્મક હોય તો તાદૃશ કર્માત્મક કર્ત્તૃવૃત્તિ ક્રિયાર્થક અકર્મક ધાતુને જો તે કર્મ અને કર્માત્મક કર્તૃવૃત્તિ ક્રિયાનો વાચક એક હોય તો પૂર્વે જણાવ્યા મુજબ કર્ત્તામાં (કર્માત્મક કર્ત્તામાં) ञि क्य અને આત્મનેપદ થાય છે. अकारि क्रियते करिष्यते वा कटः स्वयमेव અહીં कटात्मककर्म માં कृ ધાત્વર્થ ઉત્પત્તિ સ્વરૂપ ફ્લાત્મક ક્રિયા વૃત્તિ હતી. कटात्मक कर्म માં કર્મત્વની વિવક્ષાના અભાવમાં કર્તૃત્વ વિવક્ષાથી એજ ક્રિયા તાદૃશ કર્માત્મક કર્તૃવૃત્તિ છે ત્યારે ધાતુ (कृ) અકર્મક છે અને તાદૃશોભય ક્રિયાર્થક એક જ ધાતુ છે. તેથી कृ ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. त ની પૂર્વે; પૂર્વે જણાવ્યા મુજબ (જુઓ सू.नं. ३-४-६८) આ સૂત્રની સહાયથી ञिच् પ્રત્યય અને त પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી अकारि कटः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ- ચટઈ પોતે થઈ. कृ ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રની સહાયથી પૂર્વે જણાવ્યા મુજબ (જુઓ सू.नं. ३-४-७०) क्य પ્રત્યય. 'रिः श-क्या० ४-३-११०' થી ऋ ને रि આદેશ વગેરે કાર્ય થવાથી क्रियते कटः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ- ચટઈ પોતે થાય છે. આવીજ રીતે कृ ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો भविष्यन्ती નો स्यते પ્રત્યય.. તેની પૂર્વે 'हनृतः स्यस्य ४-४-४९' થી इट् (इ) વગેરે કાર્ય થવાથી करिष्यते कटः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ- ચટઈ પોતે થશે.

एकधाताविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મવૃત્તિ ક્રિયાથી અભિન્નક્રિયા કર્માત્મક કર્ત્તૃવૃત્તિ હોય અને ત્યારે ધાતુ અકર્મક હોય તો તાદૃશ ક્રિયાર્થક - અકર્મક ધાતુને જો તે કર્મ અને તદાત્મક કર્ત્તૃવૃત્તિ બંન્ને ક્રિયાનો વાચક એક જ હોય તો પૂર્વે જણાવ્યા મુજબ કર્માત્મક કર્ત્તામાં ञि क्य અને આત્મનેપદ થાય છે. તેથી पचति ओदनं

चैत्रः सिध्यत्योदनः स्वयमेव અહીં ओदनात्मककर्मवृत्तिविक्लृत्त्यात्मक- क्रिया તાદૃશ કર્માત્મક કર્ત્તૃવૃત્તિ છે. ત્યારે ધાતુ અકર્મક પણ છે. પરન્તુ કર્માત્મક ओदनवृत्ति तादृश ક્રિયાનો વાચક पच् ધાતુ છે અને કર્માત્મક કર્ત્તૃ સ્વરૂપ ઓદન વૃત્તિ તાદૃશ ક્રિયાનો વાચક सिध् ધાતુ છે - અર્થાત્ તાદૃશ ક્રિયાર્થક ધાતુ એક નથી પણ ભિન્ન છે. તેથી આ સૂત્રથી सिध् ધાતુને ञि क्य અને આત્મનેપદ થતું નથી. અર્થ - ચૈત્ર ભાત રાંધે છે. ભાત સ્વયં થાય છે.

कर्मक्रिययेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મસ્થ જ (કરણાદિસ્થ નહીં) ક્રિયાથી અભિન્ન ક્રિયા તદાત્મક કર્ત્તૃવૃત્તિ હોય અને ત્યારે ધાતુ અકર્મક હોય તો તાદૃશ ક્રિયાવાચક ધાતુને જો તે તાદૃશોભય ક્રિયાનો વાચક એક હોય તો કર્ત્તામાં પૂર્વે જણાવ્યા મુજબ ञि क्य અને આત્મનેપદ થાય છે. તેથી साध्वसिश्छिनत्ति અહીં કરણાત્મક असि वृत्ति छिद् ધાત્વર્થવ્યાપાર કરણાત્મક કર્ત્તૃવૃત્તિ હોવાથી તાદૃશ छिद् ધાતુને આ સૂત્રથી ञि क्य અને આત્મનેપદ થતું નથી. અર્થ- તલવાર પોતે સારું કાપે છે.

एकक्रिय इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મવૃત્તિ જે ક્રિયા છે તે જ ક્રિયા કર્માત્મક કર્ત્તૃવૃત્તિ હોય અને ત્યારે ધાતુ અકર્મક હોય તો તે તાદૃશ ક્રિયાવાચક અકર્મક ધાતુને; જો તે તાદૃશ બંન્ને ક્રિયાનો વાચક એક હોય તો કર્માત્મક કર્ત્તામાં ञि क्य અને આત્મનેપદ થાય છે. તેથી स्रवत्युदकं कुण्डिका, स्रवत्युदकं कुण्डिकायाः અહીં उदकात्मककर्मवृत्ति स्रु ધાત્વર્થ ક્રિયા ફલાત્મક વિભાગ સ્વરૂપ છે. કારણકે ત્યાં ધાત્વર્થ વિભાગાનુકૂલ વ્યાપાર છે; અને उदकात्मक कर्त्तृ (કર્મકર્ત્તૃ) વૃત્તિ ક્રિયા સંયોગાત્મક ફલ અને તદનુકૂલ વ્યાપાર સ્વરૂપ છે. આથી સ્પષ્ટ છે કે અહીં કર્મસ્થ ક્રિયાથી અભિન્ન ક્રિયા તાદૃશ કર્માત્મક કર્ત્તૃવૃત્તિ ન હોવાથી અકર્મક स्रु ધાતુને આ સૂત્રથી ञि क्य અને આત્મનેપદ થતું નથી. અર્થ- કુંડી પાણીને ઝરાવે છે. કુંડીમાંથી પાણી

ઝરે છે.

अकर्मक्रिय इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મસ્થ ક્રિયાથી અભિન્ન ક્રિયા કર્માત્મક કર્તૃવૃત્તિ હોય અને ત્યારે ધાતુ અકર્મક જ (સકર્મક નહીં) હોય તો તાદૃશ ક્રિયાર્થક અકર્મક ધાતુને જો તે તાદૃશ બંન્ને ક્રિયાનો વાચક એક હોય તો ञि क्य અને આત્મનેપદ થાય છે. તેથી भिद्यमानः कुशुलः पात्राणि भिनत्तिः અહીં देवदत्तः कुशुलं भिनत्ति આ અવસ્થાના કર્માત્મક કુશુલવૃત્તિ भिद् ધાત્વર્થ દ્વિધાભવનાત્મક ક્રિયા તાદૃશકર્માત્મક કર્તુવૃત્તિ પણ છે. પરન્તુ ત્યારે भिद् ધાતુ પાત્રકર્મક હોવાથી અર્થાદ્ અકર્મક ન હોવાથી આ સૂત્રની સહાયથી भिद् ધાતુને ञि क्य અને આત્મનેપદ થતું નથી. અર્થ- (દેવદત્તાદિથી) ભેદાતી કોઠી વાસણોને ભાંગી નાખે છે. ॥८६॥

## पचि-दुहेः ३।४।८७॥

કર્મવૃત્તિ ક્રિયાથી અભિન્ન ક્રિયા કર્માત્મક કર્તૃવૃત્તિ હોય તો તાદૃશ કર્માત્મક કર્તૃવૃત્તિ અને કર્મવૃત્તિ ક્રિયાવાચક એક અકર્મક અથવા સકર્મક એવા पच् અને दुह् ધાતુને કર્ત્તામાં ञि क्य અને આત્મનેપદ પૂર્વે જણાવ્યા મુજબ થાય છે. અકર્મક पच् ધાતુનું ઉદાહરણ : - पच् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો કર્માત્મક કર્ત્તામાં અદ્યતનીનો त પ્રત્યય. આ સૂત્રની સહાયથી પૂર્વે જણાવ્યા મુજબ त પ્રત્યયની પૂર્વે ञिच् પ્રત્યય અને त નો લોપ. 'ञ्णिति ४-३-५०' થી पच् ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી अपाचि ओदनः स्वयमेव આવો પ્રયોગ થાય છે. ओदनं पचति આ પૂર્વાવસ્થા સ્પષ્ટ છે. અર્થ- ભાત સ્વયં થયા. આવીજ રીતે पच्यते ओदनः स्वयमेव અહીં આ સૂત્રની સહાયથી કર્મકર્ત્તામાં पच् ધાતુને આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે क्य પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- ભાત સ્વયં થાય છે. पच् ધાતુને આ સૂત્રની સહાયથી આત્મનેપદનો भविष्यन्ती નો स्यते પ્રત્યય. 'चजः

कगम् २-१-८६' થી चू ને क् આદેશ વગેરે કાર્ય થવાથી पक्ष्यते ओदनः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ - ભાત સ્વયં થશે.

अकर्मक दुह् ધાતુનું ઉદાહરણઃ- दुह् ધાતુને આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. त ની પૂર્વે પૂર્વે જણાવ્યા મુજબ ञिच् (इ) પ્રત્યય તથા त પ્રત્યયનો લોપ. दुह् ધાતુના ઉપાન્ત્ય उ ને 'लघोरुपा० ४-३-४' થી ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી अदोहि गौः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાય સ્વયં દોહાઈ. दुह् ધાતુને આ સૂત્રની સહાયથી કર્મકર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. ते પ્રત્યયની પૂર્વે આ સૂત્રની સહાયથી પ્રાપ્ત क्य પ્રત્યયનો 'भूषार्थ-सन्० ३-४-९३' થી दुह् ધાતુ किरादि નો હોવાથી નિષેધ. दुह् + ते આ અવસ્થામાં 'भ्वादेर्दादि० २-१-८३' થી ह् ने घ् આદેશ. 'अधश्चतु० २-१-७९' થી ते પ્રત્યયના त् ને ध् આદેશ 'तृतीयस्तृ० १-३-४९' થી घ् ને ग् આદેશ થવાથી दुग्धे गौः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાય સ્વયં દોહાય છે. दुह् ધાતુને આ સૂત્રની સહાયથી કર્મકર્ત્તામાં આત્મનેપદનો भविष्यन्ती નો स्यते પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી उ ને ગુણ ओ આદેશ. ઉપર જણાવ્યા મુજબ ह् ને घ् આદેશ. 'गडदबा० २-१-७७' થી द् ને ध् આદેશ. 'अघोषे० १-३-५०' થી घ् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી धोक्ष्यते गौः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાય પોતે દોહાશે.

सकर्मक पच् ધાતુનું ઉદાહરણ : - उदुम्बरः फलं पच्यते स्वयमेव અને उदुम्बरः फलमपक्त स्वयमेव અહીં સકર્મક- તાદૃશ पच् ધાતુને પૂર્વે જણાવ્યા મુજબ આ સૂત્રની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય અને તેની પૂર્વે क्य પ્રત્યય થવાથી पच्यते આવો પ્રયોગ થાય છે. તેમજ અદ્યતનીનો त પ્રત્યય; આ સૂત્રની સહાયથી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો 'न कर्मणा ञिच् ३-४-८८' થી નિષેધ થવાથી 'सिजद्य० ३-४-५३' થી त પ્રત્યયની પૂર્વે થયેલા सिच् પ્રત્યયનો 'धुड् ह्रस्वा० ४-३-७०' થી લોપ. ઉપર જણાવ્યા મુજબ च् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી अपक्त

આવો પ્રયોગ થાય છે. (पच् ધાતુને ઉપર જણાવ્યા મુજબ स्यते પ્રત્યયાદિ કાર્ય થવાથી पक्ष्यते उदुम्बरः फलं स्वयमेव આવો પ્રયોગ થાય છે.) અર્થક્રમંશઃ- ઉદુમ્બર ફલને સ્વયં પકવે છે. ઉદુમ્બરે સ્વયં ફળ પકાવ્યું. (ઉદુમ્બર સ્વયં ફળને પકાવશે.)

सकर्मक दुह् ધાતુનું ઉદાહરણઃ- दुग्धे पयो गौः स्वयमेव; अदुग्ध गौः पयः स्वयमेव અને धोक्ष्यते पयो गौः स्वयमेव અહીં दुग्धे અને धोक्ष्यते આ બંન્ને પ્રયોગો ઉપર જણાવ્યા મુજબ થાય છે. दुह् ધાતુને આ સૂત્રની સહાયથી પૂર્વે જણાવ્યા મુજબ અદ્યતનીનો આત્મનેપદનો त પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રની સહાયથી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો 'न कर्मणा० ३-४-८८' થી નિષેધ. ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય. सिच् નો લોપ. ह् ને घ्; त પ્રત્યયના त् ને ध् અને घ् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી अदुग्ध આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગાય સ્વયં દુધ દોહે છે. ગાયે સ્વયં દુધ દોહ્યું. ગાય સ્વયં દુધ દોહશે. ॥૮૭॥

## न कर्मणा ञिच् ३।४।८८॥

અનન્તર પૂર્વ સૂત્રથી (૩-૪-૮૭ થી) કર્મ-કર્ત્તામાં વિહિત ञिच् પ્રત્યય સકર્મક पच् અને दुह् ધાતુને થતો નથી. अपक्तोदुम्बरः फलं स्वयमेव અને अदुग्ध गौः पयः स्वयमेव અહીં पच् અને दुह् ધાતુને 'पचि-दुहेः ३-४-८७' ની સહાયથી આત્મનેપદના અદ્યતનીના त પ્રત્યયની પૂર્વે ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી સૂ. નં. ३-४-८७ માં જણાવ્યાં મુજબ अपक्त અને अदुग्ध આવો પ્રયોગ થાય છે. कर्मणेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સકર્મક જ पच् અને दुह् ધાતુને સૂ.નં. ૩-૪-૮૭ થી વિહિત કર્મકર્તામાં વિહિત ञिच् પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી अपाचि ओदनः स्वयमेव અહીં અકર્મક पच् ધાતુને 'पचि-दुहेः ३-४-८७' ની સહાયથી તેમાં જણાવ્યા મુજબ આત્મનેપદના અદ્યતનીના त પ્રત્યયની પૂર્વે ञिच् પ્રત્યયનો આ સૂત્રથી

નિષેધ થતો નથી. अनन्तरोक्ते कर्त्तरीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સકર્મક पच् અને दुह् ધાતુને અનન્તર સૂત્રથી કર્મકર્ત્તામાં વિહિત જ ञिच् પ્રત્યયનો નિષેધ થાય છે. (ञिच् સામાન્યનો નહીં) તેથી अपाचि उदुम्बरः फलं वायुना અહીં સકર્મક पच् ધાતુને કર્મમાં અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે 'भाव-कर्मणोः ३-४-६८' થી ञिच् પ્રત્યય વગેરે કાર્ય થાય છે જ. અર્થ- વાયુવડે ઉદુમ્બરને ફલ પકાવાયું. ॥૮૮॥

## रुधः ३।४।८९॥

અનન્તર - પૂર્વસૂત્રથી (૩-૪-૮૬ થી) કર્મકર્ત્તામાં વિહિત ञिच् પ્રત્યય रुध् ધાતુને થતો નથી. अरुद्ध गौः स्वयमेव અહીં रुध् ધાતુને 'एकधातौ० ३-४-८६' થી આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે તે સૂત્રની સહાયથી પૂર્વે જણાવ્યા મુજબ પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી अ+रुध्+त આ અવસ્થામાં त પ્રત્યયની પૂર્વે 'सिजद्यत० ३-४-५३' થી વિહિત सिच् પ્રત્યયનો 'धुड्ह्रस्वा० ४-३-७०' થી લોપ. 'अधश्चतु० २-१-७९' થી त् ને ध् આદેશ. 'तृतीयस्तृती० १-३-४९' થી रुध् ધાતુના ध् ને द् આદેશ થવાથી अरुद्ध આવો પ્રયોગ થાય છે. અર્થ- ગાય સ્વયં રોકાઈ. ॥૮૯॥

## स्वर - दुहो वा ३।४।९०॥

સ્વરાન્ત ધાતુને તેમજ दुह् ધાતુને અનન્તર-પૂર્વ સૂત્રોક્ત (सू. नं. ३-૪-૮૬ અને ૩-૪-૮૭ થી જણાવેલ) કર્મ-કર્ત્તામાં વિકલ્પથી ञिच् પ્રત્યયનો નિષેધ થાય છે. अकृत कटः स्वयमेव અને अकारि कटः स्वयमेव અહીં સ્વરાન્ત कृ ધાતુને अ+कृ+त આ અવસ્થામાં પૂર્વે જણાવ્યા મુજબ 'एकधातौ० ३-४-८६' થી ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી 'सिजद्य० ३-४-५३' થી त પ્રત્યયની પૂર્વે વિહિત सिच्

પ્રત્યયનો 'धुड्ह्स्वा० ४-३-७०' થી લોપ વગેરે કાર્ય થવાથી अकृत આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ञिच् નો નિષેધ ન થાય તો 'एकधातौ० ३-४-८६' થી त પ્રત્યયની પૂર્વે ञिच् પ્રત્યયાદિ કાર્ય તે સૂત્રમાં જણાવ્યા મુજબ થવાથી अकारि આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે अदुग्ध गौः स्वयमेव અને अदोहि गौः स्वयमेव અહીં अ+दुह्+त આ અવસ્થામાં दुह् ધાતુને 'पचि-दुहेः ३-४-८७' થી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી અને વિકલ્પપક્ષમાં નિષેધ ન થવાથી અનુક્રમે તે સૂત્રમાં જણાવ્યા મુજબ अदुग्ध અને अदोहि આવો પ્રયોગ થાય છે. ॥૯૦॥

## तपः कर्त्रनुतापे च ३।४।९१॥

तप् ધાતુને અનન્તર-પૂર્વ સૂત્રોક્ત કર્મકર્ત્તામાં; કર્ત્તામાં અને અનુતાપ અર્થ ગમ્યમાન હોય તો કર્મમાં અને ભાવમાં પણ ञिच् પ્રત્યય થતો નથી. આથી સમજી શકાશે કે અનનુતાપ અર્થ ગમ્યમાન હોય તો કર્મકર્ત્તામાં અને કર્ત્તામાં જ આ સૂત્રથી तप् ધાતુને ञिच् પ્રત્યયનો નિષેધ થાય છે. પરન્તુ कर्म કે ભાવ માં ञिच् પ્રત્યયનો નિષેધ થતો નથી.

कर्मकर्त्ता માં ञिच् પ્રત્યયના નિષેધનું ઉદાહરણઃ- अन्ववातप्त कितवः स्वयमेव અહીં अनु+अव+तप् ધાતુને 'एकधातौ० ३-४-८६' ની સહાયથી આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે તે સૂત્રથી (૩-૪-૮૬) પ્રાપ્ત ञिच् નો આ સૂત્રથી નિષેધ. 'सिजद्य० ३-४-५३' થી त પ્રત્યયની પૂર્વે થયેલા सिच् પ્રત્યયનો 'धुड्ह्स्वा० ४-३-७०' થી લોપ વગેરે કાર્ય થવાથી अन्ववातप्त આવો પ્રયોગ થાય છે. અર્થ- ધૂર્ત પોતે પીડા પામ્યો.

कर्त्ता માં ञिच् પ્રત્યયના નિષેધનું ઉદાહરણઃ-- अतप्त तपांसि साधुः અહીં तप् ધાતુને કર્ત્તામાં 'तपेस्तपः० ३-४-८५' થી આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. તે સૂત્રથી त પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય અને તેનો

લોપ વગેરે કાર્ય થવાથી अतप्त આવો પ્રયોગ થાય છે. અર્થ- સાધુએ ઘણાં તપ કર્યાં.

અનુતાપ અર્થમાં ભાવમાં ञिच् પ્રત્યયના નિષેધનું ઉદાહરણઃ- अन्वतप्त चैत्रेण અહીં अनु+तप् ધાતુને 'तत्साप्या० ૩-૩-૨૧' ની સહાયથી અદ્યતનીનો આત્મનેપદનો त પ્રત્યય. તેની પૂર્વે 'भावकर्मणोः ૩-૪-૬૮' થી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય અને તેનો લોપ વગેરે કાર્ય થવાથી अन्वतप्त આવો પ્રયોગ થાય છે. અર્થ- ચૈત્ર પાછળથી દુઃખી થયો.

અનુતાપ અર્થમાં કર્મમાં ञिच् પ્રત્યયના નિષેધનું ઉદાહરણઃ- अन्ववातप्त पापः स्वकर्मणा અહીં अनु+अव+तप् ધાતુને અદ્યતનીનો 'तत्साप्या० ૩-૩-૨૧' ની સહાયથી આત્મનેપદનો त પ્રત્યય. 'भावकर्मणोः ૩-૪-૬૮' થી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ सिंच् પ્રત્યય અને તેનો લોપ વગેરે કાર્ય થવાથી अन्ववातप्त આવો પ્રયોગ થાય છે. અર્થ- પાપીને પોતાના કર્મે પાછળથી દુઃખી કર્યો.

कर्त्रनुतापे चेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तप् ધાતુને અનન્તર સૂત્રોક્ત કર્મકર્તામાં જ, કર્તામાં જ અને અનુતાપ અર્થ ગમ્યમાન હોય તો જ भाव અને कर्म માં પણ ञिच् પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી अतापि पृथिवी राज्ञा અહીં અનુતાપ અર્થ ગમ્યમાન ન હોવાથી तप् ધાતુને અદ્યતનીમાં 'तत्साप्या० ૩-૩-૨૧' ની સહાયથી કર્મમાં આત્મનેપદનો त પ્રત્યય. 'भावकर्मणोः ૩-૪-૬૮' થી त પ્રત્યયની પૂર્વે વિહિત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ ન થવાથી ञिच् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી तप् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી अतापि આવો પ્રયોગ થાય છે. અર્થ- રાજાએ પૃથ્વીને પીડિત કરી. ॥૯૧॥

णि प्रत्ययान्त धातुने तेम ज स्नु श्रि अने आत्मनेपदाकर्मक (सू.नं. ३-३-८५ ... वगेरे सूत्रोथी जे धातुने आत्मनेपद थाय छे ते धातुने) धातुने कर्म कर्त्तामां ञिच् प्रत्यय थतो नथी. ण्यन्त धातुनुं उदाहरण : - पचन्तं चैत्रं प्रायुक्तो मैत्रः (रांधता एवा चैत्रने मैत्रे प्रेरणा करी.) इत्यपीपचदोदनं चैत्रेण मैत्रः आ वाक्य मात्र णिगवस्था ना प्रदर्शन माटे छे आ सूत्रोपयोगी दृष्टान्तना प्रदर्शन माटे नथी. ए अवस्थाना प्रयोजक मैत्र अने प्रयोज्य चैत्र ना व्यापारनी अविवक्षामां अपीपचतौदनः स्वयमेव आवो कर्मकर्त्तामां प्रयोग थाय छे. अहीं 'प्रयोक्तृ० ३-४-२०' थी विहित णिग् प्रत्ययान्त पच् धातुने 'एकधातौ० ३-४-८६' थी आत्मनेपदनो अद्यतनीनो त प्रत्यय. ते सूत्र (३-४-८६) थी त प्रत्ययनी पूर्वे विहित ञिच् प्रत्ययनो आ सूत्रथी निषेध थवाथी त प्रत्ययनी पूर्वे 'णि-श्रि० ३-४-५८' थी ङ (अ) प्रत्यय. अ+पाच्+इ+अ+त आ अवस्थामां पच् ने 'द्विर्धातुः० ४-१-१' थी द्वित्व वगेरे कार्य थवाथी अपीपचत (जुओ सू.नं. ३-४-५८ मां अचीकरत् ...) आवो प्रयोग थाय छे. अर्थ - भात स्वयं रंधाया. स्नु धातुनुं उदाहरणः- प्र+स्नु धातुने उपर जणाव्या मुजब आत्मनेपदनो अद्यतनीनो त प्रत्यय. तेनी पूर्वे विहित ञिच् प्रत्ययनो आ सूत्रथी निषेध थवाथी 'सिजद्य० ३-४-५३' थी त प्रत्ययनी पूर्वे सिच् (स्) प्रत्यय. प्र+अ+स्नु+स्+त आ अवस्थामां 'नामिनो० ४-३-१' थी उ ने गुण ओ आदेश. 'नाम्यन्तस्था० २-३-१५' थी सिच् ना स् ने ष् आदेश. 'तवर्गस्य० १-३-६०' थी त् ने ट् आदेश वगेरे कार्य थवाथी प्रास्नोष्ट गौः स्वयमेव आवो प्रयोग थाय छे. अर्थ- गाय स्वयं झरी. श्रि धातुनुं उदाहरण :- उद्+श्रि धातुने उपर जणाव्या मुजब कर्मकर्त्तामां आत्मनेपदनो अद्यतनीनो त प्रत्यय. तेनी पूर्वे विहित ञिच् प्रत्ययनो आ सूत्रथी निषेध थवाथी 'णि-श्रि-द्रु० ३-४-५८' थी त प्रत्ययनी पूर्वे ङ (अ) प्रत्ययादि कार्य तेमां (३-४-५८ मां)

જણાવ્યા મુજબ થવાથી उदशिश्रियत दण्डः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ- દંડ પોતે ઊંચો થયો. આત્મનેપદાકર્મક ધાતુનું ઉદાહરણ :- 'वेः कृगः० ३-३-८५' થી તાદૃશ वि+कृ ધાતુને આત્મનેપદનું વિધાન હોવાથી આત્મનેપદાકર્મક वि+कृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મકર્ત્તામાં આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે વિહિત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ त પ્રત્યયની પૂર્વે વિહિત सिच् પ્રત્યયનો 'धुड्ह्रस्वा० ४-३-७०' થી લોપ વગેરે કાર્ય થવાથી व्यकृत सैन्धवः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘોડો પોતે સારી ચાલ ચાલ્યો.॥૯૨॥

## भूषार्थ-सन्-किरादिभ्यश्च ञि-क्यौ ३।४।९३॥

ભૂષાર્થક, सन्प्रत्ययान्त અને कृ આદિમાં છે જેના એવા किरादि ગણપાઠમાંના ધાતુને; તેમજ પૂર્વ સૂત્ર નિર્દિષ્ટ ण्यन्त ધાતુને, स्नु ધાતુને; श्रि ધાતુને અને આત્મનેપદાકર્મક ધાતુને કર્મકર્ત્તામાં ञि અને क्य પ્રત્યય થતો નથી. ભૂષાર્થક ધાતુનું ઉદાહરણ :- अलमकृत कन्या स्वयमेव અહીં ભૂષાર્થક अलम्+कृ ધાતુને કર્મકર્ત્તામાં 'एकधातौ० ३-४-८६' થી આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. તે સૂત્રથી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી 'सिजद्यत० ३-४-५३' થી त પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. તેનો 'धुड्ह्रस्वा० ४-३-७०' થી લોપ વગેરે કાર્ય થવાથી अकृत આવો પ્રયોગ થાય છે. અર્થ- કન્યા પોતે અલંકૃત થઈ. अलंकुरुते कन्या स्वयमेव અહીં अलम्+कृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મકર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. તે સૂત્રથી (३-४-८६ થી) क्य પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી अलम्+कृ + ते આ અવસ્થામાં 'कृग्-तना० ३-४-८३' થી ते પ્રત્યયની પૂર્વે उ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. अर् ના अ ને 'अतः० ४-२-८९' થી उ આદેશ વગેરે કાર્ય થવાથી कुरुते આવો પ્રયોગ

થાય છે. અર્થ - કન્યા પોતે અલંકૃત થાય છે.

सन् પ્રત્યયાન્ત ધાતુનું ઉદાહરણઃ- अचिकीर्षिष्ट कटः स्वयमेव અહીં कृ ધાતુને ઈચ્છાર્થમાં सन् (स) પ્રત્યયાદિ કાર્યથી (જુઓ સૂ. નં. ૩-૪-૨૧) નિષ્પન્ન सन् પ્રત્યયાન્ત चिकीर्ष ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મકર્ત્તામાં અદ્યતનીનો આત્મનેપદનો त પ્રત્યય. તેની પૂર્વે વિહિત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી त પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. अ+चिकीर्ष+स+त् આ અવસ્થામાં 'स्ताद्यशि० ४-४-३२' થી स् ની પૂર્વે इट् (इ). 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ. 'अतः ४-३-८२' થી ધાતુના અન્ત્ય अ નો લોપ. 'तवर्ग० १-३-६०' થી त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી अचिकीर्षिष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - ચટઈ પોતે કરવાની ઈચ્છાનો વિષય બની. આવીજ રીતે चिकीर्ष ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મ કર્ત્તામાં આત્મનેપદના વર્ત્તમાનાના ते પ્રત્યયની પૂર્વે વિહિત क्य પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી 'कर्त्तर्य० ३-४-७१' થી તે પ્રત્યયની પૂર્વે शव् પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી शव् (अ) પ્રત્યયની પૂર્વેના अ નો લોપ વગેરે કાર્ય થવાથી चिकीर्षते कटः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ- ચટઈ પોતે કરવાની ઈચ્છાનો વિષય બને છે.

किरादि (कृ વગેરે) ગણપાઠમાંના ધાતુનું ઉદહરણઃ- कृ અને गृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મ કર્ત્તામાં આત્મનેપદનો અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી त પ્રત્યયની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच् (स्) પ્રત્યય. 'ऋवर्णात् ४-३-३६' થી सिच् પ્રત્યયને किद्वद्भाव. 'ॠतां क्ङितीर् ४-४-११६' થી ॠ ને इर् આદેશ. 'भ्वादेर्नामिनो० २-१-६३' થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अकीर्ष्ट पांसुः स्वयमेव અને अगीर्ष्ट ग्रासः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ધૂળ પોતે વીખરાઈ. કોળીયો સ્વયં ખવાયો. આવીજ રીતે ઉપર જણાવ્યા મુજબ કર્મકર્ત્તામાં कृ અને गृ ધાતુને આત્મનેપદનો

વર્ત્તમાનાનો ते પ્રત્યય. ते પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત क्य પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ते પ્રત્યયની પૂર્વે 'तुदादेः शः ३-४-८१' થી श (अ) પ્રત્યય. 'शिदवित् ४-३-२०' થી श પ્રત્યયને ङिद्वद् ભાવ. ઉપર જણાવ્યા મુજબ ॠ ને इर् આદેશ થવાથી किरते पांसुः स्वयमेव અને गिरते ग्रासः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ધૂળ પોતે વીખરાય છે. ગ્રાસ સ્વયં ખવાય છે.

ण्यन्त ધાતુનું ઉદાહરણઃ- 'प्रयोक्तृ० ३-४-२०' થી વિહિત णिग् પ્રત્યયાન્ત कृ (कारि) ધાતુને તેમજ 'चुरादि० ३-४-१७' થી વિહિત णिच् પ્રત્યયાન્ત चुर् (चोरि) ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મકર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત क्य પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ते પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી कारयते कटः स्वयमेव અને चोरयते गौः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ચટઈ પોતે કરાય-થાય છે. ગાય સ્વયં ચોરાય છે.

स्नु ધાતુનું ઉદાહરણ :- प्र+स्नु ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મકર્ત્તામાં આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત क्य પ્રત્યયને આ સૂત્રથી નિષેધ થવાથી प्रस्नुते गौः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ- ગાય પોતે દોહાય છે. श्रि ધાતુનું ઉદાહરણ - उद् + श्रि ધાતુને ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે; પૂર્વે જણાવ્યા મુજબ વિહિત क्य પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ते પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી श्रि ધાતુના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી उच्छ्रयते दण्डः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ - દણ્ડ પોતે ઊંચો થાય છે. આત્મનેપદાકર્મક ધાતુનું ઉદાહરણ :- સૂ. નં. ૩-૩-૮૫ થી વિહિત આત્મનેપદવાળા અકર્મક वि+कृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ 'एकधातौ० ३-४-८६' થી આત્મનેપદનો વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય. તેની પૂર્વે તે સૂત્રથી વિહિત क्य પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી अन्ते

પ્રત્યયની પૂર્વે 'कृगृतनादेरुः ३-४-८३' થી उ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ. अर् ના अ ને 'अतः० ४-२-८९' થી उ આદેશ. 'अनतो० ४-२-११४' થી अन्ते ના अन्त् ને अत् આદેશ વગેરે કાર્ય થવાથી विकुर्वते सैन्धवाः स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘોડા પોતે સુંદર ચાલ ચાલે છે. અહીં યાદ રાખવું જોઈએ કે - ઉપર ण्यन्त અને स्नु વગેરે ધાતુના ઉદાહરણમાં માત્ર क्य પ્રત્યયના નિષેધનો ઉલ્લેખ કર્યો છે. પૂર્વ સૂત્ર (૩-૪-૯૨) માં ञिच् પ્રત્યયના નિષેધનો પૃથગ્ નિર્દેશ હોવાથી 'स्वर-ग्रह० ३-४-६९' થી યથાપ્રાપ્ત ञिट् નો નિષેધ આ સૂત્રથી થતો નથી.... ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું. ॥૯૩॥

## करणंक्रियया क्वचित् ३।४।९४॥

કરણવૃત્તિ ક્રિયા જો કરણાત્મક કર્તૃવૃત્તિ હોય તો તે અકર્મક (કર્માત્મક કર્તૃવૃત્તિ - ક્રિયાનો અવાચક) ધાતુને કરણવૃત્તિ ક્રિયાથી અભિન્ન કરણાત્મક કર્તૃવૃત્તિ ક્રિયાનો વાચક ધાતુ એક હોય તો કર્ત્તામાં પૂર્વે જણાવ્યા મુજબ કોઈવાર (પ્રયોગાનુસારે) ञि क्य અને આત્મનેપદ થાય છે. परिवारयन्ते कण्टका वृक्षं स्वयमेव અહીં देवदत्तः परिवारयति वृक्षं कण्टकैः- આ અવસ્થાના देवदत्तवृत्ति કર્તૃત્વની અવિવક્ષાથી કણ્ટકાત્મક કરણમાં કર્તૃત્વની વિવક્ષા હોવાથી परि+वारि ધાતુને કરણ-કર્ત્તામાં પૂર્વે જણાવ્યા મુજબ આ સૂત્રની સહાયથી આત્મનેપદનો अन्ते પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી પ્રાપ્ત क्य પ્રત્યયનો 'भूषार्थ० ३-४-९३' થી નિષેધ થવાથી अन्ते પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી परिवारयन्ते આવો પ્રયોગ થાય છે. અર્થ- કાંટા પોતે વૃક્ષને ઘેરી લે છે. क्वचिदिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કરણવૃત્તિ ક્રિયાથી અભિન્ન કરણાત્મક - કર્તૃવૃત્તિ ક્રિયાનો વાચક એક ધાતુ હોય તો તાદૃશ અકર્મક ધાતુને કરણવૃત્તિ ક્રિયા જો કરણાત્મક

કર્તૃવૃત્તિ હોય તો પૂર્વે જણાવ્યા મુજબ ક્વચિત જ ञि क्य અને આત્મનેપદ થાય છે. તેથી साध्वसिश्छिनत्ति અહીં असिना साधु छिनत्ति આ અવસ્થા સમ્બન્ધી કરણવૃત્તિક્રિયાથી અભિન્ન કરણાત્મક કર્તૃવૃત્તિ તાદૃશ ક્રિયા વાચક અકર્મક છિદ્ ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થતું નથી. અર્થ- તલવાર સારી રીતે કાપે છે.॥૯૪॥

इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
तृतीयेऽध्याये चतुर्थः पादः

प्रतापतपनः .... મૂલરાજ રાજાના પુત્રનો પ્રતાપ સ્વરૂપ સૂર્ય કોઈ નવો જ થયો. કારણ કે પ્રસિદ્ધ સૂર્ય તો કમલોની શોભાને વધારે છે જ્યારે આ સૂર્ય શત્રુઓની સ્ત્રીઓના મુખ કમલની શોભાને સહન કરતો ન હતો. ॥

॥इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
तृतीयोऽध्यायः॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ प्रारभ्यते चतुर्थे ऽ ध्याये प्रथमः पादः ।

### द्वि र्धातुः परोक्षा-ङे प्राक् तु स्वरे स्वरविधेः ४।१।१॥

परोक्षा (णव् थी महे सुधीना (३-३-१२ જુઓ)... વગેરે) સમ્બન્ધી તેમજ ङ (अ) પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુને દ્વિત્વ (દ્વિરુક્તિ-અભ્યાસ) થાય છે. દ્વિત્વનો નિમિત્તભૂત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ધાતુને સ્વરવિધિની પૂર્વે દ્વિત્વ થાય છે. અર્થાત્ પ્રથમ દ્વિત્વ થાય છે. પાછળથી સ્વરવિધિ (સ્વરોદ્દેશ્યક વિધિ-સ્વરને અનુલક્ષી કરવાનું કાર્ય) થાય છે. સૂત્રમાંનો 'प्राक् तु स्वरे स्वरविधे:' આ અંશનો અધિકાર દ્વિત્વ વિધાયક સકલસૂત્રમાં છે. તેથી દ્વિત્વ વિધાયક તે તે ઉત્તર સૂત્રમાં એનો ઉલ્લેખ ન હોય તો પણ સમજી લેવો.

पच् ધાતુને परोक्षा નો णव् પ્રત્યય. આ સૂત્રથી पच् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો (च् નો) લોપ. (આદિવ્યઞ્જનનો શેષ.) 'ञ्णिति ४-३-५०' થી णव् ની પૂર્વેના पच् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી पपाच આવો પ્રયોગ થાય છે. અર્થ-રાંધ્યું. कम् ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. 'णि-श्रि-द्रु० ३-४-५८' થી त પ્રત્યયની પૂર્વે ङ પ્રત્યય. આ સૂત્રથી कम् ધાતુને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'कङश्चञ् ४-१-४४' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट् વગેરે કાર્ય થવાથી अचकमत આવો પ્રયોગ થાય છે. અર્થ- ઈચ્છા કરી.

धातुरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परोक्षा અને ङ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુને જ (ઉપસર્ગાદિને નહીં.) દ્વિત્વ થાય છે. તેથી प्र + श्रि ધાતુને અદ્યતનીનો दि (द्) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ તેની પૂર્વે ङ (अ) પ્રત્યય. આ સૂત્રથી श्रि ધાતુને

દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં આદિવ્યઞ્જનનો શેષ. ધાતુની પૂર્વે अट्. प्र + अ+शिश्रि + अ + त् આ અવસ્થામાં 'संयोगात् ૨-૧-૫૨' થી श्रि ના इ ને इय् આદેશ વગેરે કાર્ય થવાથી प्राशिश्रियत् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં ધાતુનું ગ્રહણ કર્યું ન હોત તો ઉત્તર સૂત્રમાં (૪-૧-૨ માં) તેની અનુવૃત્તિ પણ ન હોત. તેથી परोक्षा અને ङ प्रत्यय પરમાં હોય તો તેની પૂર્વેના અનેકસ્વરી ભાગના એકસ્વરવાળા પ્રથમ ભાગને દ્વિત્વનાં વિધાનતાત્પર્યમાં प्र ને દ્વિત્વ થવાનો અનિષ્ટ પ્રસંગ આવત. જે આ સૂત્રમાં ધાતુ પદોપાદાનથી નથી આવતો- એ સ્પષ્ટ છે. અર્થ- આશ્રિત થયો. प्रागिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વનિમિત્તભૂત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુને સ્વરવિધિની પૂર્વે જ (સ્વરવિધિ પછી નહીં) દ્વિત્વ થાય છે. પછી સ્વરવિધિ થાય છે. તેથી कृ ધાતુને પરોક્ષાનો સ્વરાદિ - अतुस् પ્રત્યય. આ સૂત્રથી कृ ધાતુને દ્વિત્વ. 'ऋतोऽत् ૪-૧-૩૮' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. ઉપર જણાવ્યા મુજબ क् ને च् આદેશ. चकृ + अतुस् આ અવસ્થામાં ऋ ને 'इवर्णा० ૧-૨-૨૧' થી સ્વરવિધિ - र् આદેશ વગેરે કાર્ય થવાથી चक्रतुः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં प्राग् પદનું ગ્રહણ કર્યું ન હોત તો कृ + अतुस् આ અવસ્થામાં દ્વિત્વ પૂર્વે જ र् આદેશ થાત તો क्र ને દ્વિત્વાદિ કાર્ય થવાથી चक्रतुः આવો અનિષ્ટ પ્રયોગ થાત; જે, સૂત્રમાં प्राग् પદોપાદાનથી ઉપર જણાવ્યા મુજબ થતો નથી - એ સમજી શકાય છે. અર્થ- બે જણાએ કર્યું.

स्वर इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ નિમિત્તભૂત સ્વરાદિ જ પ્રત્યય પરમાં હોય તો (વ્યઞ્જનાદિ પ્રત્યય હોય તો નહીં); તેની પૂર્વે રહેલા ધાતુને સ્વરવિધિની પૂર્વે દ્વિત્વ થાય છે. તેથી घ्रा ધાતુને 'व्यञ्जना० ३-४-९' થી यङ् (य) પ્રત્યય. 'घ्रा-ध्मो र्यङि ४-३-९८' થી घ्रा ધાતુના आ ને ई આદેશ. (આ સ્વરવિધિ સ્વરાદિ પ્રત્યય નિમિત્તક નથી પરન્તુ વ્યઞ્જનાદિ- यङ् પ્રત્યય નિમિત્તક છે.) 'सन्यङश्च ૪-૧-

३' થી ઘ્રી ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्वितीयतुर्य० ૪-૧-૪૨' થી અભ્યાસમાં घ् ને ग् આદેશ. 'गहोर्जः ૪-૧-૪૦' થી ग् ને ज् આદેશ. 'आ-गुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં ई ને ગુણ ए આદેશથી નિષ્પન્ન जेघ्रीय ધાતુને ते પ્રત્યયાદિ કાર્ય થવાથી जेघ्रीयते આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં स्वरे આ પ્રમાણેનું ઉપાદાન ન કર્યું હોત તો સ્વરવિધિ સામાન્યની પૂર્વે દ્વિત્વવિધાન તાત્પર્યમાં અહીં ई આદેશ સ્વરૂપ સ્વરવિધિની પૂર્વે દ્વિત્વાદિ કાર્યથી जाघ्रीयते આવો અનિષ્ટ પ્રયોગ થાત એ સમજી શકાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય સુંઘે છે. 'प्राक् तु स्वरे स्वरविधेः' આનો અધિકાર દ્વિત્વવિધિ યાવદ્ હોવાથી જ जेघ्रीयते આ પ્રત્યુદાહરણ અહીં સઙ્ગત છે- એ પણ સ્પષ્ટ છે.

स्वरविधेरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વના નિમિત્તભૂત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુને; સ્વરવિધિની જ (કાર્ય સામાન્યની પૂર્વે નહીં.) પૂર્વે દ્વિત્વ થાય છે. તેથી श्वि ધાતુને પરોક્ષાનો णव् (अ) પ્રત્યય. श्वि ધાતુના वि ને 'वा परोक्षा यङि ૪-૧-૯૦' થી सम्प्रसारण उ આદેશ. ત્યારબાદ આ સૂત્રથી शु ને દ્વિત્વ. शुशु + अ આ અવસ્થામાં 'नामिनो० ૪-૩-૫૧' થી અન્ત્ય उ ને વૃદ્ધિ औ આદેશાદિ કાર્ય થવાથી शुशाव આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં स्वरविधेः આ પ્રમાણે પદોપાદાન ન હોત તો; દ્વિત્વના નિમિત્તભૂત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો પ્રથમ દ્વિત્વ થાય છે- આ તાત્પર્યમાં श्वि ને દ્વિત્વાદિ કાર્ય થવાથી शिशाव આવા અનિષ્ટ પ્રયોગનો પ્રસઙ્ગ આવત -એ સમજી શકાય છે. स्वरविधि ના ગ્રહણમાં એ અનિષ્ટ પ્રયોગનો પ્રસઙ્ગ આવતો નથી. કારણ કે वि ને उ (य्वृत्) સ્વરૂપ કાર્ય, સ્વરવિધિ નથી. અર્થ- ગયો અથવા વધ્યો. ॥૧॥

परोक्षा અને ङ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અનેકસ્વરી ધાતુના પ્રથમ એકસ્વરવાળા ભાગને દ્વિત્વ થાય છે. जागृ ધાતુને परोक्षा નો णव् (अ) પ્રત્યય. આ સૂત્રથી અનેકસ્વરી जागृ ધાતુના આદ્ય એકસ્વરી અંશ जाग् ને દ્વિત્વ. અભ્યાસમાં આદિ વ્યઞ્જનનો શેષ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં आ ને ह्रस्व अ આદેશ. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી जजागार આવો પ્રયોગ થાય છે. અર્થ- જાગ્યો. कण् (१७३७) ધાતુને 'चुरादि० ३-४-१७' થી णिच् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન અનેકસ્વરી काणि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि-श्रि-द्रु० ३-४-५८' થી ङ પ્રત્યય. આ સૂત્રથી काण् ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. आ ને ह्रस्व अ આદેશ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. अ+चकाणि+अ+त् આ અવસ્થામાં 'भ्राज-भास० ४-२-३६' થી का ના आ ને ह्रस्व अ આદેશ. 'असमान० ४-१-६३' થી દ્વિત્વના પૂર્વભાગને સન્વદ્ભાવ. 'सन्यस्य ४-१-५९' થી અભ્યાસમાં अ ને इ આદેશ. એ इ ને 'लघोर्दी० ४-१-६४' થી દીર્ઘ ई આદેશ. 'णेरनिटि ४-३-६३' થી णिच् નો લોપ વગેરે કાર્ય થવાથી अचीकणत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં काण् ના आ ને ઉપર જણાવ્યા મુજબ ह्रस्व अ આદેશ ન થાય ત્યારે अ+चकाणि+अ+त् આ અવસ્થામાં णिच् નો લોપ થવાથી अचकाणत् આવો પ્રયોગ થાય છે. અર્થ-કાણો થયો અથવા એક આંખ મીંચી. कृ ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત कृ ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दि ની પૂર્વે ङ (अ) પ્રત્યય. આ સૂત્રથી कृ ને દ્વિત્વ. 'ऋतोऽत् ४-१-३८' થી અભ્યાસમાં कृ ના ऋ ને अ આદેશ. અભ્યાસમાં क् ને च् આદેશ. 'नामिनो० ४-३-५१' થી कृ ધાતુના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'उपान्त्यस्या० ४-२-३५' થી आर्

ના आ ને ह्रस्व अ આદેશ. ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વના પૂર્વભાગને सनूवद् ભાવ વગેરે કાર્ય થવાથી अचीकरत् આવો પ્રયોગ થાય છે. અર્થ - કરાવ્યું. ॥૨॥

**सन् - यङश्च ४।१।३॥**

सन् પ્રત્યયાન્ત અને यङ् (य) પ્રત્યયાન્ત ધાતુના પ્રથમ એકસ્વરવાળા ભાગને દ્વિત્વ થાય છે. સૂત્રમાં च નું ઉપાદાન પૂર્વોક્ત નિમિત્તોના સમુચ્ચય માટે છે. તેથી ઉત્તર સૂત્રથી યથાસંભવ પરોક્ષાદિમાં પણ દ્વિત્વ સિદ્ધ થાય છે. સૂત્રમાં ષષ્ઠીનો નિર્દેશ ઉત્તર સૂત્ર માટે છે... વગેરે ભણાવનારે જિજ્ઞાસુઓને સમજાવવું જોઈએ. तिज् ધાતુને 'गुप्-तिजो० ३-४-५' થી सन् (स) પ્રત્યય. આ સૂત્રથી तिजूस् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જન ज् स् નો લોપ. 'चजः कगम् २-१-८६' થી तिज् ના ज् ને ग् આદેશ. 'अघोषे० १-३-५०' થી ग् ને क् આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી सन् ના स् ને ष् આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન तितिक्ष ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી तितिक्षते આવો પ્રયોગ થાય છે. અર્થ- ક્ષમા કરે છે. 'व्यञ्जनादे० ३-४-९' થી पच् ધાતુને यङ् પ્રત્યય. આ સૂત્રથી पच् + य् ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં च् य् નો લોપ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં अ ને आ આદેશથી નિષ્પન્ન पापच्य ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી पापच्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય રાંધે છે.॥૩॥

**स्वरादे र्द्वितीयः ४।१।४॥**

દ્વિત્વ યોગ્ય સ્વરાદિ ધાતુના બીજા એકસ્વરવાળા ભાગને દ્વિત્વ

થાય છે. अट् ધાતુને 'तुमर्हादिच्छा० ૩-૪-૨૧' થી सन् પ્રત્યય. सन् પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી इट्. આ સૂત્રથી टिस् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી લોપ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ. अटिटिष ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अटिटिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - ભટકવાની ઈચ્છા કરે છે. अश् ધાતુને 'व्यञ्जनादे० ૩-૪-૯' થી यङ् પ્રત્યય. આ સૂત્રથી श्य ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં श ના अ ને आ આદેશ. अशाश्य ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી अशाश्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય ખાય છે.

प्राक् तु स्वरे स्वरविधेरित्येव =. આ સૂત્રથી પણ દ્વિત્વ નિમિત્તભૂત સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા સ્વરાદિ ધાતુના બીજા એકસ્વરી અંશને સ્વરવિધિની પૂર્વેજ દ્વિત્વ થાય છે. તેથી 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી વિહિત णिग् પ્રત્યયાન્ત अट् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि-श्रि-द्रु० ૩-૪-૫૮' થી ङ પ્રત્યય. આ સૂત્રથી टि ને દ્વિત્વ. अटिटि+अ+त् આ અવસ્થામાં 'स्वरादेस्तासु ૪-૪-૩૧' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'णेरनिटि ૪-૩-૮૩' થી णिग् નો લોપ વગેરે કાર્ય થવાથી आटिटत् આવો પ્રયોગ થાય છે. અહીં णिग् લોપાત્મક સ્વરવિધિની પૂર્વે દ્વિત્વ થાય છે. અન્યથા प्राक् तु... ઈત્યાદિનો અધિકાર આ સૂત્રમાં ન હોત તો णिग् લોપાત્મક સ્વરવિધિ પછી अट् ને દ્વિત્વ કરવાનો પ્રસઙ્ગ આવત. અર્થ - ભમાડ્યો. ॥૪॥

### न ब–द–नं संयोगादिः ४।१।५॥

સ્વરાદિ ધાતુના દ્વિત્વયોગ્ય દ્વિતીય એક સ્વરવાળા ભાગ સમ્બન્ધી સંયુક્તવ્યઞ્જનના આદિભૂત (શરુઆતના) ब् द् અને न् ને દ્વિત્વ

થતું નથી. उब्ज् (૧૩૪૮) ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. 'नाम्यन्त० २-३-१५' થી स् ને ष् આદેશ. 'स्वरादे० ४-१-४' થી પ્રાપ્ત દ્વિત્વયોગ્ય ब्जिष् ના ब् ને આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ થવાથી તે સૂત્ર (૪-૧-૪) થી जिष् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો 'व्यञ्जनस्या० ४-१-४४' થી લોપ. उब्जिजिष ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી उब्जिजिषति આવો પ્રયોગ થાય છે. अट्ट् (अद्+ड् ૬૭૪) ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યયાદિ કાર્ય બાદ પ્રાપ્ત દ્વિત્વ યોગ્ય ट्टिष् ભાગના द् ને આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ થવાથી टिष् ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વાદિ કાર્ય થવાથી अट्टिटिषते આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે उन्द् (૧૪૯૧) ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યયાદિ કાર્ય બાદ પ્રાપ્ત દ્વિત્વયોગ્ય न्दिष् ના न् ને આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ થવાથી दिष् ને દ્વિત્વાદિ કાર્ય થવાથી उन्दिदिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સરળ રીતે વર્ત્તવાની ઈચ્છા કરે છે. હિંસા કરવાની ઈચ્છા કરે છે. ભીનું કરવાની ઈચ્છા કરે છે.

संयोगादिरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ ધાતુના દ્વિત્વયોગ્ય દ્વિતીય એકસ્વરવાળા અંશ સમ્બન્ધી સંયુક્તવ્યઞ્જનના આદિભૂત જ ब् द् અને न् ને દ્વિત્વનો નિષેધ થાય છે. તેથી प्र+अन् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યયાદિ કાર્ય બાદ 'स्वरादे० ४-१-४' થી निष् ને દ્વિત્વ વગેરે કાર્ય થવાથી प्राणिणिषति આવો પ્રયોગ થાય છે. અહીં निष् નો न् સંયુક્તવ્યઞ્જનનો આદિભૂત ન હોવાથી તેને આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ થતો નથી. प्राणिणिषति અહીં 'द्वित्वेप्यन्ते० २-३-८१' થી न् ને ण् આદેશ થયો છે. અર્થ - શ્વાસ લેવાની ઈચ્છા કરે છે. ॥૫॥

## अयि रः ४।१।६॥

સ્વરાદિ ધાતુના દ્વિત્વ યોગ્ય દ્વિતીય એકસ્વરવાળા ભાગના સંયુક્ત વ્યઞ્જનની શરુઆતમાં રહેલા र् ને તેની પરમાં य् ન હોય તો દ્વિત્વ થતું નથી. अर्च् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. सन् ની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ. 'स्वरादे० ४-१-४' થી પ્રાપ્ત દ્વિત્વ યોગ્ય र्चिष् ના સંયોગાદિ र् ને આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ. તેથી चिष् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ४-१-४४' થી ष् નો લોપ. अर्चिचिष ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अर्चिचिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂજવાની ઈચ્છા કરે છે. अयीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ ધાતુના દ્વિત્વ યોગ્ય દ્વિતીય એકસ્વરવાળા અંશ સમ્બન્ધી સંયોગાદિસ્થ र् ને તેની પરમાં य् ન હોય તો જ દ્વિત્વ થતું નથી. તેથી ऋ ધાતુને 'अट्यर्ति० ३-४-१०' થી यङ् પ્રત્યય. 'क्य-यङा० ४-३-१०' થી ऋ ને ગુણ अर् આદેશ. 'स्वरादे० ४-१-४' થી र्य ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં र ના अ ને आ આદેશ. अरार्य ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી अरार्यते આવો પ્રયોગ થાય છે. અહીં र् ની પરમાં य् હોવાથી આ સૂત્રથી તાદૃશ र् ને દ્વિત્વનો નિષેધ થતો નથી. અર્થ- વારંવાર જાય છે. ॥६॥

## नाम्नो द्वितीयाद् यथेष्टम् ४।१।७॥

દ્વિત્વ યોગ્ય સ્વરાદિ નામ (નામ ધાતુ) સમ્બન્ધી એકસ્વરવાળા બીજા ત્રીજા વગેરે અંશને પોતાની ઈચ્છા મુજબ દ્વિત્વ થાય છે. अश्वमिच्छति આ અર્થમાં 'अमाव्ययात्० ३-४-२३' થી તેમાં જણાવ્યા મુજબ क्यन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अश्वीय નામધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી

सन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી इट्. 'अतः ૪-૩-૮૨' થી अश्वीय નામધાતુના અન્ત્ય अ નો લોપ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ. अश्वीयिष ધાતુના દ્વિતીય એકસ્વરવાળા श्वीय् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં ई ને ह्रस्व इ આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન अशिश्वीयिष ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી अशिश्वीयिषति આવો પ્રયોગ થાય છે. પોતાની ઈચ્છા મુજબ अश्वीयिष ધાતુના તૃતીય એકસ્વરવાળા यि ભાગને આ સૂત્રથી દ્વિત્વ વગેરે કાર્ય થવાથી अश्वीयियिषति આવો પ્રયોગ થાય છે. તેમજ પોતાની ઈચ્છા મુજબ अश्वीयिष ધાતુના એકસ્વરવાળા ચતુર્થ ष ભાગને આ સૂત્રથી દ્વિત્વ થાય ત્યારે અભ્યાસમાં अ ને 'सन्यस्य ૪-૧-૫૯' થી इ આદેશાદિ કાર્ય થવાથી अश्वीयिषिषति આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘોડાની ઈચ્છાની ઈચ્છા કરે છે. ॥૭॥

## अन्यस्य ૪।૧।૮॥

દ્વિત્વ યોગ્ય સ્વરાદિથી ભિન્ન વ્યઞ્જનાદિ નામધાતુના પ્રથમ - દ્વિતીય - તૃતીય વગેરે એકસ્વરવાળા ભાગને પોતાની ઈચ્છા મુજબ દ્વિત્વ થાય છે. पुत्रमिच्छति આ અર્થમાં पुत्र નામને 'अमाव्ययात्० ૩-૪-૨૩' થી क्यन् પ્રત્યયાદિ કાર્ય તે સૂત્રમાં જણાવ્યા મુજબ થવાથી નિષ્પન્ન पुत्रीय ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧' થી सन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી इट्. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ. 'अतः ૪-૩-૮૨' થી य ના अ નો લોપ. पुत्रीयिष ધાતુના એકસ્વરવાળા પ્રથમ ભાગને અર્થાત્ पुत्र् ને આ સૂત્રથી દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જન त्र् નો લોપ વગેરે કાર્ય થવાથી पुपुत्रीयिषति આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી પોતાની ઈચ્છા મુજબ દ્વિતીય એકસ્વરાંશ त्रीय् ને દ્વિત્વાદિ કાર્ય થવાથી

पुतित्रीयिषति આવો પ્રયોગ થાય છે. અહીં અભ્યાસમાં ઈ ને 'ह्रस्वः ૪-૧-૩૯' થી ह्रस्व इ આદેશ થયો છે. આ સૂત્રથી જ્યારે પોતાની ઈચ્છા મુજબ એકસ્વરવાળા તૃતીય અંશ यिष् ને દ્વિત્વ વગેરે કાર્ય થાય ત્યારે पुत्रीयियिषति આવો પ્રયોગ થાય છે. અને જ્યારે આ સૂત્રથી એકસ્વરવાળા ચતુર્થ અંશ ष ને દ્વિત્વ કરીએ તો અભ્યાસમાં 'सन्यस्य ૪-૧-૫૯' થી अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી पुत्रीयिषिषति આવો પ્રયોગ થાય છે. અર્થ- પુત્રની ઈચ્છાની ઈચ્છા કરે છે. ॥૮॥

### कण्ड्वादेस्तृतीयः ૪।૧।૯॥

દ્વિત્વયોગ્ય कण्ड्वादि ગણપાઠમાંના ધાતુના તૃતીય જ એકસ્વરવાળા અંશને દ્વિત્વ થાય છે. कण्डू અને असु ધાતુને (જુઓ ધાતુપાઠ નં. ૧૯૯૧ અને ૧૯૯૮) 'धातोः कण्ड्वादेर्यक् ૩-૪-૮' થી यक् (य) પ્રત્યય. 'दीर्घश्च्वियङ० ૪-૩-૧૦૮' થી असु ધાતુના उ ને દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન कण्डूय અને असूय ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧' થી सन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી इट्. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી सन् ના स् ને ष् આદેશ. 'अतः ૪-૩-૮૨' થી यक् ના अ નો લોપ. कण्डूयिष અને असूयिष ધાતુના તૃતીય એકસ્વરવાળા यिष् ભાગને આ સૂત્રથી દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી લોપ. कण्डूयियिष અને असूयियिष ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી कण्डूयियिषति અને असूयियिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ખજવાળવાની ઈચ્છા કરે છે. દુઃખી થવાની ઈચ્છા કરે છે. ॥૯॥

### पुनरेकेषाम् ૪।૧।૧૦॥

કોઈ કોઈ વૈયાકરણીના મતે દ્વિત્વ થયા પછી ફરીથી યથાપ્રાપ્ત

દ્વિત્વ થાય છે. स्वप् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી વિહિત यङ् પ્રત્યયનો 'बहुलं लुप् ३-४-१४' થી લોપ. 'स्वपेर्य० ४-१-८०' થી स्वप् ના व ને उ આદેશ. 'सन्-यङश्च ४-१-३' થી सुप् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં सु ના उ ને ગુણ ओ આદેશ. 'नाम्यन्तस्था० २-३-૧૫' થી सुप् ના स् ને ष् આદેશ .सोषुप् (યઙ્લુબન્ત) ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. ઉપર જણાવ્યા મુજબ सन् ના स् ને ष् આદેશ. सोषुपिष ધાતુના આદ્ય એકસ્વરવાળા ભાગ सोष् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ओ ને उ આદેશ. सुसोषुपिष ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી सुसोषुपिषते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય ઉંઘવાની ઈચ્છા કરે છે. एकेषामिति किम् ? - ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી કોઈના જ મતે (બધાના મતે નહીં) દ્વિત્વ થયાં પછી યથાસંભવ ફરીથી દ્વિત્વ થાય છે. તેથી બીજાના મતે सोषुपिष ધાતુના सोष् ભાગને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ ન થાય ત્યારે सोषुपिषते આવો પ્રયોગ થાય છે.॥૧૦॥

## यि-सन् वेर्ष्यः ૪।૧।૧૧॥

દ્વિત્વયોગ્ય ईर्ष्य् (૪૦૨) ધાતુના यि અથવા सन् (स) ને દ્વિત્વ થાય છે. ईर्ष्य् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ. ईर्ष्यिष ધાતુના यि ને આ સૂત્રથી દ્વિત્વ થવાથી અથવા ष ને આ સૂત્રથી દ્વિત્વ થવાથી નિષ્પન્ન ईर्ष्यियिष અથવા ईर्ष्यिषिष ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી ईर्ष्यियिषति અથવા ईर्ष्यिषिषति (અહીં ष ના अ ને 'सन्यस्य ४-१-५९' થી इ આદેશ થયો છે.) આવો પ્રયોગ થાય છે. અર્થ- ઈર્ષ્યાની ઈચ્છા કરે છે. ॥૧૧॥

## हवः शिति ४।१।१२॥

हु છે આદિમાં જેના એવા ગણપાઠમાંના हु વગેરે (૧૧૩૦ થી ૧૩૪૩) ધાતુને; તેની પરમાં शित् પ્રત્યય હોય તો દ્વિત્વ થાય છે. हु ધાતુને વર્ત્તમાનાનો तिव् (ति) પ્રત્યય. તેને 'एताः शितः ३-३-१०' થી शित् સંજ્ઞા. આ સૂત્રથી हु ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં ह् ને 'गहोर्जः ४-१-४०' થી ज् આદેશ. 'नामिनो० ४-३-१' થી जुहु ના અન્ત્ય उ ને ગુણ ओ આદેશ.. વગેરે કાર્ય થવાથી जुहोति આવો પ્રયોગ થાય છે. અર્થ- હોમે છે. ॥१२॥

## चराचर - चलाचल - पतापत - वदावद - घनाघन - पाटूपटं वा ४।१।१३॥

દ્વિત્વ વગેરે કાર્યથી યુક્ત એવા अच् (अ) પ્રત્યયાન્ત चराचर चलाचल पतापत वदावद घनाघन અને पाटूपट નામોનું વિકલ્પથી નિપાતન કરાય છે. चर् चल् पत् वद् हन् અને पाटि ધાતુને 'अच् ५-१-४९' થી अच् પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી पाटि ધાતુના णि (इ) નો લોપ. આ સૂત્રથી चर चल पत वद हन અને पाट ને દ્વિત્વ. અભ્યાસમાં અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ. पाट ના અન્ત્ય अ ને ऊ આદેશ. पाटूपाट ના દ્વિતીય पा ના आ ને હ્રસ્વ अ આદેશ. हन ના ह् ને घ् આદેશ. चराचर વગેરે નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી चराचरः चलाचलः पतापतः वदावदः घनाघनः અને पाटूपटः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ चर વગેરે નામને આ સૂત્રથી દ્વિત્વ વગેરે કાર્ય ન થાય ત્યારે અનુક્રમે चरः चलः पतः वदः हनः અને पाटः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ચાલનારો. ચાલનારો. પડવાવાલો. બોલનારો. મારનારો. બોલવાવાલો અથવા બોલવામાં નિપુણ. ॥૧૩॥

## चिक्लिद-चक्नसम् ४।१।१४॥

द्वित्व वगेरे કार्यथी युક्त, क प्रत्ययान्त क्लिद् (११७९) धातुथी अने अच् प्रत्ययान्त क्नस् (११७०) धातुथी अनुક्रमे चिक्लिद अने चक्नस नामनुं निपातन કराय छे. क्लिद् धातुने 'नाम्युपान्त्य० ५-१-५४' थी क (अ) प्रत्यय. क्नस् धातुने 'अच् ५-१-४९' थी अच् (अ) प्रत्यय. आ सूत्रथी क्लिद् अने क्नस् धातुने द्वित्व. 'व्यञ्जनस्या० ४-१-४४' थी अभ्यासमां अनादिव्यञ्जननो लोप. 'कङश्चञ् ४-१-४६' थी अभ्यासमां क् ने च् आदेश. चक्लिद अने चक्नस नामने सि प्रत्ययादि કार्य थवाथी चिक्लिदः अने चक्नसः आवो प्रयोग थाय छे. अर्थક्रमशः - भीनुं કरवावाળो. કुटिल - वક्र. ॥१४॥

## दाश्वत्-साह्वत्-मीढ्वत् ४।१।१५॥

द्वित्वना अभावरूप કार्यथी युક्त क्वस् प्रत्ययान्त दाश्वत् साह्वत् अने मीढ्वत् नामनुं निपातन કराय छे. दाश् (९२२) धातुने 'तत्र-क्वसु० ५-२-२' थी क्वसु (वस्) प्रत्यय. 'द्विर्धातुः० ४-१-१' थी प्राप्त द्वित्वनो तेमज 'स्क्रसृ-वृ० ४-४-८१' थी प्राप्त इट् नो आ सूत्रथी निषेध थवाथी दाश्वस् नाम बने छे. तेने स्यादि औ प्रत्यय वगेरे કार्य थवाथी दाश्वांसौ आवो प्रयोग थाय छे. सह् (१९८१) धातुने उपर જणाव्या मुજब क्वसु प्रत्यय. उपर જणाव्या मुજब प्राप्त द्वित्व अने इट् नो आ सूत्रथी निषेध; तेमજ सह् ना अ ने आ आदेश. साह्वस् नामने स्यादि औ प्रत्यय वगेरे કार्य थवाथी साह्वांसौ आवो प्रयोग थाय छे. अहीं याद राખवुं જोईએ કे बृहद्वृत्तिमां षहि मर्षणे इत्यस्य.. आ ग्रंथथी आत्मनेपदनो सह् धातु विवक्षित छे परन्तु धातुपाठमां युજादि गणमां षहण् मर्षणे आवो पाठ छे. बृहद्वृत्ति सम्मत पाठनी उपादेयतामां सह् धातुने निपातनना કारणे परस्मैपद पण आ सूत्रथी ज विहित छे.

અન્યથા પરસ્મૈપદના અભાવમાં 'इङितः० ३-४-२२' થી વિહિત આત્મનેપદના કારણે सह् ધાતુને क्वसु પ્રત્યય થઈ શકશે નહીં. આવી જ રીતે मिह् (૫૫૧) ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्वसु પ્રત્યય. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ અને इट् નો નિષેધ તેમજ इ ને ई આદેશ અને ह् ને ढ् આદેશ. मीढ्वस् નામને औ પ્રત્યયાદિ કાર્ય થવાથી मीढ्वांसौ આવો પ્રયોગ થાય છે. અર્થ-ક્રમશઃ- આપનારા બે. સહન કરનારા બે. પેશાબ કરનારા બે. ||૧૫||

**ज्ञप्यापो ज्ञीपीप् न च द्विः सि सनि ४।१।१६॥**

स् છે આદિમાં જેના એવો सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ज्ञपि ધાતુને ज्ञीप् અને आप् ધાતુને ईप् આદેશ થાય છે; અને ત્યારે તે ધાતુના એકસ્વરાંશને દ્વિત્વ થતું નથી. ज्ञपि અને आप् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. આ સૂત્રથી ज्ञपि ધાતુને ज्ञीप् આદેશ અને आप् ધાતુને ईप् આદેશ. ज्ञीप्स અને ईप्स ધાતુના એકસ્વરાંશ ज्ञीप्स् અને प्स ને અનુક્રમે 'सन् यङश्च ४-१-३' થી અને 'स्वरादे० ४-१-४' થી વિહિત દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી ज्ञीप्सति અને ईप्सति આવો પ્રયોગં થાય છે. અર્થ ક્રમશઃ - જણાવવાની ઈચ્છા કરે છે. મેળવવાની ઈચ્છા કરે છે. सीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સકારાદિ જ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ज्ञपि ધાતુને ज्ञीप् અને आप् ધાતુને ईप् આદેશ થાય છે. તેમજ ત્યારે ધાતુના એકસ્વરાંશને દ્વિત્વ થતું નથી. તેથી ज्ञपि+स આ અવસ્થામાં सन् ની પૂર્વે 'इवृध-भ्रस्ज० ४-४-४७' થી इट् થવાથી અહીં સકારાદિ सन् પ્રત્યય નહીં પરન્તુ સ્વરાદિ सन् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી ज्ञपि ધાતુને ज्ञीप् આદેશ તેમજ યથાપ્રાપ્ત એકસ્વરાંશને દ્વિત્વનો નિષેધ થતો નથી. જેથી ज्ञपि ધાતુના इ ને 'नामिनो० ४-३-१' થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન

ज्ञपयिष ધાતુના આદ્ય એકસ્વરાંશ ज्ञप् ને 'सन्यङश्च ૪-૧-૩' થી દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ.અભ્યાસમાં अ ને 'सन्यस्य ૪-૧-૫૯' થી इ આદેશ વગેરે કાર્ય થવાથી जिज्ञपयिषति આવો પ્રયોગ થાય છે. ज्ञा (૧૭૨૦) ધાતુને णिच् અથવા णिग् પ્રત્યય. તેની પૂર્વે पु નો આગમ. ज्ञा ના आ ને 'मारण-तोषण० ૪-૨-૩૦' થી ह्रस्व अ આદેશ થવાથી ज्ञपि ધાતુ બને છે.॥૧૬॥

## ऋध ईर्त् ૪।૧।૧૭॥

ऋध् (૧૧૮૬) ધાતુને; તેની પરમાં સકારાદિ सन् પ્રત્યય હોય તો ईर्त् આદેશ થાય છે. અને ત્યારે ધાતુના એકસ્વરાંશને દ્વિત્વ થતું નથી. ऋध् ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧' થી सन् પ્રત્યય. આ સૂત્રથી ऋध् ધાતુને ईर्त् આદેશ. તેમજ 'स्वरादे० ૪-૧-૪' થી પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી ईर्त्सति આવો પ્રયોગ થાય છે. અર્થ - સમૃદ્ધ થવાની ઈચ્છા કરે છે. सीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સકારાદિ જ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ऋध् ધાતુને ईर्त् આદેશ થાય છે તેમજ યથાપ્રાપ્ત એકસ્વરાંશને દ્વિત્વ થતું નથી. તેથી ऋध्+स આ અવસ્થામાં सन् ની પૂર્વે 'इवृध-भ्रस्ज० ૪-૪-૪૭' થી વિહિત इट् ના કારણે સકારાદિ सन् પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી ऋध् ધાતુને ईर्त् આદેશાદિ કાર્ય થતું નથી જેથી 'लघोरुपान्त्यस्य ૪-૩-૪' થી ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્યથી નિષ્પન્ન अर्धिष ધાતુના धिष् ને (જુઓ સૂ. નં. ૪-૧-૬) 'स्वरादे० ૪-૧-૪' થી દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં ध् ને 'द्वितीय० ૪-૧-૪૨' થી द् આદેશ વગેરે કાર્ય થવાથી अर्दिधिषति આવો પ્રયોગ થાય છે. ॥૧૭॥

## दम्भो धिप् - धीप् ४।१।१८॥

सादि - सन् प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला दम्भ् धातुने धिप् अने धीप् आदेश थाय छे, त्यारे तेना एकस्वरांशने द्वित्व थतुं नथी. दम्भ् (१३०९) धातुने 'तुमर्हा० ३-४-२१' थी सन् प्रत्यय. आ सूत्रथी दम्भ् धातुने धिप् अने धीप् आदेश. तेमज तेना एकस्वरांशने यथाप्राप्त द्वित्वनो निषेध वगेरे कार्य थवाथी धिप्सति अने धीप्सति आवो प्रयोग थाय छे. अर्थ- दंभ करवानी ईच्छा करे छे. सीत्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब सकारादि ज सन् प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला दम्भ् धातुने धिप् अने धीप् आदेश थाय छे. तेमज त्यारे तेना एकस्वरी भागने द्वित्व थतुं नथी. तेथी दम्भ्+सन् आ अवस्थामां 'इवृध-भ्रस्ज० ४-४-४७' थी सन् नी पूर्वे इट् थवाथी सकारादि सन् प्रत्यय परमां न होवाना कारणे आ सूत्रथी दम्भ् धातुने धिप् अने धीप् आदेश न थवाथी 'सन्यङश्च ४-१-३' थी दम्भ् ने द्वित्व. 'व्यञ्जनस्या० ४-१-४४' थी अभ्यासमां अनादिव्यञ्जननो लोप. अभ्यासमां 'सन्यस्य ४-१-५९' थी अ ने इ आदेश वगेरे कार्य थवाथी दिदम्भिषति आवो प्रयोग थाय छे. ॥१८॥

## अव्याप्यस्य मुचे र्मोग्वा ४।१।१९॥

सकारादि सन् प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला मुच् धातुने; जो ते अकर्मक होय तो विकल्पथी मोक् आदेश थाय छे; अने त्यारे तेना एकस्वरांशने यथाप्राप्त द्वित्व थतुं नथी. मुच् धातुने 'तुमर्हादि० ३-४-२१' थी सन् प्रत्यय. आ सूत्रथी मुच् ने मोक् आदेश अने तेना एकस्वरी भागने द्वित्वनो निषेध. 'नाम्यन्तस्था० २-३-१५' थी स् ने ष् आदेश वगेरे कार्य थवाथी मोक्षति आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां उपर जणाव्या मुजब मोक् आदेश वगेरे कार्य न थाय त्यारे मुच् धातुने

सन् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' थी मुच् ने દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ४-१-४४' थी અનાદિ વ્યઞ્જનનો લોપ. 'चजः कगम् २-१-८६' थी च् ने क् આદેશ. ઉપર જણાવ્યા મુજબ स् ने ष् આદેશાદિ કાર્ય થવાથી मुमुक्षति આવો પ્રયોગ થાય છે. અર્થ- ચૈત્ર ત્યાગ કરવાની ઈચ્છા કરે છે. अव्याप्यस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્ મુજબ સકારાદિ सन्प्रत्यय પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અકર્મક જ मुच् ધાતુને मोक् આદેશ વિકલ્પથી થાય છે. તેથી मुमुक्षति वत्सम् અહીં સકર્મક मुच् ધાતુને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ मोक् આદેશાદિ કાર્ય થતું નથી. અર્થ- વાછરડાને છોડવાની ઈચ્છા કરે છે.॥१९॥

## मि-मी-मा-दामित् स्वरस्य ४।१।२०॥

मि (१२८९); मी (१२४६ અને १५१२); मा (६०३, १०७३ અને ११३७) અને दा સંજ્ઞાવાળા (दाम् देङ् डुदांगृक् दोंच् ट्धें અને डुधांगृक्) ધાતુઓના અન્ત્યસ્વરને; તેની પરમાં સકારાદિ सन् પ્રત્યય હોય તો इत् આદેશ થાય છે; અને ત્યારે એકસ્વરાંશને યથાપ્રાપ્ત દ્વિત્વ થતું નથી. मि मी मा दा અને धा ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. આ સૂત્રથી ધાતુના અન્ત્યસ્વરને इत् આદેશ. તેમજ 'सन्यङश्च ४-१-३' થી પ્રાપ્ત આદ્ય એકસ્વરાંશના દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી मित्सति मित्सते मित्सति दित्सति અને धित्सति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ફેંકવાની ઈચ્છા કરે છે. મરવાની કે મારવાની ઈચ્છા કરે છે. માપવાની ઈચ્છા કરે છે.આપવાની ઈચ્છા કરે છે. પોષણ કરવાની ઈચ્છા કરે છે.॥२०॥

## रभ-लभ-शक-पत-पदामिः ४।१।२१॥

સકારાદિ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા रभ् लभ् शक्

पत् અને पद् ધાતુના સ્વરને इ આદેશ થાય છે; અને ત્યારે ધાતુના એકસ્વરાંશને દ્વિત્વ થતું નથી. आ+रभ्; लभ्; शक्; पत અને पद् ધાતુને 'तुमर्हा० ३-४-२१' થી सन् પ્રત્યય. આ સૂત્રથી रभ् लभ् વગેરે ધાતુના ઉપાન્ત્ય अ ને इ આદેશ. 'सन्यङश्च ४-१-३' થી પ્રાપ્ત દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી आरिप्सते, लिप्सते, शिक्षति पित्सति અને पित्सते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આરંભ કરવાની ઈચ્છા કરે છે. પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે. સમર્થ થવાની ઈચ્છા કરે છે. પડવાની ઈચ્છા કરે છે. જવાની ઈચ્છા કરે છે. सीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સકારાદિ જ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા रभ् लभ् शक् पत् અને पद् ધાતુના સ્વરને इ આદેશ થાય છે. તેથી पत् + सन् આ અવસ્થામાં 'इवृध - भ्रस्ज० ४-४-४७' થી सन् પ્રત્યયની પૂર્વે इट् વિહિત હોવાથી સકારાદિ सन् પ્રત્યય પરમાં ન હોવાથી તેની પૂર્વે રહેલા पत् ધાતુના अ ને આ સૂત્રથી इ આદેશાદિ કાર્ય થતું નથી. જેથી 'सन्यङश्च ४-१-३' થી पत् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં अ ને इ તથા सन् ના स् ને ष् આદેશાદિ કાર્ય (જુઓ સૂ.નં. ૪-૧-૧૮) થવાથી पिपतिषति આવો પ્રયોગ થાય છે. અર્થ- પડવાની ઈચ્છા કરે છે. ॥૨૧॥

## राधेर्वधे ४।१।२२॥

સકારાદિ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા હિંસાર્થક राध् ધાતુના સ્વરને इ આદેશ થાય છે. અને ત્યારે ધાતુના એકસ્વરાંશને યથાપ્રાપ્ત દ્વિત્વ થતું નથી. प्रति + राध् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. આ સૂત્રથી राध् ધાતુના आ ને इ આદેશ તેમજ એકસ્વરાવયવને 'सन्यङश्च ४-१-३' થી પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી प्रतिरित्सति આવો પ્રયોગ થાય છે. અર્થ- હિંસા કરવાની ઈચ્છા કરે છે. वध इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સાદિ

सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા હિંસાર્થક જ राध् ધાતુના સ્વરને इ આદેશ થાય છે. અને ત્યારે એકસ્વરાંશને યથાપ્રાપ્ત દ્વિત્વનો નિષેધ થાય છે. તેથી आ+राध्+सन् આ અવસ્થામાં આરાધનાર્થક राध् ધાતુના आ ને इ આદેશાદિ કાર્ય થતું નથી. જેથી 'सन्-यङश्च ૪-૧-૩' થી राध् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને अ આદેશ. તે अ ને 'सन्यस्य ૪-૧-૫૯' થી इ આદેશ વગેરે કાર્ય થવાથી आरिरात्सति આવો પ્રયોગ થાય છે. અર્થ- આરાધના કરવાની ઈચ્છા કરે છે. ॥૨૨॥

### अवित्परोक्षा - सेट्थवोरेः ४।१।२३॥

सेट् (इट् થી સહિત) थव् પ્રત્યય તેમજ अवित् (व् જેમાં ઈત્ નથી તે) પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા હિંસાર્થક राध् ધાતુના आ ને ए આદેશ થાય છે; અને ત્યારે राध् ધાતુને યથાપ્રાપ્ત દ્વિત્વ થતું નથી. राध् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. આ સૂત્રથી राध् ધાતુના आ ને ए આદેશ; અને 'द्विर्धातुः० ૪-૧-૧' થી राध् ધાતુને પ્રાપ્ત દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી रेधुः આવો પ્રયોગ થાય છે. राध् ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે 'स्क्रसृ-वृ-भृ० ૪-૪-૮૧' થી इट्. આ સૂત્રથી राध् ધાતુના आ ને ए આદેશ અને ઉપર જણાવ્યા મુજબ राध् ધાતુને દ્વિત્વનો નિષેધ થવાથી रेधिथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેઓએ હિંસા કરી હતી. તેં હિંસા કરી હતી. अविदिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सेट् थव् પ્રત્યય અથવા अवित् જ પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા હિંસાર્થક राध् ધાતુના आ ને ए આદેશ થાય છે અને ત્યારે राध् ધાતુને દ્વિત્વ થતું નથી. તેથી अप+राध् ધાતુને वित् પરોક્ષાનો णव् પ્રત્યય. અહીં वित् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી राध् ધાતુના आ ને ए

આદેશાદિ કાર્ય ન થવાથી 'द्विर्धातुः० ૪-૧-૧' થી राध् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો 'व्यञ्जन० ૪-૧-૪૪' થી લોપ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને अ આદેશ વગેરે કાર્ય થવાથી अपरराध આવો પ્રયોગ થાય છે. અર્થ- તેણે અથવા મેં હિંસા કરી. वध इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सेट्- थव् પ્રત્યય અથવા अवित् પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા હિંસાર્થક જ राध् ધાતુના आ ને ए આદેશ થાય છે; અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. તેથી आरराधतुः અહીં आ+राध् ધાતુની પરમાં પરોક્ષાનો अवित् अतुस् પ્રત્યય હોવા છતાં राध् ધાતુ હિંસાર્થક ન હોવાથી તેના आ ને ए આદેશાદિ કાર્ય આ સૂત્રથી થતું નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ राध् ધાતુને દ્વિત્વ વગેરે કાર્ય થાય છે. અર્થ- તે બે જણાએ આરાધના કરી હતી. ॥૨૩॥

## अनादेशाऽऽदेरेकव्यञ्जनमध्येऽतः ૪।૧।૨૪॥

अवित् પરોક્ષા અને सेट्-थव् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા જે ધાતુના આદ્ય - પ્રથમ વર્ણને આદેશ થતો ન હોય એવા ધાતુ સમ્બન્ધી અસંયુક્ત વ્યઞ્જનની વચ્ચે રહેલા अ ને ए આદેશ થાય છે. અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. पच् અને नम् ધાતુને પરોક્ષાનો उस् તેમજ थव् (थ) પ્રત્યય. थव् પ્રત્યયની પૂર્વે 'स्क्रसृ-वृ० ૪-૪-૮૧' થી इट्. આ સૂત્રથી અસંયુક્ત વ્યઞ્જન प् અને च् તેમજ न् અને म् ની વચ્ચે રહેલા अ ને ए આદેશ; તેમજ 'द्विर्धातुः० ૪-૧-૧' થી પ્રાપ્ત पच् અને नम् ધાતુને દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી पेचुः पेचिथ તેમજ नेमुः नेमिथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓએ રાંધ્યું હતું. તેં રાંધ્યું હતું. તેઓએ પ્રણામ કર્યો હતો. તેં પ્રણામ કર્યો હતો.

अनादेशादेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सेट् -

થવ્ અને अवित् પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા જે ધાતુના આદ્ય-પ્રથમ વર્ણને આદેશ થતો ન હોય એવા अनादेशादि જ ધાતુ સમ્બન્ધી અસંયુક્ત વ્યઞ્જનની વચ્ચે રહેલા अ ને ए આદેશ થાય છે અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. તેથી भण् ધાતુને પરોક્ષાનો અવિત્ अतुस् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી भण् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ વગેરે કાર્ય થવાથી बभणतुः આવો પ્રયોગ થાય છે. અહીં અભ્યાસમાં भ् ને ब् આદેશ થતો હોવાથી भण् ધાતુ અનાદેશાદિ નથી. તેથી તેના તાદૃશ अ ને આ સૂત્રથી ए આદેશ વગેરે કાર્ય થતું નથી. અર્થ- તેઓ બે બોલ્યા હતા.

एकव्यञ्जनमध्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સેટ્-થવ્ અથવા અવિત્ પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અનાદેશાદિ ધાતુ સમ્બન્ધી અસંયુક્ત જ વ્યઞ્જનની વચ્ચે રહેલા अ ને ए આદેશ થાય છે; અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. તેથી तक्ष् ધાતુને થવ્ પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ તેની પૂર્વે इट्. तक्ष् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ વગેરે કાર્ય થવાથી ततक्षिथ આવો પ્રયોગ થાય છે. અહીં तक्ष् ધાતુનો अ, त् અને क् ष् આ પ્રમાણે સંયુક્ત વ્યઞ્જનની વચ્ચે હોવાથી તેને આ સૂત્રથી ए આદેશ વગેરે કાર્ય થતું નથી. અર્થ- તેં છોલ્યું હતું.

अत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સેટ્ થવ્ અથવા અવિત્ પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અનાદેશાદિ ધાતુસમ્બન્ધી અસંયુક્ત વ્યઞ્જનની વચ્ચે રહેલા अ ને જ (સ્વરમાત્રને નહીં) ए આદેશ થાય છે. અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. તેથી दिव् ધાતુને પરોક્ષાનો अतुस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दिव् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ વગેરે કાર્ય થવાથી दिदिवतुः આવો પ્રયોગ થાય છે. અહીં તાદૃશ અનાદેશાદિ दिव् ધાતુના એકવ્યઞ્જનમધ્યસ્થ इ ને આ સૂત્રથી ए આદેશ વગેરે કાર્ય

થતું નથી. અર્થ - તેઓ બે રમ્યા હતા.

सेट् थवीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इट् સહિત જ थव् પ્રત્યય અને अवित् પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અનાદેશાદિ ધાતુ સમ્બન્ધી અસંયુક્ત - એકવ્યઞ્જનની વચ્ચે રહેલા अ ને ए આદેશ થાય છે; અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. તેથી पच् ધાતુને थव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ पच् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'चजः कगम् ૨-૧-૮૬' થી च् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી पपक्थ આવો પ્રયોગ થાય છે. અહીં पच् + थव् આ અવસ્થામાં थव् ની પૂર્વે 'सृजि - दृशि० ૪-૪-૭૮' થી વિકલ્પે इट् નો નિષેધ થયો હોવાથી અનિટ્ थव् છે. અર્થ - તેં રાંધ્યું હતું . ॥૨૪॥

## तृ-त्रप-फल-भजाम् ૪।૧।૨૫॥

अवित् -પરોક્ષાનો અથવા सेट्-थव् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા तृ त्रप् फल् અને भज् ધાતુના સ્વરને ए આદેશ થાય છે. અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. तृ ધાતુને પરોક્ષાનો उस् અને थव् પ્રત્યય. थव् પ્રત્યયની પૂર્વે 'स्क्रसृ-वृ० ૪-૪-૮૧' થી इट्. 'स्कृच्छृतो० ૪-૩-૮' થી तृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. अर् ના अ ને આ સૂત્રથી ए આદેશ અને 'द्विर्धातुः० ૪-૧-૧' થી પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી तेरुः અને तेरिथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓ તર્યા હતા. તું તર્યો હતો. त्रप् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. આ સૂત્રથી त्रप् ધાતુના अ ને ए આદેશ તથા ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વનો નિષેધ થવાથી त्रेपे આવો પ્રયોગ થાય છે. फल् અને भज् ધાતુને પરોક્ષાનો उस् અને थव् પ્રત્યય. थव् ની પૂર્વે 'सृजि- दृशि० ૪-૪-૭૮' થી इट्. આ સૂત્રથી फल् અને भज् ધાતુના अ ને ए આદેશ તથા ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી फेलुः અને फेलिथ તેમજ भेजुः

અને ભેજિથ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- હું લજ્જા પામ્યો હતો. તેઓ સફળ થયા હતા. તું સફળ થયો હતો. તેઓએ સેવ્યું હતું. તેં સેવ્યું હતું. तॄ ધાતુના अ ને 'अनादेशा० ४-१-२४' થી પ્રાપ્ત ए નો 'न शस-दद० ४-१-३०' થી નિષેધ થયો હતો. त्रप् ધાતુનો अ સંયુક્તવ્યઞ્જનસ્થ હોવાથી અને फल् તથા भज् ધાતુ અનાદેશાદિ ન હોવાથી તે ધાતુઓના સ્વર ને પૂર્વ (૪-૧-૨૪) સૂત્રથી ए આદેશની પ્રાપ્તિ ન હતી. તેથી આ સૂત્રનો આરંભ છે. ॥૨૫॥

## जॄ-भ्रम-वम-त्रस-फण-स्यम–स्वन-राज-भ्राज-भ्रास-भ्लासो वा ४।१।२६॥

અવિત્ પરોક્ષાનો અથવા सेट् थव् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા जॄ भ्रम् वम् त्रस् फण् स्यम् स्वन् राज् भ्राज् भ्रास् અને भ्लास् ધાતુના સ્વરને વિકલ્પથી ए આદેશ થાય છે; અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. जॄ ધાતુને પરોક્ષાનો उस् અને थव् પ્રત્યય. थव् ની પૂર્વે 'स्क्रसृ-वृ० ४-४-८१' થી इट्. 'स्कृच्छृतो० ४-३-८' થી जॄ ના ॠ ને ગુણ अर् આદેશ. अर् ના अ ને આ સૂત્રથી ए આદેશ તથા 'द्विर्धातुः० ४-१-१' થી પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી जेरुः અને जेरिथ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ए આદેશાદિ કાર્ય ન થાય ત્યારે 'द्विर्धातुः० ४-१-१' થી जॄ ને દ્વિત્વ. અભ્યાસમાં 'ह्रस्वः ४-१-३९' થી ॠ ને ह्रस्व ऋ આદેશ. એ ऋ ને 'ऋतोऽत् ४-१-३८' થી अ આદેશ. ઉપર જણાવ્યા મુજબ ॠ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી जजरुः અને जजरिथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓ વૃદ્ધ થયા હતા. તું વૃદ્ધ થયો હતો. भ्रम् वम् त्रस् फण् स्यम् स्वन् અને राज् ધાતુને પરોક્ષાનો उस् અને थव् પ્રત્યય. 'स्क्रसृ-वृ० ४-४-८१' થી थव् ની પૂર્વે इट्. આ સૂત્રથી भ्रम् વગેરે ધાતુના ઉપાન્ત્ય अ અને आ ને ए આદેશ. ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વનો નિષેધ ... વગેરે કાર્ય

થવાથી ક્રમશઃ भ्रेमुः भ्रेमिथ; वेमुः वेमिथ; त्रेसुः त्रेसिथ; फेणुः फेणिथ; स्येमुः स्येमिथ; स्वेनुः स्वेनिथ અને रेजुः रेजिथ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ए આદેશાદિ કાર્ય ન થાય ત્યારે भ्रम् वम् त्रस् फण् स्यम् स्वन् અને राज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ.'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्वितीय तु० ४-१-४२' થી અભ્યાસમાં फ् ને प् આદેશ. भ् ને ब् આદેશ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં रा ના आ ને अ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે- बभ्रमुः बभ्रमिथ; ववमुः ववमिथ; तत्रसुः तत्रसिथ; पफणुः पफणिथ; सस्यमुः सस्यमिथ; सस्वनुः सस्वनिथ અને रराजुः रराजिथ આવો પ્રયોગ થાય છે.અર્થક્રમશઃ- તેઓ ભમ્યા. તું ભમ્યો. તેઓએ વમન કર્યું. તેં વમન કર્યું. તેઓ ત્રાસ પામ્યાં. તું ત્રાસ પામ્યો. તેઓ ગયા. તું ગયો. તેઓએ અવાજ કર્યો. તેં અવાજ કર્યો. તેઓએ અવાજ કર્યો. તેં અવાજ કર્યો. તેઓ શોભ્યા. તું શોભ્યો. भ्राज् भ्रास् અને भ्लास् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. આ સૂત્રથી ધાતુના आ ને ए આદેશ તથા ઉપર જણાવ્યા મુજબ ધાતુને દ્વિત્વનો નિષેધ ...વગેરે કાર્ય થવાથી भ्रेजे भ्रेसे અને भ्लेसे આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ए આદેશ વગેરે કાર્ય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. भ् ને ब् અને आ ને ह्रस्व अ આદેશ થવાથી बभ्राजे बभ्रासे અને बभ्लासे આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - તે અથવા હું શોભ્યો. ॥૨૬॥

## वा श्रन्थ-ग्रन्थो न् लुक् च ४।१।२७॥

અવિત્ પરોક્ષાનો અથવા सेट् थव् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા श्रन्थ् અને ग्रन्थ् ધાતુના સ્વરને ए આદેશ વિકલ્પથી થાય છે; ત્યારે ધાતુના न् નો લોપ થાય છે અને ધાતુને દ્વિત્વ થતું નથી. श्रन्थ् અને ग्रन्थ् ધાતુને પરોક્ષાનો उस् અને थव् પ્રત્યય: थव् પ્રત્યયની પૂર્વે

'स्क्रसृ-वृ० ४-४-८१' थी इट्. આ સૂત્રથી श्रन्थ् અને ग्रन्थ् ધાતુના अ ને ए આદેશ; ધાતુના न् નો લોપ; તેમજ 'द्विर्धातुः० ४-१-१' થી પ્રાપ્ત દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી श्रेथुः; श्रेथिथ અને ग्रेथुः; ग्रेथिथ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ए આદેશ વગેરે કાર્ય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ श्रन्थ् અને ग्रन्थ् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યંજનનો લોપ. અભ્યાસમાં 'गहोर्जः ४-१-४०' થી ग् ને ज् આદેશ.. વગેરે કાર્ય થવાથી शश्रन्थुः शश्रन्थिथ તેમજ जग्रन्थुः जग्रन्थिथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓએ ઢીલું કર્યું. તેં ઢીલું કર્યું. તેઓએ ગૂંથ્યું. તેં ગૂંથ્યું. ॥૨૭॥

### दम्भः ४।१।२८॥

અવિત્ પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दम्भ् ધાતુના સ્વરને ए આદેશ થાય છે; અને ત્યારે दम्भ् ધાતુના म् નો (न् નો) લોપ થાય છે તેમ જ ધાતુને દ્વિત્વ થતું નથી. दम्भ् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય.આ સૂત્રથી दम्भ् ધાતુના अ ને ए આદેશ. न् (म्) નો લોપ અને 'द्विर्धातुः० ४-१-१' થી પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી देभुः આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓએ દંભ કર્યો. ॥૨૮॥

### थे वा ४।१।२९॥

थव् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दम्भ् ધાતુના સ્વરને ए આદેશ વિકલ્પથી થાય છે; અને ત્યારે दम्भ् ધાતુના न् (म्) નો લોપ થાય છે. તથા ધાતુને દ્વિત્વ થતું નથી. दम्भ् ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. थव् ની પૂર્વે 'स्क्रसृ-वृ० ४-४-८१' इट्. આ સૂત્રથી दम्भ् ધાતુના अ ને ए આદેશ; न् નો લોપ તેમજ 'द्विर्धातुः परोक्षा० ४-१-१'

થી પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી તેભિથ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ए આદેશાદિ કાર્ય ન થાય ત્યારે 'द्विर्धातुः० ૪-૧-૧' થી दम्भ् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ વગેરે કાર્ય થવાથી ददम्भिथ આવો પ્રયોગ થાય છે. અર્થ- તેં દંભ કર્યો હતો. ॥૨૯॥

## न शस-दद-वादि-गुणिनः ४।१।३०॥

शस्; दद्; व् છે આદિમાં જેના એવા वादि ધાતુ તેમજ જેના સ્વરને ગુણ થાય છે - એ ગુણિધાતુઓના સ્વરને ए આદેશ થતો નથી. वि+शस् ધાતુને પરોક્ષાનો उस् અને थव् પ્રત્યય. 'स्क्रसृ-वृ० ૪-૪-૮૧' થી थव् ની પૂર્વે इट्. 'अनादेशा० ૪-૧-૨૪' થી शस् ના अ ને વિહિત ए આદેશનો આ સૂત્રથી નિષેધ થવાથી 'द्विर्धातुः परोक्षा० ૪-૧-૧' થી शस् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં स् નો લોપ વગેરે કાર્ય થવાથી विशशसुः અને विशशसिथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેઓએ દુઃખ આપ્યું. તેં દુઃખ આપ્યું. दद् અને वल् (वादि) ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दद् અને वल् ધાતુના अ ને વિહિત ए આદેશનો આ સૂત્રથી નિષેધ થવાથી દ્વિત્વ વગેરે કાર્ય થવાથી दददे અને ववले આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે અથવા મેં આપ્યું. તે અથવા હું ગયો. वि+शृ ધાતુને (ગુણવાળા ધાતુને) પરોક્ષાનો उस् અને थव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ थव् ની પૂર્વે इट् વગેરે કાર્યથી નિષ્પન્ન (જુઓ सू.नं. ૪-૧-૨૬) विशशर् + उस् અને विशशर् +इथ આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ शर् ના अ ને વિહિત ए આદેશનો નિષેધ વગેરે કાર્ય થવાથી विशशरुः અને विशशरिथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓએ વીખેર્યું. તેં વીખેર્યું. ॥૩૦॥

## हौ दः ४।१।३१॥

हि પ્રત્યય પરમાં હોય તો दा સંજ્ઞાવાળા ધાતુના સ્વરને ए આદેશ થાય છે; અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. दा અને धा ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. આ સૂત્રથી दा અને धा ધાતુના आ ને ए આદેશ; તેમજ 'हवः शिति ४-१-१२' થી પ્રાપ્ત દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ થવાથી देहि અને धेहि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તું આપ. તું ધારણ કર. ॥३१॥

## दे र्दिगिः परोक्षायाम् ४।१।३२॥

પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો देङ् (६०४) ધાતુને दिगि આદેશ થાય છે; અને ત્યારે ધાતુને દ્વિત્વ થતું નથી. देङ् (दे) ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. આ સૂત્રથી देङ् ધાતુને दिगि આદેશ. 'आद्योंऽश० ४-१-२' થી પ્રાપ્ત દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી दिग्ये આવો પ્રયોગ થાય છે. અહીં 'योऽनेकस्वरस्य २-१-५६' થી दिगि ના અન્ત્ય इ ને य् આદેશ થયો છે. અર્થ- રક્ષા કરી. ॥३२॥

## ङे पिबः पीप्य् ४।१।३३॥

ङ (अ) પ્રત્યય પરમાં હોય તો પાનાર્થક ण्यन्त पिब् ધાતુને पीप्य् આદેશ થાય છે. અને ત્યારે તેને દ્વિત્વ થતું નથી. 'प्रयोक्तृ० ३-४-२०' થી पा ધાતુને णिग् પ્રત્યય. 'पाशाछा० ४-२-२०' થી पा ધાતુના અન્તે य् નો આગમ. पायि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि-श्रि-द्रु० ३-४-५८' થી ङ (अ) પ્રત્યય. આ સૂત્રથી पायि ધાતુને पीप्य् આદેશ; તેમજ 'द्वि र्धातुः० ४-१-१' થી પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી अपीप्यत् આવો પ્રયોગ થાય છે. અર્થ- પીવરાવ્યું.॥३३॥

## अङे हि-हनो हो घः पूर्वात् ४।१।३४॥

ङ प्रत्य ने છોડીને અન્ય પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અભ્યાસથી (દ્વિત્વના પૂર્વભાગથી) પરમાં રહેલા हि અને हन् ધાતુના ह् ને घ् આદેશ થાય છે. સૂત્રમાં 'पूर्वात्' આ પ્રમાણેનો નિર્દેશ હોવાથી न वाऽस्य द्विः - ની નિવૃત્તિ થાય છે. प्र+हि ધાતુને પરોક્ષાનો णव् (अ) પ્રત્યય. हि ધાતુને 'द्विर्धातुः० ४-१-१' થી દ્વિત્વ. 'गहो र्जः ४-१-४०' થી અભ્યાસમાં हि ના ह् ને ज् આદેશ. 'नामिनो० ४-३-५१' થી णव् ની પૂર્વેના हि ના इ ને વૃદ્ધિ ऐ આદેશ. ऐ ને 'एदैतो० १-२-२३' થી आय् આદેશ. प्र+जिहाय આ અવસ્થામાં ह् ને આ સૂત્રથી घ् આદેશ થવાથી प्रजिघाय આવો પ્રયોગ થાય છે. અર્થ- મોકલ્યો. हन् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन्-यङश्च ४-१-३' થી हन् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ४-१-४४' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં ઉપર જણાવ્યા મુજબ ह् ને ज् આદેશ. 'मुरतो० ४-१-५१' થી અભ્યાસના અન્તે मु નો આગમ. जम् + हन् + य આ અવસ્થામાં આ સૂત્રથી ह् ને घ् આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન जंघन्य ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી जंघन्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય મારે છે.

अङ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङ પ્રત્યયને છોડીને અન્ય જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અભ્યાસથી પરમાં રહેલા हि અને हन् ધાતુના ह् ને घ् આદેશ થાય છે. તેથી 'प्रयोक्तृ० ३-४-२०' થી प्र+हि ધાતુને णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત हि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णिश्रि-द्रु० ३-४-५८' થી ङ પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ हि ને દ્વિત્વ. અભ્યાસમાં ह् ને ज् આદેશ. प्र+अ+जिहि+इ+अ+त् આ અવસ્થામાં 'नामिनो० ४-३-५१' થી जिहि ના અન્ત્ય इ ને વૃદ્ધિ ऐ આદેશ. ऐ ને आय् આદેશ. आय् ના आ ને 'उपान्त्यस्या० ४-२-३२' થી હ્રસ્વ अ આદેશ. 'णेरनिटि ४-३-

૮૩' થી णिग् નો લોપ. 'असमान० ४-१-६३' થી जि ને सन्वद् ભાવ. 'लघोर्दीर्घो० ४-१-६४' થી जि ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી प्राजीहयत् આવો પ્રયોગ થાય છે. અહીં ङ પ્રત્યય પરમાં હોવાથી हि ધાતુના ह् ને આ સૂત્રથી घ् આદેશ થતો નથી. અર્થ- મોકલાવ્યું.॥३४॥

## जेर्गिः सन् - परोक्षयोः ४।१।३५॥

सन् અને परोक्षा નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા દ્વિત્વના પૂર્વભાગથી પરમાં રહેલા जि ધાતુને गि આદેશ થાય છે. जि ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. 'सन् - यङश्च ४-१-३' થી जि ને દ્વિત્વ. આ સૂત્રથી सन् પ્રત્યયની પૂર્વેના जि ને गि આદેશ. 'स्वर-हन० ४-१-१०४' થી गि ના इ ને દીર્ઘ ई આદેશાદિ કાર્ય થવાથી जिगीषति આવો પ્રયોગ થાય છે. वि+जि ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી जि ને દ્વિત્વ. આ સૂત્રથી ए ની પૂર્વેના जि ને गि આદેશ. गि ના इ ને 'योऽनेक० २-१-५६' થી य् આદેશ વગેરે કાર્ય થવાથી विजिग्ये આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જિતવાની ઈચ્છા કરે છે. તેણે અથવા મેં જિત્યું.॥૩૫॥

## चेः किर्वा ४।१।३६॥

सन् અને પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અભ્યાસથી પરમાં રહેલા चि ધાતુને વિકલ્પથી कि આદેશ થાય છે. चि ધાતુને सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન (જુઓ सू. नं. ४-१-३५) चि+चि+ष આ અવસ્થામાં આ સૂત્રથી सन् પ્રત્યયની પૂર્વેના चि ને कि આદેશાદિ કાર્ય થવાથી चिकीषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી कि આદેશાદિ કાર્ય ન થાય ત્યારે चिचीषति આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે चि ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. चि ને દ્વિત્વ. આ

સૂત્રથી ए ની પૂર્વેના चि ને कि આદેશાદિ કાર્ય થવાથી चिक्ये આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં कि આદેશ ન થાય ત્યારે चिच्ये આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ.નં. ૪-૧-૩૫) અર્થક્રમશઃ- ભેગું - એકઠું કરવાની ઈચ્છા કરે છે. તેણે અથવા મેં ભેગું કર્યું. ॥૩૬॥

## पूर्वस्याऽस्वे स्वरे य्वोरियुव् ४।१।३७॥

દ્વિત્વ થયે છતે દ્વિત્વનો જે પૂર્વભાગ (અભ્યાસ) છે તેના इ અને उ ને; તેનાથી પરમાં અસ્વ-સ્વભિન્ન સ્વર હોય તો અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે. इष् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી इष् ને દ્વિત્વ.'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'लघोरु० ૪-૩-૪' થી इष् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન इ+एष्+अ આ અવસ્થામાં આ સૂત્રથી इ ને इय् આદેશ થવાથી इयेष આવો પ્રયોગ થાય છે. અર્થ- ઈચ્છા કરી. ऋ ધાતુને 'अट्यर्त्ति० ૩-૪-૧૦' થી વિહિત यङ् પ્રત્યયનો 'बहुलं लुप् ૩-૪-૧૪' થી લોપ. 'सन् यङश्च ૪-૧-૩' થી ऋ ને દ્વિત્વ. 'ऋतोऽत् ૪-૧-૩૮' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'रिरौच लुपि ૪-૧-૫૬' થી अ ની પરમાં रि નો આગમ. આ સૂત્રથી रि ના इ ને इय् આદેશ. अरिय् +ऋ + तिव् આ અવસ્થામાં 'नामिनो गुणो० ૪-૩-૧' થી ऋ ને ગુણ अर् આદેશ .. વગેરે કાર્ય થવાથી अरियर्त्ति આવો પ્રયોગ થાય છે. उष् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ उष् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'लघोरु० ૪-૩-૪' થી उ ને ગુણ ओ આદેશ. આ સૂત્રથી અભ્યાસના उ ને उव् આદેશ થવાથી उवोष આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વારંવાર જાય છે. બાળ્યું.

अस्व इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થયે છતે તેના પૂર્વ ભાગના इ અને उ ને, તેનાથી પરમાં સ્વ ભિન્ન જ સ્વર હોય તો અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે. તેથી इष् ધાતુને

પરોક્ષાનો अतुस् પ્રત્યયાદિ કાર્ય થવાથી ઉપર જણાવ્યા મુજબ નિષ્પન્ન इ+इष्+अतुस् આ અવસ્થામાં અસ્વસ્વર પરમાં ન હોવાથી इ ને આ સૂત્રથી इय् આદેશ થતો નથી. જેથી ईषतुः આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓ બે જણાએ ઈચ્છા કરી. स्वर इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી इ અને उ ને તેનાથી પરમાં સ્વ ભિન્ન સ્વર જ (વ્યઞ્જન નહીં) પરમાં હોય તો અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે. તેથી इयाज અહીં यज् ધાતુને णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ यज् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ.'यजादि० ૪-૧-૭૨' થી અભ્યાસમાં य ને इ આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી णव् ની પૂર્વેના यज् ના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થાય છે. इ+याज આ અવસ્થામાં इ ની પરમાં સ્વ ભિન્ન વ્યઞ્જન (સ્વર નહીં) હોવાથી આ સૂત્રથી इ ને इय् આદેશ થતો નથી. અર્થ- તેણે પૂજા કરી. ॥૩૭॥

## ऋतोऽत् ૪।૧।૩૮॥

દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ - અભ્યાસ સમ્બન્ધી ऋ ને अ આદેશ થાય છે. कृ ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી कृ ને દ્વિત્વ. અભ્યાસમાં ऋ ને આ સૂત્રથી अ આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'नामिनो० ૪-૩-૫૧' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ ... વગેરે કાર્ય થવાથી चकार આવો પ્રયોગ થાય છે. અર્થ- કર્યું. ॥૩૮॥

## ह्रस्वः ૪।૧।૩૯॥

દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી દીર્ઘ સ્વરને હ્રસ્વ આદેશ થાય છે. पा ધાતુને णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી पा ધાતુને

દ્વિત્વ. અભ્યાસમાં पा ના आ ને ह्रस्व अ આદેશ. पपा+णव् આ અવસ્થામાં 'आतो णव औः ૪-૨-૧૨૦' થી णव् પ્રત્યયને औ આદેશ વગેરે કાર્ય થવાથી पपौ આવો પ્રયોગ થાય છે. અર્થ- પીધું. ॥૩૯॥

## ग–होर्जः ४।१।४०॥

દ્વિત્વ થાય ત્યારે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી ग् ને તેમ જ ह् ને ज् આદેશ થાય છે. गम् અને हस् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી गम् અને हस् ને દ્વિત્વ. गम् અને हस् ના म् અને स् નો 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં લોપ. આ સૂત્રથી અભ્યાસમાં ग् ને તેમજ ह् ને ज् આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી जगाम અને जहास આવો પ્રયોગ થાય છે. અર્થ- ક્રમશઃ - ગયો . હસ્યો. ॥૪૦॥

## द्युतेरिः ४।१।४१॥

દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી द्युत् ધાતુના उ ને इ આદેશ થાય છે. द्युत् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી द्युत् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. दु+द्युत्+ए આ અવસ્થામાં दु ના उ ને આ સૂત્રથી इ આદેશાદિ કાર્ય થવાથી दिद्युते આવો પ્રયોગ થાય છે. અર્થ- પ્રકાશિત થાય છે. ॥૪૧॥

## द्वितीय - तुर्ययोः पूर्वौ ४।१।४२॥

દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી વર્ગીય દ્વિતીય વ્યઞ્જનને પ્રથમ વ્યઞ્જન તેમજ ચતુર્થ વ્યઞ્જનને તૃતીય વ્યઞ્જન થાય છે. खन्

પ્રથમ વ્યઞ્જન તેમજ ચતુર્થ વ્યઞ્જનને તૃતીય વ્યઞ્જન થાય છે. खन् અને झम् (૩૮૩) ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી खन् અને झम् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં ख् અને झ् ને આ સૂત્રથી અનુક્રમે क् અને ज् આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી चखान અને जझाम આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખોદ્યું.ખાધું. ॥૪૨॥

### ति र्वा ष्ठिवः ४।१।४३॥

દ્વિત્વ થાય ત્યારે ष्ठिव् ધાતુના દ્વિત્વના પૂર્વભાગને વિકલ્પથી ति આદેશ થાય છે. ष्ठिव् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી ष्ठिव् ને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અને 'अघोषे शिटः ૪-૧-૪૫' થી અભ્યાસમાં અનુક્રમે व् નો અને ष् નો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં ठि ના ठ् ને ट् આદેશ. આ સૂત્રથી દ્વિત્વના પૂર્વભાગ टि ને ति આદેશ. 'लघोरुपा० ૪-૩-૪' થી ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી तिष्ठेव આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ति આદેશ ન થાય ત્યારે टिष्ठेव આવો પ્રયોગ થાય છે. અર્થ- થૂંક્યો.॥૪૩॥

### व्यञ्जनस्याऽनादे र्लुक् ४।१।४४॥

દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી આદિભૂત વ્યઞ્જનને છોડીને અન્ય - અનાદિવ્યઞ્જનનો લોપ થાય છે. અર્થાદ્ આદ્ય વ્યઞ્જન રહે છે. બીજા બધા વ્યઞ્જનોનો (સ્વરનો નહીં) લોપ થાય છે. આને જ આદિવ્યઞ્જનશેષ પણ કહેવાય છે. ग्लै ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. 'आत् सन्ध्यक्षरस्य ૪-૨-૧' થી ग्लै ધાતુના ऐ ને आ આદેશ. 'द्विर्धातुः०

૪-૧-૧' થી ग्ला ધાતુને દ્વિત્વ. આ સૂત્રથી અભ્યાસના અનાદિવ્યઞ્જન ल् નો લોપ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને હ્રસ્વ अ આદેશ. અભ્યાસમાં ग् ને 'गहोर्जः ૪-૧-૪૦' થી ज् આદેશ. जग्ला+ए આ અવસ્થામાં 'इडेत्० ૪-૩-૯૪' થી आ નો લોપ ... વગેરે કાર્ય થવાથી जग्ले આવો પ્રયોગ થાય છે. અર્થ - દુઃખી થયો. अनादेरिति किम्? = आदेर्मा भूत्- पपाच = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી અનાદિ જ વ્યઞ્જનનો લોપ થાય છે. તેથી पपाच (જુઓ સૂ. નં.૪-૧-૧) અહીં આદ્યવ્યઞ્જન प् નો લોપ થતો નથી. અર્થ- રાંધ્યું. ।।૪૪।।

## अघोषे शिटः ૪।૧।૪૫।।

शिट् સમ્બન્ધી જ अघोष વ્યઞ્જન પરમાં હોય તો તેની પૂર્વે રહેલા, દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી અઘોષવ્યઞ્જનની પૂર્વે રહેલા शिट् વ્યઞ્જનનો લોપ થાય છે. અનાદિ વ્યઞ્જનનો લોપ; પૂર્વ (૪-૧-૪૪) સૂત્રથી વિહિત છે. અને આ સૂત્રથી અઘોષ વ્યઞ્જનની પૂર્વે રહેલા તાદૃશ शिट् નો લોપ થાય છે. આથી સ્પષ્ટ પણે સમજી શકાશે કે - અઘોષવ્યઞ્જન આવા સ્થળે અનાદિ હોવા છતાં તે शिट् લોપમાં નિમિત્ત હોવાથી તેનો લોપ એ સૂત્ર (૪-૧-૪૪) થી થતો નથી. श्च्युत् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી श्च्युत् ધાતુને દ્વિત્વ. દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી य् નો લોપ. અભ્યાસમાં श् નો આ સૂત્રથી લોપ. 'लघोरु० ૪-૩-૪' થી ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી चुश्च्योत આવો પ્રયોગ થાય છે. अघोष इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી शिट् વર્ણનો; તેની પરમાં તત્સમ્બન્ધી अघोष જ વ્યઞ્જન હોય તો, લોપ થાય છે. તેથી स्ना ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ स्ना ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'ह्रस्वः ૪-૧-૩૯' થી आ ને હ્રસ્વ अ આદેશ.

'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'आतो णव० ૪-૨-૧૨૦' થી णव् ને औ આદેશ. औ ની સાથે आ ને 'ऐदौत्० ૧-૨-૧૨' થી औ આદેશ થવાથી सस्नौ આવો પ્રયોગ થાય છે. અહીં અભ્યાસમાં શિટ્ स् નો; તેની પરમાં તત્સમ્બન્ધી (દન્ત્ય) न्- ઘોષ વ્યઞ્જન (અઘોષ વ્યઞ્જન નહીં) હોવાથી આ સૂત્રથી લોપ થતો નથી. અર્થક્રમશઃ - ઝર્યું. સ્નાન કર્યું. ॥૪૫॥

## कङश्चञ् ૪।૧।૪૬॥

દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી क् ને च् અને ङ् ને ञ् આદેશ થાય છે. कृ ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યયાદિ કાર્ય સૂ.નં. ૪-૧-૩૮ માં જણાવ્યા મુજબ થવાથી નિષ્પન્ન चकार આ પ્રયોગમાં અભ્યાસના क् ને આ સૂત્રથી च् આદેશ થયો છે. અર્થ- કર્યું. આવી જ રીતે ङु ધાતુને પરોક્ષાના ए પ્રત્યય સ્થળે દ્વિત્વ. આ સૂત્રથી અભ્યાસમાં ङ् ને ञ् આદેશ. ए પ્રત્યયની પૂર્વેના उ ને 'धातोरिव० ૨-૧-૫૦' થી उव् આદેશાદિ કાર્ય થવાથી ञुङुवे આવો પ્રયોગ થાય છે. અર્થ- અવાજ કર્યો. ॥૪૬॥

## न कवते र्यङः ૪।૧।૪૭॥

यङ् પ્રત્યયાન્ત कु (૫૯૦) ધાતુને દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વ- ભાગ સમ્બન્ધી क् ને च् આદેશ થતો નથી. कु ધાતુને (भ्वादि कु ધાતુને) 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् (य) પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી कु ને દ્વિત્વ. 'कङश्चञ् ૪-૧-૪૬' થી પ્રાપ્ત क् ને च् આદેશનો અભ્યાસમાં આ સૂત્રથી નિષેધ. 'आ-गुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં उ ને ગુણ ओ આદેશ. 'दीर्घश्च्वि० ૪-३-१०८' થી कु ના उ ને દીર્ઘ ऊ આદેશ. कोकूय ધાતુને વર્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી

कोकूयते આવો પ્રયોગ થાય છે. कवतेरिति किम् ? कौति-कुवत्यों र्मा भूत् = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भ्वादि ગણના જ यङ् પ્રત્યયાન્ત कु ધાતુના દ્વિત્વસમ્બન્ધી પૂર્વભાગના क् ને च् આદેશ થતો નથી. તેથી अदादि ગણના (૧૦૮૬) કે तुदादि ગણના (૧૪૬૨) તાદૃશ यङ् પ્રત્યયાન્ત कु ધાતુના દ્વિત્વના પૂર્વભાગના क् ને च् આદેશનો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેથી चोकूयते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય ઉચ્ચસ્વરે કે આર્ત્તસ્વરે બોલે છે. यङ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भ्वादि ગણના यङ् પ્રત્યયાન્ત જ कु ધાતુના દ્વિત્વના પૂર્વ ભાગસમ્બન્ધી क् ને च् આદેશનો નિષેધ થાય છે. તેથી कु (૫૯૦) ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય વગેરે કાર્યથી નિષ્પન્ન चुकुवे આ પ્રયોગમાં આ સૂત્રથી क् ને च् આદેશનો નિષેધ થતો નથી. (જુઓ સૂ. નં. ૪-૧-૪૬ जुङुवे) અર્થ- બોલ્યો. ॥૪૭॥

## आ - गुणावन्यादेः ४।१।४८॥

यङ् પ્રત્યયાન્ત ધાતુના દ્વિત્વનો પૂર્વભાગ, नी ... વગેરે આગમથી રહિત હોય તો તે પૂર્વભાગના अ ને आ આદેશ અને इ उ ऋ વર્ણને ગુણ (ए ओ અને अर्) આદેશ થાય છે. पच् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી पच् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી અભ્યાસમાં अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી पापच्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય રાંધે છે. આવી જ રીતે लू ધાતુને ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યય. लू ધાતુને દ્વિત્વ. આ સૂત્રથી અભ્યાસમાં लू ના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી लोलूयते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર કાપે છે.

अन्यादेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यङ्

પ્રત્યયાન્ત ધાતુના દ્વિત્વનો પૂર્વભાગ, ની ... વગેરે આગમથી રહિત જ હોય તો તે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને (अ અને इ उ ऋ વર્ણને) आ અને ગુણ આદેશ થાય છે. તેથી वनीवच्यते जञ्जप्यते અને यंयम्यते અહીં यङ् પ્રત્યયાન્ત वञ्च् जप् અને यम् ધાતુના દ્વિત્વનો પૂર્વભાગ; અનુક્રમે 'वञ्च-स्रंस० ૪-૧-૫૦' થી વિહિત ની આગમયુક્ત અને 'मुरतोऽनु० ૪-૧-૫૧' થી તથા 'जप-जभ० ૪-૧-૫૨' થી વિહિત मु આગમયુક્ત હોવાથી આ સૂત્રથી દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી अ ને आ આદેશ થતો નથી. યદ્યપિ આ સૂત્રથી વિહિત आ અને ગુણાદેશની અપેક્ષાએ તે તે સૂત્રથી વિહિત ની વગેરે આગમવિધિ પર હોવાથી તે જ आ અને ગુણાદેશના બાધક હોવાથી તે ની વગેરે આગમ સ્થળે आ કે ગુણાદેશના પ્રસંગનું વારણ કરવા સૂત્રમાં अन्यादेः આ પદ વ્યર્થ છે. પરન્તુ વ્યર્થ બનીને अन्यादि ગ્રહણ; "द्वित्वे सति पूर्वस्य विकारेषु बाधको न बाधकः અર્થાદ્ દ્વિત્વ થયે છતે તેના પૂર્વભાગના આદેશાદિ સ્વરૂપ વિકાર કરવામાં પરત્વાદિના કારણે કોઈ બાધક બનનારા વિધાનો બાધક બનતા નથી" - આ ન્યાયનું જ્ઞાપન કરે છે. તેથી આ ન્યાયના સામર્થ્યથી अचीकरत् (જુઓ સૂ. નં. ૪-૧-૨) અહીં 'असमानलोपे० ૪-૧-૬૩' થી વિહિત सन्वद् ભાવની અપેક્ષાએ પર અને નિત્ય હોવા છતાં 'लघोर्दीर्घो० ૪-૧-૬૪' થી વિહિત દીર્ઘ આદેશની પૂર્વે सन्वद् ભાવ થાય છે. અન્યથા अचीकरत् ના સ્થાને अचाकरत् આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસઙ્ગ આવત... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. અર્થક્રમશઃ - વારંવાર અથવા અતિશય ઠગે છે. વારંવાર અથવા અતિશય જાપ કરે છે. વારંવાર અથવા અતિશય નિગ્રહ કરે છે. ||૪૮||

**न हाको लुपि ४|१|४९||**

यङ् પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે हा (૧૧૩૧) ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી अ ને आ આદેશ થતો નથી. हा ધાતુને 'व्यञ्जनादे०

३-४-९' थी यङ् प्रत्यय. 'बहुलं० ३-४-१८' थी यङ् नो લોપ. 'सन्यङश्च ४-१-३' थी हा ने द्वित्व. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં आ ને ह्रस्व अ આદેશ. 'गहोर्जः ४-१-४०' થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. આ સૂત્રથી 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં પ્રાપ્ત आ આદેશનો નિષેધ વગેરે કાર્ય થવાથી जहेति (जहा + ति આ અવસ્થામાં 'यङ्तु-रु० ४-३-६४' થી तिव् પ્રત્યયની પૂર્વે ई વગેરે કાર્ય થયું છે) આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય ત્યાગ કરે છે.॥૪૯॥

**वञ्च-स्रंस-ध्वंस-भ्रंश-कस-पत-पद-स्कन्दोऽन्तो नीः ४।१।५०॥**

यङ् પ્રત્યયાન્ત वञ्च् स्रंस् ध्वंस् भ्रंश् कस् पत् पद् અને स्कन्द् ધાતુને 'व्यञ्जना० ३-४-९' થી यङ् પ્રત્યય. 'नो व्यञ्जन० ४-२-४५' થી वञ्च् स्रंस् ध्वंस् भ्रंश् અને स्कन्द् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ. (न् સ્થાને વિહિત અનુનાસિકાદિનો લોપ.) 'सन् यङश्च ४-१-३' થી ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અનાદિવ્યઞ્જનનો અભ્યાસમાં લોપ. 'अघोषे शिटः ४-१-४५' થી અભ્યાસમાં स्कन्द् ધાતુના (स्क ના) स् નો લોપ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'द्वितीय-तुर्ययोः० ४-१-४२' થી અભ્યાસમાં ध् ને તેમજ भ् ને द् અને ब् આદેશ. આ સૂત્રથી वञ्च् स्रंस् વગેરે ધાતુના દ્વિત્વના પૂર્વભાગના અન્તે नी નો આગમ. वनीवच्य सनीस्रस्य दनीध्वस्य ... વગેરે ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી वनीवच्यते; सनीस्रस्यते; दनीध्वस्यते; बनीभ्रश्यते; चनीकस्यते; पनीपत्यते; पनीपद्यते અને चनीस्कद्यते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વારંવાર ઠગે છે. વારંવાર ઢીલું થાય છે. વારંવાર નષ્ટ કરે છે. વારંવાર ભ્રષ્ટ થાય છે. વારંવાર જાય છે. વારંવાર પડે છે. વારંવાર ચાલે છે. વારંવાર ઉપાડે છે. ॥૫૦॥

## मुरतोऽनुनासिकस्य ४।१।५१॥

अ થી પરમાં રહેલો અનુનાસિક છે અન્તમાં જેના એવા[1] - यङ् પ્રત્યયાન્ત ધાતુ[1] સમ્બન્ધી દ્વિત્વના પૂર્વભાગની અન્તમાં मु (म्) નો આગમ થાય છે. भण् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् (य) પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી भण् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં ण् નો લોપ. 'द्वितीय० ४-१-४२' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. આ સૂત્રથી ब ના અન્તે मु (म्) નો આગમ. 'तौ मु-मौ० १-३-१४' થી मु ના म् ને म् આદેશ વગેરે કાર્ય થવાથી बम्भण्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર બોલે છે. अत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अ થી જ પરમાં રહેલો અનુનાસિક જેના અન્તમાં છે એવો જે यङ् પ્રત્યયાન્ત ધાતુ; તેના દ્વિત્વના પૂર્વભાગની અન્તમાં मु નો આગમ થાય છે. તેથી तेतिम्यते અહીં इ થી (अ થી નહીં) પરમાં રહેલો અનુનાસિક म् અન્તમાં હોવાથી तिम् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ ति ની અન્તમાં આ સૂત્રથી मु નો આગમ થતો નથી. જેથી ति ના इ ને અભ્યાસમાં 'आ-गुणा० ४-१-४८' થી ગુણ ए આદેશ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય ભીનું થાય છે. अनुनासिकस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अ થી પરમાં રહેલો અનુનાસિક જ જેના અન્તમાં છે એવો જે यङ् પ્રત્યયાન્ત ધાતુ, તત્સમ્બન્ધી દ્વિત્વના પૂર્વભાગની અન્તમાં मु નો આગમ થાય છે. તેથી पापच्यते અહીં अ થી પરમાં રહેલો च् અન્તમાં છે (અનુનાસિક નહીં) જેના એવા पच् ધાતુના દ્વિત્વસમ્બન્ધી પૂર્વભાગ प ના અન્તમાં આ સૂત્રથી मु નો આગમ થતો નથી, જેથી 'आ-गुणा० ४-१-४८' થી તેના अ ને आ આદેશ થાય છે. અર્થ- વારંવાર અથવા અતિશય રાંધે છે.॥૫૧॥

## जप-जभ-दह-दश-भञ्ज-पशः ४।१।५२॥

यङ् પ્રત્યયાન્ત जप् जभ् दह् दश् भञ्ज् અને पश् ધાતુના દ્વિત્વના પૂર્વભાગની અન્તમાં मु નો આગમ થાય છે. जप् जभ् दह् અને दश् ધાતુને 'गृ-लुप० ३-४-१२' થી તેમજ भञ्ज् અને पश् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् (य) પ્રત્યય. 'नो व्यञ्जन० ४-२-४५' થી भञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ. 'सन्यङश्च ४-१-३' થી जप् जभ् दह् दश् भज् અને पश् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जन० ४-१-४४' થી અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्वितीयतुर्य० ४-१-४२' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. આ સૂત્રથી દ્વિત્વના પૂર્વભાગની અન્તે मु નો આગમ. 'तौ मुमौ० १-३-१४' થી ક્રમશઃ मु ने ञ् ञ् न् न् म् અને म् આદેશાદિ કાર્ય થવાથી जञ्जप्यते जञ्जभ्यते दन्दह्यते दन्दश्यते बम्भज्यते અને पम्पश्यते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખરાબ રીતે જાપ કરે છે. ખરાબ રીતે બગાસું ખાય છે. ખરાબ રીતે બાળે છે. ખરાબ રીતે ડસે છે. વારંવાર તોડે છે. વારંવાર બાંધે છે.॥૫૨॥

## चर-फलाम् ४।१।५३॥

यङ् પ્રત્યયાન્ત चर् અને फल् ધાતુના દ્વિત્વના પૂર્વભાગની અન્તે मु નો આગમ થાય છે. चर् ધાતુને 'गृ-लुप-सद० ३-४-१२' થી અને फल् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી चर् અને फल् ધાતુને દ્વિત્વ. 'व्यञ्ज० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्वितीय तु० ४-१-४२' થી અભ્યાસમાં फ् ને प् આદેશ. આ સૂત્રથી અભ્યાસની અન્તે मु નો આગમ. 'तौ मुमौ० १-३-१४' થી मु ને અનુક્રમે ञ् અને म् આદેશથી નિષ્પન્ન चञ्चर्य અને पम्फल्य ધાતુના चर् અને फल् ના ઉપાન્ત્ય अ ને 'तिचोपान्त्या० ४-१-

૫૪' થી उ આદેશ .चुर् ના उ ને 'भ्वादेर्नामि० २-१-६३' થી દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી चञ्चूर्यते पम्फुल्यते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વારંવાર ખરાબ ચાલે છે. વારંવાર સફળ થાય છે. સૂત્રમાં બહુવચનનો નિર્દેશ બંન્ને फल् (૪૨૮ અને ૪૧૪) ધાતુના ગ્રહણ માટે છે.।૫૩।।

## ति चोपान्त्यातोऽनोऽदुः ૪।૧।૫૪।।

यङ् (य) પ્રત્યય અને त् છે આદિમાં જેના એવો (तादि) પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા चर् અને फल् ધાતુના ઉપાન્ત્ય अ ને उ આદેશ થાય છે. અને એ उ ને ओ આદેશ યથાપ્રાપ્ત પણ થતો નથી. चञ्चर्य અને पम्फल्य આ અવસ્થામાં આ સૂત્રથી चर् અને फल् ધાતુના ઉપાન્ત્ય अ ને उ આદેશાદિ કાર્ય થવાથી चञ्चूर्यते અને पम्फुल्यते આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ.નં. ४-१-५३) चर् અને प्र+फल् ધાતુને 'स्त्रियाङ्क्तिः ५-३-९१' થી ति પ્રત્યય. આ સૂત્રથી चर् અને फल् ધાતુના ઉપાન્ત્ય अ ને उ આદેશ. 'भ्वादेर्नामि० २-१-६३' થી चुर् ના उ ને દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી चूर्तिः અને प्रफुल्तिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - જવું. ખીલવું. અહીં યાદ રાખવું જોઈએ કે લઘુવૃત્તિમાં प्रफुल्लिः ઉદાહરણ છે. બૃહદ્વૃત્તિમાં એ તેમજ प्रफुल्लः प्रफुल्लवान् આ પણ ઉદાહરણ છે. પરન્તુ क्ति क्त કે क्तवतु પ્રત્યયના त् ને ल् આદેશનું વિધાન કરનાર કોઈ સૂત્ર દૃષ્ટિગોચર થતું ન હોવાથી प्रफुल्तिः આવો ઉલ્લેખ મેં કર્યો છે. કૌમુદીમાં પણ એવો જ નિર્દેશ છે. રઘુવંશમાં 'लोध्रद्रूमं सानुमतः प्रफुल्लम्' આવો પ્રયોગ છે ખરો, પરન્તુ તેની પ્રક્રિયા फुल्ल् ધાતુને આશ્રયીને વર્ણવી છે... તેથી આ વિષયમાં જિજ્ઞાસુઓએ અન્વેષણ કરી લેવું જોઈએ.

अत इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यङ् કે तादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા चर् અને फल् ધાતુના ઉપાન્ત્ય

अ ને જ उ આદેશ થાય છે, જેને ओ આદેશ થતો નથી. તેથી चर् અને फल् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન चारि અને फालि ધાતુને यङ् પ્રત્યયાદિ કાર્યથી चञ्चारि + य અને पम्फालि+य આ અવસ્થામાં 'णेरनिटि ४-३-८३' થી णिग् નો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી चञ्चार्यते અને पम्फाल्यते આવો પ્રયોગ થાય છે. અહીં चर् અને फल् ધાતુના ઉપાન્ત્ય आ ને આ સૂત્રથી उ આદેશ થતો નથી. અર્થક્રમશઃ- વારંવાર ચલાવે છે. વારંવાર વિકસાવે છે. अनोदिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यङ् અથવા तादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા चर् અને फल् ધાતુના ઉપાન્ત્ય अ ને उ આદેશ થાય છે. અને તેને ओ આદેશ નથી જ થતો. તેથી चञ्चुर्य અને पम्फुल्य ધાતુના यङ् પ્રત્યયનો 'बहुलं लुप् ३-४-१४' થી લોપ. चञ्चुर् અને पम्फुल् ધાતુને तिव् (ति) પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી चञ्चूर्त्ति અને पम्फुल्ति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખરાબ રીતે ચાલે છે. વારંવાર વિકસે છે.॥૫૪॥

**ऋमतां रीः ४।१।५५॥**

ऋ સ્વરથી યુક્ત - यङ् પ્રત્યયાન્ત ધાતુના દ્વિત્વના પૂર્વભાગની અન્તે री નો આગમ થાય છે. नृत् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन् यङश्च ४-१-३' થી नृत् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં ऋ ને 'ऋतोऽत् ४-१-३८' થી अ આદેશ. આ સૂત્રથી न ની અન્તે री નો આગમ વગેરે કાર્ય થવાથી नरीनृत्यते આવો પ્રયોગ થાય છે. અહીં नृत् ધાતુના न् ને 'नृतेर्यङि २-३-९५' થી ण् આદેશનો નિષેધ થયો છે. અર્થ- વારંવાર નાચે છે.॥૫૫॥

## रि-रौ च लुपि ४।१।५६॥

यङ् પ્રત્યયની લોપ થયે છતે ऋ સ્વરથી યુક્ત તાદૃશ यङ्लुबन्त ધાતુના દ્વિત્વના પૂર્વભાગના અન્તે रि र् અને री નો આગમ થાય છે. कृत् ધાતુને 'व्यञ्ज० ३-४-९' થી यङ् પ્રત્યય. 'बहुलं लुप् ३-४-१८' થી यङ् નો લોપ. 'सन्यङश्च ४-१-३' થી कृत् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनादे० ४-१-४४' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ४-१-३८' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. चकृत् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી च ની પરમાં रि र् અને री નો આગમ. 'लघोरुपान्त्यस्य ४-३-४' થી कृत् ના ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ चरिकर्त्ति चर्कर्त्ति અને चरीकर्त्ति આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર કાપે છે. ॥५६॥

## निजां शित्येत् ४।१।५७॥

शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા निज् विज् અને विष् ધાતુના દ્વિત્વના પૂર્વ ભાગના સ્વરને (इ ને ) ए આદેશ થાય છે. निज् विज् અને विष् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'हवः शिति ४-१-१२' થી निज् विज् અને विष् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ४-१-४४' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં આ સૂત્રથી इ ને ए આદેશ. 'लघोरुपा० ४-३-४' થી तिव् ની પૂર્વેના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ. 'चजः कगम् २-१-८६' થી ज् ને ग् આદેશ. ग् ને 'अघोषे० १-३-५०' થી क् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી ष् ના યોગમાં त् ને ट् આદેશ થવાથી અનુક્રમે नेनेक्ति वेवेक्ति અને वेवेष्टि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સાફ કરે છે. જુદો થાય છે. વ્યાપ્ત કરે છે. शितीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शित् જ પ્રત્યય પરમાં હોય તો

તેની પૂર્વે રહેલા निज् विज् અને विष् ધાતુના દ્વિત્વના પૂર્વભાગના સ્વરને ए આદેશ થાય છે. તેથી निज् ધાતુને પરોક્ષાનો णव् (अ) પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી निज् ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. णव् ની પૂર્વેના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી निनेज આવો પ્રયોગ થાય છે. અહીં शित् પ્રત્યય પરમાં ન હોવાથી निज् ધાતુના દ્વિત્વના પૂર્વભાગના इ ને આ સૂત્રથી ए આદેશ થતો નથી. અર્થ- સાફ કર્યું. ॥૫૭॥

## पृ - भृ - मा - हाङामिः ૪।૧।૫૮॥

शित् પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા पृ ऋ भृ मा અને हाङ् (૧૧૩૬) ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને इ આદેશ થાય છે. पृ ऋ भृ ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. તેમજ मा અને हा ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય. 'हवः शिति ૪-૧-૧૨' થી पृ ऋ भृ मा અને हा ને દ્વિત્વ. અભ્યાસમાં 'ऋतोऽत् ૪-૧-૩૮' થી ऋ ને अ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. અભ્યાસમાં आ ને 'ह्रस्वः ૪-૧-૩૯' થી હ્રસ્વ अ આદેશ. 'गहोर्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ह् ને ग् આદેશ. આ સૂત્રથી અભ્યાસમાં अ ને इ આદેશ. तिव् ની પૂર્વેના અન્ત્ય ऋ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ अर् આદેશ. इ+अर्+ति આ અવસ્થામાં 'पूर्वस्या० ૪-૧-૩૭' થી अर् ની પૂર્વેના इ ને इय् આદેશ વગેરે કાર્ય થવાથી તેમજ તે પ્રત્યયની પૂર્વેના અન્ત્ય आ ને 'एषामी० ૪-૨-૯૭' થી ई આદેશ થવાથી पिपर्त्ति इयर्त्ति बिभर्त्ति मिमीते અને जिहीते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પાલન કરે છે. જાય છે. ભરણ-પોષણ કરે છે. માપે છે. જાય છે.

हाङिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पृ ऋ भृ અને मा ધાતુના તેમજ हाङ् (૧૧૩૬) જ ધાતુના (हांक् ૧૧૩૧ નહીં.) દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી

સ્વરને इ આદેશ થાય છે. તેથી ओहांक् त्यागे (૧૧૩૧) આ हा ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી जहाति આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી અભ્યાસમાં अ ને इ આદેશ થતો નથી. અર્થ - ત્યાગ કરે છે. शितीत्येव=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शित् જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पृ વગેરે ધાતુના દ્વિત્વના પૂર્વભાગના સ્વરને इ આદેશ થાય છે. તેથી पृ ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી पृ ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'नामिनो० ૪-૩-૫૧' થી અન્ત્ય ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી पपार આવો પ્રયોગ થાય છે. અહીં અભ્યાસમાં अ ને આ સૂત્રથી इ આદેશ થતો નથી. અર્થ- પાલન કર્યું. (અહીં पृ ધાતુની જેમ જ पॄ ધાતુથી पिपर्त्ति વગેરે રૂપો થઈ શકે છે. પ્રક્રિયામાં 'ह्रस्वः ૪-૧-૩૯' થી पॄ ના ॠ ને અભ્યાસમાં હ્રસ્વ ऋ આદેશ થાય છે. - એટલું વિશેષ છે. બૃહદ્વૃત્તિમાં केचित्तु કારના મતે એનો સંગ્રહ અભિપ્રેત છે. તેથી ઉપર જણાવ્યા મુજબ पृश्च ॠश्च આ વિગ્રહમાં નિષ્પન્ન पृ નું ગ્રહણ સૂત્રમાં કરી શકાય છે.) ।।૫૮।।

## सन्यस्य ૪।૧।૫૯।।

सन् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી अ ને इ આદેશ થાય છે. पच् ધાતુને 'तुमर्हा० ૩-૪-૨૧' થી सन् પ્રત્યય. 'सन्य० ૪-૧-૩' થી पच् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી અભ્યાસમાં अ ને इ આદેશ. 'चजः कगम् ૨-૧-૮૬' થી च् ને क् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી पिपक्षति આવો પ્રયોગ થાય છે. અર્થ- રાંધવાની ઈચ્છા કરે છે. अस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી अ ને જ (आ

વગેરે વર્ણને નહીં) इ આદેશ થાય છે. તેથી पापचिषते અહીં અભ્યાસમાં आ ને આ સૂત્રથી इ આદેશ થતો નથી. पच् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ पच् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં अ ને आ આદેશથી નિષ્પન્ન पापच्य ધાતુને सन् પ્રત્યય. सन् પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી सन् ની પૂર્વે इट्. स् ને ष् આદેશ. 'अतः ४-३-८२' થી पापच्य ધાતુના અન્ત્ય अ નો લોપ. 'योऽशिति ४-३-८०' થી यङ् પ્રત્યયના य् નો લોપ વગેરે કાર્ય થવાથી पापचिषते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર રાંધવાની ઈચ્છા કરે છે. ॥૫૯॥

## ओर्जान्तस्थापवर्गेऽवर्णे ४।१।६०॥

सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના अवर्ण (अ, आ) જેના અન્તમાં છે- એવા ज् अन्तस्था અથવા પવર્ગીય વર્ણની પૂર્વે રહેલા દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી उ ને इ આદેશ થાય છે. जु (११९०) यु रु लू पू અને मू (६०१) ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત તે ધાતુઓને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. 'सन् यङश्च ४-१-३' થી जु વગેરે ધાતુને દ્વિત્વ. 'ह्रस्वः ४-१-३९' થી लू पू અને मू ધાતુના અભ્યાસમાં ऊ ને ह्रस्व उ આદેશ. 'नामिनो० ४-३-५१' થી णिग् ની પૂર્વેના ધાતુના અન્ત્ય उ અને ऊ ને औ - વૃદ્ધિ ... વગેરે કાર્યથી નિષ્પન્ન जुजाव् + इ + सन्, युयाव्+इ+सन्; रुराव्+इ+सन् लुलाव्+इ+सन्; पुपाव्+इ+स् અને मुमाव्+इ+सन् આ અવસ્થામાં અનુક્રમે આકારાન્ત जा; या रा ला (અન્તસ્થા) અને पा मा (प વર્ગ) ની પૂર્વે રહેલા અભ્યાસ સમ્બન્ધી उ ને આ સૂત્રથી इ આદેશ. 'स्ताद्यशितो० ४-४-३२' થી सन् ની પૂર્વે इट्. 'नाम्यन्त० २-३-१५' થી स् ને ष् આદેશ. 'नामिनो० ४-३-१' થી इट् ની પૂર્વેના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે जिजावयिषति यियावयिषति रिरावयिषति

लिलावयिषति पिपावयिषति અને मिमावयिषति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મોકલવાની ઈચ્છા કરે છે. મિશ્રણ કરાવવાની ઈચ્છા કરે છે. અવાજ કરાવવાની ઈચ્છા કરે. કપાવવાની ઈચ્છા કરે છે. પવિત્ર કરાવવાની ઈચ્છા કરે છે. બંધાવવાની ઈચ્છા કરે છે. यु અને पू ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् प्रत्ययादि કાર્યથી નિષ્પન્ન युयु+सन् અને पुपू+सन् આ અવસ્થામાં અનુક્રમે 'इवृध० ૪-૪-૪૭' થી અને 'ऋ-स्मि-पूङ्ञ्ज० ૪-૪-૪૮' થી सन् ની પૂર્વે इट्. ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય उ અને ऊ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી यियविषति અને पिपविषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મિશ્રણ કરવાની ઈચ્છા કરે છે. પવિત્ર કરવાની ઈચ્છા કરે છે.

जान्तस्थापवर्ग इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગના उ ને; તેની પરમાં, અવર્ણાન્ત ज् અન્તસ્થા અથવા पवर्ग ના જ વર્ણથી પરમાં રહેલો सन् પ્રત્યય હોય તો इ આદેશ થાય છે. તેથી जुहावयिषति અહીં અવર્ણાન્ત પણ ह् થી પરમાં રહેલો सन् પ્રત્યય પરમાં હોવાથી દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી उ ને આ સૂત્રથી इ આદેશ થતો નથી. અહીં णिग् પ્રત્યયાન્ત हु ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् प्रत्ययादि કાર્ય થવાથી અભ્યાસમાં ह् ને 'गहोर्जः ૪-૧-૪૦' થી ज् આદેશ વગેરે કાર્ય यियावयिषति ની જેમ થાય છે. અર્થ- હોમ કરાવવાની ઈચ્છા કરે છે. अवर्ण इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ થયે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી उ ને તેની પરમાં; अवर्णान्त જ (इकाराद्यन्त નહીં) ज् अन्तस्था અથવા पवर्ग ના વર્ણથી પરમાં રહેલો सन् પ્રત્યય હોય તો इ આદેશ થાય છે. તેથી बुभूषति અહીં ऊकारान्त પવર્ગીય भ् થી પરમાં રહેલો सन् પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી उ ને इ આદેશ થતો નથી. बुभूषति અહીં ઉપર જણાવ્યા મુજબ भू ધાતુને सन् પ્રત્યય. भू ને દ્વિત્વ. અભ્યાસમાં ऊ ને ह्रस्व उ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. सन् ની પૂર્વે

પ્રાપ્ત इट् નો 'ग्रह-गुहश्च सनः ४-४-५९' થી નિષેધ થવાથી 'नामिनो० ४-३-३३' થી सन् ને किद्वद्भाव... વગેરે કાર્ય થયું છે. અર્થ - થવાની ઈચ્છા કરે છે.

અહીં जान्तस्थापवर्गे ના સ્થાને માત્ર 'पये' નિર્દેશથી સૂત્રમાં દર્શાવેલા ઈષ્ટ પ્રયોગની સિદ્ધિનો સંભવ હોવા છતાં યથોક્ત નિર્દેશ; "णौ यत् कृतं कार्यं तत् सर्वं स्थानिवद् भवति અર્થાદ્ णि પ્રત્યય પરમાં હોતે છતે ધાતુના અન્ત્યસ્વરાદિને કરેલું વૃદ્ધિ વગેરે કાર્ય સ્થાનિની જેમ (અર્થાદ્ એ કાર્ય થયું જ નથી - એમ) મનાય છે." આ ન્યાયના જ્ઞાપન માટે છે... ઈત્યાદિ બૃહદ્વૃત્તિ વગેરેથી જાણી લેવું.॥૬૦॥

## श्रु-स्रु-द्रु-प्रु-प्लु-च्यो र्वा ४।१।६१॥

દ્વિત્વ થયે છતે श्रु स्रु द्रु प्रु प्लु અને च्यु ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી उ ને તેની પરમાં; अवर्ण જેના અન્તમાં છે એવા અન્તસ્થાથી પરમાં રહેલો सन् પ્રત્યય હોય તો इ આદેશ વિકલ્પથી થાય છે. श्रु स्रु द्रु प्रु प्लु અને च्यु ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત તે ધાતુને 'तुमर्हा० ३-४-२१' થી सन् પ્રત્યય. 'सन्-यङश्च ४-१-३' થી श्रु स्रु... વગેરેને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जन० ४-१-४४' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. सन् ની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. 'नाम्यन्तस्था० २-३-१५' થી सन् પ્રત્યયના स् ને ष् આદેશ. 'नामिनो० ४-३-५१' થી णिग् પ્રત્યયની પૂર્વેના उ ને વૃદ્ધિ औ આદેશ. 'नामिनो० ४-३-१ થી इट् ની પૂર્વેના इ ને ગુણ ए આદેશ. આ સૂત્રથી અભ્યાસમાં उ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી शिश्रावयिषति सिस्रावयिषति दिद्रावयिषति पिप्रावयिषति पिप्लावयिषति અને चिच्यावयिषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इ આદેશ ન થાય ત્યારે शुश्रावयिषति सुस्रावयिषति दुद्रावयिषति पुप्रावयिषति पुप्लावयिषति અને चुच्यावयिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-

સંભળાવવાની ઈચ્છા કરે છે. પાડવાની ઈચ્છા કરે છે. પીગળાવવાની ઈચ્છા કરે છે. મોકલવાની ઈચ્છા કરે છે. મોકલવાની ઈચ્છા કરે છે. પાડવાની ઈચ્છા કરે છે. અહીં એ યાદ રાખવું કે शिश्रावयिषति ઈત્યાદિ સ્થળે અભ્યાસના उ ની પરમાં श् વગેરે વર્ણ છે, ત્યારબાદ अवर्णान्त અન્તસ્થા છે. અવ્યવહિત પરમાં अवर्णान्त અન્તસ્થા નથી પરન્તુ સૂત્રારંભ સામર્થ્યથી તાદૃશ श् વગેરે એકવર્ણનું વ્યવધાન અહીં ઈષ્ટ છે.॥૬૧॥

## स्वपो णावुः ४।१।६२॥

स्वप् ધાતુથી વિહિત णि પ્રત્યય બાદ થયેલા स्वप् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને उ આદેશ થાય છે. स्वप् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત स्वप् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. 'स्ताद्यशि० ४-४-३२' થી सन् પ્રત્યયની પૂર્વે इट्. 'सनूयङश्च ४-१-३' થી स्वप् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી અભ્યાસમાં अ ને उ આદેશ. सुस्वप् + इ + इ+ सन् આ અવસ્થામાં 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'नामिनो० ४-३-१' થી णिग् ના इ ને ગુણ ए આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી सन् ના स् ને ष् આદેશ. 'णिस्तोरेवा० २-३-३७' થી स्वप् ના स् ને ष् આદેશ.. વગેરે કાર્ય થવાથી सुष्वापयिषति આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉંઘાડવાની ઈચ્છા કરે છે.

णाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्वप् ધાતુથી વિહિત णि પ્રત્યય બાદ જ (અન્ય પ્રત્યયાદિ બાદ નહીં) થયેલા स्वप् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને उ આદેશ થાય છે. તેથી सिष्वापकीयिषति આવો પ્રયોગ થાય છે. અહીં णि પ્રત્યય બાદ થયેલું स्वप् ધાતુનું દ્વિત્વ ન હોવાથી તેના પૂર્વ ભાગ સંબંધી अ ને આ સૂત્રથી

उ આદેશ થતો નથી. स्वप् ધાતુને 'णक-तृचौ ५-१-४८' થી વિહિત णक પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન स्वापक નામને तम् इच्छति આ અર્થમાં 'अमाव्य० ३-४-२३' થી क्यन् (य) પ્રત્યયાદિ કાર્ય થવાથી स्वापकीय ધાતુ બને છે. તેને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. सन् પ્રત્યયની પૂર્વે इट्. 'अतः ४-३-८२' થી स्वापकीय ધાતુના અન્ત્ય अ નો લોપ. सन् ના स् ને ष् આદેશ. स्वाप् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં आ ને ह्रस्व अ આદેશ. એ अ ને 'सन्यस्य ४-१-५९' થી इ આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી स्वाप् ના स् ને ष् આદેશ. ... વગેરે કાર્ય થવાથી सिष्वापकीयिषति આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉંઘનારને ઈચ્છનારની ઈચ્છા કરે છે. स्वपोणाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्वप् ધાતુથી વિહિત જ (स्वप् ધાતુથી પરમાં જ રહેલો નહીં) णि પ્રત્યય બાદ થયેલા स्वप् ધાતુના દ્વિત્વના પૂર્વભાગના સ્વરને उ આદેશ થાય છે. તેથી स्वापं चिकीर्षति આ અર્થમાં सिष्वापयिषति આવો પ્રયોગ થાય છે. स्वाप (स्वप् ધાતુને घञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिच् (इ) પ્રત્યય. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી स्वाप નામના અન્ત્ય સ્વરનો લોપ. स्वापि ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન सस्वापयिष ધાતુના અભ્યાસના अ ને 'सन्यस्य ४-१-५९' થી इ આદેશાદિ કાર્ય થવાથી सिष्वापयिषति આવો પ્રયોગ થાય છે. અહીં स्वप् ધાતુથી પરમાં णिच् પ્રત્યય હોવા છતાં તે स्वप् ધાતુથી વિહિત નથી. स्वाप નામથી વિહિત છે. તેથી આ સૂત્રથી અભ્યાસમાં अ ને उ આદેશ થતો નથી. અર્થ- ઉંઘવાને ઈચ્છે છે.

स्वपो णौ सति द्वित्व इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्वप् ધાતુથી વિહિત णि પ્રત્યય બાદ જ થયેલા स्वप् ધાતુના દ્વિત્વના (પ્રથમ દ્વિત્વ અને પછી णि પ્રત્યય થયો હોય એવા स्वप् ધાતુના દ્વિત્વના નહીં) પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને उ આદેશ થાય છે. તેથી स्वप् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. 'स्वपेर्यङ् ङे च

૪-૧-૮૦' થી स्वप् ના व ને સમ્પ્રસારણ उ આદેશ. 'सन्यङश्च ૪-૧-૩' થી सुप् ને द्वित्व. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં उ ને ગુણ ओ આદેશ. એ ओ થી પરમાં રહેલા स् ને 'नाम्यन्त० ૨-૩-૧૫' થી ष् આદેશ. सोषुप् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી सोषुप् ના उ ને ગુણ ओ આદેશ. सोषोपि ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. सन् ની પૂર્વે इट्. सोषोपि ધાતુના અન્ત્ય इ ને ગુણ ए આદેશ. सन् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી सोषोपयिषति આવો પ્રયોગ થાય છે. અહીં णि પ્રત્યયની પૂર્વે દ્વિત્વ થયું હોવાથી અભ્યાસના સ્વરને આ સૂત્રથી उ આદેશ થતો નથી. અર્થ - વારંવાર ઉંઘાડવાની ઈચ્છા કરે છે. ॥૬૨॥

## असमानलोपे सनुवल्लघुनि ङे ४।१।६३॥

જે णि પ્રત્યય પરમાં હોતે છતે સમાન સ્વરનો લોપ થયો ન હોય તેવો - ङ થી પૂર્વે રહેલો णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા દ્વિત્વના પૂર્વભાગને તેની પરમાં લઘુભૂત ધાત્વક્ષર હોય તો સન્નન્તની જેમ કાર્ય થાય છે. અર્થાત્ सन्प्रत्यय પરમાં હોતે છતે દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને જે કાર્ય થાય છે તેવું કાર્ય ઉપર્યુક્ત અવસ્થામાં પણ થાય છે. कृ जु અને श्रु ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત તે ધાતુને અદ્યતનીનો दि (त्) પ્રત્યય. તેની પૂર્વે 'णि-श्रि-द्रु० ૩-૪-૫૮' થી ङ (अ) પ્રત્યય. 'अड्धातो० ૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે अट् નો આગમ. 'द्विर्धातुः परोक्षा० ૪-૧-૧' થી कृ जु અને श्रु ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અનાદિ વ્યઞ્જન र् નો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮' થી ऋ ને અભ્યાસમાં अ આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'नामिनो० ૪-૩-૫૧' થી णि ની પૂર્વેના અન્ત્ય ऋ ને અને उ ને અનુક્રમે વૃદ્ધિ आर् અને

औ આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન अचकार्+इ+अ+त्; अजुजाव्+इ+अ+त् અને अशुश्राव्+इ+अ+त् આ અવસ્થામાં ઉપાન્ત્ય आ ને 'उपान्त्यस्या० ૪-૨-૩૫' થી હ્રસ્વ अ આદેશ. ङ પરક णि પ્રત્યય પરમાં હોવાથી લઘુભૂત ધાત્વક્ષર क ज અને श्र ની પૂર્વેના દ્વિત્વના પૂર્વભાગ च जु અને शु ને આ સૂત્રથી સન્વદ્ભાવ. તેથી 'सन्यस्य ૪-૧-૫૯' થી च ના अ ને; 'ओर्जान्तस्था० ૪-૧-૬૦' થી जु ના उ ને અને 'श्रु-स्रु० ૪-૧-૬૧' થી शु ના उ ને इ આદેશ. चि અને जि ના इ ને 'लघोर्दीर्घो० ૪-૧-૬૪' થી દીર્ઘ ई આદેશ. 'णेरनिटि ૪-૩-૮૩' થી णिग् (इ) નો લોપ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ अचीकरत् अजीजवत् અને अशिश्रवत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કરાવ્યું. મોકલ્યું. સંભળાવ્યું.

लघुनीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે णि પ્રત્યય પરમાં હોતે છતે સમાન સ્વરનો લોપ થયો ન હોય એવો ङ પરક (ङ છે પરમાં જેના તે) णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા દ્વિત્વના પૂર્વ ભાગને તેની પરમાં લઘુભૂત જે ધાત્વક્ષર હોય તો સન્વદ્ ભાવ થાય છે. તેથી अततक्षत् અહીં દ્વિત્વના પૂર્વભાગ त ને તેની પરમાં સંયુક્ત વ્યઞ્જન क्ष् ની પૂર્વેનો त ગુરુભૂત ધાત્વક્ષર હોવાથી સન્વદ્ ભાવ થતો નથી. तक्ष् ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થયું છે. - એ સમજી શકાય છે. અર્થ - છોલાવ્યું. णावित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङ પરક અસમાનલોપી णि પ્રત્યય જ (ङ પ્રત્યય માત્ર નહીં) પરમાં હોય તો તેની પૂર્વે રહેલા દ્વિત્વના પૂર્વભાગને તેની પરમાં લઘુભુત ધાત્વક્ષર હોય તો સન્વદ્ ભાવ થાય છે. તેથી अचकमत અહીં ઉપર જણાવ્યા મુજબ कम् ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે ङ પ્રત્યય. कम् ને દ્વિત્વ વગેરે કાર્ય થાય છે. પરન્તુ અહીં णि પ્રત્યય પરમાં ન હોવાથી દ્વિત્વના પૂર્વભાગ च ને આ સૂત્રથી સન્વદ્ ભાવ થતો નથી. અર્થ- ઈચ્છ્યું. असमानलोप इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङ પરક અસમાનલોપી જ (જે પરમાં હોતે છતે સમાનસ્વરનો લોપ થાય છે તે) णि પ્રત્યય

પરમાં હોય તો તેની પૂર્વે રહેલા દ્વિત્વના પૂર્વભાગને તેની પરમાં લઘુભૂત ધાત્વક્ષર હોય તો सन्वद् ભાવ થાય છે. તેથી अचकथत् અહીં कथ આ અકારાન્ત ધાતુને 'चुरादिभ्यो णिच् ३-४-१७' થી णिच् પ્રત્યય. 'अतः ४-३-८२' થી कथ ના અન્ત્ય अ નો (સમાનસ્વરનો) લોપ. कथि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. તેની પૂર્વે ङ પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અહીં णि પ્રત્યય ङ પરક હોવા છતાં તે સમાનલોપી હોવાથી લઘુભૂત ધાત્વક્ષરની પૂર્વેના તાદૃશ દ્વિત્વના પૂર્વભાગને આ સૂત્રથી સન્વદ્ ભાવ થતો નથી. અર્થ - કહ્યું. ॥६३॥

## लघोर्दीर्घोऽस्वरादेः ४।१।६४॥

જે णि પ્રત્યય પરમાં હોતે છતે તેની પૂર્વેના સમાનસ્વરનો લોપ થયો ન હોય તે - અસમાનલોપી ङ પરક (ङ પ્રત્યય છે પરમાં જેના તે) णि પ્રત્યય પરમાં હોય તો સ્વરાદિ ધાતુને છોડીને અન્ય ધાતુ સમ્બન્ધી દ્વિત્વના પૂર્વભાગના લઘુસ્વરને તેની પરમાં લઘુભૂત ધાત્વક્ષર હોય તો દીર્ઘ થાય છે. अचिकर+त् (જુઓ सू.नं. ४-१-६३) આ અવસ્થામાં चि ના इ ને આ સૂત્રથી દીર્ઘ ई આદેશ થવાથી अचीकरत् આવો પ્રયોગ થાય છે. लघोरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङ પરક અસમાનલોપી णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા સ્વરાદિધાતુથી ભિન્ન ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી લઘુભૂત જ સ્વરને તેની પરમાં લઘુભૂત ધાત્વક્ષર હોય તો દીર્ઘ આદેશ થાય છે. તેથી अचिक्वणत् અહીં વ્યઞ્જનાદિ તાદૃશ ધાતુ क्वण् ના દ્વિત્વના પૂર્વ ભાગ સમ્બન્ધી चि નો इ, સંયુક્ત વ્યઞ્જન क्व् થી પૂર્વમાં હોવાથી ગુરુભૂત છે. તેથી તેને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ४-१-६३. માત્ર અહીં ઉપાન્ત્ય अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ થયો છે. અર્થ - વગાડ્યું. अस्वरादेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङ પરક અસમાનલોપી णि પ્રત્યય પરમાં હોય

તો અસ્વરાદિ જ (સ્વરાદિ નહીં) ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી લઘુભૂત સ્વરને; તેનાથી પરમાં લઘુભૂત ધાત્વક્ષર હોય તો દીર્ઘ આદેશ થાય છે. તેથી ऊर्ण्णु ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત ऊर्ण्णु ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. તેની પૂર્વે ङ પ્રત્યય. 'स्वरादे० ४-१-४' થી नु ને દ્વિત્વ. 'स्वरादेस्तासु ४-४-३१' થી ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'नामिनो० ४-३-५१' થી णिग् પ્રત્યયની પૂર્વેના नु ના उ ને વૃદ્ધિ औ આદેશ. તે औ ને 'ओदौ० १-२-२४' થી आव् આદેશ. आव् ના आ ને 'उपान्त्यस्या० ४-२-३५' થી હ્રસ્વ अ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णि નો લોપ... વગેરે કાર્ય થવાથી और्ण्णुनवत् આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાદિ ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી તાદૃશ લઘુભૂત સ્વર उ ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અહીં 'रषृवर्णा० २-३-६३' થી नु ના न् ને ण् આદેશ કરીને 'र्हादर्ह० १-३-३१' થી ण् ને દ્વિત્વ થાય છે. અર્થ- ઢંકાવ્યું. ॥६४॥

## स्मृ-दृ-त्वर-प्रथ-म्रद-स्तृ-स्पशेरः ४।१।६५॥

અસમાન લોપી ङ પરક णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्मृ; दृ; त्वर् प्रथ् म्रद् स्तृ અને स्पश् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને अ આદેશ થાય છે. स्मृ दृ त्वर् प्रथ् म्रद् स्तृ અને स्पश् ધાતુને 'प्रयोक्तृव्यापारे० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત स्मृ વગેરે ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि-श्रि० ३-४-५८' થી ङ પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી स्मृ दृ त्वर् प्रथ् म्रद् स्तृ અને स्पश् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં स्तृ ના ॠ ને હ્રસ્વ ऋ આદેશ. 'अघोषे० ४-१-४५' થી અભ્યાસમાં स्तृ અને स्पश् ના स् નો લોપ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં स्मृ त्वर् प्रथ् म्रद् ધાતુના અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ४-१-३८' થી અભ્યાસમાં स्मृ दृ અને स्तृ ના ऋ ને अ આદેશ. 'नामिनो० ४-३-५१' થી स्मृ दृ અને स्तृ-ના અન્ત્ય ऋ ને વૃદ્ધિ

आर् આદેશ. 'ञ्णिति ४-३-५०' થી त्वर् प्रथ् म्रद् અને स्पश् ધાતુના ઉપાન્ત્ય अ ને वृद्धि आ આદેશ. स्मार् दार् त्वार् प्राथ् અને म्राद् ના आ ને 'घटादे० ४-२-२४' થી ह्रस्व अ આદેશ. 'उपान्त्यस्या० ४-२-३५' થી स्तार् ના आ ને તેમજ स्पाश् ના आ ને ह्रस्व अ આદેશ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. असस्मर्+इ+अ+त्; अददर्+इ+अ+त्; अतत्वर्+इ+अ+त्; अपप्रथ्+इ+अ+त्; अमम्रद्+इ+अ+त्; अतस्तर्+इ+अ+त् અને अपस्पश् +इ+अ+त् આ અવસ્થામાં 'असमानलोपे० ४-१-६३' થી અભ્યાસના स द त प म त અને प ને सन्वद् ભાવની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરીને આ સૂત્રથી અભ્યાસના अ ને अ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णिग् (इ) નો લોપ વગેરે કાર્ય થવાથી असस्मरत् अददरत् अतत्वरत् अपप्रथत् अमम्रदत् अतस्तरत् અને अपस्पशत् આવો પ્રયોગ થાય છે. अददरत् અહીં 'लघोर्दीर्घो० ४-१-६४' થી અભ્યાસના अ ને દીર્ઘ આદેશની પ્રાપ્તિ હોવાં છતાં તેનો આ સૂત્ર પર હોવાથી બાધ થાય છે. અર્થક્રમશઃ- સ્મરણ કરાવ્યું. ફડાવ્યું. ઉતાવળ કરાવી. પ્રસિદ્ધ કરાવ્યું. મસળાવ્યું. ઢંકાવ્યું. ગ્રહણ કરાવ્યું. ॥६५॥

## वा वेष्ट - चेष्टः ४।१।६६॥

અસમાનલોપી ङ પરક णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા वेष्ट् અને चेष्ट् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને વિકલ્પથી अ આદેશ થાય છે. वेष्ट् અને चेष्ट् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત वेष्ट् અને चेष्ट् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि- श्रि० ३-४-५८' થી ङ પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી वेष्ट् અને चेष्ट् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ए ને ह्रस्व इ આદેશ. એ इ ને આ સૂત્રથી अ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णिग् નો લોપ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट् વગેરે કાર્ય થવાથી

अववेष्टत् અને अचचेष्टत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इ ને अ આદેશ ન થાય ત્યારે अविवेष्टत् અને अचिचेष्टत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘેરાવે છે. ચેષ્ટા કરાવે છે. ॥૬૬॥

### ई च गणः ૪।૧।૬૭॥

અસમાનલોપી ङ પરક णि પ્રત્યય પરમાં હોય તો गण ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી સ્વરને ई અને अ આદેશ થાય છે. गण ધાતુને 'चुरादिभ्यो० ३-४-१७' થી णिच् પ્રત્યય. 'अतः ४-३-८२' થી અન્ત્ય अ નો લોપ. णिच् પ્રત્યયાન્ત गण् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. તેની પૂર્વે 'णि-श्रि० ३-४-५८' થી ङ પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી गण् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ४-१-४४' થી અનાદિવ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ४-१-४०' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. ज ના अ ને આ સૂત્રથી ई આદેશ અને अ આદેશ... વગેરે કાર્ય થવાથી अजीगणत् અને अजगणत् આવો પ્રયોગ થાય છે. અર્થ- ગણ્યું. ॥૬૭॥

### अस्यादेराः परोक्षायाम् ૪।૧।૬૮॥

परोक्षा માં દ્વિત્વ થયે છતે ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી આદ્ય अ ને आ આદેશ થાય છે. अद् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી अद् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-१' થી અભ્યાસમાં द् નો લોપ. अ + अद् +उस् આ અવસ્થામાં 'लुगस्या० २-१-११३' થી આદ્ય अ ને લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી બાધ થવાથી તે આદ્ય अ ને आ આદેશ. 'समानानां० १-२-१' થી आ ને अ ની સાથે દીર્ઘ आ આદેશ... વગેરે કાર્ય થવાથી आदुः આવો પ્રયોગ થાય છે. અર્થ-ખાધું. ऋ ધાતુને પરોક્ષાનો अतुस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ऋ ને દ્વિત્વ.

'ऋतोऽ त्  ૪-૧-૩૮' થી  અભ્યાસમાં ऋ ને अ આદેશ. अ + ऋ + अतुस् આ અવસ્થામાં 'स्कृ-च्छृ० ૪-૩-૮' થી ऋ ને ગુણ अर् આદેશ. આ સૂત્રથી આદ્ય अ ને आ આદેશ... વગેરે કાર્ય થવાથી आरतुः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે ગયા. अस्येति  किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ધાતુના દ્વિત્વના પૂર્વભાગના આદ્ય अ ને જ आ આદેશ થાય છે. (સ્વર માત્રને નહીં.) તેથી इ ધાતુને उस् પ્રત્યય. इ ને દ્વિત્વ. 'इणः ૨-૧-૫૧' થી उस् પ્રત્યયની પૂર્વેના इ ને इय् આદેશ. इ ને इ ની સાથે દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી ईयुः આવો પ્રયોગ થાય છે. અર્થ -ગયા. અહીં અભ્યાસમાં આદ્ય इ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. आदेरिति किम्?-= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ધાતુના દ્વિત્વના પૂર્વભાગના આદ્ય જ अ ને आ આદેશ થાય છે. તેથી पपाच (જુઓ સૂ.નં. ૪-૧-૧) અહીં દ્વિત્વના પૂર્વભાગના અન્ત્ય अ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - રાંધ્યું. ॥૬૮॥

## अनातो नश्चान्त ऋदाद्यशौ - संयोगस्य ४।१।६९॥

પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ऋ કારાદિ ધાતુના; अश् ધાતુના (૧૩૧૪) તેમજ સંયુક્ત વ્યઞ્જનાન્ત ધાતુના દ્વિત્વના પૂર્વભાગના આદ્ય अ ને, તે अ જો आ ના સ્થાને થયો ન હોય તો; आ આદેશ થાય છે. અને એ आ ના અન્તે न् નો આગમ થાય છે. ऋकारादि ऋध् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી ऋध् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪--૧-૩૮' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. એ अ ને આ સૂત્રથી आ આદેશ; અને आ ના અન્તે न् નો આગમ વગેરે કાર્ય થવાથી आनृधुः આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓ વધ્યા. अश् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. अश् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસના આદ્ય

अ ને આ સૂત્રથી आ આદેશ અને તેના અન્તે न् નો આગમ ઈત્યાદિ કાર્ય થવાથી आनशे આવો પ્રયોગ થાય છે. અર્થ - વ્યાપ્ત કર્યું. સંયુક્ત વ્યઞ્જન જેના અન્તે છે એવા अञ्ज् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. अञ्ज् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં આદ્ય अ ને આ સૂત્રથી आ આદેશ. અને એ आ ના અન્તે न् નો આગમ વગેરે કાર્ય થવાથી आनञ्ज આવો પ્રયોગ થાય છે. અર્થ -બોલ્યો.

ऋदादीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ऋકારાદિ જ (સ્વરાદિ નહીં) ધાતુના, अश् ધાતુના અને સંયુક્ત વ્યઞ્જનાન્ત જ ધાતુના દ્વિત્વના પૂર્વભાગના આદ્ય अ ને; જો તે अ, आ ના સ્થાને થયો ન હોય તો आ આદેશ તથા એ आ ના અન્તમાં न् નો આગમ થાય છે. તેથી ऋ ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ऋ ને દ્વિત્વ. ऋ ને અભ્યાસમાં अ આદેશ. 'नामिनो० ४-३-५१' થી णव् ની પૂર્વેના ऋ ધાતુને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી आर આવો પ્રયોગ થયો છે. અહીં ऋ ધાતુ ऋદાદિ ન હોવાથી અભ્યાસમાં ऋ ધાતુના अ ને આ સૂત્રથી आ આદેશ વગેરે કાર્ય થતું નથી. અર્થ - ગયો. अनात इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ऋકારાદિ ધાતુના; अश् ધાતુના અને સંયુક્ત-વ્યઞ્જનાન્ત ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી आद्य अ ને; તે अ आ ના સ્થાને થયેલો ન હોય તો જ आ આદેશ થાય છે; અને તેના અન્તે न् નો આગમ થાય છે. તેથી સંયુક્તવ્યઞ્જનાન્ત आञ्छ् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ आञ्छ् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં आ ને अ આદેશ... વગેરે કાર્ય થવાથી आञ्छ આવો પ્રયોગ થાય છે. અહીં અભ્યાસનો अ; आ ના સ્થાને વિહિત હોવાથી તેને आ આદેશ અને તેના અન્તે न् નો આગમ આ સૂત્રથી થતો નથી. અર્થ - લાંબુ કર્યું. "आद्यन्तवदेकस्मिन् અર્થાદ્ એક જ વર્ણવાળા ધાતુ વગેરેમાં આદિ કે અન્તવદ્ માનીને કાર્ય થાય છે." આ ન્યાયના આશ્રયણથી ऋ ધાતુને

ऋध् ધાતુની જેમ ऋકારાદિ માનીને કાર્ય થઈ શકે છે. પરન્તુ એ ન્યાય અનિત્ય હોવાથી અહીં ऋ ધાતુને તદાદિ માનીને કાર્ય થતું નથી. - એ યાદ રાખવું. ॥૬૯॥

## भू-स्वपोरदुतौ ४।१।७०॥

પરોક્ષામાં દ્વિત્વ થયે છતે भू અને स्वप् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી અન્ત્ય સ્વરને અનુક્રમે अ અને उ આદેશ થાય છે. भू ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી भू ધાતુને દ્વિત્વ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. આ સૂત્રથી અભ્યાસના અન્ત્ય ऊ ને अ આદેશ. 'नामिनो० ૪-૩-૫૧' થી णव् પ્રત્યયની પૂર્વેના ऊ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન बभाव् + णव् આ અવસ્થામાં भाव् ના आ ને 'भुवो वः परोक्षा० ૪-૨-૪૩' થી ऊ આદેશ વગેરે કાર્ય થવાથી बभूव આવો પ્રયોગ થાય છે. અર્થ - થયું. स्वप् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. स्वप् ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી અભ્યાસમાં અન્ત્યસ્વર अ ને उ આદેશ... વગેરે કાર્ય થવાથી सुष्वाप આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉંઘ્યો.॥૭૦॥

## ज्या-व्ये-व्यधि-व्यचि-व्यथेरिः ४।१।७१॥

પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ज्या व्ये व्यध् व्यच् અને व्यथ् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી અન્ત્ય સ્વરને इ આદેશ થાય છે. ज्या (૧૫૨૪) ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. ज्या ધાતુને 'द्विर्धातुः० ૪-૧-૧' થી દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને હ્રસ્વ अ આદેશ. એ अ ને આ સૂત્રથી इ આદેશ. 'आतो णव औः ૪-૨-૧૨૦' થી णव् ને औ

આદેશાદિ કાર્ય થવાથી जिज्यौ આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘટ્યું. सम् + व्ये (९९३) ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. व्ये ના ए ને 'आत्सन्ध्यक्षरस्य ४-२-१' થી પ્રાપ્ત आ આદેશનો 'व्यस्थव् णवि ४-२-३' થી નિષેધ. व्ये ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऱ्हस्वः ४-१-३९' થી અભ્યાસમાં ए ને ઋસ્વ इ આદેશ. અભ્યાસમાં वि ને 'यजादि० ४-१-७२' થી પ્રાપ્ત उ - સમ્પ્રસારણનો બાધ કરીને આ સૂત્રથી वि ના इ ને इ આદેશ. विव्ये + णव् આ અવસ્થામાં 'नामिनो० ४-३-५१' થી ए ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી संविव्याय આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢાંક્યું. व्यध् (११५७) અને व्यच् (१४३२) ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. व्यथ् (१००२) ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ व्यध् व्यच् અને व्यथ् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી અભ્યાસમાં अ ને इ આદેશ. 'ञ्णिति ४-३-५०' થી व्यध् અને व्यच् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી विव्याध विव्याच અને विव्यथे આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- વીંધ્યું. કપટ કર્યું. દુઃખી થયો.॥७१॥

**यजादि-वश्-वचः सस्वरान्तस्था य्वृत् ४।१।७२॥**

પરોક્ષામાં દ્વિત્વ થયે છતે यजादि ગણના (९९१ થી ९९९) ધાતુઓના તેમજ वश् અને वच् ધાતુઓના દ્વિત્વના પૂર્વભાગ સમ્બન્ધી અન્તસ્થા य् व् અને र् ને તેની પરમાં રહેલા સ્વરની સાથે અનુક્રમે इ उ અને ऋ આદેશ થાય છે. આને જ य्वृत् અથવા સમ્પ્રસારણ કહેવાય છે. यज् वे वश् અને वच् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'वे र्वय् ४-४-१९' થી वे ધાતુને वय् આદેશ. 'द्विर्धातुः० ४-१-१' થી यज् वय् वश् અને वच् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી અભ્યાસમાં સસ્વર य ને इ અને व ને उ આદેશ. णव् પ્રત્યયની પૂર્વેના ઉપાન્ત્ય अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ

વગેરે કાર્ય થવાથી इयाज उवाय उवाश उवाच આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યજ્ઞ કર્યો. વીણ્યું. ઈચ્છા કરી. બોલ્યો. અહીં वश् (૧૧૦૧) ધાતુના સાહચર્યથી वच् ધાતુ-અદાદિ ગણનો (૧૦૯૬) અને 'अस्ति-ब्रुवो० ૪-૪-૧' થી ब्रू ના સ્થાને વિહિત वच् આદેશાત્મક ગૃહીત છે. ||૭૨||

## न वयो य् ४।१।७३॥

वे ધાતુના સ્થાને થયેલા वय् ના य् ને પરોક્ષામાં દ્વિત્વ થતું નથી. वे ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'वे र्वय् ૪-૪-૧૯' થી वे ને वय् આદેશ. 'द्विर्धातुः० ૪-૧-૧' થી वय् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં वय् ના य् નો લોપ. 'यजादि वश्० ૪-૧-૭૨' થી અભ્યાસમાં व ને उ આદેશ. 'इन्ध्यसंयो० ૪-૩-૨૧' થી પરોક્ષાના उस् પ્રત્યયને किद्वद् ભાવ. 'यजादिवचेः किति ૪-૧-૭૯' થી પ્રાપ્ત य् ને इ આદેશનો આ સૂત્રથી નિષેધ. उवय् + उस् આ અવસ્થામાં 'यजादिवचेः किति ૪-૧-૭૯' થી व ને उ આદેશ વગેરે કાર્ય થવાથી ऊयुः આવો પ્રયોગ થાય છે. અર્થ - વીણ્યું. ||૭૩||

## वेरयः ४।१।७४॥

य् અન્તમાં ન હોય તો वे ધાતુના દ્વિત્વના પૂર્વ કે પરભાગને પરોક્ષામાં य्वृत् આદેશ થતો નથી. वे ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'आत्सन्ध्य० ૪-૨-૧' થી वे ધાતુના ए ને आ આદેશ. 'आतो णव औः ૪-૨-૧૨૦' થી णव् ને औ આદેશ. 'द्विर्धातुः परो० ૪-૧-૧' થી वा ને દ્વિત્વ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને ह्रस्व अ આદેશ. 'यजादिवश्० ૪-૧-૭૨' થી અભ્યાસમાં व ને उ આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી ववौ આવો પ્રયોગ થાય છે. અર્થ - વીણ્યું. अय इति किम्

?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य् અન્તમાં ન હોય તો જ वे ધાતુના દ્વિત્વના પૂર્વ કે પરભાગને પરોક્ષામાં य्वृत् થતું નથી. તેથી 'यजादिवश्० ૪-૧-૭૨' માં જણાવ્યા મુજબ य् અન્તવાલા वय् ધાતુના દ્વિત્વના પૂર્વભાગ व ને આ સૂત્રથી य्वृत् સ્વરૂપ उ આદેશનો નિષેધ થતો નથી. તેથી उवाय આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થ - વીણ્યું.॥૭૪॥

## अविति वा ૪।૧।૭૫॥

य् અન્તમાં ન હોય તો वे ધાતુના દ્વિત્વના પૂર્વ અથવા પરભાગને અવિત્ પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો વિકલ્પથી य्वृत्-सम्प्रसारण નો નિષેધ થાય છે. वे ધાતુને પરોક્ષાનો અવિત્- उस् પ્રત્યય. 'आत् सं० ૪-૨-૧' થી वे ધાતુના ए ને आ આદેશ. 'द्विर्धातुः० ૪-૧-૧' થી वा ને દ્વિત્વ. અભ્યાસમાં 'ह्रस्वः ૪-૧-૩૯' થી वा ના आ ને હ્રસ્વ अ આદેશ. ववा + उस् આ અવસ્થામાં અનુક્રમે व અને वा ને 'यजादिवश्० ૪-૧-૭૨' થી અને 'यजादिवचेः०. ૪-૧-૭૯' થી વિહિત य्वृत्-उ આદેશનો આ સૂત્રથી નિષેધ. 'इडेत्पुसि० ૪-૩-૯૪' થી आ નો લોપ વગેરે કાર્ય થવાથી ववुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य्वृत् નો નિષેધ ન થાય ત્યારે ववा + उस् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ (૪-૧-૭૨ થી અને ૪-૧-૭૯ થી) व અને वा ને य्वृत्- उ આદેશ. उस् ની પૂર્વેના उ ને 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી उव् આદેશ વગેરે કાર્ય થવાથી ऊवुः આવો પ્રયોગ થાય છે. અર્થ - વીણ્યું. ॥૭૫॥

## ज्यश्च यपि ૪।૧।૭૬॥

यप् (य) પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ज्या અને वे ધાતુને य्वृत्-सम्प्रसारण થતું નથી. प्र + ज्या ધાતુને क्त्वा (त्वा) પ્રત્યય.

'अनञः० ૩-૨-૧૫૫'.થી क्त्वा પ્રત્યયના સ્થાને यप् આદેશ. 'ज्या-व्यधः० ૪-૧-૮૧' થી ज्या ધાતુના या ને પ્રાપ્ત इ આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી प्रज्याय આવો પ્રયોગ થાય છે. प्र + वे ધાતુને क्त्वा પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી वे ના ए ને आ આદેશ. ઉપર જણાવ્યા મુજબ क्त्वा ને यप् આદેશ. वा ને 'यजादिवचेः० ૪-૧-૭૯' થી પ્રાપ્ત य्वृत् उ આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી प्रवाय આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘટીને. વીણીને.॥७६॥

## व्यः ૪।૧।૭૭॥

यप् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા व्ये ધાતુને य्वृत् થતું નથી. प्र + व्ये ધાતુને क्त्वा પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી ए ને आ આદેશ. 'अनञः० ૩-૨-૧૫૫' થી क्त्वा ને यप् આદેશ. 'यजादिवचेः० ૪-૧-૭૯' થી व्या ના या ને વિહિત य्वृत्-इ આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી प्रव्याय આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢાંકીને. ॥૭૭॥

## सम्परे र्वा ૪।૧।૭૮॥

यप् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા सम् અને परि ઉપસર્ગથી પરમાં રહેલા व्ये ધાતુને વિકલ્પથી સમ્પ્રસારણ - य्वृत् નો નિષેધ થાય છે. सम् +व्ये અને परि + व्ये ધાતુને क्त्वा પ્રત્યય. 'अनञः० ૩-૨-૧૫૫' થી क्त्वा ને यप् આદેશ. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી व्ये ધાતુના ए ને आ આદેશ. व्या ના या ને 'यजादिवचेः० ૪-૧-૭૯' થી પ્રાપ્ત य्वृत् - इ આદેશનો આ સૂત્રથી નિષેધ થવાથી संव्याय અને परिव्याय આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં इ આદેશનો નિષેધ ન થાય

ત્યારે या ને ते સૂત્રથી (૪-૧-૭૯) इ આદેશ. એ इ ને 'दीर्घमवोन्त्यम् ૪-૧-૧૦૩' થી દીર્ઘ इ આદેશ થવાથી सम्वीय અને परिवीय આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સારીરીતે ઢાંકીને. બધી રીતે ઢાંકીને.॥૭૮॥

**यजादिवचेः किति ४।१।७९॥**

कित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા यजादि ગણપાઠમાંના (૯૯૧ થી ૯૯૯) ધાતુના તેમજ वच् ધાતુના સ્વરસહિત અન્તસ્થા य् व् અને र् ને અનુક્રમે इ उ અને ऋ આદેશ સ્વરૂપ य्वृत् सम्प्रसारण થાય છે. यज् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી यज् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યંજનનો લોપ. 'यजादि० ૪-૧-૭૨' થી અભ્યાસમાં य ને य्वृत् इ આદેશ. 'इन्ध्यसंयो० ૪-૩-૨૧' થી उस् પ્રત્યયને કિદ્વદ્ ભાવ. તેની પૂર્વેના यज् ધાતુના य ને આ સૂત્રથી य्वृत् इ આદેશ વગેરે કાર્ય થવાથી ईजुः આવો પ્રયોગ થાય છે. वे ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. वे ને 'वे र्वय् ૪-૪-૧૯' થી वय् આદેશ. ઉપર જણાવ્યા મુજબ वय् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ.. અભ્યાસમાં व ને य्वृत् उ આદેશ. उस् પ્રત્યયને કિદ્વદ્ભાવ. આ સૂત્રથી તેની પૂર્વેના वय् ના व ને य्वृत् उ આદેશ... વગેરે કાર્ય થવાથી ऊयुः આવો પ્રયોગ થાય છે. અહીં 'न वयो य् ૪-૧-૭૩' થી य् ને य्वृत् નો નિષેધ છે. આવીજ રીતે वच् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ वच् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'यजादि० ૪-૧-૭૨' થી અભ્યાસમાં व ને उ આદેશ. उस् ની પૂર્વેના वच् ના व ને આ સૂત્રથી य्वृत् उ આદેશાદિ કાર્ય થવાથી ऊचुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- યજ્ઞ કર્યો. વીણ્યું. બોલ્યા. कितीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कित् પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વેના यजादि ગણના ધાતુના તેમજ वच् ધાતુના સસ્વર અન્તસ્થા य् व् र् ને અનુક્રમે इ उ અને ऋ

આદેશ સ્વરૂપ य्वृत् આદેશ થાય છે. તેથી यज् ધાતુને आशिष् નો सीष्ट પ્રત્યય. તે कित् ન હોવાથી यज् ધાતુના य ને આ સૂત્રથી इ આદેશ થતો નથી. જેથી 'चजः कगम् २-१-८६' થી ज् ને ग् આદેશ. ग् ને 'अघोषे प्रथमो० १-३-५०' થી क् આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી क् ની પરમાં રહેલા सीष्ट ના स् ને ष् આદેશ... વગેરે કાર્ય થવાથી यक्षीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - યજ્ઞ કરે . ॥७९॥

## स्वपे र्यङ् - ङे च ४।१।८०॥

यङ् (य); ङ (अ) અને कित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्वप् ધાતુના સસ્વર અન્તસ્થા (व) ને य्वृत् (उ) આદેશ થાય છે. स्वप् ધાતુને 'व्यञ्जनादेरेक० ३-४-९' થી यङ् પ્રત્યય. આ સૂત્રથી व ને उ આદેશ. 'सन्-यङश्च ४-१-३' થી सुप् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં उ ને ગુણ ओ આદેશ. सोसुप्+य આ અવસ્થામાં सुप् ના स् ને 'नाम्यन्तस्था० २-३-१५' થી ष् આદેશાદિ કાર્ય થવાથી सोषुप्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર ઉંઘે છે. स्वप् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયાન્ત स्वप् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि-श्रि-द्रु० ३-४-५८' થી ङ પ્રત્યય. આ સૂત્રથી स्वप् ધાતુના व ને उ આદેશ. 'द्विर्धातुः परोक्षा० ४-१-१' થી सुप् ને દ્વિત્વ. અભ્યાસમાં प् નો લોપ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. असुसुप्+इ+अ+त् આ અવસ્થામાં 'लघोरुपा० ४-३-४' થી सुप् ના उ ને ગુણ ओ આદેશ. 'उपान्त्यस्या० ४-२-३५' થી ओ ને હ્રસ્વ उ આદેશ. 'असमान० ४-१-६३' થી અભ્યાસને सन्वद् ભાવ. 'लघो-र्दीर्घो० ४-१-६४' થી દ્વિત્વના પૂર્વભાગ सु ના उ ને દીર્ઘ ऊ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णिग् (इ) નો લોપ વગેરે કાર્ય થવાથી असूषुपत् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉંઘાડે છે. स्वप् ધાતુને 'तुमर्हादि० ३-४-

૨૧' થી सन् પ્રત્યય. 'रुदविदमुष० ૪-૩-૩૨' થી सन् ને किद्वद् ભાવ. આ સૂત્રથી स्वप् ના व ને उ આદેશ. 'सन्यङश्च ૪-૧-૩' થી सुप् ને દ્વિત્વ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सुषुप्सति આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉંઘવાની ઈચ્છા કરે છે. ॥૮૦॥

## ज्या-व्यधः क्ङिति ४।१।८१॥

कित् અને ङित् પ્રત્યય પરમાં હોય તો ज्या ધાતુના તેમજ व्यध् ધાતુના સ્વરસહિત અન્તસ્થાને य्वृत्-सम्प्रसारण થાય છે. ज्या ધાતુને અને व्यध् ધાતુને आशिष् નો क्यात् (यात्) પ્રત્યય. આ સૂત્રથી ज्या ધાતુના या ને તેમ જ व्यध् ધાતુના य ને इ આદેશ. जि ના इ ને 'दीर्घम० ૪-૧-૧૦૩' થી દીર્ઘ ई આદેશ થવાથી जीयात् અને विध्यात् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘટે. વીંધે. ज्या ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् ની પૂર્વે 'क्र्यादेः ૩-૪-૭૯' થી श्ना (ना) પ્રત્યય. श्ना ને 'शिदवित् ૪-૩-૨૦' થી ङिद्वद्भाव. આ સૂત્રથી ज्या ના या ને इ આદેશ. ઉપર જણાવ્યા મુજબ इ ને દીર્ઘ ई આદેશ. ई ને 'प्वादेर्ह्रस्वः ૪-૨-૧૦૫' થી હ્રસ્વ इ આદેશ થવાથી जिनाति આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘટે છે. व्यध् ધાતુને तिव् પ્રત્યય. तिव् ની પૂર્વે 'दिवादेः श्यः ३-૪-૭૨' થી श्य (य) પ્રત્યય. श्य ને ઉપર જણાવ્યા મુજબ ङिद्वद् ભાવ. આ સૂત્રથી व्यध् ધાતુના य ને इ આદેશ થવાથી विध्यति આવો પ્રયોગ થાય છે. અર્થ- વીંધે છે. ॥૮૧॥

## व्यचोऽनसि ४।१।८२॥

अस् પ્રત્યયને છોડીને અન્ય कित् અથવા ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા व्यच् ધાતુના સ્વરસહિત અન્તસ્થાને य्वृत् - सम्प्रसारण થાય છે. व्यच् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् ની પૂર્વે 'तुदादेः शः

૩-૪-૮૧’ થી श (अ) પ્રત્યય. श ને ‘शिदवित् ૪-૩-૨૦’ થી ङिद्वद् ભાવ. આ સૂત્રથી व्यच् ધાતુના य ને य्वृत् इ આદેશ થવાથી विचति આવો પ્રયોગ થાય છે. અર્થ- કપટ કરે છે. अनसीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अस् પ્રત્યયથી ભિન્ન જ कित् અથવા ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા व्यच् ધાતુના સસ્વર-અન્તસ્થાને य्वृत् આદેશ થાય છે. તેથી उरु+व्यच् ધાતુને उणादि નો अस् પ્રત્યય. તેને ‘कुटादे० ૪-૩-૧૭’ થી ङिद्वद् ભાવ. उरुव्यचस् નામને सि પ્રત્યય. ‘अभ्वादे० ૧-૪-૯૦’ થી व्यच ના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ. ‘दीर्घङ्याब्० ૧-૪-૪૫’ થી सि નો લોપ વગેરે કાર્ય થવાથી उरुव्यचाः આવો પ્રયોગ થાય છે. અર્થ- અત્યન્ત કપટી. અહીં ङित् પણ अस् પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા व्यच् ધાતુના य ને આ સૂત્રથી સમ્પ્રસારણ થતું નથી. ॥૮૨॥

### वशेरयङि ४।१।८३॥

यङ् પ્રત્યયને છોડીને અન્ય कित् ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા वश् ધાતુના સ્વરસહિત અન્તસ્થાને य्वृत् (उ) આદેશ થાય છે. वश् ધાતુને વર્ત્તમાનાનો तस् અને अन्ति પ્રત્યય. તે બંન્નેને ‘शिदवित् ૪-૩-૨૦’ થી ङिद्वद् ભાવ. આ સૂત્રથી वश् ધાતુના व ને उ આદેશ. उश्+तस् આ અવસ્થામાં ‘यजसृज० ૨-૧-૮૭’ થી श् ને ष् આદેશ. ष् ના યોગમાં त् ને ‘तवर्ग० ૧-૩-૬૦’ થી ट् આદેશ વગેરે કાર્ય થવાથી उष्टः અને उशन्ति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેઓ બે ઈચ્છે છે. તેઓ ઈચ્છે છે. अयङीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યયથી ભિન્ન જ कित् અને ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા वश् ધાતુના સ્વરસહિત અન્તસ્થાને य्वृत् (उ) આદેશ થાય છે. તેથી वावश्यते અહીં ‘व्यञ्जनादे० ૩-૪-૯’ થી વિહિત यङ् પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા वश् ધાતુના व

ને આ સૂત્રથી उ આદેશ થતો નથી. वश् + यङ् આ અવસ્થામાં 'सन्-यङश्च ४-१-३' થી वश् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'आ - गुणा० ४-१-४८' થી અભ્યાસમાં व ના अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી वावश्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર ઈચ્છા કરે છે. ||૮૩||

**ग्रह-व्रश्च-भ्रस्ज-प्रच्छः ४|१|८४||**

कित् અને ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ग्रह् व्रश्च् भ्रस्ज् અને प्रच्छ् ધાતુના સ્વર સહિત અન્તસ્થાને य्वृत् (ऋ) આદેશ થાય છે. ग्रह् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. ग्रह् ધાતુને 'द्विर्धातुः० ४-१-१' થી દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्ज० ४-१-४४' થી અનાદિવ્યઞ્જનનો લોપ. 'गहो र्जः ४-१-४०' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. जग्रह्+उस् આ અવસ્થામાં 'इन्ध्यसंयो० ४-३-२१' થી उस् પ્રત્યયને किद्वद् ભાવ. ग्रह् ના र ને આ સૂત્રથી य्वृत् ऋ આદેશ વગેરે કાર્ય થવાથી जगृहुः આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓએ ગ્રહણ કર્યું. ग्रह् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'क्र्यादेः ३-४-७९' થી तिव् પ્રત્યયની પૂર્વે श्ना પ્રત્યય. 'शिदवित् ४-३-२०' થી श्ना પ્રત્યયને ङिद्वद् ભાવ. આ સૂત્રથી ग्रह् ધાતુના र ને ऋ આદેશ. 'रषृवर्णान्नो० २-३-६३' થી श्ना પ્રત્યયના न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી गृहणाति આવો પ્રયોગ થાય છે. અર્થ- ગ્રહણ કરે છે. व्रश्च् ધાતુને क्त (त) પ્રત્યય. 'सूयत्या० ४-२-७०' થી त ના त् ને न् આદેશ. 'संयोगस्या० २-१-८८' થી व्रश्च् ધાતુના श् નો લોપ. આ સૂત્રથી व्रश्च् ના र ને ऋ આદેશ. 'चजः कगम् २-१-८६' થી च् ને क् આદેશ. 'रषृवर्णा० २-३-६३' થી न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી वृक्णः આવો પ્રયોગ થાય છે. અર્થ- કાપેલો. व्रश्च् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् પ્રત્યયની પૂર્વે 'तुदादेः शः ३-४-८१' થી श (अ) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ श ને ङिद्वद्

ભાવ. આ સૂત્રથી व्रस्च् ધાતુના र ને ऋ આદેશ... વગેરે કાર્ય થવાથી वृश्चति આવો પ્રયોગ થાય છે. અર્થ- કાપે છે. भ्रस्ज् ધાતુને क्त પ્રત્યય. 'संयोगस्या० ૨-૧-૮૮' થી भ्रस्ज् ધાતુના स् નો લોપ. 'यजसृज० ૨-૧-૮૭' થી ज् ને ष् આદેશ. આ સૂત્રથી भ्रस्ज् ના र ને ऋ આદેશ. ष् ના યોગમાં त् ને 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ट् આદેશ વગેરે કાર્ય થવાથી भृष्टः આવો પ્રયોગ થાય છે. અર્થ- શેકેલો. भ्रस्ज् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ तिव् ની પૂર્વે श પ્રત્યય. श ને ङिद्वद् ભાવ. આ સૂત્રથી भ्रस्ज् ના र ને ऋ આદેશ. 'सस्य-शषौ ૧-૩-૬૧' થી स् ને વિહિત श् ને 'तृतीयस्तृती० ૧-૩-૪૯' થી ज् આદેશ વગેરે કાર્ય થવાથી भृज्जति આવો પ્રયોગ થાય છે. અર્થ- શેકે છે. प्रच्छ् ધાતુને क्त (त) પ્રત્યય. આ સૂત્રથી र ને ऋ આદેશ. 'अनुनासिके० ૪-૧-૧૦૮' થી छ् ને श् આદેશ. (छ् ની નિવૃત્તિથી च् ની પણ નિવૃત્તિ) ઉપર જણાવ્યા મુજબ श् ને ष् આદેશ. ष् ના યોગમાં त् ને ट् આદેશ. ....વગેરે કાર્ય થવાથી पृष्टः આવો પ્રયોગ થાય છે. प्रच्छ् ધાતુને 'भिदादयः ૫-૩-૧૦૮' થી अङ् (अ) પ્રત્યય. प्रच्छ् ના र ને આ સૂત્રથી ऋ આદેશ. 'आत् ૨-૪-૧૮' થી સ્ત્રીલિઙ્ગમાં आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पृच्छा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પૂછેલો. પૂછવું તે..॥૮૪॥

## व्ये-स्यमोर्यङि ૪।૧।૮૫॥

यङ् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા व्ये અને स्यम् ધાતુના સ્વરસહિત અન્તસ્થાને य्वृत् (इ) આદેશ થાય છે. 'व्यञ्जनादे० ૩-૪-૯' થી व्ये ધાતુને यङ् (य) પ્રત્યય આ સૂત્રથી व्ये ના ये ને સમ્પ્રસારણ इ આદેશ. 'दीर्घमवो० ૪-૧-૧૦૩' થી इ ને દીર્ઘ ई આદેશ. 'सन्यङश्च ૪-૧-૩' થી वी ને દ્વિત્વ. 'आगुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં ई ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી वेवीयते આવો પ્રયોગ થાય છે. અર્થ-

વારંવાર ઢાંકે છે. स्यम् ધાતુને ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યય. 'बहुलं लुप् ३-४-१४' થી यङ् નો લોપ. આ સૂત્રથી स्यम् ધાતુના य ને इ આદેશ. सिम् ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ. દ્વિત્વના પૂર્વભાગ સંબન્ધી અનાદિવ્યઞ્જનનો 'व्यञ्जनस्या० ४-१-४४' થી લોપ. અભ્યાસમાં इ ને ગુણ ए આદેશ. सेसिम् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् ની પૂર્વે 'यङ् तु-रु-स्तो० ४-३-६४' થી ईत् (ई) વગેરે કાર્ય થવાથી सेसिमीति આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર વિતર્ક કરે છે.॥૮૫॥

## चायः की ४।१।८६॥

यङ् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા चाय् ધાતુને की આદેશ થાય છે. चाय् (१९१७) ધાતુને 'व्यञ्जना० ३-४-९' થી વિહિત यङ् પ્રત્યયનો 'बहुलं लुप् ३-४-१४' થી લોપ. આ સૂત્રથી चाय् ધાતુને की આદેશ. 'सन्यङश्च ४-१-३' થી की ને દ્વિત્વ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં ई ને ગુણ ए આદેશ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. चेकी ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય વગેરે કાર્ય થવાથી चेकीतः આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓ બે વારંવાર પૂજા કરે છે. ॥૮૬॥

## द्वित्वे ह्वः ४।१।८७॥

દ્વિત્વના વિષયમાં ह्वे ધાતુના સ્વરસહિત અન્તસ્થાને य्वृत् (उ) આદેશ થાય છે. ह्वे ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. આ સૂત્રથી દ્વિત્વના વિષયમાં ह्वे ધાતુના वे ને य्वृत् उ આદેશ. એ उ ને 'दीर्घमवो० ४-१-१०३' થી દીર્ઘ ऊ આદેશ. 'सन्यङश्च ४-१-३' થી हू ને દ્વિત્વ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ऊ ને ह्रस्व उ આદેશ.

અભ્યાસમાં ह् ને 'गहोर्जः ४-१-४०' થી ज् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી सन् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી जुहूषति આવો પ્રયોગ થાય છે. અર્થ- બોલાવવાની ઈચ્છા કરે છે.॥८७॥

## णौ ङ-सनि ४।१।८८॥

ङ પ્રત્યય અથવા તો सन् પ્રત્યય છે પરમાં જેના એવા णि પ્રત્યયના વિષયમાં ह्वे ધાતુના સ્વરસહિત અન્તસ્થાને य्वृत् (उ) આદેશ થાય છે. આ સૂત્રથી ङ પરક અને सन् પરક णि પ્રત્યયના વિષયમાં ह्वे ધાતુના वे ને य्वृत् - उ આદેશ. એ उ ને 'दीर्घमवो० ४-१-१०३' થી દીર્ઘ ऊ આદેશથી નિષ્પન્ન हू ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिगन्त हू ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि-श्रि-द्रु० ३-४-५८' થી ङ પ્રત્યય. 'द्विर्धातुः परो० ४-१-१' થી हू ને દ્વિત્વ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ऊ ને હ્રસ્વ उ આદેશ. 'गहोर्जः ४-१-४०' થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. अ+जुहू+इ+अ+त् આ અવસ્થામાં 'नामिनो० ४-३-५१' થી हू ના ऊ ને વૃદ્ધિ औ આદેશ. औ ને 'ओदौतो० १-२-२४' થી आव् આદેશ. आव् ના आ ને 'उपान्त्यस्या० ४-२-३५' થી હ્રસ્વ अ આદેશ. 'असमान० ४-१-६३' થી દ્વિત્વના પૂર્વભાગ जु ને सन्वद् ભાવ. 'लघोर्दीर्घो० ४-१-६४' થી जु ના उ ને દીર્ઘ ऊ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णिग् નો લોપ વગેરે કાર્ય થવાથી अजूहवत् આવો પ્રયોગ થાય છે. અર્થ- બોલાવરાવ્યું. णिगन्त हू ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી सन् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી हू ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં ऊ ને હ્રસ્વ उ અને ह् ને ज् આદેશ. हू ધાતુના ऊ ને વૃદ્ધિ औ આદેશ. औ ને आव् આદેશ. 'स्ताद्यशितो० ४-४-३२' થી सन् પ્રત્યયની પૂર્વે इट्. जुहाव् + इ + इ + स આ અવસ્થામાં णिग् ના इ ને 'नामिनो० ४-३-१' થી ગુણ ए આદેશ. એ ए ને 'एदैतो० १-२-२३' થી अय् આદેશ વગેરે કાર્ય થવાથી

जुहावयिषति આવો પ્રયોગ થાય છે. અર્થ- બોલાવવાની ઈચ્છા કરે છે. અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રના વિષયમાં પૂર્વ સૂત્ર (૪-૧-૮૭) થી દ્વિત્વ સિદ્ધ હોવા છતાં વ્યર્થ બનતું આ સૂત્રનું પ્રણયન જણાવે છે કે દ્વિત્વ નિમિત્તક सन् પ્રત્યયાદિ અને તેની પૂર્વેનો ह्वे ધાતુ આ બેની વચ્ચે णि પ્રત્યય સિવાય અન્ય પ્રત્યયનું વ્યવધાન નહીં હોવું જોઈએ, તેથી ह्वायकमिच्छति આ અર્થમાં ह्वायक નામને क्यन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન ह्वायकीय ધાતુને सन् પ્રત્યય વગેરે કાર્ય થવાથી जिह्वायकीयिषति આવો પ્રયોગ થાય છે. અહીં દ્વિત્વનિમિત્તક सन् પ્રત્યય અને ह्वे ધાતુ એ બેની વચ્ચે क्यन् પ્રત્યયાદિનું વ્યવધાન હોવાથી ह्वे ધાતુના वे ને 'द्वित्वे ह्वः ૪-૧-૮૭' થી પણ સમ્પ્રસારણ થતું નથી. ॥૮૮॥

## श्वे र्वा ४।१।८९॥

ङ અથવા सन् પ્રત્યય છે પરમાં જેના એવા णि પ્રત્યયના વિષયમાં श्वि ધાતુના સ્વરસહિત અન્તસ્થાને વિકલ્પથી य्वृत् (उ) આદેશ થાય છે. ङ પરક અને सन् પરક णि પ્રત્યયના વિષયમાં આ સૂત્રથી श्वि ધાતુના वि ને उ આદેશ. 'दीर्घमवो० ૪-૧-૧૦૩' થી એ उ ને દીર્ઘ ऊ આદેશથી નિષ્પન્ન शू ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યયાદિ કાર્ય થવાથી अशूशवत् આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ. નં. ૪-૧-૮૭ માં अजूहवत्) વિકલ્પપક્ષમાં આ સૂત્રથી श्वि ધાતુના वि ને य्वृत् उ આદેશ ન થાય ત્યારે अ+श्वि+णिग्+ङ+त् આ અવસ્થામાં श्वि ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ... વગેરે યથાપ્રાપ્ત કાર્ય થવાથી अजूहवत् ની જેમ જ अशिश्वयत् આવો પ્રયોગ થાય છે. તેમજ णिगन्त शू ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧' થી सन् પ્રત્યયાદિ કાર્ય णौङ-सनि ૪-૧-૮૮ માં જણાવ્યા મુજબ થવાથી शुशावयिषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં श्वि ધાતુના वि ને

આ સૂત્રથી य्वृत् उ આદેશ ન થાય ત્યારે णिगन्त श्वि ધાતુને सन् પ્રત્યયાદિ કાર્ય યથાસંભવ થવાથી शिश्वाययिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વધાર્યું. વધારવાની ઈચ્છા કરે છે. ॥૮૯॥

**वा परोक्षा - यङि ४।१।९०॥**

परोक्षा નો પ્રત્યય તેમજ यङ् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા श्वि ધાતુના સ્વરસહિત અન્તસ્થાને વિકલ્પથી य्वृत् (उ) આદેશ થાય છે. श्वि ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. આ સૂત્રથી श्वि ધાતુના वि ને य्वृत् उ આદેશ. એ उ ને 'दीर्घमवो० ४-१-१०३' થી દીર્ઘ ऊ આદેશ. 'द्विर्धातुः ० ४-१-१' થી शू ને દ્વિત્વ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ऊ ને હ્રસ્વ उ આદેશ. 'नामिनो० ४-३-५१' થી णव् પ્રત્યયની પૂર્વેના ऊ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી शुशाव આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી श्वि ધાતુના वि ને य्वृत् આદેશ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ श्वि ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. णव् ની પૂર્વેના इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી शिश्वाय આવો પ્રયોગ થાય છે. અર્થ- વધ્યું. श्वि ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી यङ् પ્રત્યય. આ સૂત્રથી श्वि ના वि ને उ (य्वृत्) આદેશ. ઉપર જણાવ્યા મુજબ એ उ ને દીર્ઘ ऊ આદેશ. 'सनूयङश्च ४-१-३' થી शू ને દ્વિત્વ. અભ્યાસમાં ऊ ને 'आगुणा० ४-१-४८' થી ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી शोशूयते આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં श्वि ધાતુના वि ને આ સૂત્રથી य्वृत् આદેશ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ श्वि ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં इ ને ગુણ ए આદેશ. णव् ની પૂર્વેના इ ને 'दीर्घश्च्वि० ४-३-१०८' થી દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી शेश्वीयते આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર વધે છે. ॥૯૦॥

## प्यायः पी ४।१।९१॥

परोक्षा नो प्रत्यय અને यङ् प्रत्यय પરમાં હોય તો તેની પૂર્વે રહેલા प्याय् ધાતુને पी આદેશ થાય છે. आ+प्याय् (૮૦૫) ધાતુને પરોક્ષામાં ए પ્રત્યય. આ સૂત્રથી प्याय् ધાતુને पी આદેશ. 'द्विर्धातुः० ४-१-१' થી पी ને દ્વિત્વ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ई ને ह्रस्व इ આદેશ. 'योनेक० २-१-५६' થી ए પ્રત્યયની પૂર્વેના ई ને य् આદેશ.... વગેરે કાર્ય થવાથી आपिप्ये આવો પ્રયોગ થાય છે. અર્થ- થોડું વધ્યું. आ+प्याय् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી વિહિત यङ् પ્રત્યયનો 'बहुलं लुप् ३-४-१४' થી લોપ. આ સૂત્રથી प्याय् ધાતુને पी આદેશ. 'सन्यङश्च ४-१-३' થી पी ને દ્વિત્વ. 'आगुणा० ४-१-४८' થી અભ્યાસમાં पी ના ई ને ગુણ ए આદેશ. आपेपी ધાતુને વર્તમાનાનો तस् પ્રત્યય... વગેરે કાર્ય થવાથી आपेपीतः આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓ બે વારંવાર થોડા વધે છે. ॥९१॥

## क्तयोरनुपसर्गस्य ४।१।९२॥

क्त અને क्तवतु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ઉપસર્ગરહિત प्याय् (૮૦૫) ધાતુને पी આદેશ થાય છે. प्याय् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त (त) અને क्तवतु (तवत्) પ્રત્યય. આ સૂત્રથી प्याय् ધાતુને पी આદેશ. 'सूयत्याद्योदितः ४-२-७०' થી क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી पीनम् અને पीनवन् मुखम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - જાડું મુખ. જાડું મુખ. अनुपसर्गस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી રહિત જ प्याय् ધાતુને; તેની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો पी આદેશ થાય છે. તેથી प्र+प्याय् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. क्त

પ્રત્યયના त् ને न् આદેશ. 'य्वोः प्वयू० ४-४-१२१' થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી प्रप्यानो मेघः આવો પ્રયોગ થાય છે. અહીં ઉપસર્ગ સહિત प्याय् ધાતુને આ સૂત્રથી पी આદેશ થતો નથી. અર્થ- વધેલો મેઘ. ||૯૨||

## आङोऽन्धूधसोः ૪|૧|૯૩||

अन्धु (કુવો) અને ऊधस् (સ્તન) અર્થ ગમ્યમાન હોય તો आङ् ઉપસર્ગથી પરમાં રહેલા प्याय् ધાતુને તેની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો पी આદેશ થાય છે. आ+प्याय् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त (त) પ્રત્યય. 'सूयत्याद्योदितः ४-२-७०' થી क्त પ્રત્યયના त् ને न् આદેશ. આ સૂત્રથી प्याय् ધાતુને पी આદેશ વગેરે કાર્ય થવાથી आपीनोऽन्धुः અને आपीनमूधः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મોટો કુંવો. મોટું સ્તન. अन्धूधसोरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन्धु અને ऊधस् અર્થ ગમ્યમાન હોય તો જ आ+प्याय् ધાતુને તેની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો पी આદેશ થાય છે. તેથી आप्यानश्चन्द्रः અહીં अन्धु અને ऊधस् અર્થ ગમ્યમાન ન હોવાથી प्याय् ધાતુને આ સૂત્રથી पी આદેશ થતો નથી. (જુઓ સૂ.નં. ૪-૧-૯૨ માં प्रप्यानः) અર્થ- પૂર્ણ ચન્દ્ર. आङ एवेति नियमात् - प्राप्यानमूधः = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन्धु અને ऊधस् અર્થ ગમ્યમાન હોય તો आङ् જ ઉપસર્ગથી (आङ् ઉપસર્ગથી પણ નહીં) પરમાં રહેલા प्याय् ધાતુને; તેની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો पी આદેશ થાય છે. તેથી प्राप्यानमूधः અહીં प्याय् ધાતુ प्र અને आ ઉપસર્ગથી (માત્ર आङ् જ ઉપસર્ગથી નહીં) પરમાં હોવાથી તેને આ સૂત્રથી पी આદેશ થતો નથી. અર્થ- મોટું સ્તન. અહીં सर्वं वाक्यं सावधारणम् આ ન્યાયના આશ્રયણથી आङ एव આવો નિયમ અભિપ્રેત છે. અન્યથા નિયમ વિષયક પ્રશ્નનું પ્રદર્શન અસઙ્ગત થશે. ||૯૩||

## स्फायः स्फी वा ४।१।९४॥

क्त અને क्तवतु પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા स्फाय् (૮૦૪) ધાતુને વિકલ્પથી स्फी આદેશ થાય છે. स्फाय् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી स्फाय् ધાતુને स्फी આદેશ... વગેરે કાર્ય થવાથી स्फीतः અને स्फीतवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી स्फाय् ધાતુને स्फी આદેશ ન થાય ત્યારે 'य्वोः प्वय्० ४-४-१२१' થી स्फाय् ધાતુના અન્ત્ય य् નો લોપ વગેરે કાર્ય થવાથી स्फातः स्फातवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પુષ્ટ - સુંદર. પુષ્ટ - સુંદર.॥९४॥

## प्रसमः स्त्यः स्ती ४।१।९५॥

प्रसम् (प्र+सम्) - આ પ્રમાણે ઉપસર્ગસમ્બન્ધી સમુદાયથી પરમાં રહેલા स्त्यै (४०) ધાતુને તેનાથી પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો स्ती આદેશ થાય છે. प्र+सम् + स्त्यै ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી स्त्यै ધાતુને स्ती આદેશાદિ કાર્ય થવાથી प्रसंस्तीतः અને प्रसंस्तीतवान् આવો પ્રયોગ થાય છે. અર્થ- (બંન્નેનો) - અવાજ કર્યો. प्रसम इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्त અને क्तवतु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા प्रसम् - આ ઉપસર્ગ સમુદાયથી જ પરમાં રહેલા स्त्यै ધાતુને स्ती આદેશ થાય છે. તેથી सम्+प्र+स्त्यै ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'आत् सन्ध्य० ४-२-१' થી ऐ ને आ આદેશ. 'व्यञ्जना० ४-२-७१' થી क्त ના त् ને न् આદેશ. ઈત્યાદિ કાર્ય થવાથી संप्रस्त्यानः આવો પ્રયોગ થાય છે. અહીં प्रसम् થી પરમાં स्त्यै ધાતુ ન હોવાથી આ સૂત્રથી તેને स्ती આદેશ થતો નથી. અર્થ- અવાજ કર્યો. ॥९५॥

## प्रात् तश्च मो वा ४।१।९६॥

કેવલ प्र ઉપસર્ગથી પરમાં રહેલા स्त्यै ધાતુને; તેની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો स्ती આદેશ થાય છે અને ત્યારે क्त તથા क्तवंतु પ્રત્યયના આદ્ય त् ને म् આદેશ વિકલ્પથી થાય છે. प्र+स्त्यै ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી स्त्यै ધાતુને स्ती આદેશ. તેના યોગમાં क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને म् આદેશ વગેરે કાર્ય થવાથી प्रस्तीमः प्रस्तीमवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને આ સૂત્રથી म् આદેશ ન થાય ત્યારે प्रस्तीतः અને प्रस्तीतवान् આવો પ્રયોગ થાય છે. અર્થ- (બંન્નેનો) - બોલ્યો અથવા ભેગો થયો.॥૯૬॥

## श्यः शीर्द्रवमूर्ति-स्पर्शे नश्चाऽस्पर्शे ४।१।९७॥

मूर्त्ति એટલે કાઠિન્ય. (ઘટ્ટ થવું તે) द्रव દ્રવ્યોનું કાઠિન્ય અર્થ ગમ્યમાન હોય તેમજ સ્પર્શ (અહીં સ્પર્શ અને સ્પર્શવદ્ ઉભયનું ગ્રહણ સ્પર્શ પદથી કરાયું છે. ) અર્થ ગમ્યમાન હોય તો श्यै ધાતુને (૬૦૬) તેની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો शी આદેશ થાય છે. शी આદેશના યોગમાં સ્પર્શ ભિન્ન વિષય હોય તો क्त અને क्तवतु પ્રત્યય-ના આદ્ય त् ને न् આદેશ થાય છે. श्यै ધાતુને 'क्तक्तवतू ५-१-१७४' થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી श्यै ધાતુને शी આદેશ. સ્પર્શભિન્ન કાઠિન્યના વિષયમાં शी આદેશના યોગમાં આ સૂત્રથી क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી शीनम् અને शीनवद् घृतम् આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો)- થીજેલું ઘી. આવી જ રીતે સ્પર્શ અને સ્પર્શવદ્ ના વિષયમાં श्यै ધાતુને આ સૂત્રથી शी આદેશાદિ કાર્ય થવાથી शीतं वर्त्तते (સ્પર્શનો વિષય

છે.) અને शीतो वायुः (અહીં સ્પર્શવાન્ વિષય છે. ) આવો પ્રયોગ થાય છે. અહીં ઉપર જણાવ્યા મુજબ સ્પર્શ નો વિષય હોવાથી त् ને न् આદેશ થતો નથી. અર્થક્રમશઃ- ઠંડી છે. ઠંડો પવન. ॥૯૭॥

## प्रतेः ४।१।९८॥

क्त અને क्तवतु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા प्रति ઉપસર્ગથી પરમાં રહેલા श्यै ધાતુને शी આદેશ થાય છે. અને शी આદેશના યોગમાં क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે. प्रति+श्यै ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪' થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી श्यै ધાતુને शी આદેશ તેમજ शी આદેશના યોગમાં क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી प्रतिशीनम् અને प्रतिशीनवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સર્દીથી પીડા પામ્યો. સર્દીથી પીડા પામ્યો. ॥૯૮॥

## वाऽभ्यवाभ्याम् ४।१।९९॥

अभि અને अव ઉપસર્ગથી પરમાં રહેલા श्यै ધાતુને તેની પરમાં क्त અને क्तवतु પ્રત્યય હોય તો વિકલ્પથી शी આદેશ થાય છે. शी આદેશના યોગમાં क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને; સ્પર્શનો વિષય ન હોય તો न् આદેશ થાય છે. अभि+श्यै ધાતુને 'क्त -क्तवतू ૫-૧-૧૭૪' થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી श्यै ધાતુને शी આદેશ. તેના યોગમાં क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ... વગેરે કાર્ય થવાથી अभिशीनः અને अभिशीनवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી शी આદેશ ન થાય ત્યારે श्यै ધાતુના ऐ ને 'आत्सन्ध्य० ૪-૨-૧' થી आ આદેશ. 'व्यञ्जनान्त० ૪-૨-૭૧' થી क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી अभिश्यानः અને

अभिश्यानवान् આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - પીગળેલી વસ્તુ ઠરી. ઉપર જણાવ્યા મુજબ अव+श्यै ધાતુને क्त અને क्तवतु પ્રત્યયાદિ કાર્ય થવાથી अवशीनम् अवश्यानम् हिमम् અને अवशीनवान् अवश्यानवान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પીગળેલું હિમ ઠર્યું. પીગળેલી વસ્તુ ઠરી. ॥૯૯॥

## श्रः शृतं हविः-क्षीरे ४।१।१००॥

हविष् (ઘી) અને क्षीर અર્થમાં श्रा (१०६५ - १०१३) તથા श्रै (४६) ધાતુને તેની પરમાં क्त પ્રત્યય હોય તો शृ આદેશનું નિપાતન કરાય છે. श्रा અને श्रै ધાતુને 'क्तक्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. આ સૂત્રથી श्रा અને श्रु ધાતુને शृ આદેશ વગેરે કાર્ય થવાથી शृतं हविः शृतं क्षीरम् स्वयमेव આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘી સ્વયં ગરમ થયું. દુધ સ્વયં ગરમ થયું. ગ્રન્થકારશ્રીના મતે श्रा અને श्रै ધાતુ કર્મકર્ત્તામાં (અકર્મક) પાકસ્વરૂપ અર્થના વાચક છે. અન્ય વૈયાકરણો એ બંન્ને ધાતુને સકર્મક પણ માને છે. हविःक्षीर इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ हविष् અને क्षीर જ અર્થમાં श्रा અન श्रै ધાતુને તેની પરમાં क्त પ્રત્યય હોય તો शृ આદેશનું નિપાતન કરાય છે. તેથી श्राणा यवागुः અહીં हविष् અને क्षीर અર્થથી ભિન્ન यवागु અર્થમાં श्रै અને श्रा ધાતુને शृ આદેશ થતો નથી. श्रा અને श्रै ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'आत् सन्ध्य० ४-२-१' થી श्रै ધાતુના ऐ ને आ આદેશ. 'व्यञ्जनान्त० ४-२-७१' થી क्त પ્રત્યયના त् ને न् આદેશ. न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ. श्राण નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી श्राणा આવો પ્રયોગ થાય છે. અર્થ- રાબ રંધાયી. ॥૧૦૦॥

## श्रपेः प्रयोक्त्रैक्ये ४।१।१०१॥

પ્રયોજક કર્ત્તાનું ઐક્ય હોય અર્થાત્ પ્રયોજક કર્ત્તાના વ્યાપારની વિવક્ષામાં એક જ વાર णिग् પ્રત્યય થયો હોય તો; णिग्प्रत्ययान्त श्रा અને श्रै ધાતુને; તેનાથી પરમાં क्त પ્રત્યય હોય તો हविष् અને क्षीर અર્થમાં शृ આદેશનું નિપાતન કરાય છે. श्राति श्रायति वा हविः क्षीरं वा स्वयमेव तच्चैत्रेण प्रायुज्यत આ અર્થમાં 'प्रयोक्तृ० ३-४-२०' થી વિહિત णिग् પ્રત્યયાન્ત श्रा અને श्रै ધાતુને 'क्त - क्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. श्रा+णिग्+क्त અને श्रै+णिग्+क्त આ અવસ્થામાં 'आत् सन्ध्य० ४-२-१' થી श्रै ધાતુના ऐ ને आ આદેશ. णिग् ની પૂર્વે 'अर्त्ति-री-ब्ली० ४-२-२१' થી पु નો (प् નો) આગમ. श्रा ના आ ને 'घटादेर्ह्रस्वो० ४-२-२४' થી ह्रस्व अ આદેશથી નિષ્પન્ન श्रपि+क्त આ અવસ્થામાં श्रपि ધાતુને આ સૂત્રથી शृ આદેશનું નિપાતન વગેરે કાર્ય થવાથી शृतं हविः क्षीरं वा चैत्रेण આવો પ્રયોગ થાય છે. અર્થ- ચૈત્ર દ્વારા ઘી અથવા દુધ ગરમ કરાયું. हविःक्षीर इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રયોક્તાનું ઐક્ય હોય તો णिग् પ્રત્યયાન્ત श्रा અને श्रै ધાતુને તેનાથી પરમાં क्त પ્રત્યય હોય તો हविष् અને क्षीर જ અર્થમાં शृ આદેશનું નિપાતન કરાય છે. તેથી श्रपिता यवागूः અહીં श्रपि ધાતુને यवागू અર્થમાં આ સૂત્રથી शृ આદેશ થતો નથી. ઉપર જણાવ્યા મુજબ श्रपि+त આ અવસ્થામાં त ની પૂર્વે 'स्ताद्यशि० ४-४-३२' થી इट्. 'सेट्क्तयोः ४-३-८४' થી णिग् નો લોપ. श्रपित નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી श्रपिता આવો પ્રયોગ થાય છે. અર્થ- (ચૈત્રાદિ વડે) રાબ રંધાઈ ગઈ. प्रयोक्त्रैक्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રયોક્તાનું ઐક્ય હોય તો જ णिग् પ્રત્યયાન્ત श्रा અને श्रै ધાતુને તેની પરમાં क्त પ્રત્યય હોય તો हविष् અને क्षीर અર્થમાં शृ આદેશનું નિપાતન કરાય છે. તેથી श्रपितं हविश्चैत्रेण मैत्रेण અહીં બેવાર णिग् પ્રત્યય વિહિત હોવાથી અર્થાત્

પ્રયોજક કર્ત્તાનું ઐક્ય ન હોવાથી આ સૂત્રથી श्रपि ધાતુને शृ આદેશનું નિપાતન કરાતું નથી. श्रपि ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યય. 'णेरनिटि ૪-૩-૮૩' થી પૂર્વ णिग् નો લોપ. ઉપર જણાવ્યા મુજબ क्त ની પૂર્વે इट्. श्रपि ના इ નો (દ્વિતીય णिग् નો ) લોપ થવાથી श्रपितम् આવો પ્રયોગ થાય છે. અર્થ- મૈત્રે ચૈત્ર દ્વારા ઘી ગરમ કરાવ્યું. ॥૧૦૧॥

## य्वृत् सकृत् ४।१।१०२॥

પૂર્વ સૂત્રોમાં જણાવેલા સ્વરસહિત અન્તસ્થાને इ उ અને ऋ આદેશ સ્વરૂપ જે य्वृत् - सम्प्रसारण થાય છે. - તે એક વાર જ થાય છે. सम् + व्ये ધાતુને કર્મમાં વર્ત્તમાનાનો ते પ્રત્યય. 'क्यः शिति ३-४-७०' થી તે પ્રત્યયની પૂર્વે क्य (य) પ્રત્યય. व्ये ધાતુના ये ને 'यजादि वचेः० ४-१-७९' થી इ આદેશ. 'दीर्घम० ४-१-१०३' થી इ ને ई આદેશ. सम् + वी + य+ते આ અવસ્થામાં वीं ને 'यजादि-वचेः० ४-१-७९' થી ફરીથી સમ્પ્રસારણ - उ આદેશની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી सम्वीयते આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢંકાય છે. ॥૧૦૨॥

## दीर्घमवोऽन्त्यम् ४।१।१०३॥

वे ધાતુને છોડીને અન્ય ધાતુસમ્બન્ધી અન્ત્ય य्वृत् इ उ અને ऋ ને, દીર્ઘ ई ऊ અને ॠ આદેશ થાય છે. ज्या ધાતુને 'क्तक्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. 'व्यञ्जनान्तस्था० ४-२-७१' થી क्त પ્રત્યયના त् ને न् આદેશ. 'ज्या व्यधः क्ङिति ४-१-८१' થી ज्या ના या ને इ આદેશ. આ સૂત્રથી એ इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી जीनः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘટેલો. अव इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वे ધાતુને છોડીને જ અન્ય ધાતુના સ્વરસહિત અન્તસ્થાને વિહિત અન્ત્ય य्वृत् (સંપ્રસારણ) ને દીર્ઘ આદેશ થાય છે.

તેથી वे ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'यजादिवचे:० ૪-૧-૭૯' થી वे ને य्वृत् उ આદેશ. એ उ ને આ સૂત્રથી દીર્ઘ આદેશ ન થવાથી उतः આવો પ્રયોગ થાય છે. અર્થ- વીણેલું. अन्त्यमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वे ધાતુથી ભિન્ન ધાતુના સ્વર સહિત અન્તસ્થાને વિહિત અન્ત્ય જ य्वृत् ને દીર્ઘ આદેશ થાય છે. તેથી स्वप् ધાતુને क्त પ્રત્યય. 'स्वपे र्यङ् ङे च ૪-૧-૮૦' થી स्वप् ધાતુના व ને उ આદેશ. એ उ અન્ત્ય ન હોવાથી તેને આ સૂત્રથી દીર્ઘ આદેશ ન થવાથી सुप्तः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉંઘેલો. ॥૧૦૩॥

## स्वर - हन- गमोः सनि धुटि ४।१।१०४॥

धुट् વર્ણ છે આદિમાં જેના એવો सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા સ્વરાન્ત ધાતુના हन् અને गम् ધાતુના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. चि ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧' થી सन् પ્રત્યય. સ્વરાન્ત ધાતુ - चि ના इ ને આ સૂત્રથી ई આદેશ. 'सन्-यङश्च ૪-૧-૩' થી ची ને દ્વિત્વ. 'ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં ई ને હ્રસ્વ इ આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી चिचीषति આવો પ્રયોગ થાય છે. અર્થ- વીણવાની ઈચ્છા કરે છે. ઉપર જણાવ્યા મુજબ हन् ધાતુને सन् પ્રત્યય. આ સૂત્રથી हन् ધાતુના अ ને आ આદેશ. ઉપર જણાવ્યા મુજબ हान् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં आ ને 'ह्रस्वः ૪-૧-૩૯' થી હ્રસ્વ अ આદેશ. 'गहोर्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'अङे हि- हनो० ૪-૧-૩૪' થી हान् ના ह् ને घ् આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯' થી અભ્યાસમાં अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી जिघांसति આવો પ્રયોગ થાય છે. અર્થ- મારવાની ઈચ્છા કરે છે. सम्+गम् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. આ સૂત્રથી गम् ધાતુના अ ને દીર્ઘ आ આદેશ. गाम् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં

અનાદિવ્યઞ્જનનો લોપ અને ग् ને ज् આદેશ. અભ્યાસમાં अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી संजिगांसते આવો પ્રયોગ થાય છે. અર્થ- મળવાની ઈચ્છા કરે છે. धुटीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધુટ્ વર્ણ છે આદિમાં જેના એવો જ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા સ્વરાન્ત ધાતુના અને हन् તથા गम् ધાતુના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી यियविषति અહીં सन् પ્રત્યયની પૂર્વે इट् હોવાથી સ્વરાદિ सन् (અધુડાદિ सन्) પ્રત્યય પરમાં છે તેથી તેની પૂર્વે રહેલા यु ધાતુના उ ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. (यियविषति ની પ્રક્રિયાદિ માટે જુઓ સૂ. નં. ૪-૧-૬૦) ||૧૦૪||

## तनो वा ४।१।१०५॥

ધુટ્ વર્ણ છે આદિમાં જેના એવો सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા तन् ધાતુના સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. तन् ધાતુને 'तुमर्हादि० ३-४-२१' થી मन् પ્રત્યય. આ સૂત્રથી तन् ધાતુના अ ને દીર્ઘ आ આદેશ. 'सन यङश्च ४-१-३' થી तान् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો 'व्यञ्जनस्या० ४-१-४४' થી લોપ. 'ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં आ ને ह्रस्व अ આદેશ. એ अ ને 'सन्यस्य ४-१-५९' થી इ આદેશ વગેરે કાર્ય થવાથી तितांसति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तन् ધાતુના अ ને દીર્ઘ आ આદેશ ન થાય ત્યારે तितंसति આવો પ્રયોગ થાય છે. અર્થ- વિસ્તાર કરવાની ઈચ્છા કરે છે. धुटीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધુટ્ વર્ણ જેના આદિમાં છે - એવો જ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા तन् ધાતુના સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. તેથી तितनिषति અહીં तन् ધાતુની પરમાં सन् પ્રત્યયની પૂર્વે 'इवृध-भ्रस्ज० ४-४-४७' થી વિહિત इट् હોવાથી સ્વરાદિ सन् પ્રત્યય પરમાં છે. જેથી આ સૂત્રથી तन् ધાતુના સ્વરને દીર્ઘ आ આદેશ થયો નથી. ||૧૦૫||

## क्रमः क्त्वि वा ४।१।१०६॥

धुट् वर्ण छे आदिमां जेना एवो क्त्वा (त्वा) प्रत्यय परमां होय तो; तेनी पूर्वे रहेला क्रम् धातुना स्वरने विकल्पथी दीर्घ आदेश थाय छे. क्रम् धातुने 'प्राक्काले ५-४-४७' थी क्त्वा प्रत्यय. आ सूत्रथी क्रम् धातुना अ ने दीर्घ आ आदेश वगेरे कार्य थवाथी क्रान्त्वा आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी क्रम् ना अ ने दीर्घ आ आदेश न थाय त्यारे क्रन्त्वा आवो प्रयोग थाय छे. धुटीत्येव= आ सूत्रथी उपर जणाव्या मुजब धुडादि ज क्त्वा प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला क्रम् धातुना अ ने दीर्घ आ आदेश थाय छे. तेथी क्रम्+त्वा आ अवस्थामां 'ऊदितो वा ४-४-४२' थी त्वा नी पूर्वे इट् वगेरे कार्य थवाथी क्रमित्वा आवो प्रयोग थाय छे. अहीं धुडादि क्त्वा प्रत्यय परमां न होवाथी आ सूत्रथी क्रम् धातुना अ ने दीर्घ आ आदेश थतो नथी. अर्थ- चालीने. ॥१०६॥

## अहन्-पञ्चमस्य क्वि-क्ङिति ४।१।१०७॥

हन् धातुने छोडीने अन्य वर्गीय पञ्चमवर्ण छे अन्तमां जेना एवा धातुना स्वरने; तेनी परमां क्वि प्रत्यय अथवा धुडादि कित् के ङित् प्रत्यय होय तो दीर्घ आदेश थाय छे. प्र+शम् धातुने 'क्विप् ५-१-१४८' थी क्विप् (०) प्रत्यय. आ सूत्रथी शम् धातुना अ ने दीर्घ आ आदेश वगेरे कार्य थवाथी प्रशान् आवो प्रयोग थाय छे. (प्रशाम् नामने सि प्रत्यय. 'दीर्घङ्या० १-४-४५' थी सि नो लोप. 'मोनोम्वोश्च २-१-६७' थी म् ने न् आदेश.) अर्थ- उपशम पामनार. शम् धातुने 'क्त-क्तवतू ५-१-१७४' थी क्त प्रत्यय. आ सूत्रथी शम् धातुना अ ने दीर्घ आ आदेश वगेरे कार्य थवाथी शान्तः आवो प्रयोग थाय छे. अर्थ- उपशम पामेलो. शम् धातुने 'व्यञ्जनादे० ३-४-९' थी विहित यङ्

પ્રત્યયનો 'बहुलं लुप् ३-४-१४' થી લોપ. 'सन्यङश्च ४-१-३' થી शम् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ४-१-४४' થી અનાદિવ્યઞ્જનનો લોપ. 'मुरतोऽनु० ४-१-५१' થી અભ્યાસના અન્તે मु નો આગમ. 'तौ मुमौ० १-३-१४' થી मु ના म् ને અનુસ્વાર. शंशम् ધાતુને तस् પ્રત્યય. तस् પ્રત્યયને 'शिदवित् ४-३-२०' થી ङिद्वद् ભાવ. આ સૂત્રથી शम् ના अ ને દીર્ઘ आ આદેશ. 'म्नां धुड्० १-३-३९' થી म् ને અનુનાસિક न् આદેશ... વગેરે કાર્ય થવાથી शंशान्तः આવો પ્રયોગ થાય છે. અર્થ- તેઓ બે વારંવાર શાન્ત થાય છે.

पञ्चमस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्वि પ્રત્યય અથવા ધુડાદિ कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા हन् ધાતુથી ભિન્ન વર્ગીય પઞ્ચમ વર્ણાન્ત જ (વ્યઞ્જનાન્ત માત્ર નહીં) ધાતુના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી पक्त्वा અહીં ધુડાદિ કિત્ क्त्वा પ્રત્યય પરમાં હોવાં છતાં पच् ધાતુના अ ને આ સૂત્રથી દીર્ઘ आ આદેશ થતો નથી. (पच् ધાતુને 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય. 'चजः कगम् २-१-८६' થી च् ને क् આદેશ...) અર્થ - રાંધીને. अहन्निति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्वि અથવા ધુડાદિ कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા વર્ગીય પઞ્ચમવર્ણાન્ત हन् ધાતુથી ભિન્ન જ ધાતુના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી वृत्र + हन् ધાતુને 'ब्रह्म-भ्रूण० ५-१-१६१' થી क्विप् (०) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન वृत्रहन् નામને સપ્તમીનો ङि પ્રત્યય. 'कवर्गैक० २-३-७६' થી हन् ના न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી वृत्रहणि આવો પ્રયોગ થાય છે. અહીં हन् ના अ ને તેની પરમાં क्विप् પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી દીર્ઘ आ આદેશ થતો નથી. અર્થ - ઈન્દ્રમાં. धुटीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्वि પ્રત્યય અથવા ધુડાદિ જ कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા हन् ધાતુને છોડીને અન્ય વર્ગીય પઞ્ચમ વર્ણ જેના અન્તમાં છે તે ધાતુના સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી यम् ધાતુને કર્મમાં तैं

प्रत्यय. 'क्यः शिति ३-४-७०' थी ते प्रत्ययनी पूर्वे कित् क्य (य) प्रत्यय. ते य प्रत्यय धुडादि न होवाथी यम् धातुना अ ने आ सूत्रथी दीर्घ आदेश थतो नथी. जेथी यम्यते आवो प्रयोग थाय छे. अर्थ वश कराय छे. ॥१०७॥

## अनुनासिके च च्छ्-वः शूट् ४।१।१०८॥

अनुनासिक जेना आदिमां छे - एवो प्रत्यय; क्वि प्रत्यय अने धुडादि (धुट् वर्ण छे आदिमां जेना ते) प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला धातुना च्छ् ने श् आदेश तथा व् ने ऊट् आदेश थाय छे. प्रच्छ् धातुने 'यजि-स्वपि० ५-३-८५' थी भावमां न प्रत्यय. आ सूत्रथी च्छ् ने श् आदेश वगेरे कार्य थवाथी प्रश्नः आवो प्रयोग थाय छे. अर्थ- पूछवुं ते. प्रच्छ् धातुने 'दिद्युद्-ददृद्० ५-२-८५' थी क्विप् (०) प्रत्यय. अने प्रच्छ् धातुना अ ने दीर्घ आ आदेश. आ सूत्रथी प्रच्छ् धातुना च्छ् ने श् आदेश. प्राश् नामनी साथे शब्द नामने समासादि कार्य थवाथी शब्दप्राशौ आवो प्रयोग थाय छे. अर्थ- शब्द पूछनारा बे. प्रच्छ् धातुने 'क्त- क्तवतू ५-१-१७४' थी क्त प्रत्यय. आ सूत्रथी च्छ् ने श् आदेश. 'ग्रह-व्रस्च० ४-१-८४' थी प्रच्छ् ना र ने य्वृत् - ऋ आदेश. 'यज-सृज० २-१-८७' थी श् ने ष् आदेश. ष् ना योगमां 'तवर्गस्य० १-३-६०' त् ने ट् आदेश ... वगेरे कार्य थवाथी पृष्टः आवो प्रयोग थाय छे. अर्थ- पुछायो. सिव् धातुने उणादिनो मन् प्रत्यय. आ सूत्रथी सिव् धातुना व् ने ऊट् (ऊ) आदेश. ए ऊ ने 'नामिनो० ४-३-१' थी गुण ओ आदेश. 'इवर्णादि० १-२-२१' थी इ ने य् आदेशादि कार्य थवाथी स्योमा आवो प्रयोग थाय छे. अर्थ- दर्जी (सीवनार). अक्ष+दिव् धातुने 'क्विप् ५-१-१४८' थी क्विप् (०) प्रत्यय. आ सूत्रथी दिव् ना व् ने ऊट् (ऊ) आदेश. उपर जणाव्या मुजब इ ने य् आदेश.... वगेरे कार्य थवाथी अक्षद्यूः आवो प्रयोग थाय छे. अर्थ - पासाथी रमनार. दिव् धातुने

ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. આ સૂત્રથી व् ને ऊट् આદેશાદિ કાર્ય થવાથી द्यूतः આવો પ્રયોગ થાય છે. અર્થ - જુગાર. ॥૧૦૮॥

**मव्यवि - श्रिवि - ज्वरि-त्वरेरुपान्त्येन ४।१।१०९॥**

અનુનાસિક છે આદિમાં જેના એવો પ્રત્યય; क्वि પ્રત્યય અને ધુડાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા मव् अव् श्रिव् ज्वर् અને त्वर् ધાતુના व् ને ઉપાન્ત્ય વર્ણની સાથે ऊट् (ऊ) આદેશ થાય છે. मव् (૪૮૦) ધાતુને ઉણાદિનો मन् પ્રત્યય. આ સૂત્રથી मव् ના अव् ને ऊट् (ऊ) આદેશ. 'नामिनो० ४-३-१' થી ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી मोमा આવો પ્રયોગ થાય છે. અર્થ- બાંધનાર. मव् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. આ સૂત્રથી मव् ના अव् ને ऊट् આદેશ વગેરે કાર્ય થવાથી मूः આવો પ્રયોગ થાય છે. અર્થ - બાંધનાર. मव् ધાતુને 'स्त्रियांक्तिः ५-३-९१' થી क्ति(ति) પ્રત્યય. આ સૂત્રથી मव् ધાતુના अव् ને ऊट् (ऊ) આદેશ... વગેરે કાર્ય થવાથી मूतिः આવો પ્રયોગ થાય છે. અર્થ- બાંધવુ તે. अव् ધાતુને (૪૮૯) ઉણાદિનો मन् પ્રત્યય. આ સૂત્રથી अव् ધાતુને ऊट् આદેશ. ઉપર જણાવ્યા મુજબ ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી ओमा આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે अव् ધાતુને ઉણાદિનો म् પ્રત્યય થવાથી ओम् આવો પ્રયોગ થાય છે. અર્થ- (બંન્નેનો) - રક્ષણ કરનાર. अव् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् (०) અને क्ति પ્રત્યય. આ સૂત્રથી अव् ધાતુને ऊट् (ऊ) આદેશાદિ કાર્ય થવાથી ऊः અને ऊतिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- રક્ષણ કરનાર. રક્ષણ કરવું તે. श्रिव् (૧૧૬૫) ધાતુને ઉણાદિનો मन् પ્રત્યય . આ સૂત્રથી श्रिव् ધાતુના इव् ને ऊट् (ऊ) આદેશ. ઉપર જણાવ્યા મુજબ ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી श्रोमा આવો પ્રયોગ થાય છે. અર્થ- સુકનાર. આવી જ રીતે श्रिव् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् અને क्ति પ્રત્યયાદિ

કાર્ય થવાથી ક્રમશઃ શ્રૂઃ અને શ્રૂતિઃ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સુકનાર. સુકાવું તે. ज्वर् (૧૦૫૪) ધાતુને ઉણાદિનો मन् પ્રત્યય. આ સૂત્રથી ज्वर् ધાતુના व ને ऊट् આદેશ.... વગેરે કાર્ય થવાથી जूर्मा આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે ज्वर् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् (૦) અને क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી ક્રમશઃ जूः અને जूर्त्तिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પીડા પામનાર. પીડા પામનાર. પીડા પામવું તે. આવી જ રીતે त्वर् (૧૦૧૦) ધાતુને ઉણાદિનો मन् પ્રત્યય. क्विप् પ્રત્યય. અને क्त પ્રત્યય. આ સૂત્રથી त्वर् ધાતુના व ને ऊट् (ऊ) આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે तूर्मा तूः અને तूर्णः ('रदादमूर्च्छ० ૪-૨-૬૯' થી क्त ના त् ને न् આદેશ) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઉતાવળ કરનાર. ઉતાવળ કરનાર. ઉતાવળ.॥૧૦૯॥

## राल्लुक् ४।१।११०॥

અનુનાસિક છે આદિમાં જેને એવો પ્રત્યય તેમજ क्वि અને ધુડાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા र् થી પરમાં રહેલા ધાતુ સમ્બન્ધી छ् અને व् નો લોપ થાય છે. मुर्च्छ् અને तुर्व् (૧૨૬ અને ૪૭૧) ધાતુને ઉણાદિનો मन् પ્રત્યય. તેમજ 'क्विप् ५-१-१४८' થી क्विप् (૦) પ્રત્યય. આ સૂત્રથી च्छ् અને व् નો લોપ. मन् પ્રત્યયની પૂર્વેના ઉપાન્ત્ય उ ને 'लघोरुपा० ४-३-४' થી ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી मोर्मा मूः तोर्मा અને तूः આવો પ્રયોગ થાય છે. અહીં 'भ्वादेर्नामिनो० २-१-६३' થી मुर्च्छ् અને तुर्व् ના उ ને દીર્ઘ ऊ આદેશ થાય છે. मुर्च्छ् ધાતુને 'स्त्रियां क्तिः ५-३-९१' થી क्ति પ્રત્યય. तुर्व् ધાતુને 'क्त - क्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. આ સૂત્રથી च्छ् અને व् નો લોપ. 'रदादमूर्च्छ० ४-२-६९' થી क्त ના त् ને न् આદેશ ... વગેરે કાર્ય થવાથી मूर्त्तिः અને तूर्णः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મૂર્ચ્છિત. મૂર્ચ્છિત. મૂર્ચ્છા. હિંસિત. હિંસિત. હિંસિત. ॥૧૧૦॥

## क्तेऽनिट्श्च-जोः क-गौ घिति ४।१।१११॥

क्त प्रत्यय परमां होते छते जे धातु अनिट् छे अर्थात् जे धातुनी परमां इट् थतो नथी - ते धातु सम्बन्धी च् अने ज् ने तेनाथी परमां घित् (घ् इत् छे जेमां) प्रत्यय होय तो अनुक्रमे क् अने ग् आदेश थाय छे. पच् धातुने 'भावाऽकर्त्रोः ५-३-१८' थी घञ् (अ) प्रत्यय. 'ञ्णिति ४-३-५०' थी पच् ना अ ने वृद्धि आ आदेश. आ सूत्रथी पच् धातुना च् ने क् आदेश... वगेरे कार्य थवाथी पाकः आवो प्रयोग थाय छे. अर्थ- रांधवुं ते. भुज् धातुने 'ऋवर्ण० ५-१-१७' थी घ्यण् (य) प्रत्यय. आ सूत्रथी ज् ने ग् आदेश. 'लघोरुपान्त्यस्य ४-३-४' थी भुज् धातुना उ ने गुण ओ आदेश वगेरे कार्य थवाथी भोग्यम् आवो प्रयोग थाय छे. अर्थ - भोगववा योग्य. क्तेऽनिट इति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब क्त प्रत्यय परमां होय त्यारे जे धातुओ अनिट् ज छे - एवा धातुसम्बन्धी च् अने ज् ने; तेनी परमां घित् प्रत्यय होय तो अनुक्रमे क् अने ग् आदेश थाय छे. तेथी सम् + कुच् धातुने तेमज कूज् धातुने उपर जणाव्या मुजब घञ् प्रत्ययादि कार्य थवाथी अनुक्रमे सङ्कोचः अने कूजः आवो प्रयोग थाय छे. क्त प्रत्यय परमां होय तो सम्+कुच् धातुने 'स्ताद्यशितो० ४-४-३२' थी अने कूज् धातुने 'ऊदितो वा ४-४-४२' थी क्त नी पूर्वे इट् विहित होवाथी क्त प्रत्यय परमां होय त्यारे कुच् अने कूज् धातु अनिट् नथी. जेथी घञ् प्रत्यय परमां होवा छतां तेनी पूर्वे रहेला तादृश कुच् अने कूज् धातुसम्बन्धी च् अने ज् ने अनुक्रमे क् अने ग् आदेश थतो नथी. अर्थक्रमशः - सङ्कोच पामवो. बोलवुं. ॥१११॥

## न्यङ्कूद्ग - मेघाऽऽदयः ४।१।११२॥

क् आदेश करीने न्यङ्क्वादि गणपाठमांना न्यङ्कु वगेरे नामोनुं; ग् आदेश करीने उद्गादि गणपाठमांना उद्ग वगेरे नामोनुं अने घ् आदेश करीने मेघादि गणपाठमांना मेघ वगेरे नामोनुं निपातन कराय छे.

नि+अञ्च् ધાતુને ઉણાદિનો उ પ્રત્યય. આ સૂત્રથી च् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી न्यङ्कुः આવો પ્રયોગ થાય છે. शुच् ધાતુને 'भावाऽकर्त्रोः ५-३-१८' થી घञ् પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી उ ને ગુણ ओ આદેશ. આ સૂત્રથી च् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી शोकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સંજ્ઞા વિશેષ. શોક. उब्ज् અને नि+उब्ज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ घञ् પ્રત્યય. આ સૂત્રથી ब् ને द् આદેશ તથા ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી उद्गः અને न्युद्गः આવો પ્રયોગ થાય છે. उद्ग न्युद्ग સંજ્ઞાવિશેષ છે. मिह् અને वह् ધાતુને 'अच् ५-१-४९' થી अच् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ इ ને ગુણ ए આદેશ. આ સૂત્રથી ह् ને घ् આદેશ અને व ने ओ આદેશ વગેરે કાર્ય થવાથી मेघः અને ओघः આવો પ્રયોગ થાય છે. मेघ અને ओघ પણ સંજ્ઞાવિશેષ છે. ।।૧૧૨।।

**न वञ्चे र्गतौ ४।१।११३।।**

ગત્યર્થક वञ्च् ધાતુના च् ને क् આદેશ થતો નથી. वञ्च् ધાતુને 'भावाऽकर्त्रोः ५-३-१८' થી કર્મમાં घञ् પ્રત્યય. 'क्तेऽनिट० ४-१-१११' થી પ્રાપ્ત, च् ને क् આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી वञ्चं वञ्चन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - જવા યોગ્ય સ્થાને જાય છે. गताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગત્યર્થક જ वञ्च् ધાતુના च् ને क् આદેશ થતો નથી. તેથી वङ्कं काष्ठम् અહીં वञ्च् ધાતુ ગત્યર્થક ન હોવાથી તેના च् ને આ સૂત્રથી क् આદેશનો નિષેધ થતો નથી, જેથી वञ्च् ધાતુના च् ને 'क्तेऽनिट० ४-१-१११' થી क् આદેશ થાય છે. અર્થ- વાંકું કાષ્ઠ. ।।૧૧૩।।

**यजे र्यज्ञाङ्गे ४।१।११४।।**

યજ્ઞના અઙ્ગ - સાધન રૂપ અર્થના વાચક यज् ધાતુના ज् ને ग् આદેશ થતો નથી. प्र+यज् ધાતુને 'भावाऽकर्त्रोः ५-३-१८' થી घञ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ४-१-१११' થી ज् ને ग् આદેશની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી

નિષેધ વગેરે કાર્ય થવાથી पञ्च प्रयाजाः આવો પ્રયોગ થાય છે. અર્થ- યજ્ઞના પાંચ સાધન વિશેષ. यज्ञाङ्ग इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યજ્ઞાઙ્ગ વાચક જ यज् ધાતુના ज् ને ग् આદેશ થતો નથી. તેથી प्रयागः અહીં સ્થાન વિશેષાર્થક यज् ધાતુના ज् ને આ સૂત્રથી ग् આદેશનો નિષેધ થતો નથી. જેથી 'क्ते ऽ निट० ૪-૧-૧૧૧' થી यज् ધાતુના ज् ને ग् આદેશ થાય છે. અર્થ- સ્થાનવિશેષ.॥૧૧૪॥

## घ्यण्यावश्यके ૪।૧।૧૧૫॥

આવશ્યક - વિશેષણ વિશિષ્ટ અર્થનો વાચક घ्यण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા च् અને ज् ને क् અને ग् આદેશ થતો નથી. अवश्यम्+पच् અને अवश्यम्+रञ्ज् ધાતુને 'णिन् चावश्यका० ૫-૪-૩૬' ની સહાયથી 'ऋवर्ण० ૫-૧-૧૭' થી घ्यण् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી पच् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'मयूर० ૩-૧-૧૧૬' થી તત્પુરુષ સમાસ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી च् ને क् અને ज् ને ग् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ. 'कृत्येऽव० ૩-૨-૧૩૮' થી अवश्यम् ના म् નો લોપ વગેરે કાર્ય થવાથી अवश्यपाच्यम् અને अवश्यरञ्ज्यम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અવશ્ય રાંધવા યોગ્ય. અવશ્ય રંગવા યોગ્ય. आवश्यकं इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આવશ્યક વિશેષણ વિશિષ્ટાર્થક જ घ्यण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા च् અને ज् ને क् અને ग् આદેશનો નિષેધ થાય છે. તેથી पाक्यम् અહીં આ સૂત્રથી पच् ધાતુના च् ને क् આદેશનો નિષેધ ન થવાથી 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી च् ને क् આદેશ થાય છે. અર્થ- રાંધવા યોગ્ય. ॥૧૧૫॥

## नि प्राद् युजः शक्ये ૪।૧।૧૧૬॥

शक्य અર્થ ગમ્યમાન હોય તો नि અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા युज् ધાતુના ज् ને તેની પરમાં घ्यण् પ્રત્યય હોય તો ग् આદેશ થતો નથી. नि+युज् અને प्र+युज् ધાતુને 'शक्तार्हे० ૫-૪-૩૫' ની સહાયથી 'ऋवर्ण० ૫-૧-૧૭' થી घ्यण् (य) પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી युज

ના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. 'क्तेऽनिट० ४-१-१११' થી ज् ને પ્રાપ્ત ग् આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી नियोज्यः અને प्रयोज्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જેને આજ્ઞા કરી શકાય તે. જેનો પ્રયોગ કરી શકાય તે. शक्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શક્ય અર્થ ગમ્યમાન હોય તો જ नि અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા युज् ધાતુના ज् ને તેની પરમાં घ्यण् પ્રત્યય હોય તો ग् આદેશ થતો નથી. તેથી શક્ય અર્થ ગમ્યમાન ન હોય ત્યારે नियोज्यः ના સ્થાને नियोग्यः આવો પ્રયોગ થાય છે. અહીં युज् ધાતુના ज् ને આ સૂત્રથી ग् આદેશનો નિષેધ થતો નથી. જેથી 'क्तेऽनिट० ४-१-१११' થી ज् ને ग् આદેશ થયો છે. અર્થ- આજ્ઞા કરવાને ઈષ્ટ. (પરન્તુ કરી શકાય એવું નથી.) ॥११६॥

## भुजो भक्ष्ये ४।१।११७॥

भक्ष्य અર્થ ગમ્યમાન હોય તો भुज् ધાતુના ज् ને; તેની પરમાં घ्यण् પ્રત્યય હોય તો ग् આદેશ થતો નથી. भुज् ધાતુને 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. भुज् ધાતુના ज् ને 'क्तेऽनिट० ४-१-१११' થી પ્રાપ્ત ग् આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી भोज्यं पयः આવો પ્રયોગ થાય છે. અર્થ- ખાવા યોગ્ય દુધ. भक्ष्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભક્ષ્ય અર્થ ગમ્યમાન હોય તો જ भुज् ધાતુના ज् ને; તેની પરમાં घ्यण् (य) પ્રત્યય હોય તો ग् આદેશનો નિષેધ થાય છે. તેથી भोग्या भूः અહીં ભક્ષ્ય અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી भुज् ધાતુના ज् ને ग् આદેશનો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેથી 'क्तेऽनिट० ४-१-१११' થી ज् ને ग् આદેશ. भोग्य નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી भोग्या આવો પ્રયોગ થાય છે. અર્થ- ભોગવવા યોગ્ય પૃથ્વી. ॥११७॥

## त्यज-यज-प्रवचः ४।१।११८॥

घ्यण् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા त्यज् यज् અને प्रवच्

ધાતુના ज् ને ग् અને च् ને क् આદેશ થતો નથી. त्यज् यज् અને प्रवच् ધાતુને 'ऋवर्ण० ૫-૧-૧૭' થી घ्यण् (य) પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી च् ને પ્રાપ્ત क् અને ज् ને પ્રાપ્ત ग् આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી त्याज्यः याज्यः અને प्रवाच्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ત્યાગ કરવા યોગ્ય. યજ્ઞ કરવા યોગ્ય. પ્રવચન યોગ્ય.॥૧૧૮॥

## वचोऽशब्दनाम्नि ४।१।११९॥

શબ્દને છોડીને અન્યની સંજ્ઞાનો વિષય હોય તો वच् ધાતુના च् ને; તેની પરમાં घ्यण् (य) પ્રત્યય હોય તો क् આદેશ થતો નથી. वच् ધાતુને 'ऋवर्ण० ૫-૧-૧૭' થી घ्यण् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી च् ને क् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી वाच्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- અર્થ. अशब्दनाम्नीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શબ્દભિન્નની જ સંજ્ઞાનો વિષય હોય તો वच् ધાતુના च् ને તેની પરમાં घ्यण् પ્રત્યય હોય તો क् આદેશ થતો નથી. તેથી શબ્દની સંજ્ઞાના વિષયમાં वाक्यम् આવો પ્રયોગ થાય છે. અહીં वच् ધાતુના च् ને આ સૂત્રથી क् આદેશનો નિષેધ ન થવાથી 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી च् ને क् આદેશ થયો છે. અર્થ- વાક્ય. (પદ સમુદાય.) ॥૧૧૯॥

## भुज- न्युब्जं पाणि-रोगे ४।१।१२०॥

भुज् અને नि+उब्ज् ધાતુને घञ् પ્રત્યયાદિ કાર્ય કરીને અનુક્રમે હાથ અને રોગ અર્થમાં અનુક્રમે भुज અને न्युब्ज નામનું નિપાતન કરાય છે. भुज् અને नि+उब्ज् ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. भुज् ધાતુના उ ને 'लघोरु० ૪-૩-૪' થી ગુણ ओ આદેશની પ્રાપ્તિ હતી. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી ज् ને ग् આદેશની પ્રાપ્તિ હતી અને ब् ને 'न्यङ्कूद्‌ग० ૪-૧-૧૧૨' થી द् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ

સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી भुजः पाणिः અને न्युब्जो रोगः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હાથ. રોગ. ॥૧૨૦॥

**वीरुन् - न्यग्रोधौ ४।१।१२१॥**

क्विप् પ્રત્યયાન્ત वि+रुह् ધાતુના અન્ત્ય ह् ને ध् આદેશ કરીને તેમજ न्यक् અવ્યય પૂર્વક रुह् ધાતુને अच् પ્રત્યય કરીને તેની પૂર્વેના ह् ને ध् આદેશ કરીને અનુક્રમે वीरुध् અને न्यग्रोध નામનું નિપાતન કરાય છે. वि+रुह् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. આ સૂત્રથી रुह् ધાતુના ह् ને ध् આદેશ. वि ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી वीरुध् આવો પ્રયોગ થાય છે. न्यक्+रुह् ધાતુને 'अच् ५-१-४९' થી अच् પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી रुह् ધાતુના उ ને ગુણ ओ આદેશ. આ સૂત્રથી ह् ને ध् આદેશ વગેરે કાર્ય થવાથી न्यग्रोधः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ= વૃક્ષ. વૃક્ષવિશેષ. ॥૧૨૧॥

**इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे चतुर्थेऽध्याये प्रथमः पादः।**

कुर्वन् कुन्तलशैथिल्यम्... કુન્તલ - અમ્બોડા (કેશપાશ) ને ઢીલો કરતો, મધ્યદેશ - સ્ત્રીના કટિપ્રદેશનું મર્દન કરતો (દબાવતો) અને શરીરના અઙ્ગોની સાથે ક્રીડા - વિલાસ કરતો પુરુષ જેવી રીતે સ્ત્રીનો સ્વામી થાય છે, તેમ કુન્તલ દેશને શિથિલ વેરવિખેર કરતો; મધ્ય પ્રદેશને ત્રાસ પમાડતો અને અઙ્ગદેશમાં વિલાસ કરતો (શોભતો) એવો ભીમ રાજા પણ પૃથ્વીનો ભર્ત્તા થયો ...

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**
**इति चतुर्थो भागः ।**

